[illegible]

વાલમ પેહલું.

લખનાર—જાંહાંગીર બેહરાંમજી મરઝબાન.



આ પુસ્તક તેના કર્તાને માટે જામે જમશેદ પ્રીન્ટીંગ વર્કસમાં
મેસર્સ જાં. બે. મરઝબાનની કુાં૦ એ છાપીને પ્રગટ કીધું છે.
બેલારડ હાઉસ મોદી બે—૧૯૦૬ ઈસ્વી.

મસ્કા લગાડવાનું પરવરદેગારે મારાં કીસમતમાં સરજાવ્યું નથી. કોઇ કરોડપતીને જઈ વળગું તો પાંચ પચાસ ચોપડાંઓ ઝટકી આવું પણ એમ નમન કરવા સારૂં કમ્મરનો કાંટો વળવાને કબુલ થતો નથી.

ના મારા મુરબ્બીઓ ઉપર હું મુસ્તાક છું. કેહવત સદા યાદ રાખું છું કે 'બડે લોકકી સંગતમે' ઇત્યાદી !

નો ત્યારે આ પીદ્દીનો છેલ્લો કસદ કોને અર્પણ કરૂં ?

મનમાં છે—મારી વીચીત્ર જીંદગીના સઘળા ચહડ ઉતર તબક્કાથી માહીત છે—મારાં સુખમાં સુખી અને દુઃખમાં દુઃખી છે—જેનું નામ લેવાની જરૂર નથી, તેનાં નામ સાથ

આ બે વાલમો જોડીને
હું ખરાં જીગરથી રાજી છું.

૧૯૦૬.

દીબાચો.

લખનાર—**મી૦ રૂસતમજી પે૦ કરકરયા.**

"મોદીખાનાથી માર્સેલ્સ" ના આ બે સુંદર પુસ્તકો જે ઘાટ અને ઘટમમાં હાલ પ્રજા સનમુખ રજુ થાય છે, તે ઘાટ અને ઘટમ આપણા લોકોમાં કાંઇક વરસો થયાં અતી જાણીતો થઇ ચુકયો છે, કેમજે એઓના ચંચળ કર્તા એવા શોખાસમાં કાંઇ નહીં તો વીસ ઉપર પુસતકો વાંચનારી આલમ હજુર અત્યાર સુધીમાં રજુ કરી ચુકયા છે. આ એક નાનું જેવું દફતરખાનું એક યાદગાર સ્થંભ તરીકે તેના કર્તાની યાદ દેવાડતું તેમની પાછળ લાંબો વખત વેર ઉભું રેહશે એમ હું ખાત્રીથી માનું છું. મી૦ જેહાંગીર મર્ઝબાને પોતાની લગભગ સાઠ વરસની જીંદગીમાં ઘણાંક એવાં ખેતરોમાં ઝીપલાવ્યું છે કે જેમાંનાં કોઇકમાં તો આગળ કોઇએ ઝીપલાવી કાંઇ દમ જેવું કર્યું હોય એવી મને ખબર નથી. આપણા પારસી છાપાને ખીલવવામાં અને આપણા વચ્ચે તેને લોકપ્રીય બનાવવામાં ખરેખર એમનો હાથ મોટો છે. વળી એ ગ્રહસ્થનું આપણા ગરીબો વચ્ચેનું મુગે મોહડેનું કામ બેશક વખાણને પાત્ર છે, અને મારા પોતાના બાબમાં હું કહીશ કે એજ કામથી હું એવણ તરફ મોટે ભાગે ખેંચાતો રહ્યો છું. આપણ વચ્ચેની ગરીબાઇ અને દલીદ્રતાનાં ખેતરનાં કોઇ પણ નાનાં ખુણામાં કોઇને પણ સંગીન કામ કરતો જોઇ હું સદા ખુશી છું, અને મારા મનમાં આપણી પારસી

ખાસીયત વીશે જે પુરૂષો ઉંચો વીચાર ઉપજાવે તેવાઓને વખાણવામાં હું માન સમજું છું. મી૦ મઝબાને એ ખેતરનું એકાદ ખુણુંજ નહીં પણ તેનો સારો જેવો ભાગ પોતાને હસતક આજે વરસો થયાં લીધો છે, અને તેમાં તારીફ લાયક કામ બજાવ્યા જાય છે, જો કે તારીફની તેમને ઝાઝી દરકાર જણાતી નથી.

કદાચ એવાં કામની યાદ જલદી વીસરાઇ જાય, કારણ કે સાધારણ રીતે જોતાં નજરબાદ એ ધ્યાનબાદ થાય છે. આજે આપણી વહી ગયલી ઓલાદમાંના પરોપકારી નરોનાં તણ ચાર માહન નામો સીવાય બીજા કોણની યાદ હાલની ઓલાદને છે? એવા નરોની યાદ લાંબો વખત વેર કોમમાં ચાલુ રાખવી અને તેવોની વખાણ યા પુંજા—હું આ શબ્દ તેના ચહડતા અર્થમાં વાપરૂં છું—ઓલાદો સુધી કરયા કરવી એ એક કોમનો ધર્મ છે; અને કોમ ત્યારેજ ખરેખર ઉંચી પંકતીએ પુગેલી ગણાય કે જ્યારે તેની સામાન્ય મન શકતી એવા નરોની યાદ બરાબર બુજવા શીખે. ખુદ આપણો જરથોસ્તી મહજબ એમ કરવાને આપણને અસલથી શીખવતો આવ્યો છે, અને એ બાબદમાં આપણને કોઇબી બાહરનાં શીક્ષણની અગત્ય નથી, કે જેવું નામીચા ફીલસુફ કોંટે ગઇ સદીમાં યુરોપના લોકને માટે નામીચા પુરૂષોની આરાધના કરવા વીશે ખાસ રચ્યું હતું.

ગમે તેમ હો, પણ એવી અણદીઠ પરમાર્થી સેવાઓ કદાપી ભુલાઇ જશે, તોપણ સાહેબની બજાવેલી સેવાઓ એમ સેહલાઇથી વેહલી ભુલાય તેમ નથી. કારણ કે એમની

આ પુસ્તકમાળા આપણી નજર આગલ ખડી રહી એ સેવાઓની જીવતી યાદ દેવાડતી રહેશે. આપણાં પારસી સાહીત્યમાં મી૦ મર્ઝબાને ગોયા પોતાની જગ્યા કોતરી કાહડી છે, અને તેમાં એવણનાં પુસ્તકો કાંઇક નવોજ સફો રોકે છે. એ પુસ્તકો મુખ્ય ભાગે વાર્તાના છે, પણ વાર્તા વર્ણવાની એમની રીત કાંઇ ઓરજ છે. ગુજરાતીમાં હાલ કેટલુંક થયું વાર્તાઓ ઉભરાઈ જવા લાગી છે, અને કંટાળેલો વાંચનાર તેના લખનારોને કહે છે કે "ખામોસ." પણ કોઇબી વાંચનાર મી૦ મર્ઝબાનની વાર્તાઓનાં પુસ્તકોથી કંટાળેલો હોય એમ મને આજ સુધી જણાયું નથી. એનું મુખ્ય કારણ કાંહની કેહવાની એમની રૂઢીમાં સમાયલું જોવામાં આવશે. તેની બાબદ કદાચ સાધારણ હશે; પણ તે એઓ એક અસાધારણ કુશળતાથી આપણી આગલ રજુ કરે છે. ભાષા છટાદાર અને એબારત રંગીન કરતાં સરળ વધુ છે, અને એ સરળતાજ એનો મુખ્ય ગુણ અને શોભા છે.

એ લખનારનો વાક્ય કોઇએબી સમજવા માટે બે વાર વાંચવો પડે એમ નથી. વાક્યનો જે અર્થ પોતે ઉઠાડવા માગે તેજ સીવાય બીજો કાંઇ પણ ગુચવાડો તેમાં ઉભો થતો નથી. એક સ્વચ્છ પાણીના ઝરા મીસાલ એમનું લખાણુ પારદર્શક છે. એ લખાણની સરળતા અને પારદર્શકપણાંને લીધે મુખ્ય કરી એઓ વાંચક વર્ગમાં લોકપ્રીય થયા છે. એ ગુણો કમભાગ્યે હાલનાં ગુજરાતી સાહીત્યમાં લગાર ગેરહાજર દીસે છે એમ કહેવાની ફરજ પડે છે. આજ કેટલાકો પોતાનો અર્થ ઝટ વાંચનારને સમજ નહીં પડે એવી રીતે કેમ કહેવો તેનો પ્રયત્ન કરતા જણાય છે; અને કોષમાંથી જડબાં ભાંજનારા અને સમજવા માટે મસ્તક દુખાવનારા બોલો ટાળવી

કાહડી તેઓની સાથ કસરત કરી બતાવ્યામાં પોતાની હુશીયારી સમજે છે. ભાષાને રંગીન બનાવવા જેટલો જોઇયે એટલો અને તેથીબી વધુ અને વલી સુફયાની રંગ, અને કુદરતથી વેગળું જવાય તેટલું વેગલું જઇને વીચીત્રમાં વીચીત્ર અલંકારો લાવી મુકવામાં આજ કાલ ગુજરાતી લખનારાઓ પોતાના હુન્નરની હદ આવેલી સમજે છે.

લખવાના નાદર હુન્નર માટે જયારે આવા વીચારો પેવસ થયલા આપણે જોઇયે છીયે, ત્યારે મી૦ મર્ઝબાનની સાદી અને સીધી એબારત એક આશીરવાદ સમાન લાગે છે. Artificiality એ મને ગુજરાતી સાહીત્યની એક સાધારણ ખોડ દેખાય છે, અને આપણા પારસી લખનારોને એ ખોડમાં હીંદુ ભાઇબંધોની નકલ કરતા જોઇ આપણાં સાહીત્યનાં ભવીષ્ય માટે ખેદ ઉત્પન્ન થાય છે. જેમ વીચારવું તેમ બોલવું નહીં અને જેમ બોલવું તેમ લખવું નહીં, એ આવા લખનારાઓની મગરૂરી દીસે છે. મી૦ મર્ઝબાનની એબારતની ખુબી જો બરાબર સમજવામાં આવે તો તેથી મોટો ફાયદો અકસર કરીને આ બાબદમાં થયા વના રહે નહીં. એવણનું લખાન જાને આપરી સાથ બે ઘડી એવણ ખુસ વાતચીત કરતા હોયે એવો ખ્યાલ આપે છે. એટલું તે સરલ સીધુ અને કુદરતી છે.

મી૦ જાંહાંગીરની મુખ્ય ખુબી તો હજુર દર્સાવવાની રહી છે, અને તે ખુબી એમનાં સઘળાં લખાણોમાં પ્રગટી નીકળે છે. ગોયા એ ખુબીથી એઓ બીજા સઘળા લખનારોમાં ખીલી નીકળે છે, અને તે એમનાં લખાણમાં સમાયલું હાસ્યરસ તત્વ જેને ઇંગ્રેજીમાં humour કરી કહે છે તે છે. એ તત્વ આપણા પારસી લોકોના ખવાસમાં બીજા

લોકો માફક વધતા યા ઓછા પ્રમાણમાં મળી આવતું જણાસે, પણ તે આપણા વચ્ચે ઝાઝું ખીલવાતું નથી. આપણી ભાષામાં humour નો એક બોલજ નથી, એજ એ ગુણ આપણામાં ઝાઝો નથી એ દરશાવવા પુરતું છે. કદાચ સંસકૃતમાંથી એકાદ દાચું ભાજનારો બોલ ઉપજાવી કાહડયો હશે. પણ આપણી પારસી ગુજરાતીમાં તો તે નથીજ. સ્કોચ લોકોમાં એનું પ્રમાણ બહુ ઓછું છે, અને આઇરીશોમાં એ વધુ છે. આપણા લોકો હું ધારૂં છું કે આ બાબદમાં સ્કોચને વધારે મળતા આવે છે. સાધારણ એક કહેતી છે કે એક સ્કોચમેનનાં ભેજાંમાં એક મજાખ ઉતરવી બહુ મુસ્કેલ, લગભગ અશકય છે. હું ધારૂં છું કે એ કહેતી આપણાં લોકોને પણ લાગુ પડી શકે. પણ અપવાદ તરીકે થોડાંક ભેજાં એવી બાબદમાં અતી ચંચલ રહે છે, અને દરેક માણસ અને બનાવની હાસય-રસ બાજુ કુદરતી રીતે તરતજ તેઓને દેખાય છે, જયાં બીજાં સાધારણ ભેજાંને તેવું કસુંએ જણાતું નથી. મી૦ મર્ઝબાનમાં તેવું ભેજું કુદરતે બક્ષેલું છે; અને તેવી બક્ષેસથી એવણનું લગભગ દરેક લખાણ humourous વળણ લે છે, જે આપણા સાહીત્યમાં અને લખનારાઓમાં બહુ જવલેજ મલી આવે એવી બક્ષેસ છે. આપણામાં humourous સાહીત્ય લગભગ નહીં સરખું છે. આ-પણા કર્તા સાથ એકાદ બે લખનારોનેજ હું એ વર્ગમાં મુકી શકું. મેં કહ્યું તેમ એ ગુણ એમનામાં કુદરતે બક્ષેલો છે, તોપણ આખી ઉમર એવણે એ ખીલવવામાં કાહાડી છે.

એવણના સર્વે લખાણોમાં એ ગુણ મલી આવે છે, પછી તે વાર્તા હોય યા મુસાફરી હોય, સંસારી હોય યા વહેવારૂ

હોય, અને તેથીજ કદાપી જો બાબદમાં દમ ન હોય તો પણ તેઓ રસીલા બને છે. કાંઈ પણ બાબદમાંથી, પુરૂષના ગુણ દોશમાંથી એવણ ઝટ incongruity શોધી કાહાડવામાં ખરેજ કુશળ છે, અને તે શોધી કાહડી વાંચનાર સનમુખ પોતાની રમુજી ભાષામાં રજુ કરતાંજ આપણને ખુશી તેમજ અજાયબી ઉતપન થાય છે. એમના લખાણની મારે માટે તો એ મુખ્ય મઝા છે, અને તે હું "કૌતક સંગ્રહ," જે લગભગ વીસ વરસ પર પ્રગટ થયો હતો, ત્યારથી વખાણતો આવ્યો છું. અલબત humour સમજવા અને તેની ખુબી પીછાણવા માટે વાંચનારે પણ પોતાનો હીસ્સો આપવો જોઇયે. પણ એ બાબદમાં આપણા કર્તા કાંઇ સાધારણ સમજ શકતીથી વધુ વાંચનાર પાસ માંગતા નથી.

મારે કર્તાના આ ગુણોની બાબદમાં સહેજ ખોલાસાથી ઉતરવાની જરૂર એટલાજ માટે છે, કે ઉપર વર્ણવેલા ગુણો કર્તાનાં આ છેલ્લાં બે દફતરોમાં તેના પુર બાહારમાં દીશે છે. આ ગ્રંથ પુખ્ત ઉમરે લખાયલો છે, એટલે એમાં આગલાં સઘળાં પુસ્તકોના ગુણો તેઓનાં સઉથી પાકટ રૂપમાં દીસે છે. કાસમીરની મુસાફરીનું પુસ્તક જે લગભગ પંદર વરસ ઉપર રચાયું હતું, તે પુસ્તક જો આપણે આ નવાં મુસાફરીનાં પુસ્તકો સાથ સરખાવશું તો જણાશે કે કર્તાએ એ વરસો દરમ્યાન શું સુધારો વધારો લખાણના ગુણોમાં કર્યો છે. માણુસને પીછાણવાની શકતી જે આગલાં પુસતકમાં પણ દીસે છે તે હાલ ઘણી તીક્ષણ થયલી લાગે છે. અને humour પણ ઘણો ઘાડો અને ચોકસ ઉંચી પ્રકારનો થયો છે. નામીચા થાકરીએ એવા લખનાર વીશે સરસ રીતે કહ્યું છે કે:

The humorous writer professes to awaken and direct your love, your pity, your kindness—your scorn for untruth, pretension, imposture, your tenderness for the weak, the poor, the oppressed, the unhappy,—besides your mere sense of ridicule. To the best of his means and ability he comments on all the ordinary actions and passions of life almost. Accordingly, as he finds and speaks and feels the truth best, we regard him, esteem him, sometimes love him.

હું ધારૂંછ કે એક humourist ના આવા વધારે ઉંચા ગુણો માંહેલા કેટલાક આપણા કર્તામાં માલમ પડશે, અને એમ કહેવું એ એમની મોટામાં મોટી વખાણ છે. સાહીત્યના એક ઘણા અગત્યના વીભાગમાં એઓએ આટલી ફતેહ મેળવેલી જોઇ દરેક જણ ખુસી થસે. ખરેખર humourous સાહીત્ય આપણા વચ્ચે ખીલવવા બલકે ઉત્પન કરવામાં મી૦ મર્ઝબાને એક પહેલ કાઢનાર, pioneer નું કામ બજાવ્યું છે, જેની ઘટતી કદર હવે પછીની ઓલાદ માટે બુજવાનું આપણે સલામતીથી સોંપીશું. ખુદ હાલમાં પણ કેટલેક ઠેકાણે એમની આ બાબદમાં નકલ થવા લાગી છે, તેજ બતાવે છે કે એવણે વાવેલાં બી હાલની ઓલાદમાં પણ ફલ આપવાની આસા રખાવે છે.

આ પુસતકોમાં કર્તાએ નવા નવા બનાવો જે રીતે વર્ણવ્યા છે તે વીષે અત્રે કશું બોલવાની જરૂર નથી, વાંચનાર

તેની કદર સારી રીતે બુજશે. પણ ભાષા વીસે એટલું કહીશું કે તે તદ્દન કુદરતી અને બનાવો અને સંજોગોને અનુસરતી છે. એક પુરૂષને દરસાવવામાં કર્તા જેટલી તેની પોતાની સ્થીતીની ભાષા વાપરે તેટલો તે પુરૂષ જાણે પોતે આપણી આગળ ઉભો હોય એમ વાંચનારને લાગે. એવી ભાષા વાપરવાની ખુબી નામીચા ઇંગ્રેજી લેખક રડયાર્ડ કીપલીંગ, જેની ઘણી વેળા મી૦ મર્ઝબાન મને યાદ આપે છે, તેને અચ્છી રીતે દરસાવી છે. એવી ભાષા વાપરવી એક લેખક માટે સહેલ કામ નથી. એમાં કોઈક વખત slang નો પણ ઉપયોગ કરવો પડે છે. Slang અને colloquialism નો બરાબર પ્રસંગોપાત ઉપયોગ કરવો એ એક લખનારનું બહુ બીકટ કામ છે. અંગ્રેજી slang જેમ રડયાર્ડ કીપલીંગ વાપરે છે, યા ગુજરાતી slang જેમ આપણા કર્તા અતરે વાપરે છે, તેમ વાપરયું હોય તો તે એક સાહીત્યનું બળવાન હથીયાર થઇ પડે છે. પણ જો રૂસ્તમનો ગુરૂજ ગુરગીન ઉપાડવાની કોશેશ કરે તો છબરડો થાય એ સાધારણ લખનારે ધ્યાનમાં રાખી એ બાબદમાં વરતવું, એમ અતરે કહેવાની જરૂર નથી.

આ સઘળા ઉપરથી વાંચનાર જોશે કે આ એક સાધારણ મુસાફરીનું પુસ્તક નથી, પણ ઉંચી જાતનાં સાહીત્યનું પુસ્તક છે, જેમાં કર્તાએ પોતાનાં મગજ ઉપર યુરોપની મુસાફરી દરમ્યાન નીહાલેલા દેખાવો અને ભેટેલા પુરૂષોએ જે છાપ માર્યો તેનો પોતાની કરામતી ભાષામાં વાંચનારનાં મન ઉપર પડછાયો નાખવાની કોશેસ કરી છે. બાજે વખત તો જાણે આપણે પોતેજ કર્તા સાથ મુસાફરી કરતા હોઇયે એવું લાગે છે. કર્તાએ મુસાફરી દરમ્યાન

પોતાની કલમ નોધ લેવામાં ઘણી મસગુલ રાખેલી દીસે છે, તો જો કે સઘળો સીલ સીલાબંધ હેવાલ અહીં પાછું ફર્યા બાદ લખેલો છે. એ લખનારે પોતાની કલમ જોડે જો પેનસીલ પણ મુસાફરી દરમ્યાન ઉપયોગમાં લીધી હતે, તો આપણને એમના ચીત્ર કળાના નમુના આ પુસ્તકમાં જોવાના મળ્યા હતે, કે જેવા આગલાં પુસ્તકોમાં અકસર કરીને "કૌતક સંગ્રહ" માં એવણે આપ્યા છે. તેથી કરીને હાસ્યરસ એક વધુ તત્વ આમેજ થતે, અને હું ધારૂં છું કે ચીત્રોમાં ખરાપણું પણ વધુ ઉમેરાયલું જોવામાં આવતે. તેને બદલે સુંદર 'પ્લેટો' ની હારમાળા આ પુસ્તકને શોભાવે છે તે સાધારણ નજરને માટે ઓર વધારે દીપકમાન દીસશે. પણ હું મી૦ મર્ઝબાનની ચીત્રકલમ ને ચીત્રોમાં ચીજો અને બનાવોની હાસ્યરસ બાજુ દરશાવવાની ખુબીનો વખાણનાર છું, અને એટલા માટે એવાં ચીત્રોની ગેરહાજરીથી દલગીર થયો છું.

બીજા એટલા માટે હું આ સુંદર "પ્લેટો" ને લીધે દલગીર છું, કે તેઓ આ પુસ્તકોને એક મુસાફરના ભોમયાની ચોપડીનું રૂપ આપે છે; અને મેં ઉપર જણાવ્યું તેમ આ પુસ્તકો એવી ચોપડી કરતાં વધારે ઉંચી કીસમનાં છે. કદાચ કેટલાકો એ દફતરોને એવા ભોમયા યા guide-book તરીકે પણ વાપરશે અને ખરેખર તે એવી રીતે ઉપયોગી પણ થઈ પડશે. પણ આવાં ચીત્રો આવા લખાણ સાથ આવે તેમાં સેજ incongruity દીસે છે, જે મારા મીત્ર જેવોની એવી ખામી વીષેની લાગણી અતી તીક્ષણ છે તે સેહલથી સમજી શકશે.

ભાષા અને એબારત વીસે લખતાં અત્રે હું આ પુસતકનાં પહેલાં પાના ઉપર વાંચનારનું ધ્યાન ખેંચીશ,

જ્યાં ઘણી સુંદર રીતે કર્તાએ લગભગ એક સદી ઉપરની આપણા પારસી વડવાઓની લખવાની ઢબની આબેહુબ નકલ કીધી છે. એ બે સફામાં જાણે મી૦ જાંહગીર મર્ઝબાને પોતાના બપાવા પ્રખ્યાત ફરદુનજી મર્ઝબાનનાં લખાણની યાદ દેવાડી છે. આ આગલી ઢબની ભાષા આજે આપણે સુધારી છે, પણ કેટલીક રીતે એ આપણા વડવાઓની એબારત આપણને ખરેખર નકલ કરવાજોગ છે. જે સાદાઇ અને સરળતાના ગુણો વીશે મેં ઉપર લખ્યું છે, તે ગુણો એ વડવાઓમાં મોટે દરજજે હતા અને તેમનાં લખાણોને શોભાવતા. હાલના artificial જમાણાને એ સાદાઇ રૂચતી ન હશે, પણ તે ખરેજ એક સાહીત્યની શોભા છે. ઇંગ્રેજી સાહીત્યમાં ત્રણસો વરસો પરના જે એલીઝાબેદન લખનારાઓ એવી સાદાઇ માટે વખણાયલા હતા, તેઓનો ગઇ ઓલાદના કેટલાક પારસી લખનારાઓ સાથ એ બાબદમાં મુકાબલો થઇ શકે. આજે પણ આપણા કેટલાક નામીચા અંગ્રેજ લેખકો એ એલીઝાબેદનોની નકલ કરવામાં માન સમજે છે. હું ઇચ્છું છું કે આપણા પારસી લેખકોની એબારતમાં ફરદુનજી મર્ઝબાનના જેવું કુદરતી સાદાપણું અને લખાનનું સીધાપણું વધારે આમેજ થાય.

આપણા વડવાઓ ખવાસે ભોલા હતા, અને એ ભોલાપણાનો પડછાયો તેઓનાં લખાણોમાં બરાબર પ્રગટ દીસે છે. તેઓ જેમ વીચારતા તેમ બોલતા અને સીધુ લખતા. તેઓ કોષમાંથી કઠણ બોલો તાલવી કાહડી પોતાની ભાષા હાથે કરી અઘડી ને અંજાણી બનાવતા ન હતા. તેઓના જમાનામાં કોષ હતોજ નહીં. કોષ તો આપણે

મારે ભાગે તેઓનાં પુસતકો ઉપરથી ઉપજાવી રચયો છે. કોષ એક અતી ઉપયોગી પુસતક છે તેમાં શક નહીં, પણ આપણામાં સાહીત્ય બગાડવાનું અને artificiality વધારવાનું તે એક મુલ થઇ પડયું છે એમ કહી સકાસે. હું લગભગ ખાત્રીથી કહી શકીશ કે, આપણા કર્તાએ પોતાનાં વીશ પુસતકો લખતાં વીસ વરસ દરમ્યાન ભાગ્યે વીશ વાર પણ કોષ ઉઠલાવ્યો હોય. આજના આપણા કેટલા લખનારાઓ માટે એમ કહી શકાસે? તેઓમાંના કેટલાકો તો કોષ છે તેથી તો લખાન કરી શકે છે; અને જો વાંચનાર પાસ કોષ ન હોય તો તેઓનાં લખાણો સમજી ન શકાય અને અભડઈ ઉપર જરૂર ધુલ ખાતાં મુકવામાં આવે.

છેલ્લે હું એક બાબદ વીશે એસારો કરી આ દીબાચો ખતમ કરીશ, અને વાંચનારને આ પુસ્તકો વાંચવાનું શરૂ કરીને માહેલા મઝા આપતા વધુ વાર થોભાવીશ નહી. મેં કેયે વાંચયું છે કે આ ગ્રંથ, કર્ત્તા પોતાનો છેલ્લોજ ગણે છે, અને હવે કલમ બાજુએ મુકવાનો વીચાર રાખે છે. હું ઇચ્છું છું કે એમાં ભુલ હશે અને મારા મીત્ર હજુર બીજા ઘણા ગ્રંથો પ્રગટ કરશે. એઓ ભલે બીજાં કામમાંથી ફારેગ થાય અને આસાયસ શોધે, જે મેલવવા માટે તેઓ હવે પુર લાયકાત ધરાવે છે. પણ સાહીત્યનાં ખેતરમાં તો આવી આસાયેસ એઓને માટે તેને વધુ ખીલવવા એક અછુ સાંધન થઇ પડવી જોઇયે. બીજાં કામથી ફારેગ થવું એટલે તો સાહીત્ય માટે વધારે ઉમંગી બનવા જેવું છે. હું તેમજ આપણો વાંચક વર્ગ આસા રાખ્યે

છીયે કે હજુ બીજા વધુ ગ્રંથોમાં પોતાનો પાકત અનુભવ અને કસાયલી કલમનો લાભ એ લેખક આપણને આપતા રહેસે. થાકરેના બોલોમાં હું આસા રાખું છું કે આપણા કર્તા will continue to awaken and direct our love, our pity, our kindness, our scorn for untruth, pretension, imposture, our tenderness for the weak, the poor, the oppressed, the unhappy,—as well as awaken our sense of ridicule, and make us laugh.

રૂસતમજી પે. કરકરયા.

તા૦ ૨૨ જુલાઈ ૧૯૦૬.

મોદીખાનાથી મારસેલ્સ.

ચાલો મારી સાથ !

* * *

આ સતરોને વાંચનારા સાહેબોની ખેદમતે ઇશઆ-દતમાં કમતરીને બંદેગાન, ખાકપાએ જરથોસતીઆન, ફકીર, હકીર જાંહાંગીર બેહેરામજી મરઝબાન જાહેર કરે છે કે—(ઉપરનું મોટે ભાગે તફરામચીમ છે!)—હાલમાં આપણા લોકમાં ઘણાક મેહેસુરી રંગના ટોપીવાળાઓ શ્રી વેલાયત જાય છે અને પોતાના જાતજાતના તજરૂબા-તની તરેહ કીસમની જબાનમાં સરફરાજી લે છે. મગર તમારા નોકરનો એરાદો એ મીસાલ છે કે સેંટપાલનું દેવળ કેટલું ઉંચું છે ને ઇમારતો કેવી ખુબસુરત છે તે વગેરે મમાઅવ્વાના સાલનું છુંદાઇને કપડછંદ થઇ ગયલું દાસતાન ભેજાં પર વરમ આવેલા ઉલ્લુઓને માટે રહેવા દઇને, રમુજ કરાવતો, હસાવતો, બેહેલાવતો હું મારા રફીકોને મારી સાથે શ્રી વેલાયત સુધી લઇ જાઉં ને ત્યાંની એકેકી વાત એવી લગાઉં કે ગોયા તું પોતે જઇ આવયો હોય એમ માને ને તે દાદારના શોકર કરે. આ કમીનો કલમબાજ, વાંચનાર ઓસતાદોથી પનાહ માંગે છે કે હરગેઝ કોઇ વાતનું ઓછું લાવવું નહીં,

પણ જેટલાં વાનાં પીરસાય તે ઉપર ગનીમત કરી ખુશાલ રહેવું. જાહેર કરૂં છું કે શ્રી વીલાયત, એલમ હેકમતમાં કામેલ છે ને ત્યાં ખોદાતાલાની પેદાયશની ખુબી ઓર તરેહથી રેલાબંધ ઉતરી છે. એ ખુબીઓની પીછાનત જેહેલ અને નાદાની તથા ગુમરાહીને દુર કરનારી છે. એવા વીચારથી ઘણાક દાનેશમંદો અને બીરાદરોની ખાએસથી હકીરે આ કલમ પાછી ઉપાડી છે. મગર તાબેદારની અરજ છે કે આ લખાણ કાંઇ કહાણી કીસસા અથવા કલ્પીત વાતોનું નથી પણ ખુદ બખુદ બનાવોની જીકર છે જે વાંચયાથી દેલ આઇનાની મીસાલ રોશન થશે ને ઘેલા ને નકામા માલેતુજાર ખેઆલો જે અકક્લ કબુલ નહી કરે તેવાં દેમાગમાંથી અલગ થશે. હવે મારૂં બેઆન શરૂ કરૂં છું તે અગાઉ જાહેર કરૂં છું કે આ કટારો વાંચેઆથી કેટલીક બીના હાલના આપણા ટુંકા ખેઆલથી નહી માન્યામાં આવે તેવી લાગશે, પણ તેથી અચરત થવું નહી ને ખોદાતાલાની તોફીક જાણવી—એજ અરજ.


ત્યારે સાંભળો દાસતાને દેલરૂબા. બચગીથી વેલાયતનાં ચીત્રો જોયલાં ને રંગીન સટાકા સાંભળેલા એટલે જયારે બાવીસ વરસનો થયો કે દેલ આઝોર્દે થયું કે ક્યારે હું બી આ પરીઆંનો મુલક નજરે જોઉં. અમારા મુરબ્બી જીનત ગુજીન બેહેરામજી મરઝબાનનાં દફ્તર આશકારા છાપાખાનામાં હું જનમથીજ પળેલો, મરહુમ

બમનજી પેસતનજી માસતરના ખોળામાં રમેલો, શેઠ દાદાભાઇ નવરોજજીનાં ગુઠણ આગળ ભમેલો અને બેહેસતીઓ જહાંગીર બરજોરજી વાછા, નવરોજજી ફરદુનજી, સોરાબજી બંગાલી, વગેરે સાથ ભળેલો એટલે રાતોદીન વેલાત, વેલાત ને વેલાતની વાતોથીજ કાન ભમાઇ આવેલા હતા—ગોયા એ આફીસ વેલાતી પારસીઓના મેળાવડાનુંજ મુખ્ય મુકામ હતું.

પણ, જર ચાહે સો કર, બીન જર બકવા મત કર. દોલતમાં કીડા પડેલા એટલે વેલાયતની વાત વામાં ટીંગાઇ રહી અને ખ્યાલ કીધો કે હવે તો જે થાય તે-પરણીને ઠરીઠામ થવા પછી જોઇ લઇશું. પરણ્યા કે જોખમદારી વધી. "બુચા, મોટો થા, તુને પરણાઉંછ," એવી આશામાં ને આશામાં આજ કાલ કરતાં ૧૯૦૪ના ખ્રીસતી મુબારક સાલના એપ્રીલ માસની તા૦ ૨૧ મીએ આખરે દીલની ઉમેદ બર આવી. કુટુંબથી કોઇવાર બે મહીના છુટા પડેલા નહીં, તેમજ આંખ ઉપર "આપરેશન"ની ધમકને લીધે છ મહીના કેમ જશે તેનો ધસકો તો પડયો, નાકે જીભ શા કામ લગાડું? પણ એક વેલાયતી મીત્રે છાતીએ હાથ દેવાડયો કે "છટ, નોનસનસ, મુંબઇથી પુને જવા કરતાં મુંબઇથી લંડન જવાનું વધારે સેહેલું છે." આ સરખામણી રામબાણ ખરી—ફક્ત નવાણું ટકા બાદ.

કઇ આગબોટમાં જાઉં. પી. એંડ ઓ., કે ફ્રેંચ લાઇન, કે ઇટાલીયન લાઇન, કે આસ્ત્રીયન લાઇન? કેહજે પી

એંડ ઓ.માં તો ચલે જાવ બલે જાવ હીંદુસતાનના ખાઇ બદેલા ઈંગ્રેજો ઘણા જાય છે. ત્યાં આપણે કોહેલાં ઈંડાની દાળની પેઠે દદરીઆ કરીએ ને ભાવ પુછાય નહીં; વળી ઉતારૂબી પાંચસે છસે એટલે ત્યાં મારા જેવા ‘ઓલ મેન’નું કામ નહીં. ઘણો અંદેશો કરી ફ્રેંચ બોટ મીસાજરીસ કુા. ની "ઓશીએના" પસંદ કીધી. આ ફ્રેંચ કુા. ના એક કારભારીબી જરથોસતી હતા એટલે એઓ સાહેબની મેહેરબાનીથી કેબીનબી સ્ટીમરના મધ્ય ભાગમાં હતી—૧૧૭૦ રૂપીઆ કપાળે ચોંટયા. ફર્સટ કલાસ, આવજાની ટીકીટ, બે વરસમાં પાછું ફરવાનું અને મારસેલ્સથી લંડન સુધી ફર્સટ કલાસ રેલવે સુધાં ઠીક છે. ગાજખ બેશોમાર, વાઇન બેઅખતીઆર, ડેક ઉપર આપ મુખતીઆર. પણ કપડાંનું કેમ? કોઇ કેહજે અરરર, રેડ સીમાં રબરનાં તળીઆંનાં શુઉ ચાલેજ નહીં, રબર બધું પીગાળી જશે ને કપટાન કૂકડી મરશે. બીજો કેહ અંહુંહું, રાતના ટેબલ ઉપર રેશમી કાલરવાળો ઇવનીંગ કોટ જોઇયે ને જોઇયે. ઇવનીંગ ડ્રેસ કોટ તે શું, સમજયા કે? પેલા ચલ્લીની પાંખ જેવો પછવાડેથી



આમ છેડો અગાલી હેલ જેવો આવે છે તે. વળી ત્રીજો કહે ફુલાણું જોઇશે ને ચોથો કહે ચલાણું જોઇશે. આમ ચોતરફથી બધાએ ગભરાવી મારયો. આપરે પડીઆ ઓલીઆ એટલે થોડું મીઠું થોડું ખાટું થોડું મોળું આમ ગોઠવીને તઈયાર કરયું તો બી રૂ ૭૦૦ની રૂમડી ઉઠી. ખાંડી દસેક સદરા લીધા, ને આઠ વરસ ચાલે એટલાં મોજાં, ઉતર ધૃવપરબી ગરમી પડે એવી સઘળી સામગ્રી લીધી ને આઠેક પેટ્રીની વેઠ ઉઠાવી. ભાઈઓ, જો તમે કોઈ દહાડેબી જવાના હો તો મારૂં માનજો હું તમને સીધે રસતેજ દોરવીશ.

વેલાયત જઈ આવેલાઓએ મને જે રીતે ભડકાવ્યો હતો તે ઉપરથી પહેલાં તો મને લાગ્યું કે ડેક ઉપર પગ મેલશું ત્યારથી તે યુરોપમાં ઉતરશું ત્યાં લગણ મારા તરફ નીહાળીને જોયા કરવા સીવાય બીજા બધા ઉતારૂઓને કાંઈ બીજું કામજ ન હશે. પણ—તીસ તીસ ધરરર—નંબર વન! ગોરા ઉતારૂઓ તો જેમ ગમે એમ ડગલા ને ચાહે તેવાં બુટ પહેરીને ઉતરી પડયા હતા. માત્ર ફરક એટલોજ કે રાતના સલુનમાં જમવા બેસતી વેળાએ કોઇબી જાતનો કાળો ડગલો જોઈયે. ને જો ઇંગ્રેજી ફાસીન કોટ હોય તો માથે ટોપી રખાય નહીં. તમારા દેશી પહેરવાસમાં બેસો તો કાંઇબી નહીં. અમારા એક મીત્ર કાળો ડગલો ને માથે કાળી મખમલની ટોપી પહેરીને બેઠા તો કપટાને છુપી રીતે કહેવાડયું

ખરૂં કે "સલુનમાં લેડીઓ છે માટે ટોપી ઉતારવી જોઇયે." ત્યારે જો તમારે ખુશાલ, કાંઇબી વીપતી વીના, ઇઝી મુસાફરી કરવી હોય તો કોઈનું માનીને હાઉસન ઝાઉસન ઉપાડતા ના. નીચલી વીગતો બહુજ પુરતી છે.

બે મધયમ કદની ત્રંકો ઘણી થઇ ગઈ. બને ત્યાં સુધી એવી લેજો કે કામ પડે તો તમારે પોતાથીબી ઉંચકી શકાય. એનું કારણ હું પાછળથી સમજાવીશ. સાથે એક છત્રી ને લાકડી તથા એક કાળો ઓવરકોટ અને એક ઓઢણી. હવે ત્રંકમાં શું શું લેવાનું તે વર્ણવું છું. છ મહીના રહેવું હોય તો સદરા છ ઘણા થયા. કારણ કે સુએઝ છોડયું કે પછી આઠ દહાડેબી નાહવાની તલબ થતી નથી અને જયાં જાઓ ત્યાં ૨૪ કલાકમાં તો જોઇયે એવાં કપડાં ધોઈ આપે છે. કાલર વગરના ગરમ શર્ટ ૨, ગરમ મોજાં ગુટણ સુધીનાં જોડી ૧, કાળાં સાધારણ સાકસ જોડી છ, સ્લીપીંગ સુટ ફલાનલના ૨, કાલર દજન ૧, બાંહેના કફ્સ દજન ૧, છાતીના ફાલ્સ ફ્રનટસ દજન ૧, રૂમાલ દજન ૧, દીલનુછનુ ૧, ફલાનલનો ડાકટર યેગરનો ગરનસીફ્રાક ૧, કાળા ટાઇઝ ૩, સફેદ ટાઈઝ ૩, સાબુ કટકો ૧, તુથ બ્રશ, નેલ બ્રશ, હેર બ્રશ, મંજંન, બે ત્રણ વાંચવાની ચોપડી, ધણીઆણી ઉપર ઘણું હેત હોય તો લખવાના કાગળ અને કવર, કાળી બોલર હેટ ૧, કાળો સુટ ૧, ગ્રે સુટ ૧, બુટ લેસનાં કાળાં જોડી ૧, બ્રાઉન શુઉ

જોડી ૧, તમારૂ ઘડીઆળ તથા કારડ કેસ અને સેવટે જીંદગીના મોટા મહારાજ—પઈસા- પઈસા—પઈસા. અલબતાં તમે પુછશો કે આમ જીવપર જોરાવરી કરવાની કાંઈ જરૂર? પણ તમે આગળ ચાલતાં જોશો કે એ જોરાવરી નથી પણ ખુશાલી છે. મારી સાથે ટ્રેનમાં એક વાર એક અમેરીકન મળી ગયો તે છેક ન્યુયોર્કથી બેઠો હતો અને હાથમાં એક હેંડબેગ સીવાય તેનો બીજો કશો લગેજ હતો નહીં.

હવે સામાન જે સાથે લેવાનો તેનો ખરો ખ્યાલ આપું છું. કેબીનમાં સટીમરવાળા ઓઢણી, તકીયા, ચાદર વગેરે આપે છે પણ કદાચને ટ્રેનમાં મુસાફરી કરવી પડે અને ઠંડી ઘણી લાગે તે માટે એક ઓઢણી રાખેલી સારી. સામાન જેમ બને તેમ થોડો એટલા માટે કે કોનટીનેનટલ ટ્રેનોમાં ઉતારૂના માથા ઉપર જાલીમાં જેટલો સમાય તેથી ઉપરાંત લગેજ લેવા દેતા નથી અને જયાં જયાં ઉતરવું અથવા બદલવું પડે ત્યાં કોઈવાર પાંચ મીનીટના ટાઈમમાં દોડાદોડી કરવી પડે એટલે આપણે ભાશાથી અજાણયા માટે પોરટર મળે કે ન મળે. ઘણીવાર બોચકાં હાથપર ઉપાડીને આપણને પોતાનેજ કુતરાંની પેઠે દોડવું પડે છે તે યાદ રાખવું. સદરાને માટે ખુલાસો કરૂં છું કે સવેઝ સુધી દરરોજ બદલવો પડશે પણ પછી તેનો આઠ દહાડેબી વારો આવતો નથી કારણ ઠંડી એટલી કે કપડાં કહાડવાનો ખ્યાલજ ન

આવે, ને આવે તો એક "બાથ"નો ચાર્જ ૧ શીલીંગ ૬ પેનસ, લગભગ સવા રૂપીઓ, એટલે ખ્યાલ આવેલોબી નાહુસી જાય. ગરમ શર્ટ માંહે પહેરીને ઉપર કાલર બદલયા કરયો અને "ફાલ્સ ફ્રનટ" તથા કફ્સ બદલયા કરયા એટલે એક વરસબી ચાલે. ચોકસ સફેદ ફ્રનટ એવા આવે છે કે પહેલાં ઉપરથી પહેરીને પછી તેને ફેરવી નાખીને નીચેથી પહેરાય પછી પાછલું પડ આગળ થાય, એમ ચાર વખત બદલાઈ શકાય. આ કાલર, કફ અને ફ્રનટની ખુબી એ છે કે ઘણીજ થોડી જગા રોકે છે અને જયારે જોઈયે તયારે નવા ને નવા. લંડન જાવો અને ધપધપ કુંપનીમાં ભેળાવાના હો તો ડ્રેસ શર્ટ અને ફ્રાક કોટ અને ચીમની હેટનું કામ પડશે પણ ત્યારની વાત ત્યારે. અહીંથી એ બલાએ આફત ઘસડી જવાની કશી જરૂર નથી, અને રસતે કાંઇ કામ લાગવાનુંબી નથી. પણ કેટલાકો ધોસ મારે છે કે મુંબઇનાં સીવેલાં કપડાં લંડનમાં ચાલે નહી ને બધામાં હસી થાય તે બધું હંબગ છે. બીજાઓનું સાંભળી હુંબી મુર્ખ બનયો ને બેડહામ પાઇલ તથા ચાંદાભાઈ અને મેહેતા બ્રધરસને સારી પેઠે ખટાવયા. લઇ જવાનો હેલપટો પડયો એ ખરી વાત પણ કપડાંની સ્ટાઇલ બાબે કોઇનું જરાબી ધ્યાન ખેંચાયું નહીં, બલકે કેટલાકોએ તો મુંબઈની બનાવટ ઘણી પસંદ કરી અજાયબી દેખાડી. પણ અહીંથી લઇ જવા કરતાં ત્યાંજ ખપ પડે તેમ બનાવી લેવાય તો પીડા ઓછી.

પઇસાને માટે જાણવું કે સરવેથી સુગ્રા અને સલામત માર્ગ એ છે કે સાથે પચાસ પાઉંડ રોકડ ઘણા થયા. ઇંગલંડની ગીની આખા યુરોપમાં ચાલે છે અને કશી અગવડ પડતી નથી. દર માસે રૂ ૭૫૦ નો ખરચ ગણશો તો ફર્સ્ટ કલાસ રહી શકશો. તેમાં હોટેલ, ટ્રેન, બક્ષીશ, નાટક ફાટક સઘળું સમાઇ ગયું. એ હીસાબે જેટલા માસ રહેવું હોય તે મુજબ નાણાની ગોઠવણ કરવી. અત્રેવાળા કુક એંડ સનસને ત્યાં રૂપીઆ ભર્યાથી તે લોક 'સરકયુલર નોટ' આપે છે જે આખા યુરોપમાં ચાલે છે અને ઘણીજ સગવડ ભરેલી છે. ચોરાઈ જાય તોબી ચીંતા રહેતી નથી કારણકે તમારી પોતાની સહી વગર પઈસા મળતા નથી અને તમારી સહી નમુના પ્રમાણે તે લોક તપાસી લેવાની ખુબ હુશીયારી રાખે છે. મેં બે ચાર રીતે પઈસા રાખ્યા હતા પણ આ સરકયુલર નોટ સર્વેથી ઉત્તમ જણાઇ. મારી કથાનું ખરૂં મંડાણ કરવા અગાઉ આ થોડાક શરૂઆતના ટાહુકાની જરૂર હતી પણ હુવે હું ખુદ મુસાફરીના રોહમાં ઝોકાવીશ અને તેમાંથી જેટલું ગળયું લાગે એટલું ચાખી લેજો ને બાકીનું ફેંકી દેજો.

પણ વીલાયત સુધી જશો તો કોઈને કાંઈ ભેટ સોગાદ આપશો કેની? થોડી ઘણી સામગ્રી જરૂર જોઇશે, કારણ કે યુરોપનો મુલક ખુદ "બક્ષીસ" નાં ધોરણ ઉપર ચાલે છે. યાદ રાખવું કે યુરોપની બનાવટની ચીજ તરફ ત્યાં

કોઈ ઝાંખીને જોતું નથી. હીંદુસતાન તરફની ચીજ ઉપર જાનફેશાની છે. જેમ વધારે કદરૂપું જેવું હશે તેમ વધારે તેપર ઝીપલાં મરાશે. તમે પુછશો કે તેવી ચીઝ શું તેનો કાંઇ ખોલાસો તો આપો. દાખલા તરીકે કોઇ બાવા આદમના વખતની કસબી દોરની ભરેલી જુની ફાસીનની ટીલીની કોર હોય તો તેના પટા બનાવીને રૂપીઆ બેએકનું કચછ વર્કનું ચાંદીનું બકકલ લગાડયું કે તેની કીમત ત્યાં પચાસ ઘણી ગણાશે. આગ્રાના તાજમહાલના ચચાર રૂપરડીના મોડલ આવે છે તેની ત્યાં કીમત પચાસ. બનારસ અથવા નાસકની પીતળની થાળીઓ અહીં સવા રૂપીએ શેર તો ત્યાં પચ્ચીસ રૂપીઆ. ભુલેશ્વર આગળ નાના નાના પીતળના ખોદાયજીઓ મળે છે–કીમત આના છથી રૂપીઓ દોઢ. આ ગણેશજીઓ અને હનુમાનજીઓ ઉપર ત્યાં તુટાતુટ પડશે. ધ્યાનમાં રાખવું કે પીતળનો કાંઈબી સામાન લઈ જવો તે ચળકતો ને સાફ ન જોઇયે. જેમ કીટાયલો ને કાળો મારી ગયલો હશે તેમ તેની વાખવાખી જયાદા! અગર ચળકતું હોય તો થોડા દહાડા આગળથી જમીનમાં અથવા મટોડાંમાં દાબી રાખયાથી ખાસ્સો પુરાણો દેખાવ પકડશે. અલબતાં આ બધી ઠગ વીદયા છે, પણ હું કાંઈ તેની તરફદારી કરતો નથી. જે ખરી વાત છે તે વીસતારૂં છું. પુનાના ખસખસના પંખા જે મકાઈ બાહુ જેવા આવે છે, તે તેમજ જાપાનીસ પાવલા પાવ-

લાના પંખા ત્યાં ઘણા વખણાય છે. ચાંદીનું ફચછ વર્કનું કામ પણ ત્યાં જીવની જોત જેવું ઉકમાય છે. એવું એવું રૂપીઆ પચાશેકનું ખુરચન ઘણું છે. અલબતાં કોઇ આગળ કીમત કહેવી નહી પણ ભવાં ચહડાવીનેજ વાત કરવી સાહી.

હવે આપણી મંજલ શરૂ કરીએ. સટીમર ઉપર જતી વેળાએ કુદરતી રીતે મલતાવીશેકોનું મેહજરૂં ઠીક ભરાયું હતું. તે દીવસે ફુલના પણ ભાવ વધી ગયા હશે, કારણ કે પચાશેક હારડાથી બરડાનો કાંઠો વળી ગયો એટલુંજ નહી પણ સરદીનો ભય ભેજામાં પેદા થયો. ખેર, વેલાયત જવું છે, કાંઇ કુલ્લીમાંનો ગોળ ખાવાનો નથી. તુટક ઉપર જતાંજ કપતાન સાહેબને ટપલી ઝાડી અને એક મસ મોટા તોરાની વેઠ હતી તે તેવણને સપુરદ કરીને મુફતની ભલાઈ ખાટ્ટી. આટલા બધા હારડા ને મણ બેને સુમારે ફુલો જોઈને બીચારા ફ્રેંચ ખલાસીઓએ તો નકકી ધારયું હશે કે આ કોઈ મોટો એમપરર હશે, કે નહી તો ફુલ વેચનારો હશે. લંગર ઉપાડયું ને ભલી "ઓશીઆના" ડાકમાંથી ધીમે ધીમે ચાલી. તે વખતનો મગજ ઉપરનો છાપ વીસરાઈ જવાય તેવો નથી. કીનારે ઉભેલા પોતાના અને પારકાના રૂમાલોની હારમાળા અને સડસડ ચાલી જતી આગબોટ! બે મીનીટમાં તો બધું ખલાસ! ચાલો હવે સમુદ્ર માતા, તારે આસરે છીએ.

પહેલાં થોડી મીનીટ તો કાંઇ સુઝે નહીં. ડેકચેરના ચોડા પડેલા, દોરડાંના ડરંગ અને પાસીનજરોની ટરંગોથી બધું ગમસાન મળી ગયું હતું. કેબીનમાં જઈને જોઉં છું તો મારી સાથવાળાના ને મારા મળી દશેક પાકીજીસ! ચાલવાનીબી જગા મળે નહીં. હું ચાર બુટની જોડ લાવેલો ને તે પાંચ! ગોઠવ ગાઠવ કરી રહયા કે જમવાનો ઘંટ થયો. મેઇટર ડ હોટેલ એટલે વેટરોના વડાને પહેલાંથી કહી રાખી એક ચોક્સ જગા કરી રાખેલી ત્યાં બેઠા કે ચગારદમ શીરૂ થયું.

મેં ફ્રેંચ કુકીંગની જે વાત સાંભળી હતી તે આબાદ ખરી પડી. નરો જાણે આપણા પારસી બાવરચીને હાથનો પકાવેલો તર નવાલો. માછલીનો પાટીઓ અને દોધીનું ગોસત વગેરે આબાદ આપણીજ ધબનું ઘીમાં ગગરતું. દરેક જન આગળ બબે વાઈનની બાટલી મફત. ખાઓ ને પીઓ મારા લાલ! હું ઘણી બારીકીથી નજર રાખતો હતો કે આખી સલુનમાં કોઇ એક જનબી સાદું પાણી પીતું ન હતું. આ 'વેં ઓરડીનેર' પાણીનેજ ઠેકાણે. જેવી એક બાટલી ખાલી જોય કે 'ગારસોં' (વેટર) લાગલી બીજી લાવીને મુકે. વાણીબી આસરે દસેક જાતની હતી. ઈંડાં ચારવેલાં, આખી દાળના, પોળા, જે માગો તે તૈયાર. ખરેખાત ફ્રેંચ બોટ ઉપર બચારા પાસીનજરો ખાધાની બાબદમાં દુઃખે દહાડા કહાડે છે. પણ એક વાત મારા મનમાં ઘોળાયા કરે છે

તે મારે અત્રે ટપકાવી લેવી જોઈશે. ફ્રેંચ કુકને હાથે રાંધેલી મેથીની ભાજી ને ગ્રીન પીઝ ઉપર આપણા સાહેબો, હું પોતે સુધાં, તુટાતુટ કરે ને મોહ મટમટાવીને બબે વાર લઇ લઇને ખાય ને એજ વાણી ઘરમાં મેહસતો રાંધીને લાવે તો નાકનું ટીચકું ચહડે. એ તો એમજ તો. કયાં ગાંગા શાહ ને કયાં ગાંગા તેલી? કયાં આપણું મુંબઇનું ઘર ને કયાં સ્ટીમરનું ચકચકીત સલુન? અગીયાર વાગાના જોભરવા બેઠલા તે સાડાબારે તર થઇને ઉઠયા કે ડેક ચેરની શોધાશોધમાં અડધો કલાક નીકળી ગયો.

જુઓ સાંભળી લ્યો. ડેક ચેર એવી લેવી કે બરાબર પંદર દહાડાજ ચાલે, કેમજે મારસેલ્સ આવી પહોંચતાં તે તો આપણા કેબીન વેટરને બક્ષીંદા કરવી પડશે. કીનારે ઉતારશો તો સવાયાની ડોશીને ધબ્બુ માથું મુડામણ—ત્રણ રૂપરડીની ખુરશીને નીચે ઉતારનાર પોર્ટરને છ પેનસ, સ્ટીમર હાફીસમાં રાખવાની દર માસે છ પેન્સ, પાછા ફરતી વખતે શોધી કહાડવાની છ પેન્સ ને પાછી વળતી સટીમર ઉપર લઈ જવાની છ પેન્સ! નહી બા, એ સોદો આપણ જેવાને નહીં પરવડે! વળી જરા ધરખમ ખુરશી રાખી તો અવારનવાર કોઈ ધરખમ મેમ સાબ માંહે ગોઠવાઈ બેઠેલાંજ હોય. ઉઠ, કરી તો કહેવાય નહીં. બીજું સહવારના પોહોરમાં ડેક ધોવા સારૂં માહુલાઓ આવે ત્યારે બધી ખુરશી-

ઓને ઢગ મારીને એવી મુકે કે રાતના નાલપર હોય તો સહુવારના સક્કુ આગળ ડાચું વકાશી પડેલી હોય! વળી એક બીજી વાત—જ્યારે મુંબઈથી ઉપડશો ત્યારે સાથે 'સન હેટ' સોલા ટોપી તો હશેજ. એ ટોપી બધી મળી ઘણું તો એકાદ કલાક કામ લાગશે. સ્ટીમરપર તો કામનીજ નહીં, પણ વખતે એડન કે પોર્ટ સઈડ ઉતરવાનો જીવ થાય ત્યાં કલાકેક જોઈયે. પછી તો કેબીન બોયને આપી દેવાની કે દરીઆમાં સગનના નાળીઅરને બદલે ટપકાવી દેવાની. વાસ્તે સુણજો શીખામણ સારી કે ટોપીબી કાસમ બજારનો માલ લેવો—નહી તો પૈસા પાણીમાં જશે.

સ્ટીમર તો સડસડાટ ચાલી ને હજી તો બપોરનો ગજખ ગળે ઉતરયો નથી, એટલાં વળી ટીંગ ટીંગ ટીંગ ટીંગ! એ શું છે બા? એ તો સાંજની ચાહ ચાર વાગે તેનો ઘંટ. ચાલો, જીવ્યા કરતાં જોયલું ભલું. સલુનમાં ટેબલો પાછી સણગારેલી. કેક અને બીસકોટના ડુંગર, માખણ, પાંઉ, જામ, ફ્રુટ ને કોકીઆન ચાહ! ખાવાનું તો જોવા ગમે નહી પણ ગોરા ઉતારૂઓનું પેટ કે પાળું? ગચાગચ ખાય ને પાંઉનું નખ્ખોદ ઘાલે. ખોદા માલમ પેટમાં જગાબી કયાંથી થતી હશે? ખાય, ખાય, ખાય, મારા બાપ! જબરા બા. આ ઠેકાણે એક નોધ ટપકાવી લઇશ. જેઓને સારી રંગદાર ચાહ પીવાની ટેવ હોય તેઓએ એકાદ બે પડીકાં પોતાની

ખાસ ચાહ લઇ જવી, કેમકે સ્ટીમર ઉપરની ચાહ તમારે ગળે ઉતરશે નહીં. નામની ચાહ. પેટ ફાટે તેમ હોજરૂં ભરીને ઉપર આવ્યા ને જરા આમ તેમ જોયું કે સાડા છ વાગે વળી પાછું ટીંગ ટીંગ ટીંગ ટીંગ! એ વળી શું છે બાપુ? ડીનરનો વારનીંગ બેલ. દોડો તમારી કેબીનમાં ને તૈયાર થાઓ. અવાસ બળી ગયા ને કોયલા રહી ગયા! વાતમાં કાંઈ દમ નહી પણ જરા કોલર મેલો થયો હોય તે બદલવો ને કાળો ડગલો ઓળવ્યો કે તૈયાર!

આ ટાંકણે જાહેર કરૂં છું કે તમારી કેબીનમાં સોબતી કોણ છે તે ઉપર તમારાં સુખનો મોટો આધાર છે. બને ત્યાં સુધી કોઈ જાતભાઈ તથા મીત્રને લેવો. બીજો કોઈ ખડીઓ હોય તો "વારનીંગ" બેલ થયાની પા કલાક અગાઉથી જઇને હાથ મોંહ ધોઈને નીકળી પડજો, નહીં તો એકવાર જો તે ભરાયો કેની તો તમને ઉભા રહેવા-નીબી જગા નહીં મળશે. વળી બન્ને જન કેબીનમાં સાથે ડ્રેસ કરશો તો રેડ સીમાં નાકમાંથી એવા ફુંફારા નીકળશે કે કેબીનની ગરમી બીજી દસ ડીગરી ચહડી જશે. મેં અનેકવાર જોયું છે કે કેબીનમાં સાડા છ સાત વાગે એડન આગળ એવો તો ઉકળાટ પડે છે કે ઘણી વાર કોલરનું બટનબી પોવાતું નથી અને ફું ફું ફું કરી ધમણ ચાલે છે—ગરમીને લીધે નવો કોલર પેહેડે પેહેડે તેટલાં પાછો લીલા બુમલા જેવો થઇ જાય છે અને

બટન એવું જીદે પડે કે તે પોતાં પોતાં કોલરનું બટન હોલ કાળું ઠણક મારી જાય છે—તે પોવાઇ રહ્યું કે સદરો તડબોળ થઇ જાય છે અને તે બદલવા સારૂં સઘળું પાછું કહાડવું પડે છે. મેહેરબાની કરી પંદર રૂપીઆની વાણ કરતા ના. જતાંને વાર પરસરને કહેશો તો તમારી કેબીનમાં ઇલેકટ્રીક પંખો મુકી આપશે—એ તમારા પૈસા રદ જવાના નથી. રાતના આખી રાત પંખો ફરફર ફરીઆ કરશે, પણ સારી રાત ગરદન ઉપર ફુંકાય તેમ રાખતા ના નહીં તો કાલનો દુકાળ આજે પડશે ને રૂમાટીઝમની હોરતનો પાયો નખાશે. હા, રેડ સીમાં ગરમી તો ખરી—જેવી કેહ છે તેવી ગરમી–પણ બુટનાં રબરનાં તળીઆં પીગળી જાય એ બધું નાળીએં!

રાતના ડીનરની શું વખાણ કરૂં. ખા, મારા બાપ–પી મારા બાપ! પહેલાં તો મારસેલા વાઇનનું એક ગલાસ, પછી જેટલો માગો એટલો "વીન ઓરડીનેર," ખાંડી બંધ આઇસ ને સર સેવટે ઉંચા કોનીઆક બ્રાંડીનું એક ગ્લાસ. ખાધાનું બી નંબર વન. માગો એટલી ફ્રુટ, ચીઝ, વગેરે, વગેરે. સઘળા ગોરા વેટરોનો શું ઠઠ્ઠો! હાથે સફેદ મોજાં અને કાળો ડ્રેસ. સાડા આઠ વાગે જમી ઉઠયા કે નવ વાગે વળી ટીંગ ટીંગ ટીંગ ટીંગ! શું છે બા? એ તો રાતના નવ વાગાની ચાહ! કાંઈ ઘેલા બેલા સમજોછ! હા, ઘેલા નહી તો બીજું શું? નીચે જઇ જોઉં છું તો વળી પાછા આઠ દશ જન ચપાટવા બેઠેલા!!

દરીઓ તુફાની તે ધીમોજ હાલે,
પુઠના પવનથી ઘણું વહાણ ચાલે.

મરહુમ સોહોલો ચીકન છાપનાર પોતાની નામચીન કવીતાઓમાં ગાતો હતો કે:—

આગે સર સર ચાલી જાય છે,
માય આગબોટ આગળ ધાય છે.
સુનો સાએલી—ઇત્યાદી.

તેમ વખત, વા ને વહાણ કોઈને માટે થોભતાં નથી. બહાદુર "ઓશીઆના" એ ધમ ધમ ચાલીને પાંચ છ દહાડામાં એડન લાવી નાખ્યા. કોઈ કોઈ દહાડે રતનાગર સાગર જરા જરા પોતાની જાત બતાવે ખરા પણ કાંઈ દમ જેવું નહી. મારી સલાહ છે કે ભોર આવે તોબી જેમ તેમ ખાવું. ગળાં તાણીને સફા થયા કે પાછું ખાવું. સલુનમાં લીંબુ અને આઈસનું પાણી તૈયાર રાખવામાં આવે છે તેનો લેમન સ્કવાશ બનાવીને ખાંડ નાખીને પીવો અને જો કોઇજ રસતો નહી ઉતરે તો બ્રાંડી બહાદુરનું એક સ્ટીફ ગ્લાસ ટપકાવીને કેબીનમાં જઇને માથે તકીઓ દાબીને સુઇ જવું, કે બધી બલા દુર!

સ્ટીમર ઉપર ગમતનાં કેટલાંક સાધનો છે. કેટલાક ઉતારૂઓ અને આફીસરો "કવાઇટસ" ની અથવા રીંગ ફેંકવાની બચે બાલેકા ખેલ જેવી રમત કરીને ખાલી પીલી મોટાં ઘાંટાં કહાડીને હસે છે. જેમ રમવામાં લેડીઓનું તત્વ વધારે તેમ હસવાનો ઘાંટોબી વધારે!

પણ સર્વેથી સરસ રમુજ તો આ બધા પોકળ ભાવટા ગુપચુપ ઇઝીચેર ઉપર બેસીને જોયા કીધામાં સમાયલી છે. લોઅર ડેક ઉપરબી તરેહવાર નાટક ભજાય છે, પણ ઇશ્વરે બે કાન, બે આંખ ને એકજ જબાં આપી છે શા સારૂં? તેનો અર્થ એ કે અય માનવી, બે આંખે જોજે, એક કાને સાંભળી બીજે કાને કહાડી નાખજે પણ બોલતી વાર એકજ જબાં વાપરજે. અમારી સાથે એક દેશી રાજવંશી મ્હારાજ હતા. એઓ સાહેબ પહેલે દીવસે તો કકડતો અસ્રીનો અંગ્રખો ને કસ્બી તોરાની પાઘડી, તાઇટ તતરબંધ જાંગીઆ અને વારનીસનાં બુટ પેહરીને પધારયા હતા એટલે ગડબડ સડબડમાં કોઇની નજર ખેંચાઇ નહીં પણ બીજે દીવસે તો તેઓએબી ટુંકો કાળો ડગલો ને પાટલુન સજ્યું કે પછી પેલી કેહતી છે તેમ

રાત અંધારી ને મગ કાળા
ન ઓળખાય સસરા કે ન ઓળખાય સાળા.

સ્ટીમર ઉપર આસ્રેલીયાથી આવેલા ઘણાક અજાણ્યા ગોરા ઉતારૂઓ હતા તેઓને સંસારો મળેલો ખરો કે કોઇ દેશી પ્રીનસ આગબોટ ઉપર છે પણ દેશી પ્રીનસ તે કેવો હશે તેની બચારાઓને મોટ્ટી નવાઇ અને ઘણીજ થોડી આવડ એટલે સર્વે જન જરથોસતી ભાઇ રતનજી ડી. તાતાને મહારાજ ઠોકી બેસાડીને નેહાલી નેહાલીને જુએ!

હવે તા૦ ૨૯ મીની સાહવાર પડી. મુંબઇ છોડયાને છ દહાડા થયા—વાત કરતાં એડન આવી પુગશે વાસતે

સ્ટીમરને લગતા છેલ્લા થોડાક સુચનાના શબ્દો કહી દઉં છું તે સાંભળી લો.

તમારાં મેલાં કપડાં સ્ટીમરના ધોબીને ધોવા આપતા ના, નહી તો આપ્યાં તે કરતાં વધારે ઝાંખાં અને ખારથી ભરેલાં આવશે.

નાહવાને માટે આપણો સાધારણ સાબુ ચાલશે નહી માટે એક કકડો "સાલ્ટ વાટર સોપ" નો રાખજો.

નાહવાને માટે દોડાદોડી કરતા નહી પણ આસતે રહીને સાહવારના દસ વાગે જશો તો ફરાગાતથી નાહયા કરશો. બધા જન સાહવારના પોહોરમાં દીલનુછનાં હાથપર ઓળવીને બાથરૂમની બહાર કુવો તળાવ પુરવા નીકળી પડે છે તેવી કશી જરૂર નથી.

નાહવાના ટબમાં બે નળ છે તે ઘણા સમાલીને ઉઘાડજો, નહી તો બળી જશો. હું મારા અંગત અનુભવ ઉપરથી કહું છું; મને નડેલો અકસ્માત એની ઘટતી જગ્યાએ વર્ણવીશ.

સામનની સાથે એક બ્રાંડીની બાટલી રાખજો. વખતે કામ પડશે. તેમજ નીચલી જાણસોબી રાખી લીધેલી સારી છે. ઘણી જગા રોકશે નહી પણ કામની છે. કુઇનાન પીલ્સ ચાર ગ્રેનની, ડોવર્સ પાઉડર પીલ્સ પાંચ ગ્રેનની, (મરડાની અસર થાય ત્યારે એક લેવાની) ઓકસાઇડ ઝીંક એક આઉંસ (જખમ વગેરે ઉપર દાબયાથી ઠંડક રેહે છે. કોઇબી તેલમાં મેળવ્યાથી અછો ઠંડક

આપનારો મલમ બને છે), કલોરોડાઇન એક શીશી, સાલ વોલાટ્રીલી બે ગ્લાસ. (એકાએક ચીલ લાગી આવે તો એક ચમચી એ અને એક ગ્લાસ ગરમ પાણી નાખી પી જવું. તુરત ગરમી આવી જશે), કલોરેટ ઓફ પોટાશ ટેબલાઇડઝ (ગળું ખાખરે ત્યારે દાઢમાં એક રાખીને પાણી ગળવા દીધાથી ફાયદો થાય છે,) ઓ ડી કોલોં ૧ શીશી; સ્મેલીંગ સૉલટ એક ઝીણી શીશી; થોડી તપકીર; સોડા સલફેટ્રીસ અથવા મીસચુરા સેનીકો (કંપને ત્યાંથી મળશે. ઘણી કબજીઆત ઉપર બેમાંથી એક અકસીર છે અને વખતસર વાપરયાથી અનેક આફતો દુર કરે છે,) સોડા સલ્ફ એક મોટો ચમચો ભરીને લઈને તેને ટંબલરમાં નાખી અડધું ટંબલર ગરમ પાણી નાખીને પીગળાવવું અને સવારના પોહોરમાં પી જવું. મીસચુરા સેનીકો પસંદ હોય તો પોણું વાઇન ગ્લાસ એમનું એમ પીધાથી પસતાવાનુ કારણ રહેશે નહી.

તમારો માનીતો પોચો તકીઓ સાથે જરૂર રાખજો કારણ કે સ્ટીમર પરના તકીઆ નરમાસને વાસતે સરટીફીકેટ ધરાવતા નથી.

દરીઓ થાળી જેવો હતો તોબી અમારી સાથની કેટલીક બાનુ ઉતારૂઓ ભોર આવવાથી ચાર દહાડા કેબીનમાં ભરાઇ રહી એ હું મોટી ભુલ સમજું છું. પણ ઘણી દયા ખાવા જેવું કાંઇ નથી—કારણ કે જ્યારેબી ખબર પુછવા

કેબીનમાં ડોકું ઘાલી જોઇયે, ત્યારે મોસંબી આફુસની કેરી વગેરે બીજાં મીશટાનોનું નખ્ખોદ ચાલુજ દેખાય!

પણ ચાલો, હવે ઘણાજ નરમાસવાળા ફ્રેંચ આફીસરોની કારસાજીથી આખરે એડન આવયું ખરૂં. સાહવારના પોર્ટ હોલમાંથી કાઉકાઉનો સાદ આવ્યો એટલે ઝટ તૈયાર થઇ ઉપર ગયા તો શી રચના! ડાકટર આવીને હુકમ આપે નહી ત્યાં સુધી મછવાઓને આગળ આવવાની મનાઇ! બધા ઉતારૂઓ ડેક ઉપર ટીંગાઇ ટીંગાઇને જુએ. એક ગમથી બજાર હાથનો સામાન અંદર લેવાય, બીજી ગમથી કોલસા ભરાય. ધમાધમ, દોડાદોડ, મેસરસ કોલાબાવાળાના એક ઘરડા જરથોસ્તી કારભારી આફીસરો સાથે ફ્રેંચ ફેંકે. જાણે સુતેલી સ્ટીમરમાં નવેસરનો જીવ આવી ગયો! પણ બાપા કેબીનનાં બારણા બરાબર બંધ રાખજો. કેહજે આ ધમાધમીની ખુશાલીમાં બે પગના સોમાલી ઉંદરજીઓ બી અસાધારણ સજીવન થઇને એકાદ પોરટમેંટોને ફુંક મારવાની ધાસ્તી રહે છે! બોટોને નજીક આવવા દે નહી તોબી વેપાર ચાલે. મછવામાંથી દાણા, પંખા, સીગારેટ, હલવા વગેરે બતાવે અને આપણી પસંદગી માટે ટોપલીને દોરી સાથ બાંધીને ઉપર મોકલી આપે. પસંદ આવે તો રાખો નહી તો ટોપલી ચાલી પાછી નીચે. પણ સબર એ શું ધામધુમ છે? એડનના મોટા ડાકટર સાહેબ કરનલ મોંક્સ બોર્ડ ઉપર આવ્યા કે જોઇયે તમારી નાડ છે નરમ

કે ગરમ? પોરીઆઓરે—હોરે! ચાલો બધા નીચે ડાઇ-
નીંગ સલુનમાં જાઓ. બધાં જણાં બાળ બચ્ચાં સુધાં ઠાયા હોયાં થઈને સલુનમાં બેઠા. ડાકટર સાહેબ કમપાનીઅન લાડર ઉપર ઉભા અને હસીને પુછ્યું. છોકરાઓરે–હો રે! તમે બધા કેમ છેઓરે? ઘણા સારી પેઠે. તારે ચાલો તમારી પરીક્ષા પુરી થઇ બેલાસક જાઓ કીનારે. જુઓ પછી નાહસા નાહસ! આપરોબી જીવ વકર મારી આવ્યો હતો તેટલાં એડનના અગ્રેસર કાવસજી દીનશા એડનવાળા સાહેબો સ્ટીમ લાંચ લઇને આવી પહોંચ્યા ને જીદ કરવા લાગ્યા કે કીનારે ઉતરવુંજ પડશે. મનમાં ભાવે ને મુડી હલાવે. સુરતના સુરતીઓની પેઠે જરા ભાર ચપામણી કરીને તમારો નોકર તથા સાથીઓ કીનારે ગયા. ખેર આફીયત પુછતાં પા કલાક નીકળી ગયો, ચા પાણી કરતાં બીજો પા કલાક-અને કેહુ ચાલો હવે એડન જોવા. આખું માખ્ખું શેહેર તે કંઇ એક બે કલાકમાં જોવાય! પણ અમે તે કામ બજાવ્યું. અગીઆરી જોવામાં અડધો કલાક, સોડા લેમોનેડથી તર થવામાં પોણો કલાક અને આખું એડન જોવામાં દસ મીનીટ!

એડન, એડન,–એનું ખાણું–આબાદ થાય! બચગીથી એડનના વખાણ સાંભળતો આવેલો, મારા 'ફાધર ફ્રેંડ' મરહુમ એદલજી વાછાને મોહોડે કંઇ હજારો વાર એ મુલકની તારીફ જાણેલી. મોટા શેઠ કાવસજી દીનશા એડનવાળાનું 'મોન્ટી ક્રીસ્ટો' ટાપુ! આહ! કેવી

ભર ઉમેદ સાથે હું કીનારે ઉતર્યો. ખરી વાત છે. એડનનું ટાપુ બે મોટા ભાગમાં વહેંચાયલું છે. ઇસટર્ન હેમીસ-ફીઅર અને વેસ્ટર્ન હેમીસફીઅર. આખાં ટાપુને વીંટાળી ગુંટાળીને મરહુમ રૂસતમજી ફરામજી કનફેકશનર પોતાના ખીસાંમાં દાબી શકે એવડું જબરદસ્ત છે. પુર્વ ગોળાર્ધમાં શેઠ કાવસજી દીનશા એડનવાળાનું ખાતું અને અગી-આરી અને પશ્ચીમ ગોળાર્ધમાં પેલાં જગ બત્રીશીએ ચહડેલાં પાણીનાં ટાંકાં! એ બે ચીજ જોઇ કે તમે એડન જોઇ વળ્યા એમ જાણવું. મારી જીંદગીમાં મેં આવું ઝુકતું, સુક્કું, બળતું, જળતું મથક જોયું નથી. અલબત એડનવાળા સાહેબોનો તયાં ડંકો વાગે છે અને તેમની આફીસ અને દુકાનમાં જરા પાંચ માણસનું મોંહ જોવાય છે. બાકી તો જ્યાં જોઇયે ત્યાં સુતમ સુતાનો મામલો છે. મેં જયારે આ વીચાર જણાવ્યા ત્યારે એડનવાસીઓ ઉકમાઇથી છાતો કહાડી બોલવા લાગયા કે જરા ઉભા તો રહો. અમારાં ટાંકાં તો જુઓ—અમારી અગીઆરી જુઓ. હા ભાઇ ચાલો. અગીઆરી કે અગીઆરીકા બાપ!! આટલી સરખી વસતી ને મુઠીભર પારસીઓ સારૂં કેવો મોટો ધાર્મીક ધુજારો? આખાં યુરોપને જવાબ દે એવું મોટું મકાન અને સારા એશીયાને પુરા પડે એવા દસ્તુરજી! એડન વાળા સાહેબોએ ટેલીફોન કરી સોડા, લેમનેડ, આઇસ વગેરેની નવાજેશ મોકલી આપી હતી એટલે પવીત્ર

આતશ બચારો જરા વીસરાઇ ગયો એમ કનફેસાઉ કર-વાની મારી ફરજ છે. અમારી સાથે બે જરથોસ્તી બુચીઓ ઇંગ્રેજી ફ્રાક કોટ અને સાદરાંની ટોપીમાં હતી. તેઓ તરફ દસ્તુરજી બાપ બારે ડોળે જોયા કરતા હતા કે રખે કાંઇ જુદદીનના સવાલનું અભેખર જાણ્યું અજાણ્યું પવીત્ર એડન મુકામે આવે! હવે અમારાં ટાંકાં જુઓ—ટાંકાં જુઓ કરી એડનવાસીઓ જીવ ખાઇ જવા લાગયા કે બધા ઉઠયા. ટાંકાં બળેરે એમનાં એમ! ખોદા ખાતર વાતમાં જીવ નહી! નરા જાણે ચાર પાંચ પાઉં બજારના કુવા. અંદર શું કરામત છે તે હું હજી સમજી શકયો નથી. સુકાં ટસ ને વળી કદમાં મોટા કુવા જેટલાં. મારી નાસીપાસી જોઇ એડનવાસીઓ લગાર ડઘાયલા દેખાયા. તેઓ કહેવા લાગ્યા કે એ તો સાઈરસના વખતના છે, કોઇ કહે ખોદાયજીએ ઉપરથી કપપીની મારફતે ઉતારી મોકલ્યાં—કોઇ કહે ઝાડપરથી ખરી પડયાં! પણ હશે તેમાં શું મોટી વાત? સાઇરસ અને કેમબાઈસીસના વખતના મહાન બાંધકામ અને કોતરકામો, ઈજીપટના પીરામીડ અને એલોરાના ગોફા આગળ આ નકકર પહા-ડમાંથી ટાંકાં કોત્રી કહાડયાં હોય તો તે ખુદ બાવા આદ-મના વખતનાં હોય તોબી તેમાં શું મોટો નખ વગરનો સીંહ મારયો? પણ જોજો રે, યુરોપ જતા પ્રવાસીઓ, જો તમારે એડનમાં લોકપ્રીય થવું હોય તો આ ટાંકાં જોઇને ખોટાબી હર્ખમાં આવી જજો ને ન જોઇતા પાંચ પચાસ

સવાલ પુછજો, નહીં તો હેમકમાં ખપશો. એડન, એડન! કુંઠાંની રાંડને ઠમકો ભારી! વેલાતથી મુંબઇ તારના એક શબ્દના પોણાબે રૂપીઆ ને એડનથી મુંબઇના અઢી રૂપીઆ! પણ ચાલો હવે. એડનનો પીછો છોડો. સ્ટીમર ઉપર જવાનો વખત થયો. સાહેબ સલામ. પાછું ફરતી વખતે વળી બાકી રહેલો ગોળાર્ધ જોઇશું.

હાલ તો અહીં બસ કરૂં છું કેમ જે જો ઘણું ઘણું આપી દેઉં તો ખરચી જલદી ખુટી જાય. એ કાંઇ ડબુસા મારવાની વાત નથી. જરા સ્વાદ લઇ લઇને ખાવાનો માવો છે. હું કઇ તરેહથી તમને યુરોપમાં ફેરવી લાવનાર છું તેના આ માત્ર નમુના આપ્યા છે. જો આપની મગઝે મારૂફમાં મંજુર થાય તો વાંચજો નહીં તો હવે પછીના અંક છોડી દેજો. કોઇની કંઇ જબરદસ્તી છે બા!

કેમ, હવે એડનનો પીછો છોડશો કે નહીં? સ્ટીમરપર લાંગર ઉંચકે તે વખતની ધમચકરી હું ઘણાં વર્ષો સુધી વીસરીશ નહીં. કોલસાની રજકણોથી શીહા લેબાસ પહેરેલી "ઓશીયાના" ફું ફું કરતી આગળ વધી, પણ આ વાર જો સોલી શેઠ થઇ નીકળ્યા તો કમબખ્તી જાણવી. ખીસાંમાં હાથ ઘાલીને અલગાના અલગ ફર્યા કીધામાં શોભા છે, નહીં તો જ્યાં હાથ મુકયો ત્યાં કાળા છાપની વધામણી મળશે. નીચલાં ડેક ઉપરથી તમારી કેબીનમાં જવું હશે તો કોબીજનાં ડુંગર અને ઈંડાંની બાસકીટો તથા માછલીનાં વન ઉપરથી કુદાવી જવું પડશે.

કેબીનોની લાઇનમાંની હજામની દુકાન આ વાર અલોપ થઇ ગયલી દેખાશે, કારણ કે અસ્રા ને અસ્રપી, બ્રશો અને શીશા સઘળા કોણ જાણે કયાં ગેબ થઇને ત્યાંથી માલ લેવાનો રસ્તો કીધેલો એટલે હજામની દુકાન કયાં હતી તે માટે કીનડરગારટનની સીસટમને યાદ કરવી પડશે. પણ "સીસટમ" અજબ ચીજ છે. સ્ટીમર દસ મૈલ કાપે નહીં એટલામાં તો ધમધમ કરતા ભુંબાઓ અને સેલરોની ચપલાઇથી એક કલાકમાં તો બધું સફૂમ સફા! પેલી હજામની દુકાન જાણે પાછી કોઇ તલેસમાતથી તેની આગલી જગાએ ગોઠવાઈ ગયલી અને ઝાઝ ઉપર ડાઘની જાત નહીં.

આહ! પણ આએ એકદમ તપોટો શાનો પડે છે? રેડ સી, મારા રફીકો, રેડ સી! જે સાંભળ્યું હતું તે આબાદ ચામડીએ સેહેવ્યું. ગરમી તો કહે જે મારૂં કામ, સદરાનું સત્યાનાશ, કાલરોનું ખાનું ખરાબ, બુટનાં રબરનાં તળીઆં પીગળી જાય તે હંબગ બાદ, બાકી બીજું બધું ખરૂં! ડેકપર તો ઝાઝું જણાય નહીં, પણ સુવા ગયા કે કમબખ્તીના પારાવાર! અસલ ઇરાની ઇતીહાસમાં સાત હફ્તેખાનોની કથા આપણે વાંચતા હતા તે માહેલું ગુમાઇ ગયલું એકાદ હફ્તેખાન આ હશે. રાતના ખાધાનું બી સુઝ પડે નહીં, જોકે માથાં ઉપર ઇલેકટ્રીક પંખા ધરફડી મારે. હું ખરૂં કહું છું કે આ ચાર દહાડા ફક્ત ઈંડાંની અકુરી, જરાક પુડીંગ ને એકાદ બે તળેલી

ભાજીની વાણી ખાઇનેજ હું સુઇ જયા કીધો. ઇંગ્રેજો મારા વહાલા હી હુ કરતા જાય ને અંધારી કોટડીમાં ગજખ હેસવ્યાજ જાય. ઉપરથી પરસેવો પાડવા વીહીસ્કી સોડાનો માર. તેમાં વળી સમુદ્ર માતાને વાઇ ગોળો થઇ આવ્યો, બોટને લચકવા થઇ અને નીચેથી ઓ—ઓ—ના મનરંજક અવાજો આવવા માંડયા. રાતના મેજ ઉપર ફરસ્ટ કલાસ ૮૦ જમણ કરનારા ઉતારૂને બદલે ફકત ૧૮! એ તો મારો ઉકર બબરચી અગાઉ કહેતો હતો તેમ "લેઇને તમારે ને બેઅંડાજે ખાય તે પછી એમજ તો." પણ તા૦ ૨૯ મી એપ્રેલે સર્વેનાં દીલ ખુલી ગયાં, કેમજે મરહુમ કાબરાજી લખી ગયા છે તેમ:—

"પણ પળમાં પાછું એકાંતરે
સમુદર થઇ પડયો શાંતરે
રડશે નહીં કોઇનીબી માતરે
જોડો હાથ સાથરે ભાઇ
તોફાન ગયું વીતી—તોફાન ગયું વીતી.
ગગનના સગન થયા શુભ, વધન ગયું વીતી."

"ઓશીઆના" પાછી સાપની પેરે સડસડાટ ચાલી. આવતી કાલે સુએઝ આવશે, તેની બહારમાં ઉતારૂઓનાં દીલ ખુશાલ થયાં અને કોઇ કરતી કારવતી છેલ છબીલીઓને એક સોરતી કહાડવાનો શોખ થઇ આવ્યો. સર્વ ઉતારૂઓને અરજ કરવામાં આવી કે તમારી પાસે જે કાંઇ નજીવી ચીજ ફાલતુ હોય તે આપવી અને તે ઉપર

સોરતી કહાડવી. દર ટીકીટના નંબરના આના ૮. જુઓ પછી ટીકીટો ભરાવવા માટે બાનુઓનાં પટામણા. તમારી દાઢીમાં હાથ ઘાલવાનુંજ બાકી રાખે. એકની ચોપડીમાં બે નંબર ભરી આપ્યે કે બીજી આવેલીજ છે. જે કોઈ વધારે નંબર ભરાવે તેની ઘણી ઉકમાઈ એટલે જંપીને બેસવા નહીં દીયે. આપરે તો આવા ને આવા દીલના દુલ્લા એટલે ટીકીટો ભરાવવાની ભારી ધમચકરી ચાલતી હતી તેટલાં બે કલાક કેબીનમાં જઇને ઉંઘી ગયા. તોબી બે ફારીઆંમાંથી બચ્યો નહીં. હું અત્રે નોંધ લેવાને મગરૂર છું કે સવેંથી પહેલી ચોપડી મીસીસ રતન તાતાની ભરાઇ ગઇ હતી. મેં આગલા અંકોમાં વર્ણવ્યું છે તે મ્હારાજા સાહેબ અલબતાં સોએક નંબર ચીરાયા. રૂપીઆ પાંચસેને સુમારે ભેગા થયા, તે ગરીબ અશક્ત સેલરોની મદદમાં આપવાના હતા એટલે એક કાંકરે બે પક્ષી મારવા જેવું હતું. પણ સોરતીને વાસતે શું ચીજ આપવી? કોઇએ રતલ ચાહનો દાબડો આપ્યો, કોઇએ ચામડાંની પાકીટ આપી, કોઇએ સાબુનો બાક્સ આપ્યો, કોઇએ હજામની દુકાનમાંથી પોમેટમનો ચપુ વેચાતો લઇ આપ્યો. મારી પાસે તો કાંઇ હતું નહીં એટલે એક મારા ભોળા મીત્ર હાથમાં જાપાનીસ બાક્સ લઇને ગભરાયા કરતા હતા તે તેવણના હાથમાંથી લઇને મેં રસ્તે પાડવાની આફ્રર કીધી અને ભપકામાં જઈને કપટાન સાહેબના હાથમાં મુકીને સેહેતાન ડાહ્યો કીધો. જોયું?

દોસ્તની મેહેનત બચાવી ને વગર ખરચે માન મેળવ્યું. સાંજના પાંચ વાગતે સોરતી નીકળી અને જે મહાન પુરૂશો હજારો રૂપીઆની દરકાર ન કરે તે લોક નાનાં નાનાં છ આઠ આનાનાં ઇનામ માટેબી બાવાજીના બુચાઓની પેઠે ખુશી ખુશી થાય. મનેબી એક ત્રણ આનાનો પાનાનો કોહેલો સડેલો કાર્ડ લાગો, જે હજી એક યાદગારી દાખલ મેં સાચવી રાખ્યો છે. ને રાતના વળી કેટલાક સાહેબોને નાચવાનો શોખ થઇ આવ્યો. ડેક ઉપર પીઆનો આણી મુકી, વાવટાઓથી સણગાર સજ્યો, નવી ઇલેકટ્રીક લાઇટો ગોઠવાઈ અને પછી નવ વાગે

"નાચ ગો કોમરી દારા મદી"

સ્ટીમર રોલ કરે અને વીસ વીસ જોડાંઓ એકેકસે બગલગીરી કરીને નાચીને હાંફી જાય. શીખામણ—તમે મારા જેવા 'ઓલ્ડ ફાશીન' હો તો કાંઇ એવાં ઘેલાં ચેડાં કહાડવા જતા ના, નહીં તો પગની પાતલીને આં-ચકો આવશે તો પાછા સુએઝથી ફરવું પડશે. મુગા મુગા એક ખુણામાં બેસીને રચના જોવામાં મોટી મજાહ છે. જોવાનું ઓશીયાર, નીસાસા નાખવાનું બેશુમાર, બેન કોટક હજારો હજાર પણ બોલતા ના, ખબરદાર!

અરેરે, પણ તોબાહ! આ ગરમી કે લુહારની ભઠી? કેબીનમાં તળાઇ એક તો નરમ પાટીયાં જેવી, તેમાં એવી ગરમ થઈ ગયલી કે એક મીનીટ બરડો લગાડાય નહીં તેમાં વળી કેબીનનો સાથી જો લગાર બદને બનામે

ઇનજદ હોય અને ગરમીની દેહ સાથે જરા ઉંઘમાં કાંસ-વાની ટેવ હોય તો કેબીનમાં નાનખટાઇ વાજું સારી રાત કેમ ચાલતું હશે તેનો ખ્યાલ કરવાનું આપનેજ સોંપું છું—કેમ જે તે વર્ણન કરવાનું મારી શકતીની બહાર છે. યા ખોદા, યા ખોદા કરતાં રાત કહાડી અને જેવું ઝઝકલું પોર્ટ હોલમાંથી દેખાવા માંડયું કે મારી ભુસકો ને અપર ડેક ઉપર દોડયા. જેઓએ મારા જેવી સુખવાસી રાત કહાડી હશે, તેવા ઘણા જન ઉઘાડે પગે પટાક પટાક ભીની ડેક ઉપર સ્લીપીંગ સુટમાંજ ફરતા હતા. મને કાંઇ એવોજ ખ્યાલ બેસી ગયો છે કે માણસના ગુણ દોશની પરીક્ષા તેના નખ અને નાક ઉપરથી થાય છે. નાક તો સારો દીવસ જોવાનાં મળે પણ આહ! સાહેબ લોકના પગના નખનું શું એકઝીબીશન! અત્રેજ આ એકજ ટચકો કરી સમાપ્ત કરૂં છું, કે હું જો આવાં નાગુસ્તાનનો માલીક હોઉં તો ઉઘાડે પગે ડેક ઉપર ન આઉં.

પણ ચાલો, માંડીવાળો. રાતના નવને સુમારે નામાં-કીત સુએઝની નેહેરમાં પેઠા. આહાહા! મોશીઉ લેસેપ્સ, તારા રૂહ ઉપર હજારો હજાર દુરૂદ હોજો. શું દેખાવ યારો! ચાંદરણી રાત અને "ઓશીઆના" ની નાળ ઉપર ઉંચેથી એક હજાર કેનડલ પાવરની ઇલેકટ્રીક લાઈટ લગાડેલી તેનો લાંબો ને લાંબો સહરેટો પુછડયા તારાની પેઠ નેહેરનાં પાણી ઉપર લગભગ પાંચ માઇલ સુધી

પડે અને તેમાંથી સ્ટીમર બગલાંની પેઠે ધીમે ધીમે—ઘણીજ ધીમે—ચાલી જાય આ દેખાવ જીંદગીમાં એક વાર જોવાજોગ છે. નેહેર ઘણી તો ૧૫૦ ફીટ પોહોળી હશે. કોઇવાર સામેથી સ્ટીમર આવતી હોય તો તેને એક બાજુએ કરી દોરડાંથી જકડી રાખેલી, બેઉ બાજુએ કીનારા ઉપર નાનાં છાપરાં, કનાલ કંપનીની આફીસો, બંગલાઓ, રેતી કહાડવાના ડ્રેડજરો વગેરે ઝાકઝમાલનો દેખાવ કબુ વીસરાય તેવો નથી. સર્વે સાથે સવારના પોહોરમાં હું બી થર્ડ કલાસ પાસીન્જરોની નાળપરની ડેકપર ગયો—તો, ઈસતફ્રૂર અલ્લા—શું ધારો છો? ત્યાં એકસો ફીટ સમચોરસ જગામાં લગભગ છસો માણસ! પણ જરા સબર કરો. મારા શબ્દોનો ખોલાસો કરવાની જરૂર છે, નહીં તો તમે માનશો નહીં. માણસ જાતમાં સ્ત્રી પુરૂશ અને પોરીઆં મળી સુમારે ૫૦ હશે, પણ સાથે માણસના અસલ બાપદાદા; વાંદરા લગભગ ૫૦૦! કોઈ અડંગ વેપારી ફ્રાનસના વેપાર અર્થે આ આદમજીઓને આસ્ત્રેલીઆથી ભરી લાવ્યો હતો અને તેઓ તથા તેઓથી જરાકજ ચઢીયાતા દેખાવના પુરૂશો તથા સ્ત્રીઓની ભેળાભેળ; તેમાં બકરાં, મેંઢાં, મરઘાં, વગેરેનાં ચરકાનથી એવો તો પચરંગી મસાલો બની રહયો હતો કે નાકનો દાંડો ફાટી જાય. પેલા ઉતારૂઓ આ ચરકાનની ગરમીમાં અને રેડ સીના તપોટામાં કેમ ટકતા હશે એ મારી અજાયબી છે! વાસના સંબંધમાં

તો સમજ્યા કે:—

" ડફગરના ઘરમાં બલાડી મુઇ
તો કહે ગંધ મળતી ગંધ."

પણ આ વર્ણનમાં હું મારી માનીતી સુએઝ કનાલને ભુલી જાઉં છું. એ રૂપેરી સુતેલો સાપ તેના ભાગીદારોને સોનાનાં ઈંડાંવાળાં મૃગ સમાન થઇ પડયો છે. દરરોજની એની આવક સરાસરી લાખ રૂપીઆ! જેટલા ટનની સ્ટીમર તેમાંથી પસાર થાય તેથી લગભગ બમણી શીલીંગ પસાર થવાની ફી! દાખલા તરીકે "ઓશીઆના" પાંચ હજાર ટનની હતી તો તેને કનાલમાંથી પસાર થઇ જવા દેવાની સુમારે ૮૦૦૦ રૂપીઆ ફી. એવી તો સેંકડો સ્ટીમરો દર માસે માહેથી પસાર થઇ જાય છે અને તે લોક પાસેથી કંપની હોકીને દામ લે છે. આ રીતે પાદ-શાહી પી. એંડ ઓ. કંપની દર માસે કેટલા હજાર રૂપીઆ કનાલ કંપનીને આપતી હશે? અલબતાં બેઉ બાજુએ અવારનવાર રેતી ધસી પડે તે સમી કરવા સારૂ ડ્રેડજરો રાખવાની તથા કનાલમાંથી આગબોટોની આવ જા તાર મારફતે "રેગ્યુલેટ" કરવાની વગેરે મોટી ખર-ચાળુ જોખમદારી આ કંપનીને માથે છે. પણ તે છતાં ભાગીદારો નેહાલ થઇ ગયા છે, યાને દરરોજ તેઓના ઘરમાં કાચું સોનું આવે છે. કનાલ સુમારે ૫૦ મૈલ લાંબી છે અને તે પસાર કરતાં સુમારે ૧૦ કલાક લાગે છે. પણ જે મહાન ભેજાંએ આ પચાસ મલનો જમીનનો

કકડો કાપી નાખીને બે ગંજાવર મહાસાગરોને જોડી નાખ્યા તે ભેજાંને ધન્ય છે!

પ્રકરણ ૨.

પણ હવે સુએઝની નેહેરનો પીછો મુકયે. કારણ કે જગજાણીતું પોર્ટસઇદ આવવાનું છે ને ત્યાંની ઘણી ઘણી સાંભળેલી નામચીન વાત નજરે જોવાની છે. બધા ઘણી ઉલટમાં છીયે એટલામાં ઝાઝપર સનાનના સમાચાર ફેલાયા કે સેકંડ કલાસમાં એક ઈંગ્રેજ નર્સ તાવથી બીમાર પડી છે અને તે કેસ વખતે પ્લેગનો હોય એવી બીકથી પોર્ટસઇદના સતાવાળાઓ કીનારે ઉતરવા દે કે નહીં બી દે. તોબાહ, શું નાસીપાસી! નર્સ કેમ છે, કેમ છે કરી હર પળે જેવી તેની ખબર પુછાતી હતી એટલી ભલા રશીયાના ઝારની પણ નહીં પુછાતી હશે. એ વળી નવનો ઘડો કયાં નડવા આવ્યો. આખરે પોર્ટસઇદ તા૦ ૧ લી મેએ આવી પહોંચ્યું અને આગબોટે પીળો વાવટો ચહડાવી ખુશ ખબર કીનારે પહોંચાડી કે બાપુઓ જોઈ તપાસીને અમારી મુલાકાત લેજો, અમારે તાંહા લગારીક સનાનના સમાચાર છે. ઇજીપશીયન સતાવાળાઓના ડાકટર સાહેબ વહાણ ઉપર આવ્યા. મુઆ, લાલ તુતી જેવા, કોઈ દહાડે મરે નહીં તેવા. સાથે પીળો સાશ બાંધેલા ઈજીપશીઅન સીપાઈઓ. ડાકટર સાહેબે નર્સને

તપાસીને મત આપ્યું કે તેણીને સાદી તાવ છે એટલે ઉતારૂઓને કીનારે ઉતરવા દીધામાં આવશે. એકઝામીનેશન ફારસ નંબર વન. હુરરે, હુરરેના અવાજોથી ડાકટર સાહેબને નવાજ્યા. નર્સને ઝોળીમાં નાંખીને કીનારે આસપીટલમાં લઈ ગયા અને અમને નીશાળના છોકરાઓને છુટી મળી.

નીશાળે સર્વેને નડે કર્મ ફુટયો,
છુટે તો પછી માકડો જેમ છુટયો.

ભાઈઓ, જો પોર્ટસઇદમાં ઉતરવાના હો તો મારી શીખ માની લેજો. દોઝખ ઘણું કદમાં વધી ગયું હશે અને અત્રેના અગાણીત પાપીઓ ત્યાં જઈ ભરાયાથી બહુ ગીચ થઇ ગઇ હશે એટલે દાદારે કંટાળીને એક કકડો ભાંજી નાંખીને ફેંકી દીધેલો જણાય છે ને તે કકડો આ પોર્ટસઈદ છે. આખાં યુરોપ, એશીયા, અમેરીકા, આફ્રીકા, અરેબીઆ, વલસાડ અને નળ બઝારયા સર્વેથી નાપાકમાં નાપાક કચરાની અહીં એવી તો જાત્રા ભરાઇ છે કે જેનું ચીત્ર ચીતરવું મહાલ છે. કાળાં મેલાં નખવાળા ઇટાલીઅનો, હાથનું મુકેલું પગે નહીં રહેવા દીએ એવા તુરકોમાનો, બાર બાર વર્ષના પણ બાવન વર્ષના જેવા પાપી અરબ પોરીઆઓ, જાતજાતની નવ વરસથી તે નેવું વરસની હર દેશની પાપીણીઓનો સંગ્રહ ફકત આ મુઠ્ઠીભર મુલકમાં પગેપગ વીટળાય છે. મારા યુરોપીઅન અનુભવી મીત્રોએ અગાઉથીજ મને કહયું હતું

કે જો કીનારે ઉતરો તો એકલા માંહેના ભાગમાં જતા ના. જાઓ તો સાથે અક્કલવાળો ગાઇડ લેજો ને તેના-થીબી ખુબ હુશીયાર રહેજો. સમાલજો કે પોર્ટસઇદ મહા પાપીમાં પાપી જગા છે. ને તમે જીંદગીમાં જેવી કમ-કમાટ ભરી વાત સાંભળી અથવા ધારી ન હશે તે અહીં જોશો. પણ એટલું બધું તે શું છે, ચાલો તો ખરા. ખાંડીબંધ મછવાઓ "ઓશીઆના" આગળ મારામારી કરતા હતા તેમાંથી એક પસંદ કરીને અમે ચાર જન બેઠા. અમે પહેલાંથીજ બોલી કરી હતી કે કીનારે ઉત-રવાની એક શીલીંગ આપશું. સ્ટીમરથી કીનારો સુમારે સો એક ફીટ હશે પણ સમજીઆ. ટાઈમ થોડો એટલે કોણ રકજીક કરે એમ મનથી ધારી લઇ કીનારે ઉતરયા. જેવો પગ કીનારે મુકયો કે છાતીએ લટકાવેલા "બેડજ" વાળી અને "બેડજ" વગરની જળો લાગુ પડી. "સર, ટાકી ઈંગલીશ, ફ્રેંચ, રૂશીઆન, ઇટાલીઅન, જાપાનીસ, સર, ગુડ ગાઈડ, સર શો એવરી થીંગ, કેન કેન ડાનસ એવરી થીંગ." પણ અમને ગાઈડ જોઇતો ન હતો કારણ કે અમારે શેહેરના એબલગામણા ભાગમાં જવું ન હતું. પણ પીછો છોડે ત્યારે કે. સર ગુડ ગાઈડ, ગુડ ગાઇડ કરતો માથું ખાઇ ગયો એટલે નાચારીએ અમારી ચાર જનની પારટીને એક કલાક ફેરવી લાવે તો એક શીલીંગ આપશું કરી સાથે લઈ લીધો. પેહેલાં તો આ ગાઇડ દમપર હતા. ગોરો યુરોપીઅન જેવો, માથે લાલ

ટરકીશ ફ્રેઝ અને અંગામાં સફેદ ડ્રીલનો સુટ, પીળાં બુટ સાથે અચ્છો લાગતો હતો. મેં પુછયું કે 'તું શું મુસલમાન છે?' તેણે છાતીએ હાથ દઇ ઘણી મગરૂરીથી જવાબ દીધો "મુસલમાન અલહમ દુલ અલ્લા." અમારી સાથે મુંબઇના એક મુસલમીન ગ્રહસ્થ હતા તે તરફ આંગળી બતાવી મેં કહ્યું જે આ સાહેબજી મુસલમાન છે. હેં! નહીં હોય, ખરી વાત? આપનું મુબારક નામ શું? મારા મીત્રે ઉતર દીધો કે "મેહેરઅલી." તાબડતોબ પેલાએ તેમનો હાથ પકડી આંખમાં ચાંપ્યો અને ઘણા હર્ખથી બોલ્યો "ખોદાના શાકરાના, હવે મારા જીવને કરાર વળી." શું આ માહમદીઆનોમાં ધર્મની પ્રીત અને એકદીલી છે! આફ્રીન! આ પછી અમારા ગાઇડનો ચેહેરો બહુજ શાદમાન ખુલી ગયો અને તે ઉલટથી અમને જગેજગ લઇ જવાનો આગ્રહ કરવા લાગ્યો. પણ બંદરથી તે બજાર સુધીનો એકજ મોટો વેપારી રસ્તો જોશો તો બસ છે. આબરૂદાર પોર્ટસઇદ તેમાં સમાઇ જાય છે. ખુની, ફાંસીગર, ચોરાટીઆ, અભાગીયા, હવસી, જુઠા, જુગારી, ખોટા સીક્કા બનાવનાર, ફારજર, પરજર તમામ રદ બાતલ થયલી ખલકને જ્યારે ધર્થી આસરો નહીં આપે ત્યારે તેનો પોર્ટસઇદમાં ઠાગ થતો દેખાય છે. રસ્તે ચાલતાં ખવીસ ઇટાલીયન અને હરઝીગોવીનીયનો અને રોમાનીયન મરદ અને સ્ત્રી એવાં મળે છે કે તેમને જોતાંજ કુદરતી રીતે વેસ્ટકોટ પાકીટનાં

ગજવાં ઉપર હાથ જાય છે કે રખે તેના પગ થઈ જાય. એવું પોર્ટસઇદ નામચીન છે. નજીસ ચીજો અને વ્યસની તથા બેઈજ્જતી પુરૂષોને કામની દવાઓ અને બીજી સામગ્રીઓ ખુલ્લી અરબ છોકરાઓ અને યુરોપીઅન બદમાસો વેચે છે. હું એકજ દાખલો આપીશ. અમે મુખ્ય બજારમાં ફરતા હતા, એટલામાં એક ચબરાક મેલો ઇજીપશીઅન દુકતો સુમારે નવ વરસનો અમારી પાસે આવી ઘણીજ નજીસ માંગણી કરવા લાગ્યો. જ્યારે અમે તેને ધમકાવીને કહાડી મેલ્યો ત્યારે છેક પાસે આવીને હલવેથી બોલ્યો "સર, ડર્ટી કાર્ડઝ? વેરી ડર્ટી, વેરી નાઇસ." તેણે પોતાના એક હાથમાં કાંઈ વેચવાની પેટ્રી ધરેલી હતી અને બીજા હાથમાં મુઠ્ઠીમાં છુપો નાહનો કાર્ડ પકડેલો હતો. અમારી સાથના એક ઉતારૂથી લાલચ થોભાઇ નહીં. "હાઉ મચ" તેણે હલવેથી પુછ્યું. જવાબ વાળ્યો "વન શીલીંગ સર, બી કવીક સર, પુલીસમેન કમીંગ." પેલા ખરીદનારની ઘણી મરજી કે કાર્ડ ઉઘાડીને જુએ કે નજીસાટ કેટલી હદ સુધી પોર્ટસઈદમાં જાયજ છે પણ તેટલાં તો પોલીસમેન આવીને પુછવા લાગ્યો કે "તમે બધા જન શું કરોછો?" પેલા નાદાન છોકરાએ જવાબ દીધો "નથીંગ સર, સેલીંગ માચીસ." આમ બોલી પેલા કાર્ડનું પાકીટ ખરીદનારનાં ગજવામાં ડેસવી દઇને ગુપચુપ શીલીંગ લઇને સીપાઇ ન જોય તેમ પોતાનાં ખીસામાં ચલાવી દીધી અને ત્યાંથી વટી ગયો. જેવા આગબોટ ઉપર ગયા

કે ખરીદદાર ભાઇએ કેબીનમાં પાકીટ ઉંઘાડી જોયછ તો કાંઇજ નહીં, ફક્ત ચાર દોઢીએ મળેછ તેવો કોહેલો કાળો રમવાનો પાનાનો કાર્ડ! શેહેતાનજાદા ગુટણ જેવડા પોરેઆએ નાટક ભજીને બપાવા મમાવા જેવા ડાહયા પાક્કા-ને બનાવ્યો!! જ્યારે આ વાત અમોએ બીજા વધારે ચગોર ઉતારૂઓને કહી ત્યારે તેઓ સામાં પેટ પકડીને હસવા લાગ્યા કે એ તો ઘણી કામન ત્રીક છે. પેલો પોલીસ-નો સીપાઇ તેમજ છોકરો સંવળા મળેલા અને એવો તાગડો રચેલો કે જેવો તમે કાર્ડ હાથમાં ધર્યો કે આબાદ તેજ વખતે પુલીસમેન આવીને વચ્ચે પડે કે જેથી ગભરાઇને તમે શીલીંગ ઝટ્ટી દો. વારૂં, એબી શીખ્યા, કોઇ દહાડે કામનુંજ છે. ત્રણ વાગ્યાનો સમય થયો હશે એટલે સોસ લાગી. ચાલો જરા ચા પીજીએ. એક દુકાન ઉપર માખની કાની કેટલાક "સાહેબ લોક" ભમ્યા કરતા હતા ત્યાં જઇને બાહેર માંડેલી નાની ટેબલો ઉપર બેઠા અને ભપકામાં ચા માંગી. હાઆઆ સાહેબ, લાઆઆયો સાહેબ. આબાદ આપરા હાંડા શેઠનો અવતાર. ચા ચાર કપ આવી તે ગટાવી ગીયા. મેં જોયું કે હંમેશ મારવાડી થવામાં સાર નહીં. જરા સખાવત દેખાડવાનો આવો સસ-તો લાગ ફરી મળશે નહીં, કરીને મેં પૈસા ખેંચી કહાડયા. ચાર કપના કેટલા? ત્રણ રૂપીઆ સાહેબ!! ઓ તારો દાદો દરીયામાં જાયરે તારો. એકક કપના બાર આના!!!

'સખાવત કુનદ નેકબખ્ત અખતીઆર,
પણ સખાવત તો અવળી નીકળી ગઇ યાર.'

સો ખાસડે તોબાહ કીધી. કાન ચીમટયો. પોર્ટસઇદમાં ફરો ને કાંઈબી લેઓ કરો ત્યારે બબે વાર પુછીને ભાવ નક્કી કરીને હાથ ઘાલજો, નહીં તો દાઝી જશો.) પણ એ તો ત્રણ રૂપીઆ દંડાયા. અમે જવા ઉઠયા તો એક ઠેકાણે માળપર બેંડ વાજું વાગતું હતું. નીચે એક લાંબી દાઢીવાળો ફ્રેંચમેન લાંબા લાંબા હાથ કરી કહેવા લાગ્યો "ઊપર જાઓ સાહેબ, કાંઇ પૈસા આપવાના નથી." અમે ઊપર ગયા તો દીવાનખાનું ખુબ સણગારયું હતું અને એક બાજુએ યુરોપીયન સ્ત્રીઓનું એક સ્ત્રીંગ બેંડ મ્યુઝીક વગાડતું હતું. બીજા ખુણામાં લીલી બનાત બીછાવેલી એક જુગારની ટેબલ મુકી હતી અને પાસેજ એક નસીબનું ચક્કર ફરતું હતું. ચક્કર ઊપર ગોળ ફરતાં નંબર પાડેલાં. તમારે ગમે તે નંબર ઊપર ગમે તે પૈસા મુકો અને ચક્કરને આંચકો આપો ને જ્યારે તે ઉભું રહે ત્યારે જો તમારાવાળાં નંબર આગળ ઉભું રહે તો તમે મુકયા હોય તેના પાંચ ગણા પૈસા આપે, ને નહીં તો તમારો સીક્કો ઉંચકી લીયે. આ રમતમાં ચાર પાંચ સાબુ સુકાલીયાઓ ગુંટાયલા હતા અને જીતીને ચપાચપ પૈસા ખીસાંમાં મારતા હતા. તેમનો દેખાવજ એવો હતો કે બાંધી મારે તો કોઇ દાઢીઆંના ચણા નહીં આપે. તેઓ જેવી ધાંધલથી ખીસામાંથી સોનાનો સાવરેન કહાડીને ધરાધર મુકતા હતા તેથી મારા જેવો કાગડો અંજાઇ જાય એવું ન હતું. હું તુરત ચેતી ગયો અને મારા

મીત્રોને અવળી બોલીમાં કહ્યું કે "પોરેઆઓરે-સમાલજો —આએ બધા ચોરના ભાઇ ઘંટી ચોર છે. ને બધી તમને શીશામાં ઉતારવાની વાત છે." ત્યાંથી તુરત ઉતરી પડ્યા અને બંદર ઉપર આવી પુગાયા કે ગાઇડ નહીં મળે! તેવણ કૈયે બરાબર લાગ જોઇને ગોબ થઇ ગયલા. અને તેને બદલે ઇજીપશીઅન સીપાઇઓ આવીને ગાઇડનું સરકારી દામ માંગવા લાગ્યા. અમે કહ્યું કે અમે ગાઇડને આપશું, પણ તે લોક એક રંગેલું સરકારી પાટીઉં બતાવી બોલ્યા જે 'બેડજ'વાળા ગાઇડના કલાકની બે શીલીંગ લેખે બે કલાકની ૪ શીલીંગ આપવી પડશે. અમે આ પાટીઉં અગાઉ જોયલુંજ નહીં કારણ કે પેલા સીપાઇઓ તે છુપાવવાને જાણી જોઇને શરૂઆતમાં ઓથો કરી ઉભેલા. પણ અહીંબી ક્યાની લોહી હતું તે આમ ચીલઝપટમાં સપડાય કેમ. હું તુરત ઘેલો ગાંડો થઈ ગયો અને કહ્યું 'ગાઇડ? ગાઇડ કોણ? કોઇ બીજા હશે, અમારી સાથ ગાઇડ લીધોજ નથી. હોય તો તે અમારી સાથે હમણા હોય કેની!' આમ ધોંસ મારી અમે ભપકામાં નીકળીને પાછા અમારીજ બોટ ઉપર ચહડી બેઠા. પેલા ગાઇડબાએ જોયું કે આ ગડબડમાં નકામી એક શીલીંગબી ખોટી થશે એટલે છુપાઇને ચાળા જોતા હતા તે હસ્તા હસ્તા નીકળી આવ્યા. અમે બોટપરથીજ શીલીંગ ફેંકી અને ચાલું મુકયું. યાદ રાખજો, મારી આગલી શીખામણ—પહેલાંથી ઠાકીઠાકીને નક્કી કરવું,

કારણ કે પોર્ટસઇદ બેહેસ્તનું મુકામ નથી. પણ આગુ ચલો, બરી મજાહ હુય. મછવાવાળાઓ પક્કા તે બરાબર દરયાની અધવચે બોટ લઇ જઇને ઊભી રાખી અને દામ માગવા લાગ્યા. અમે એક શીલીંગ ક્હાડી આપી તો ક્હે "વોટ? વન મેન વન શીલીંગ, ફ્રોર મેન ફ્રોર શીલીંગ—નો ગો સ્ટીમર, પે ફ્રોર શીલીંગ" આ તો માથેના મળ્યા. ફ્કત પચાસ ફીટ છેટાંની ચાર શીલીંગ. અમે ઘણીબી તકરાર કીધી પણ અમારી મુડી હાથમાં એટલે તે લોક દરીયામાં કરારે બેસી રહ્યા અને બોલીયા કરે. "નો હંબગ—પે ફ્રોર શીલીંગ—વોન્ટ ગો શીપ" આપો—ઝાંસો—ગુલામના ખાધેલાઓને—ચાર શીલીંગ ડામ દીધી અને આગબોટ ઉપર ગયા. યાદ રાખજો—આગલી શીખામણ—પહેલાંથી ઠોકી ઠાકીને નક્કી કરવું, કારણ કે પોર્ટસઇદમાં સઘળાજ ફીરેસતાઓની ઓલાદ વસતી નથી.

પોર્ટસઇદનાં બારામાં પડેલી સંખ્યાબંધ સ્ટીમરો આગળથી લંગર ઉપાડતાં પાછી જીવને એક જાતની બહુજ રાહત મળે છે. સબબ કે પાંચ મીનીટમાં એશીયા છોડીને યુરોપમાં દાખલ થઇશું. આહ! વેલાત, વેલાત, મારી બચગીના સ્વપનાનું ખરૂં સ્વરૂપ—તારાં પેટાંમાં શી શી કરામતો, ખરાબીઓ અને ખુબીઓ ભરેલી છે તે જોવાનો હવે વખત આવ્યો છે. પોર્ટસઇદથી પચાસ સો મૈલ કાપ્યા કે પહેલોજ ઇટાલીનો કીનારો નજરે પડવા માડે છે. સી-

સીલીના કીનારા તરફ ખુલ્લી આંખે દીલચસ્પ વીલાઓ અને મરોડદાર બંગલાઓ જોતાં ઉતારૂઓની આંખ ઠાકી જાય છે. મૈલો તો એવા ઝડપથી કપાય છે કે દહાડાની રાત અને રાતનો દહાડો નીકળી જતાં વાર લાગતી નથી. નાહવા ધોવાને અહીંથી છેલ્લી સલામ, સદરા બદલવાને અહીંથી છેલ્લા રામ રામ, હલકાં પાતળાં કપડાં પહેરવાં અહીંથી હરામ. કહાડો જાડા સુટ અને ફલાનલના શર્ટ. મસીનાની સામુદ્રધુનીમાંથી સ્ટીમરને વળી પાછો બદહજમીનો ગલબો થઇ આવે છે કારણ કે અહીં રતનાગર સાગરનો જળ પ્રવાહ લગાર વાંકો ચુકો હોવાથી તુતક ઉપર ટાંટીઆ ઠરતા નથી અને આપણા પુરાણા મીત્ર અવાજ "ઓ—ઓ—" પાછા કંઇ કંઇ સંભળાય છે. વળી પાછી ખાણાની મેજ ખાલી પણ આ વાર જે હીમત રાખી ડેક ઉપર થભ્યો તે ઝીત્યો. એક ગમથી સ્ટીમર ચાલે તેનાથી જરા દુર કીનારે આગગાડી દોડતી જણાય અને બેને જાણે સરત લાગી હોય તેમ મામલો નજરે આવે. ખરેખાત ઇટાલીનો કોસતો યુરોપનું નાક છે. સાથે સારો આપેરા ગ્લાસ રાખજો ને નહીં રાખો તો કરારે બીજાનો માગવાની જરા નફ્ટાઇ તૈયાર કરી મેલજો, કારણ કે આટલા જીલ્લા માટે કાચની તો જરૂર પડશેજ.

પ્રકરણ ૩.

પણ હવે જીવ ખુશાલ કેમ છે? આવતી કાલે મારસેલસ પુગવાનું છે. કાળા લોકમાંથી છટકીને સાહેબ લોકમાં જવાનું છે. ગોરા વેટરો "સર–સર" કરશે તે સાંભળવાનું છે. ગોરા કોચમેનની ગાડીમાં બેસવાનું છે. અરે આ હીંદુસ્તાનમાં ગોરા ટોપીવાળાઓની જેટલી અક્કડ ખમી હતી તે બધાંનું વ્યાજ સીકે વેર લેવાનું છે. પણ ત્યારે મારસેલસ ઉતરવા અગાઉ એકવાર અંઘોરી લઇ એશીયાનું બધું પાપ ધોઈ નાખયે તો ઠીક પડશે એવો વીચાર કોઇ અભાગીએ ચોઘડીએ નાપાક શેહેતાને મારા દીલમાં મુકયો. જ્યારે કપડાં ઉતારી હું મારબલનાં ચાર માણસ સમાઇ જાય તેવાં ટબમાં બેઠો ત્યારે મારૂં ધક કોણ જાણે કયાં ચરવા ગયું હશે તે હું હવે કહી શકતો નથી. યુરોપમાં જવાના હર્ખમાં મેં બેધ્યાન એક નળ જરા છોડયો તો, નરો પાકો સ્ટીમ સુમારે એક ચમચો મારા પગ ઊપર પડયો. મેં ભુલથી "હોટવાટર" નો કાક ઊઘાડયો હતો. એક જબરી ચીસ પાડી હું રબરના દડાની પેઠે ઊછળીને બહાર પડયો ને પગ ઉપર ખાસ્સો મોટો બતાસા જેવડો છાગડો. હું બહુજ નસીબવાન કે તુરત કુદી પડાયું, નહીં તો આખે શરીરે દાઝી જવાનો સોદો હતો. એ પાણીના 'કાક'ની બહુજ સંભાળ લેવાની જરૂર છે. કારણ કે જે ઊપર "ગરમ પાણી" મોટા અક્ષરે ફ્રેંચ ભાશામાં લખેલું છે, તે પાણી નહીં પણ

અફલાતુન સ્ટીમ છે. અને જરા નળ ઉઘાડતાં આખો બાથરૂમ સ્ટીમથી ભરાઇ જઇને માણસને ગુંગળાવી નાખે છે. ‘બાથમેન’ પાસે પેહેલાંથી પાણી ભરાવી નાખવામાં સલામતી છે. વળી દરીયાનું પાણી એટલે આપણો સાબુ ચાલશે નહીં તેબી ખુબ યાદ રાખવું. દરીયાનાં પાણીમાં સાધારણ સાબુ બીલકુલ ઓગળતો નથી. ખારાં પાણીનો “સી વોટરસોપ” જુદો આવે છે. પણ આ બલાગત વળગી તેનું કેમ કરવું? ખોડંગતો ખોડંગતો મારી કેબીનમાં ભરાયો અને સાથે “આક્સાઇડ ઝીંક” હતું તે વેસેલીનમાં મેળવી પગ ઉપર લગાડયું. અગન તો નરમ પડી પણ બીજા પંદર દહાડા સપાટ ઉપર કામ ચલાવવું પડયું.

હાલ તુરત તો આ મુસીબતને અત્રેજ પડતી નાખ્યે કારણ કે સ્ટીમર ઊપર દોડાદોડી છે. મારસેલ્સ–યુરોપની ભાગોળ આઘેથી દેખાય છે. પંદર દહાડાની સફર તમામ થવાનો ઐયામ નજીક આવ્યો છે. પહેલાંથીજ સનાનના સમાચાર મળ્યા કે મારસેલ્સમાં ગોરા મજુરોએ બંદર ઉપર હડતાળ પાડી છે. એટલે સામાન ઊતારવાની મારામાર છે. ખેર, તેમાં આપણે શું કરશું. જે સઉનો રાહ તે વહુનો રાહ. ‘ઓશીઆના’ ધીમે ધીમે જઇને ડાકથી સુમારે પચાસ ફીટ આઘે ઊભી. ડેક ઊપર એકબી શોધયો ‘પોર્ટર’ મળે નહીં, હજારો ગોરા પોર્ટરો અદબ વાળીને તમાશો જોતા ડક્કા ઊપર ઊભેલા પણ કોઇ ચવડે કે વવડે

નહીં. સ્ટીમરના સતાવાળાઓએ સઘળા ઊતારૂના બેગેજીસ બે મોટી સ્ટીમ ટગમાં નાખ્યા અને અમે કીનારે ઉતર્યા. હવે અહીં હકુતેખાન નંબર ત્રીજું શરૂ થયું. સઘળો સામાન કસ્ટમમાંથી પસાર થવો જોઇયે અને સઉ સઉએ પોતાના દાગીના આગળ રહીને ખોલીને તપાસાવવા જોઇયે. પણ સામાન હાથ આવે કયાંથી! હજારો દાગીના ને જાત જાતની એકસરખી ત્રંકોનું એવું તો ભેળમભેળા એકઝીબીશન હળમળી રહ્યું હતું કે એક કોથળો એલાર તો બીજો પેલાર પડેલો. લગભગ બે કલાક હું ખોટી થયો ત્યારે મારા દાગીના જડ્યા. એક તો ફ્રેંચ ભાશાની આવડત નહીં એટલે મુગા બેહેરાની ભાશામાં બધું કામ લેવાનું. ભલા ભલા ઇંગ્રેજ સાહેબ લોકો જેઓ હીંદુસ્તાનમાં ઇઝીચેર ઉપર પડીને બોય બટલરથી હાકમી ચલાવે તેઓ બીચારા અહીં હાથમાં પોતાના કોથળા લઇને કુતરાંની કાની હાંકતા દોડે. સર નાઇટો અને મોટા મોટા કરનલ સાહેબો નરા ગરીબ ગાય જેવા એમથી તેમ દોડી પોતાનો સામાન પોતેજ તપાસાવે અને ઊપાડીને બહાર ગાડીમાં લઇ જાય.

ચઢતી પડતીને જગ આધીન છે,
મુર્ખ ઝટ તું માને રે.

મને આ દેખાવ જોઇ બહુજ રમુજ મળી—સીંહ અને ઘેટાંને એક ઓવારે પાણી પાનારૂં એ દેશ તે ખરૂં. ભલો ધનેતર લૉર્ડ ને પાવલાની મજુરી કરનાર પોર્ટર બંને એક ઓલાદના, એકજ રંગના, એકજ હીમતના એટલે અહીં

કાંઇ ચલે જાવ બલે જાવની ધમક અથવા "યુ બ્લડી ફુલ" ની થુક ઉરાડવાની ચાલે નહીં. અહીં તો "હાંડા શેઠ" નું સામું રાજ છે. લાર્ડ સાબ કાંઇ હીંદુસ્તાની મટકો બતાવવા જાય તો થોબડફ્લાકનો સરપાવ સાંમો ઝીલવાનો સોદો છે. પણ એટલું ખરૂં કે મારસેલસના ફ્રેંચ કસ્ટમના અમલદારો જાતે નમનતાઇવાળા છે. જો તમે બીલ્લસ નમો તો તે ગજ નમશે. સામાન તપાસતાં જો જરાબી ચેંચી કીધી તો એક બોલ બોલશે નહીં પણ તમારા દરેક પોર્ટ-મેંટો ઉપરથી નીચે સુધી ખાલી કરાવશે અને બધું ઉપરનું હેઠે એવું કરાવશે કે પાછું રચતાં બીજા બે કલાક થાય. પણ જો નમાના થઇ "મીનીગો" બનીને કુંચી કહાડીને આગળ ધરશો તો તમારૂં મોહ ફક્ત જોઇને ઉપર ચાકની નીશાની કરી આપશે. એ લોક મુખ્ય તપાસે છે તે એ કે તમારી પાસે સીગાર કે દારૂ અથવા જ્યુવેલરી છે કે નહીં. દરેક ઉતારૂને એક ખોલેલો બાકસ ચીરૂટનો ફ્રી લઇ જવા દીધામાં આવે છે બાકી તે ઊપરાંત ભારી જકાત છે પણ મુલકે મુલકથી આવતા મુસાફરો કાંઇ કાચ્ચા નથી. એવી એવી જણસો પોર્ટમેંટોમાં રાખે શું કામ? ઘણાઓ તો ઓવરકોટનાં આઠ ગજવાં હોય તો દરેકમાં દશ દશ ચીરૂટ અથવા લેસનાં બંડલ ઠેસવી દે, કારણ કે ઊતારૂનાં બદનપરનાં કપડાંના ઝાડા લેવાનો ચાલ નથી. વળી ઇટાલીની સરહદમાં દાખલ થતાં એવો કાયદો છે કે એક ચીરૂટ સળગાવેલી હોય તે માફ બાકી

બધાં ઉપર અતી ઘણી ભારી જગાત. એટલે સેલર બાવાઓ મોટ્ટી, એક ફુટ લાંબી, રતલના વજનની રાક્ષશી ચીરૂટ લઇ આવે અને સરહદમાંથી પસાર થતાં તેનો છેડો સળગાવીને ફુ ફુ કરતા ખુશાલ કસ્ટમ હાઉસમાંથી પસાર થઇ જાય. કસ્ટમ સતાવાળાઓના બાપથી બોલાય નહીં કેમ જે એક સળગેલી ચીરૂટની બોલી! પછી તે ત્રણ ઇંચ હોય કે ત્રણ ફીટની હોય. કસ્ટમના ઓરડામાંથી બહાર પડ્યા કે સળગેલો છેડો બુજાવી નાખીને એક રતલ તમાકુ એ રીતે વગર ફી આપવે પસાર કરી લાવે. મને તો કોઇએ કાંઇ પુછ્યું નહીં એટલે બેએક કલાક ટાંટીયા તોડીને બહાર પડ્યા. કસ્ટમ હાઉસ ને ડાક બહુજ નાહાંના. આપણા પ્રીનસીસ ડાકથી સુમારે આઠેક ગણું હશે. કાંઇ સેંકડો સ્ટીમરો માહે અડોઅડ લાંગરેલી તે બચુકલી જેવી જણાયબી નહીં. અંદરજ રેલવેની લાઇન, અંદરજ હોટેલ, જાણે નાનુ જેવું શેહેર વસી ગયલું. રેલવેની કાંઇ અગણીત સાઇડીંગો હતી અને મેં પહેલીજવાર જોયું કે એક સાઇડીંગપરથી પાસેની સાઇડીંગ ઉપર ગાડીઓ લાવવા માટે શનટીંગ કરવાની જરૂરજ નહીં. આપણા દેશમાં તો એકુ વેગન કે ડબ્બો કહાડી નાખવો હોય તો એનજીન તેને ઘસડીને લાંબે લઇ જાય અને પછી પોંઇટસમેન તેને બીજા પાટા ઉપર મુકે કે પછી એનજીન તેને બીજા પાટા ઉપર લાવી નાખે અને

ધકેલા ખાતું પાછું જાય. યુરોપમાં સીફ્ત જુદીજ છે. જે ડબ્બો કહાડવો હોય તેની તળેનો પાટો ઉંચકાય અને એમનો એમ ડબ્બો એક મસ મોટો ૧૭ હાથનો ઘોડો આડો ને આડો ઘસડી લાવે અને પાસેના પાટા ઉપર મુકીને ઘોડો પાછો ચાલી જાય કે બે મીનીટમાં સઘળું ખલાસ. સ્ટેશનને લગતુંજ ટરમીન્સ હોટેલ તેજ કમપાઉંડમાં છે તાંહાં ઉતરવું ઘણું સુગમ પડતું છે કારણ કે એક મીનીટમાં ટ્રેન પર જવાય છે એટલુંજ નહીં પણ હોટેલ રેલવે કુ૦નું હોવાથી ઉતારૂઓને ટાઇમે ટાઇમ ટ્રેનોની ખબર આપવામાં આવે છે.

સાથે ફ્રેંચ ચલણી પૈસા રાખજો.

૧૦૦ સાનટીમનો એક ફ્રાંક.

૨૦ ફ્રાંકનો એક લુઇ. (સોનાનો.)

એક ફ્રાંક તે આપણા દશ આના.

દશ સાનટીમ તે આપણો એક આનો.

જગે જગ ઇંગ્લીશ સાવરીન ચાલશે પણ જો જરા હુશીઆરી નહીં રાખી તો થાપ ખાઈ જશો કારણ કે દેખાવમાં બંને એકજ છે.

સોનાના લુઇના વીસ ફ્રાંક.

સોનાના સાવરીનના પચીસ ફ્રાંક.

સંભાળજો!

મારસેલ્સનાં ગંજાવર સ્ટેશન ઉપરથી પડખેજ ટરમીનસ હોટેલમાં પગ મુકયો કે નવી વેલાતી જીંદગી શરૂ

થયલી સમજવી. શું મોટાં દીવાનખાનાં અને શું ઈલેક્ટ્રીક બતીનો જગગડો. કાચથી બંધ બસત કીધેલા મસ મોટા વરંડામાં જમવા બેસીયે તો જાણે કોઈ રાજવૈભવ મંદીરમાં બેઠા હોઇયે. ગોરા વેટરો, ઉંચી બનાતના ફ્રાક કોટ અને ઇસકી કાલર સાથે હાથે મોજાં પેહેરીને વારનીસનાં અણીદાર બુટમાં આપણને આંજી નાખે છે. વળી સર્વે વેટરો એવા ખુબસુરત અને મોહુમાં મલાહી મેલી હોય તો પીગળીને પાણી થઇ જાય એવા સફાઇદાર જબાનવાળા કે ખીસાંમાં હાથ નાખતાં જીવ ખાખડતો નથી. આપસે આપ સોનાનો સીક્કો પીગળીને હથેલીમાંથી ગરપ થઇ જાય છે. કાંઈ સેંકડો મુસાફરો નાની નાની જમવાની ટેબલ ઉપર બીરાજે છે અને તેઓની આગળ સંખ્યાબંધ સોહમણા વેટરો નોકરી બજાવે છે, પણ તેમનાં પગલાંનો અવાજ જાણે મખમલની તળાઈ ઉપર ચાલતા હોય તે મીસાલ છે. મોહુમાંથી એક હુંકારોબી નીકળતો નથી. અરે યારો, તે વાર મેં મારા મુંબઇના "એસનસ આફ એસેફેટીડા"ની લંપટવાળા બાબરચીઓને કેવા યાદ કીધા. જો આલબ્લેસ બાગમાં બસો ચારસો જનનું ખાવાનું હોય તો શું તેમની ધમાધમી, શું એક બીજાપર હુકમ ચલાવવાની ઉલટ, શું તેમના સદરાનો રંગ ને પસીનાના ઢંગ, શું તેમની કસાતી અને શું તેમના પગ. વેટરો ખાણું લાવે અને પોતેજ પીરસે તેમની સફાઇથી હું અક્કલ હેરાન રહ્યો. એક હાથમાં

મોટી ચાંદીની ટ્રે અને બીજા હાથે ચમચા અને કાંટા વડે આંગળાંની કારસાજીથી વાણી ઉપાડીને જાણે ચીપીઆથી ઉપાડી હોય તેમ તમારી પ્લેટમાં મુકે. દારૂ લાવે તો નેતરની વણેલી નાની બાસકીટમાં નવા કોરા ટુવાલમાં વીટાળીને બાટલી એવી સફાઈથી આણીને મુકે કે જાણે તેમાં કોઇ મુએલા રાજવંશીને પોઢાડયો હોય. આપણી ટેબલની આગળ પાછળ ઉપર અને નીચે પામનાં ઝાડો અને ફુલનાં ઝુમરો એવાં લટકાવી દીધેલાં કે નરા જાણે પરીઓના માંડવાઓમાં બેઠા હોઇયે. પૈસો તો ખરચાય પણ એવું લાગે કે જાણે આખી જીંદગી સુધી દલદેસરી કીધા પછી કોઇ વાર આમ પૈસો ખરચેલો હલાલ છે.

પણ યાદ રાખવું કે અહીં બધી ચળકતી ચાઇચાઇઓ છે તે સાથે સોનાનો ધુમાડો પણ ઉડવાનો સંભવ છે. અહીં કાંઇ ઉઘાડા પગીઆ કુરી ચાવલ ગોપાંઉઓ નથી કે ખાઈ પીને બે આની ફેંકી તો બે હાથે સલામ કરે. અહીંના વેટરોનો પગાર થોડો છે પણ વીઝીટરો તરફથી જે 'ટીપ' મળે તે ઉપર તેમનો મોટો આધારછે, એટલે ખાણું ખાઇ રહ્યા કે બીલ આપે તે સાથે બમનદાવ ફાંકની ચોટલી તો ઉઠી એમ નક્કી હીસાબ કરી રાખવો. જો એમાં જરા કસર કીધી તો પછી બીજી વખત "લાઆઆયો—સાહેબ" ને ત્યાંનો ત્યાં. હજી તો અમે જમીએછે એટલાં કાને ઘંબારનાં જમણનું તેડુ



માર્સેલ્સમાં પેહલું મોહોલવાડયું.

ફરવા મોબેદ બાંગ મારે છે તેવો સાદ આવીઓ. 'ઉં-ઉં-ઝમવાનું ઇઝન કાલે બપોરના અલાઇબાગમેએએએ. ચુક કરતા નહીં. હું આમ કહેવા માંગતો નથી કે મે ઉપલાજ શબ્દો સાંભળ્યા પણ આબ્બાદ એને મળતો રાગડો મારે કાને પડતાં હું મારા સોબતીને પુછવા પડયો કે એ શું? ખોલાસો મળયો કે એ તો ફ્રેંચમાં કહેછ કે બાનુઓ અને ગ્રહસ્થો દશ મીનીટમાં લીઓંની ટ્રેન નંબર બાર પ્લાટફાર્મ ઊપરથી ઉપડી જશે. જેમ જેમ ટ્રેનોના ઉપડવાના ટાઇમ આવે તેમ તેમ આ ઘંબારી બાંગીઓ ડાઇનીંગ રૂમની વચ્ચો વચ આવીને પોકારી જાય. મને અવાજથી બહુજ ગમત મળી—નરો આબાદ જાણે કાવસદાર ખરપાસ!

મારસેલ્સ યુરોપનો દરવાજો હોવાથી જબરદસ્ત શેહેર છે, તેને નાના પારીસની ઉપમા આપી છે તે ખરી છે પણ અહીં તેનું વર્ણન કરવાની જરૂર નથી. પાછો ફરતી વખતે હું ત્યાં ચાર દીવસ રહયો હતો એટલે જે કાંઈ કહેવું હશે તે ત્યાં લખીશ. ખુબસુરત તો ખરૂં; પાપીબી ખરૂં ને રમુજી પણ ખરૂં. હોટેલોનો ઠાગ નથી. દશથી બાર લાખ રૂપીઆનું હોટેલ તો અમથું નાનું થરડ ક્લાસ કહેવાય. ટરમીનસ હોટેલમાં ત્રીજા માળે એક મધ્યમ કદના ઓરડાના રોજના છ ફ્રાંક—સાડાચાર રૂપીઆ—ખાઓ પીઓ તમારે ગમે તાંહાં, નાહવાનાં બાથ-નો દોઢ ફ્રાંક—એક રૂપીઓ. પહેલ વહેલોજ યુરોપમાં

પગ મુકેલો એટલે બધુંજ નવું નવું લાગે. ઇલેક્ટ્રીક લીફ્ટથી ઉપર ચહડ્યા અને આપણને સપોરદ થયલી કુંચીથી ઓરડો ઉઘાડ્યો તો મારો સામાન રચીને બરાબર મુકેલો એટલુંજ નહીં પણ મારો 'હોલડઓલ' ઉખેડીને માહેથી સ્લીપીંગ સુટ કહાડીને ઘડી કરીને બીછાના ઉપર મુકેલો; સપાટ બરાબર જગાએ મુકેલી ને જાણે ઘરનો સખારામ બધું રોજ કરતો હોય તેમ ગોઠવી ગાઠવી દીધેલું. બીછાના ઉપર ઓઢણીને બદલે એક મોટી ડુંગર જેવી સુનારે બે ફીટ જાડી પીછાંની તળાઇ મુકેલી. ઠંડી લાગે ત્યારે સુઈને આ ડુંગર આંગ ઉપર ચહડાવવાનો કે હુંફ આવે. આદત નહીં એટલે પહેલા તો અકરવકર ઘણી લાગી પણ પછી તો આ ડુંગર બહુ માનીતો થઇ પડ્યો. ઓરડામાં ત્રણ ઇલેક્ટ્રીક બતી. એક બીછાનાનાં માથાં આગળ, બીજી લખવાની ટેબલ ઉપર લીલા શેડવાળી અને ત્રીજી ઓરડાની બરાબર અધવચમાં. પણ કોઇ શોખીન જીવડો સઘળી ત્રણ બાળીને આખી રાત પોતાના ઓરડામાં દીવાળી કરે તે કાંઇ ખર્ચમાં પરવડે નહીં એટલે માવલા હોટેલવાળાઓએ એવી રચના કરેલી કે વચમાંની બળતી હોય ને માથાં આગળની સળગાવવી હોય તો તેની ચાંપ ફેરવતાં તે સળગે પણ વચમાંની હોલવાઇ જાય. લખવાની સળગાવો તો બીજી બે પોતાની મેળે બંધ. જાજરૂમાં પણ એજ સેફ્ત. નકામા પૈસા

બગાડવા નહીં. જ્યારે જોઇયે ત્યારે અંધારૂં હોય ને બારણું ઉઘાડી માંહે પેઠા કે લાગલી વીજળીની બતી સળગી જાય. પાછા બહાર આવ્યા ને બારણું ઢંકાયું કે બતી ગેબ!

પણ હાલ તુરત મારસેલ્સને એક બાજુએ મુકી સ્ટેશન ઉપર જવાનો વખત થયો. સ્ટેશન બી ઘણુંજ નાનું—અઢારેક પલાટફોર્મ હશે ને સુમારે એકી વખતે આઠેક ટ્રેન ઉપડવાની તૈયારીમાં. કહાં જવું ને કઇ ટ્રેનમાં બેસવું તેબી બરાબર સમજ નહીં પડે એટલે ઇંગ્રેજી બોલનાર ગાઈડ લેવામાં સર્વથી મોટી સલામતી છે. કુક્ની આફીસો હર જગા છે ત્યાં જઈનેજ રેલવેની ટીકીટ લેશો તો તેઓના કારભારી બરાબર ટાઈમે આવીને તમને ઠર પાડી આપશે. પણ સબ સોનેકી ને પુઠ પીતળકી. આખ્ખામાં યુરોપમાં લાંબી મંજલની મુસાફરીની હાડમારી ભારી છે. પહેલાં તો પહેલા વર્ગની ગાડીમાં બે દહાડા અગાઉથી બંદોબસ્ત કરો ને પચાસેક રૂપીઆ ખરચો તો પારીસ સુધી એક રાત સુવાની એક સીટ મળે. બાકી નહીં તો આખી રાત ઉભા ને ઊભા બેસીને ઝોકા ખાવાનું. સીટની વચમાં એકેક માણસ બેશે તેવા ખાંચા રાખીને હાથા જડેલા એટલે ખાલી ગાડી હોય તોબી અરડાઇને પડાય નહીં. વળી સામસામી બેસીએ તો એકેકનાં ગુટણની વચમાં ખાસી ૬૭ ઇંચની જગા વધે એટલો એક નાહનો હેંડ બગાબી

મુકાય નહીં. તમારો બધો સામાન બ્રેકમાં નખાવવોજ જોઇયે. એકાદ હેંડ બેગ હોય તો તમારાં માથાં ઉપર નેટની જાળીમાં માય એટલોજ લેવાય. કોરીડોર ટ્રેન એટલે ઈનજીનથી તે છેક સેવટની ડાઇનીંગ કાર સુધી ફરાઈ શકાય એવી પડસાલ ખરી પણ ત્યાં એક સોટીઉં મુકાય નહીં. મુકયું તો ઈનસપેકટર જે ચાલતી ગાડીએ બી ફરતો રહે છે તે આવીને ઉચકાવે. એકવાર કહ્યું ને નહીં ઉચકયું તો લાગલું બોચકું ઉપાડીને બાહાર ગીએલુંજ છે. તાંહાં કાંઇ "યુ ધેમ રાસકલ" ચાલે નહીં. આપણી તરફ ઇંગ્રેજ સાહેબ લોકો રેલવે કુા. ઉપર કેટલી તરેહના જુલમ ગુજારે છે તે તો જાણીતી વાત છે. અહીંની હીરા જેવી ગાડીઓ જોઇ એ સાહેબો નાકનાં ટીચકાં ચહડાવે છે. અહીં તો ગરીબ ગાય જેવા રેલવે નોકરો ઉપર તાનાજાનીનો પાર નથી. અહીં છ બેઠકની ગાડીમાં બે સાહેબો લાંબા ટાંટીયા કરીને દીસા દીસ અરડાઇને પડે છે અને ત્રીજો આવ્યો તો હડખાયલા કુત્રાની પેઠે ઘુરકવા આવે છે. અને ત્યાં? ત્યાં હાડમાર થયલા આસામીની પેઠે બોચી ખજવારીને સારી રાત ખડા બેશે છે. અહીં બસો રૂપીઆના કમાનારા ટીનપાટીઆને ફરસ્ટ કલાસ વગર ચાલે નહીં. તે ડોક એવી અધર રાખે છે કે જાણે ઓય બતીનાં ફાનસમાંથી આખો ને આખો બાહાર નીકળી પડશે. તાંહાં? જાણે કાળી બકરીના પેટમાં કલેજી નથી. અહીં સાહેબો—પોતે સુધાં—

મોટી મોટી પેટીઓ અને કુરતનીના છતર પલંગો, ગાડીમાં ધકેલીને લઈ જવા માંગીએ છીએ—ને ગાડીને ગુડસ વાગનનો અવતાર આપીએ છીએ ને તલમાં તસુ ઓછું પડ્યું તો જીવ પછાડી કંપનીને ગાળો ભાંડીએ છીએ. ને ત્યાં ફક્ત એક હેંડ બેગ ઉપર શોકરાના કરવા પડે છે તો શું કે ચાં બોલતા નથી. મારો મીત્ર ટીનપાટીઓ ત્યાં ફરસ્ટ કે સેકંડ કલાસમાં જવાનો સ્વપનેબી વીચાર કરતો નથી. બચારો ચાટ જેવો "ડસ" કલાસમાં ઘુસે છે. તો ઘુસે નહીં તો જાયબી કયાં? અહીં ફરસ્ટ કલાસના મુંબઈથી પુના જવાના રૂ ૭) તો ત્યાં એટલાંજ છેટાંના રૂ૨૦!! યુરોપીઅન ટ્રેનનો દર આપણા દેશી દર કરતાં ખાસ્સો ત્રણ ગણો છે. મારસેલ્સથી પારીસ હર કીસમની ટ્રેનો જાય છે તેમાં એક "ટ્રેન ડ લક્સ" જે રાતના ૯ વાગે ઊપડી સાહ્-વારના પોહોરમાં પારીસ પહોંચાડે છે તેમાં બધાજ ફરસ્ટ કલાસ. કલાકની સુમારે એકસો મેલની ઝડપથી જતી હશે. વીમો ઉતારીને બચાં છોકરાંને બરાબર મળી ભેટીને બેસવું. પણ હજુ રેલવે વીશે તો ઘણું લખવા-નું છે. ફરીથી વાત.

યુરોપની આગગાડીઓનું ખેમાન ભારી છે, મોઘી દાટ તો ખરી પણ તેમ બધી વાતે ભરપુર. સ્ટેશનપર જતાંને વાર પલાટફોર્મ ઊપર એક નાની લાઇટ લોઢાંની ગાડી તમારી આગળ આવી ઉભી રહેલી જોશો, તે

ઉપર સોજી સફેદ ઉનની બ્લાંકેટોનો ઢગ મારેલો અને બાજુએ ફુલ જેવા ગલેફવાળા તકીયાઓ ટાંગેલા. એક બ્લાંકેટ અને એક તકીઓ આખી રાત વાપરવાનો એક ફ્રાંક. આપણી સાથે બીછાનું લઈ જવાની કશી જરૂર નહીં. જે સ્ટેશને જવું હોય ત્યાં પહોંચ્યા કે લાગલો પેલો તકીયા વેચનાર આવીને ઉભો રહે અને પોતાનો માલ સવાધીન લઇને ચાલ્યો જાય. સાબુ તુવાલનીબી ખટપટ નહીં. દરેક પ્લાટફોર્મ ઉપર "પેની ઇન ધી સ્લોટ"ના સ્ટાંડ ઉભાં કીધેલાં તેપર લખેલું કે હાથ મોહોડું સાફ કરવું હોય તો આ ચીરણમાં દશ સાનટીમ (એક આના) નો સીક્કો નાખો. જેવો સીક્કો ચીરણમાં નાખયો કે લાગલું એક નાનું પડીકું પોતાની મેળે આપણા હાથમાં આવીને પડે. તે ઉખેડીને જોતાં માંહેથી એક નાનો તુવાલ, એક નાનો સાબુનો કડકો અને એક ઝીણી કોલનવોટરની શીશી મળી આવે. હાથ ધોઈને બધું ફેંકી દેવાનું. વળી ટ્રેનને જરા ટાઈમ હોય તો એવાં બીજાં સેંકડો સ્ટાંડો ઉભાં કીધેલાં તેમાંથી તરેહવાર કીસમની રમુજ મળે. કોઈમાંથી પોસ્ટેજ સ્ટાંપ મળે, કોઇને ચોકોલેટ ખાવાનો શોખ થઈ આવ્યો હોય તો દશ સાનટીમ, કોઇને બીડી જોઇએ તો દશ સાનટીમ, એટલુંજ નહીં પણ આ દેશની પેઠે પલાટફોર્મ ઉપર જવાની ટીકીટ લેવી હોય તો હજાર માથાકુટ નહીં. બાહાર રસ્તા ઉપરજ એક સ્ટાંડ ઉભું

કીધેલું તેમાં સીક્કો નાખ્યો કે એક પલાટફોર્મ 'પાસ' ડપ દેતી આપણા હાથમાં આવીને પડે. આ "પેની ઇન ધી સ્લોટ"નો સીસ્ટમ જર્મનીમાં હસવા સરખી હદે વધી ગયો છે તેનું વર્ણન હું હવે પછી આપીશ. રેલવે ટ્રેનમાં પણ એજ કૌતક. જાજરૂમાં જાઓ ત્યાંબી એવાં સ્ટાંડ ઉભાં કીધેલાં. ફકત સીક્કો ચીરણમાં નાખવાની વાર, કે ટુવાલ સાબુ તૈયાર. તમે જાણોછો તો ખરા કે યુરોપ્યન બચ્ચાને બધું ચાલે પણ "ચગરદમ" વગર નહીં ચાલે. એવું ભુખ ને પ્યાસનું દરદ વળગેલું એટલે તેની કારસાજી કાંઈ જેવી તેવી હશે? દરેક લાંબી મંજલની ટ્રેનો સાથ ડાઇનીંગ કાર તો હોયજ હોય. ટ્રેન ઉપડી કે એક ઈનસપેકટર તમને છાપેલી ટીકીટ આપી જાય, તેપર લખેલું કે તમારી ખાધાની ટેબલનો નંબર ૧૯, તમારો જમવાનો ટાઈમ બપોરના ૧ાા વાગે. આ ટાઇમે બરાબર તમે તમારી જગા ઉપર જઇને બેશો અને ખુશાલ જમીને પાછા તમારા ખંગમાં જાઓ. લાંબી ને લાંબી કોરીડોરમાં ફોલડીંગ ટેબલો વળગાડી મુકેલી તે ક્હાડીને તમારા ખંગમાં ઉભી કરી કે ચાહ, કાફી, પાઉં, માખણ વગેરે ઑર્ડર કરો તો તેની પણ અડચણ નહીં. મુવાઓને જરા દુખે ચાલે નહીં. બધા સોલે આના પુરા જોઇયે. ખાવા બેસે ત્યાં હાથમાં વાઈન લીસ્ટ દરેકને બક્ષેક્ષ આપે. આ વાઈન લીસ્ટ ઉપર ટ્રેનનાં બધાં સ્ટેશનોનો નાનો નકશો

આપેલો અને કયાં સ્ટેશન ઉપર કયારે પુગશે તેનું ટાઈમ ટેબલ આપેલું, એટલુંજ નહીં પણ દરેક સ્ટેશન ઉપર કયું હોટેલ સારૂં છે તેનું નામ તથા જોવાલાયક જગાઓની ટીપ આપેલી. પણ સમજો કે કોઇને ડાઈનીંગ કારમાં ખાવાની ખુશી નહીં હોય તો તેનીબી સામગ્રી તૈયાર. પ્લેટેડ વેરથી જડેલી એક નાની 'કાર' પ્લાટફોર્મે ઉપર ફરતી ફરે તે ઉપર બધી જાતનાં વાઈન, ચમપીન, બ્રાંડી, બીર, પોર્ટર, મીનરલ વાટર, બાફેલાં ઇંડાં, બીસ-કીટ, પાંઉ, ફ્રૂટ, બતક તથા મરઘીનાં પકાવેલાં ફાડચાં વગેરે રચીને ગોઠવેલું. મેં મારી નજરે જોયું કે ભલા ભલા યુરોપીયનો, ઝટ ઉતરીને બે ચાર બાફેલાં ઇંડાં પોતાના ફ્રાક કોટનાં એક ખીસામાં એકાદ પાંઉ બીજાં ખીસાંમાં દાબીને બીરની પાઇંટ લઇને એક મીનીટમાં પાછા પોતાના કલાસમાં ચહડી જાય. ટ્રેન ઊપડવા પછી બધાની વચ્ચે બેસીને ગજવાંમાંથી ગજખ કહાડીને કરારને જીવે નોશ કરે. પણ એથીબી સરસ શું? ફ્રાંક આપો તો તમને એક મજેની રમકડાં જેવી ટીફીન બાસકીટ આપે તેમાં નાહનો છરી કાંટો, કાગળની બનાવેલી શોભઇતી બે રકાબીઓ, એક નાનો કાર્ક સ્ક્રુ, એક વાઇનની પાઇંટ, એક મીનરલ વાટરની પાઇંટ, એક કાગળની દાબડી તેમાં મોંહ સવાદીઆ માટે ત્રણ બીસકીટ, એક સંભો, એક પકાવેલો બીફ ચાપ, એક મરઘીની ટાંગ, અને બે જાડી પાંઉની કાત્રી એટલું રચીને મેલેલું. ઝીણી ઝીણી

બે દાબડીઓમાં નીમક અને મરી!! ટ્રેન ચાલતી જાય ત્યારે કરારથી જમીને પછી ટીફીન બાસકીટ તમારી સીટની તળે ધકેલી દયો, નહીં તો સાથે લઇ જાઓ. વાઇનની પાઇંટ ઉપર એક નાનું ટંબલર ઉધું મુકી તે ફીટથી બાંધી લીધેલું તે બુચ તરીકેબી કામ લાગે અને ટંબલર તરીકેબી કામ લાગે. આ સઘળાંને શોભાઈતી લાલ અથવા બલુ ફીટથી બાંધીને એવું સગવડ ભરેલું કરી મેલેલું કે કશી વાતના પોણી સોળ આના નહીં. હું આ વેલાતી મુલકના વર્તમાનપત્રોના સાહાસના પણ વખાણ કરૂં છું. અરેરે અભાગ્યાં હીંદ, આ પંક્તીએ પહોંચતાં તને કેટલાં વર્ષ જોઇશે, બલકે કોઈ દહાડેબી પહોંચશે કે? ટ્રેન જેવી સ્ટેશનપર આવી કે તાજાં તમ તમતાં વર્તમાનપત્રો એક પળની વચ્ચે હજારોની સંખ્યામાં વેચાઇ જાય. અમારી અજાયબી વચ્ચે મેં જોયું કે લંડનમાં પ્રગટ થતું "ડેલી ક્રાનીકલ", દશ સફાનું ફકત 'હે પેની,' એટલે જે બે દોઢીઆમાં તા૦ ૬ ઠીનું તેજ સાંજના મારસેલ્સના સ્ટેશન ઉપર વેચાતું હતું.

પણ હવે ટ્રેનોનો છેડો છોડયે. મારી ચશમોની બાબદમાં શું કરવું ને કયાં જવું તેનો આગળથી કાંઇ વીચાર કરેલો ન હતો. મુંબઈ અને મદ્રાસના પ્રખ્યાત નેત્ર વૈદોએ જાત જાતની ધમકી અને જાત જાતનાં મત ઓચરયાં હતાં. એકે તો ખુશ વધાઇ આપી હતી કે બીજાં એક વર્ષમાં આ અદના લખનાર બીલકુલ આંખ-

નું તેજ ખોઇ બેસશે. બીજાએ તેમાં ઉમેરો કરયો કે બધા આંખના પડદા ઘસાઇને પાતળા થઈ ગયા છે એટલે હવે ધીરજ ધરી બેસી રહેવા સીવાય ઉપાય નહીં. વળી એક ત્રીજાએ ધીરજ આપી કે, "મારૂં માનો ને આંખને ચુંથાવતા ના, એમાંથી કાંઈ સાર નથી." આ પ્રમાણે ચોમેરથી ગભરાવ્યો ખરો પણ શું દર્દ છે અને પંદર નંબરના "શોર્ટ સાઇટ"ના કાચ પહેરતાંબી ધોળે દીવસે રસ્તામાં ઝાહારતું નથી તેનો ઉપાય કોઇએ નહીં બતાવ્યો. ખેર, હવે તો જે બને તે ખરી એવો છાતીએ ગાંઠ વાળીને યુરોપની મુસાફરી શરૂ કરી. પણ જવું ક્યાં? કોઇ કહે યુરોપમાં ચાર પાંચ નામાંકીત નેત્ર શાસ્ત્રીઓ છે. એક પારીસમાં મોશીઉ ગાલાન્જોશી, જર્મનીમાં વીઝબેડન-માં પ્રોફેસર પાજનસ્ટેચર, લંડનમાં પ્રોફેસર નેટલશીપ, બર્લીનમાં પ્રોફેસર કોહેન વગેરે. કોઇ કહે આ સારો ને કોઇ કહે પેલો સારો. આખરે મુંબઇમાં વસ્તા પણ વીલાયત અભ્યાસ કરી આવેલા કેટલાક અનુભવી તબીબ સાહેબો-ની સુચના માન્ય કરી કે બધા ચારો ડાકટરોને આંખ બતાવી તેઓનું મત લેવું અને પછી તે ઉપરથી સાર ઉપજાવી કહાડી આગળ કેમ વધવું તેનો વીચાર કરવો. સુચના એ ઠીક હતી. પણ દાણા પાણીજ વીઝબેડન-માં લખેલા હશે એટલે એક પારસી મીત્રે જણાવ્યું કે તેઓનેબી બદહજમીની જાથુક બીમારી માટે એક નામાંકીત "સ્પેશીએલીસ્ટ"ને મળવા સારૂં વીઝબેડન

જવું છે એટલે આપણેબી ગાંઠ વાળ્યો કે વાટ ચુકયે પણ સાથ ન ચુકયે. ત્યારે ચાલો વીઝબેડન. મારસેલ્સ-થી ઉપડેલા એક દહાડો લીઆં ખાતે હાક ખાધી ને પછી ઉપડયા ને રાતના અગીયાર વાગે "માઇન્સ" આવી પુગાયા. અહુીંથી ગાડી બદલવાની. માઇન્સ ફક્ત વીઝબેડનથી દશ માઇલ દુર છે. ટ્રેન ઉપડવાને ફક્ત ત્રણ મીનીટનો ટાઇમ એટલે જુઓ દોડાદોડી. મારો એક પગ લંગડો, બે હાથમાં બે કોથળા, બગલમાં છત્રી અને લાકડી અને ખભે ઓવરકોટ મારેલો ને દોડ મારા બાપ. નરો કુત્રાનો અવતાર. બરાબર ૧૧।। વાગતે વીઝબેડન પહોંચ્યા. પણ મારી નવી જીંદગીનો નવો સફો શરૂ થાય છે, માટે આ પ્રકરણની છેડે આ મુબારક શેહેરને મુકવાનો હું ગુનાહ કરીશ નહીં.


પ્રકરણ ૪ થું.

આહાહા! વીસબેડન! વીસબેડન! મારી ચશમોનાં નવાં નુર, જર્મનીનો રૂપસુંદર બાગ, મકાને પરેસ્તાન, તારા શા વખાણ ગાવું. રફીકો, લંડનની ધુમચકરી, પારીસની લેહેર, બર્લીનની ધાંધલ જોયા અગાઉ પહેલાં વીસબેડન પધારજો અને પાછળથી યુરોપની મોટાઇ જોયા પછીબી આ રળીઆમણી નગરીને વીસરશો નહીં. રાતના બાર વાગતે પુગ્યા ત્યારે જરારતી વરસાદ ઝરમર

ઝરમર થતો હતો પણ બે ઘોડાની ગાડીઓ તૈયાર હતી તેમાં બેસી "ફોર સીઝનસ"નાં પંકાયલાં હોટેલ ગમ હાંકી મુક્યું. જવાબ મળ્યો કે "નો રૂમ"—જગા નહીં મળે. બીજાં હોટેલમાં ગયા તો "નો રૂમ." ત્રીજામાં ગયા તો "નો રૂમ." આખરે ચોથામાં ઠાગ લાગ્યો, જ્યાં માત્ર બેજ ઓરડા ખાલી હતા. આપરેબી જોયું કે દુનયામાં એવી એવીબી જગ્યાઓ પડેલી છે કે જ્યાં પૈસો આપતાં ઠાગ લાગતો નથી. નાસતો અને બપોર રાતનું ખાવાનું મળી ૯ માર્ક એટલે પોણા સાત રૂપીએ ઠરાવીને રાતોરાત તો ઘોંટલો વાળી દીધો. હોટેલના ઇસ્કી મેનેજરને વર્દી આપી કે ગાડીનું જે દામ થયું હોય તે ચુકાવી આપવું. બીલમાં કેટલા પૈસા લખ્યા હશે? શું ધારોછ? એક કલાકના ૮ માર્ક એટલે જે છ રૂપીઆ. કાન ચીમટવાનો અખતરો નંબર પહેલો. એ તો વળી સાહેબલોક થવા જઇયે તે પછી એમજ તો. 'ઓશીઆના'માં સ્ટીમના પાણીથી દાઝેલો પગ તો કહે મારૂં વેર લઉં. સોજો વધીને લાલ ચકરડું પડી આવેલું એટલે મનથી ગાંઠ વાળ્યો કે બાપુ પૈસા જાય તો ઝાહાનુમસર પણ પરદેશ વચ્ચે કાંટાનું કટેસર થશે તો રખડી જઈશું. સવારના પોહોરમાં વીલીઅમને બોલાવ્યો અને ડાકટર વીશે પુછપરછ કરી તો જવાબ મળ્યો કે હોટેલને લગતોજ ડાકટર છે તેને અબ ઘડી બોલાવી મંગાવશુ. ટીંગ ટીંગ ટેલીફોન અને પાંચ મીનીટમાં ડાકટર આવી

પહોંચ્યા. તેવણે ભવાં ચહડાવી એવું ડાચું કર્યું કે આપરે જાણ્યું કે મુવા છુટા. દવા લખી આપી અને વીલીઅમને તે કેમ લગાડવી તેની વર્દી કરી. હવે અત્રે જણાવવું જોઇયે કે વીલીઅમના અંગમાં કાંઇ નહીં તો રૂ ૫૦ નો બનાતનો ફ્રાક કોટ, ચલચલતો કાલર, સફેદ દુધ જેવો વેસ્ટ કોટ અને પગમાં અણીઆળાં પેટંટ બુટ હતાં. તે વેટર કરતાં લૉર્ડ બરૂમને વધારે મળતો આવતો હતો. એ તો ઠીક થયું કે એકુ બે દીવસમાં પ્રોફેસર પાજેનસટેચરના હાથ તળે જવું હતું, નહીં તો ડાકટર સાહેબે તો એવી જડ ઘાલી હતી કે બીજા પંદર દહાડાનું સાટું થતે. ભલા આદમી તો વગર પુછ્યેજ આવે અને દર ફેરાના પાંચ માર્ક ખીસાંમાં મુકે. વીલીઅમ સાહેબ હાથમાં કોરીની નાની બાલદી ગરમ પાણીથી ભરીને લઇ આવ્યા અને જમીન ઉપર ગુટણપર બેશી જઇ મારાં બુટ તાણી કહાડયાં અને પગ ખળખળતાં પાણીમાં બોળયો. પાણી સુમારે ચારેક કળસીઆ હશે. બીલમાં ચાર્જ એક માર્ક! બાર આના. ખીસાંમાંથી પાટો કહાડયો ૯ આના, ચાહે જેવી કાંઇ ભુકી કહાડી ૮ આના. મેં ગણત્રી મન સાથ કરી કે લાર્ડ બરૂમ ભોંય ઉપર બેશીને મારા પગની કોણ જાણે આટલી સારવાર કરેછ તેનું શુંએક આપવું પડશે. કાંઇજ નહીં! બે દહાડા પા પા કલાક પાટો બાંધ્યો તેના ફક્ત ૧૦ માર્ક સાડાસાત રૂપીઆ. કાન ચીમટવા-

નો અખતરો નંબર બીજો. એ તો એમજ તો–પગ શું કામ ડઝાડયો! એ તો સારી વાત છે કે દરેક હોટેલમાં ઇલેકટ્રીક લીફ્ટ હોય તેમાં ઉતરવાનું ને ચઢવાનું મુફત, નહીં તો ચાર ચાર પાંચ પાંચ માર્ક આપતાં મુંડી છોલાઇ જાય. યાદ રાખવું કે યુરોપના મોટાં શેહેરો-માં સઘળે ઠેકાણે સાવરીન તો એક રૂપીઓ. વટાવ્યો કે ગપ. છીંકીઓ તો એક માર્ક દંડાયો, મીણબતી સળગાવીને એક ઇંચ બાળી કે એક માર્ક ઝટકાયો. જરા ગરમ પાણીનું ઝાપડું મંગાવ્યું કે માર્ક લાગલો ચોંટયો. ઉઠતાં માર્ક, બેસતાં માર્ક, સુતાં માર્ક બસ લાવ લાવ લાવ સીવાય બીજી વાત નહીં. ધોબીની ધોલાઇનાબી ભાવ નોંધી લેવા જોગ છે. સુણો શીખામણ સારી બીરાદરો. મુંબઇમાં સારા કાલર ૩ા થી ચાર રૂપીએ દજન મળે છે, તેજ કાલર મેલાં થાય ને ધોવા આપો તો તેજ સાંજના લાવી આપે ખરા પણ દર કાલરની પંદર ફેનીંગ એટલે સાત કોઢીઆં! પાવલાનો સહરો ને ધોલાઇ પાવલો! મોજાંબી તેમજ ને રૂમાલબી તેમજ. આ વીશે જ્યારે એક મુસાફર ઇંગ્રેજ મીત્ર આગળ મેં વાત કરી ત્યારે તેણે હસીને ખુલાસો કીધો કે ભલાં માણસ, આમ મંજલે મંજલ ધોબીને બોલાવશો તો ધોવાઇ જશો. દોઢ રૂપીએ દજન સફેદ હલકાં મોજાં લઇએ ને એકવાર પેહેરીને ફેંકી દેવાના. રૂમાલબી એક રૂપીઆથી સવા રૂપીએ દજન મળે છે. કાન ચીમટવા-નો અખતરો નંબર ૩. અક્કલ કોઇના બાપની છે.



સ્કોટલાન્ડનો નામાંકિત તત્વવેત્તા
પ્રોફેસર [illegible]

વીસબેડનમાં હું ત્રણ માસ રહયો હતો એટલે તેનું બહુજ રમણીય વર્ણન હું હવે પછી આપીશ. પણ તે અગાઉ એ જગાનું મુળ નાક, આંખથી પીડાતા દર્દીઓનું આરામવાહ, આંધળાને જોતા કરનાર ફીરેસ્તાનું મુકામ મારે પહેલાં હાથ ધરવાનો વીચાર છે. ત્રીજે દીને હું મારા એક મીત્ર સાથે આ જગપ્રસીધ સરજ્યનના કનસલટીંગ રૂમમાં ગયો. વીસબેડનના મોટા ધોરી રસ્તા ઉપર એમનો રૂમ, રહેવાનું બાદશાહી મકાન, અને પોતાને હસ્તકના બીમારોને રાખવા માટેનું ખાનગી મકાન જેને કલીનીક કરી ઓળખવામાં આવે છે તે ઇલીઆમેથ સ્ત્રાસેમાં નંબર પહેલુંજ છે. વેટીંગ રૂમ ખાસ્સો ૪૦ × ૨૫ ફીટનો હશે. વચ્ચે ટેબલો ઉપર ચીત્રોની ચોપડીઓ, વર્તમાનપત્રો વગેરે મેલેલું હતું અને સાહવારના નવ વાગ્યા તોયે સુમારે ચાળીસેક યુરોપીયન સ્ત્રી પુરૂશો મહાન પ્રોફેસરની વાટ જોતાં બેઠાં હતાં. એક બાજુએ એક નાની ટેબલ આગળ એક ડુટડી સ્ત્રી કલાર્ક દર આવતા પેશન્ટોના કાર્ડ લઈ અનુક્રમે ગોઠવતી હતી, અને એ સઘળાઓને વારી પ્રમાણે માંહે મોકલતી હતી. ભલો લૉર્ડ કે જર્મનીનો ક્રાઉન પ્રીન્સ કાં નહીં હોય પણ તે એક સાધારણ કામદારની પછી આવ્યો હોય તોબી તેને ખોટી થવુંજ પડે. અહીં મોટા નાનાનો કે ખુશામદનો સોદોજ નથી. આ વીદવાન ડાકટર સર્વને એકસરખી આંખે જોય છે. હું ગયો ત્યારે

ઇંગ્લાંડનો મરહુમ રાજ્યઅધીકારી સર વીલીયમ હારકોર્ટ એક દીવસે આવ્યો પણ તેનાબી તેજ હાલ. મને બીજી કશી વાતની રોકાણ નહીં એટલે ઘડીઆળ કહાડીને હળવેથી ગણત્રી કરી તો દરેક પેશન્ટ માટે પ્રોફેસર સુમારે ત્રણ મીનીટ લેતો હતો. પછી કોઇવાર વધારે ને કોઇવાર ઓછી. આ ત્રણ મીનીટના બે પાઉંડ! એટલે ત્રીસ રૂપીઆ. મીનીટે દસ રૂપીઆ થયા. પણ જરા થોભો તો ખરા. હજુ બીજું જાણવાનું ઘણું છે. આખરે મારી વારી આવી ને હું અંદરના ઓરડામાં ગયો તો પ્રોફેસર સાહેબ પછવાડે હાથ રાખી આમતેમ ફેરા ખાતા હતા અને પાસેની ટેબલ ઉપર બેઠેલા પોતાના આસીસટંટ પ્રોફેસરને જર્મન ભાશામાં કાંઇ લખાવતા હતા. આ આસીસટંટ પ્રોફેસર જેનું મુબારક ચીત્ર હું નીચે આપું છું તે સુમારે ૨૮ થી ૩૦ વર્ષના હશે. દેખાવે રમુજી અને બહુજ ચંચળાઇની ગવાહી તુરતજ જણાઇ આવતી હતી.

પાજેનસ્ટેચરનું નામ આખાં યુરોપમાં એટલું મશહુર છે અને તેના હાથ તળે બે ત્રણ વરસ અભ્યાસ કરવો એ એટલું મોટું માન ગણાય છે કે ચીફ આસીસટંટની જગ્યા ખાલી પડતા સેંકડો જુવાન ડાકટરો તુટી પડે છે. પણ પ્રોફેસર તેઓમાંથી જે સર્વથી ઝેહેનદાર હોય તેનેજ રાખે છે. તે મુજબ આ જુવાન ડાકટર સ્ટાઇન જર્મનીની મોટામાં મોટી યુનીવરસીટીનો ગોલ્ડ મેડલીસ્ટ



ડા૦ જડીઅસ સ્ટાઇન, એમ. ડી.
પ્રોફેસર ઓફ [illegible].

છે અને પોતે સેંકડો આંખના ઓપરેશનો કરીને બહુજ ઠરેલ ડાકટરમાં ગણાય છે. પ્રોફેસરનાં દરેક ઓપરેશનો વેળાએ તે હાજર રહી મદદ કરે છે અને "કલીનીક" માં જ્યારે સાહુવારના પ્રોફેસર દર બીમારની વીઝીટ લે છે ત્યારે ડા૦ સ્ટાઇન પણ હમેશ સાથે રહે છે. પણ આટલી મહાભારત વીદ્યા છતાં શું આ બેઉ વીદવાનોની નમનતાઇ! આહુ! તમે સમજોછો, હું શા કાજે નીસાસો નાખુછું તે? હવડાં નહીં. પાછળથી ખોલાસો કરીશ.

જેવો હું ખાનગી રૂમમાં દાખલ થયો કે પ્રોફેસરે હસીને ડોકું નમાવ્યું અને શું છે કે શું નહીં તેનો એક પ્રશ્ન બી પુછયો નહીં. જાણવું કે પ્રોફેસર સુમારે સાઠ વર્ષની ઉમરના છે. શરીરે સુખી, દેખાવે ખુબસુરત, બોલવે મીઠાસ ભરેલા પણ બહુજ થોડું બોલા છે. તેમને જોતાંજ દીલમાં એક જાતનો વીશ્વાસ પેદા થઇ આવે છે કે આએ તે એના માતપીતાનો સપુત ખરો. પાંચેક મીનીટ આંખ તપાસીને દવાઇનાં થોડાં ટીપાં નાખી આપુને તો બહાર કહાડયા કે અરધો કલાક ફરીને પાછું આવવું. વળી જરાને વાસ્તે બહાર કોણ જાય કરી પાછા બહારના પબ્લીક રૂમમાં જઇ બેઠા અને સરેસ્તાની રીતે સઘળા ચાળા જોયા કીધા. બીચારા જર્મનો, આલા અને અદના, મુગા મુગા બેસી રહે અને ઇંગ્રેજ, તેમાં મુખ્ય કરી ઘરડીઓ તરેહવાર ચાળા કરે. કંઇ ઘડીમાં છત્રી નાખી દેશે, કંઈ એક પળમાં હાંસશે, કાંસશે, કરાંઝશે, પચાસ

વખત ઉઠીને પેલી બાનુ કલાર્કને ડપકાવશે અને હરેક રીતે પોતાનું ઈંગ્રેજપણું બતાવશે, પણ પ્રાફેસરબાનાં પેટમાંનું પાણી હીલવાનું નથી. અરધો કલાક થયો કે માંહેથી સેવકને તેડું આવ્યું. પ્રાફેસરે આંખ તપાસી અને મને નીચે પ્રમાણે વાતચીત થઇ તે ટુંકાક્ષરી લખાણનેબી હંડાવે તેવી હોવાથી પ્રાફેસરની રીતભાત બતાવવા માટે ટપકાવી લઉં છું:

"વેલ, મી૦ મરઝબાન, તમારો કેસ મેં તપાસયો અને શું છે તે હું સાફ સમજી શકું છું—હવે શું કહેવા માંગો છો?"

"સાહેબ, એનો કાંઇ ઉપાય છે?"

"અલબત—તમારી આંખ સારી થશે."

"તમારી ખાત્રી છે સાહેબ?"

"પુરેપુરી."

"કેટલો વખત મને રોકાવું પડશે?"

"ચારથી પાંચ અઠવાડયાં."

"ને મને શું આપવું પડશે?"

"૧૦૦ પોંડ."

"તમે કયારે ઓપરેશન કરવા માંગો છો?"

"કાલે સવારના."

"કાંઇ ધાસ્તી જેવું તો નહીં?"

"બીલકુલ નહીં—પણ મારાં કલીનીકમાં રહેવું પડશે."

"ઠીક છે સાહેબ, હું સાંજના કલીનીકમાં રહેવા આઉં?"

"ખુશીથી-હું આરડર આપીશ-સાહેબ મેહેરબાન."

"ઠેંક યુ સર-આજની તમારી ફી શું?"

"બે પૌંડ."

બંદાએ બે પૌંડ આપ્યા અને પાંચ મીનીટમાં આ અગત્યનું સાટું ઠોકીને બાહાર પડયા. વીચાર કીધો કે "go further and fare worse." મહારાણી વીક્ટોરીયાની આંખને મોતીઓ કહાડવા સારૂં આખા ઈંગ્લંડના નેત્રશાસ્ત્રીઓને પડતા મુકીને આ પ્રોફેસર પાજેનસ્ટેચરને ઈંગ્લંડ વેર બોલાવ્યો હતો અને ત્યાં તેને લંડનના મેયરે જાહેર ખાણું આપયું હતું. ત્યારે વળી આપરે કયા મોટા શાહઝાદા પડયા કે બીજા ડાકટરની શોધમાં ગામેગામ રખડયે. વળી પ્રોફેસરની ખાત્રી આપવાની હીમત, તેમનો બોઝર્ગ વીદવાન ચેહેરો, તેમની દુન્યા વર્ણની વાખવાખી અને તેમને માટે ખોટી થતાં સેંકડો બીમારોને જોઇને મારી મતી ફરી ગઇ. મે ઠરાવ કીધો કે બસ મારવું કે મરવું તે અહીંજ. સાંજના ગાંસડા પોટલા બાંધીને કલીનીકમાં આવી પહોંચ્યા અને એક ખાસ્સો કુસાદ ઓરડો સેવકને માટે તૈયાર કરી રાખેલો જોયો. જાણવું કે દરેક બીમારને એકેક ઓરડો જુદો આપવામાં આવે છે અને તેની નોકરીમાં એકેક સરવંટ નર્સ રહે છે. આ સઘળી નર્સોને માથે એક "સીસટર ઓફ મરસી" તકેદારી રાખે છે. પણ આજે રાતે તો પોઢી જાઓ. કલ હય ઓર અલ્લાહ હય.

પ્રકરણ ૫.

પ્રોફેસર પાજેનસ્ટેચરના ક્લીનીકમાં આશરે ૪૦ થી ૪૫ બીમારો રહી શકે એટલી જગા છે. સર્વે એકજ મેજ ઉપર જમે છે. પણ સબર કરો. હમણાથી જોભરવાની વાત કાંહાં કહાડી. પહેલાં તો આંખનો શું ખુટદો થયો તેનું હાણ્યે પછી બીજી વાત. રાતોરાત તો શેહેરે મુંબઇની સ્વપનાની લેહેરમાં સુતા પણ સવારના ઉઠતાંને વાર ચાર પાંચ હાથણ જેવી નર્સો નાચતી કુદતી આવી અને બીછાનું કબાટ વગોરે સઘળું ફેરવી ફારવી નાખ્યું. બરાબર નવને ટકોરે પ્રોફેસર સાહેબ હસતે ચેહેરે આવ્યા. સાથે તેમનો આસીસટંટ ડાકટર સ્ટાઇન અને સીસટર ઓફ મરસી હતાં.

"કેમ મી૦ મરઝબાન, તમે જાતે ઘણા 'નર્વસ' છેઓ કે?"

"નહીં સાહેબ, પણ દરદ ઘણું લાગશે કે?"

"જરાબી નહીં, ફક્ત તમારા હાથ સ્ટેડી રાખજો."

ફીસમતને બીછાને આપણે પોઢયા અને પ્રોફેસરે આંખ ઉઘાડી રાખવા એક ચીપીઓ લગાડયો, અને પાંચેક મીનીટમાં તો બોલી ઉઠયા કે ચાલો, ખલાસ. કેમ, કાંઇ ઘણું તો લાગયું નહીંની? સેહેજ ઘસારો લાગ્યો હતો ખરો પણ કાંઇ દમ જેવું નહીં.



જર્મન આયાઓ અને નર્સો.

"ચાલો, હવે ઓપરેશન તો પુરૂં થયું. જરા દવા લગાડું છું તે ચચરશે. એટલાંની તમારે પરવાહ કરવી નહીં." પણ દવા લગાડવાને બદલે મોટાબાવાએ તો તે વખતે મને નભરવસ રાખીને ખરેખરૂં ઓપરેશન કીધું હશે, કારણ કે તે વખતે જરા વધુ ચટકો લાગ્યો. પણ આઠ મીનીટમાં તો સઘળું તમામ થયું. આંખે પાટા બંધાયા અને ઓરડામાં અંધારૂં કરી પ્રોફેસર તથા તેમની પાર્ટી વીદાય થઇ. જતાં જતાં કહી ગયા કે સાંજના છ વાગતાને સુમારે જરા માથું દુખશે પણ બીહતા નહીં, અરધા કલાકમાં નરમ પડી જશે. આંખે પાટા બાંધયા હતા તેને લીધે પાસેજ ખુરસી ઉપર જોઇતો કરતો સઘળો સામાન મુકયો હતો અને સીસટર દર અરધે કલાકે જોઇ જતી અને ફીડીંગ બાટલથી સુપ પાઇ જતી હતી. છાતી ઉપર એક વીજળીક કોલબેલ મુકયો હતો કે કામ પડે તો વજાડવું. કાંઇ વર્ષોની દીલમાં ધાસ્તીનો આ પેહેલો તબક્કો તમામ થયો. આખો દહાડો ઉંઘ કહાડી—જાણવું કે પરવરદેગારની બક્ષેશથી ફીદવીને ઉંઘનું દરદ ઝાઝું છે—સવાર કયારે પડી તે હું જાણતો નથી. પણ હું ધારૂં છું કે બીજે દીને નવ વાગેલા હશે અને પ્રોફેસર પાછા આવ્યા. બારીના પડદા ખસેડી નાખ્યા અને પાટા છોડી નાખીને આંખ જોઇને બોલ્યા, "એકસેલંટ, વાહ, હું તમને તારા જેવી આંખ સાથ પાછા હીંદુસ્તાન મોકલીશ." આ ખાતરી ભરેલા

સઘીઆરાથી મારૂં દીલ બાગ બાગ થયું અને મેં પુછયું કે મારૂં કુટુંબ મંડળ તથા મીત્રો કાલનાં ઓપરેશનનું પરીણામ જાણવાને ઘણા ઇંતેજાર હશે માટે ઓપરેશન ફતેહમંદ થયું એમ તાર કરૂં કે નહીં ?

"બેલાસક કરો—અને એમબી લખજો કે પેશન્ટ ઘણાજ હીમતવાન હતા."

આ વાકય કોણ જાણે કઈ કરામતથી લખાયો કે "ઓપરેશન ફતેહમંદ, પેસતન બહુ હીમતવાન!" આ ખબર મુંબઇ પહોંચતાં જુઓ અટકળના ફાટીયા અને વસાસાણના ગોળીબાર. પેસતન કોણ ? કોણ હશે, શું હશે, કેમ હશે વગેરે તકરારોએ થોડાક દીવસની ઠીક રમુજ આપી. બીજે દહાડે પાટો છોડી નાખીને ઓપરેશનવાળી જમણી આંખ ઉપર દવાનું પુમડું મુકયું અને બીજી આંખ ખોલ્લી રાખીને ઉપર તારની જાળીનો મસ મોટો ચાળણી જેવો ચશમો પહેરાવયો. આ પહેરાવવાની મતલબ એવી કે ઉંઘમાં આંખ ઉપર હાથ લાગે નહીં. બીજેજ દહાડે સઘળી બારીઓ ખોલી નાખી અને મને ઈઝીચેર ઉપર બેસવાની રજા આપી. નર્સે ભોજન લાવીને ઓરડામાં ટેબલ ઉપર મુકયું અને જાણે કાંઇજ હોય નહીં તેમ બધું પાછું સમાધાન થઇ ગયું. રાતના બોઝોરગ સીસટર આવીને કહે "તારા હાથ કોચ સાથ બાંધવા જોઇશે."

"કેમ?"

"એવો સરેસ્તો છે, નહીં તો રાતના ભુલમાં આંખને હાથ લાગી જાય તો કાલનો દુકાળ આજે પડે."

મેં તેમ કરવા દેવાની ઘસીને ના પાડી અને ઘણી સંભાળ રાખવાની કબુલાત આપી. મેં તકરાર દેખાડી કે જો મારી મરજી ઉપરાંત હાથ જકડવામાં આવશે તો હું નહીં ઉતી તાણતોડ કરીશ, એવો હું અભાગ્યો છું. આખરે હું ફાવ્યો પણ રાતના આંખે પેલી મોટી ચાળણીઓ બાંધી રાખીનેજ સુવું પડે તેથી દમ ઉપર આવી ગયો. ત્રીજે દહાડે વળી પાછા પ્રોફેસર સાહેબ આવ્યા અને આંખ તપાસી બોલયા "એકસેલંટ." ભલા આદમી પાસે શબ્દોનો ભંડાર ઘણોજ થોડો. એક શબ્દ બોલ્યા તે ઘણો થયો. આ હીરાની કીમતનો શબ્દ બોલીને લાગલો પોતાનાં ખીસામાંથી બ્લુ રંગનો એક ચશમો ખેંચી કહાડયો અને પાટા છોડી નાખીને તે પહેરાવ્યો અને "ગુડ મોરનીંગ" કરીને ચાલતી પકડી. જેવો બીજો દહાડો, તેવાજ ત્રીજો, તેવાજ બીજા પંદર દહાડા. આઠમે દહાડે વર્દી કરી કે હવે તમને તમારા ઓરડામાં ખાણુ લેવાની જરૂર નથી. પબ્લીક ટેબલ ઉપર સામેલ થવું અને વાડીમાં ફરવું. આપરે થાયા થોયા થઇને પહેલે માળે તંટોસ્તા તંટોસ્તા ઉતર્યો. શરમ તો ઘણી લાગી કેમકે કાંઇ આહારે નહીં પણ થોડીજ વારમાં મેં જોયું કે બધુંજ સંગ્રહસ્થાન કાણા

માસ્તર હતું. સઘળાઓની આંખે બહુ ચશમા. સર્વે દેખાડવા જાય કે અમે સારી કાની છીયે પણ બએ ડગલાં ચાલીને અકેકને કોર્ટ્ટી કરી પડે. બધા જણ એક બીજા સાથ જાણે કેવાક જોતા હોય અને કેટલાક વર્ષોની દોસ્તી હોય તેમ વાતો કરે અને પછી છુટા પડે ત્યારે આપુને પુછે કે આએ મારી સાથ વાત કરતો હતો તે કોણ? મેજ ઉપર સર્વેની જગા મુકરર કરી આપેલી. હેડ ઉપર આસીસ્ટંટ પ્રોફેસર બેસે. સઘળી નર્સો ઇસ્કી રેશમી કાળો ડ્રેસ, બરફ જેવા કાલર, હાથમાં ઉજળાં ગ્લવસ અને માથે ફાંકડી નાની સફેદ કેપ સાથે ટેબલ ઉપર ખાણું પીરસે. દારૂ બહારથી લાવવાનો હુકમ નહીં પણ સફેદ રાહીન વાઇન (ખાટો બટ) અથવા બીર પૈસા આપતાં કલીનીકમાંજ લાવી મુકે. કલીનીકમાં રહેવાના, ખાવાના તથા નર્સની હાજરીના મળી દરરોજના બાર માર્ક—નવ રૂપીઆ. બાથ લેઓ તો દોઢ માર્ક=રૂ૧)= જુદા. પબ્લીક ટેબલપરજ ચા નાસ્તા માટે જવું જોઇયે. જો ઓરડામાં મંગાવો તો આઠ આના ચોટલી. પણ મારે કહેવું જોઇયે કે ખાધા પીધાની જરાબી તાણ નહીં. ત્યાં આંખે ગમે એવા કકઇ હોઇયે તોબી ભુખ તો એવી કકડીને લાગે કે જે હોય તે બીસમીલ્લા. સવારના પોહોરમાં આઠ વાગે ચા, ચાર ક્રેસંટ પાઉં, અને ૧૪ ગોળી માખણ—ખાસ્તું પા રતલ હશે—તેનું નફઓઢ વળતું હતું. બપોરના પણ

બંપર ચાશણી. માત્ર એટલુંજ કે વીલાયતમાં ચટની ચટાકા, મરચાં મસાલા વગેરેની જાત નહીં મળે એટલે બધું ફીકકું ફચ લાગે. હું ત્રણ માસ વીસબેડનમાં રહ્યો પણ એકવારબી આખા ચાવલ ખાધા નથી. ચાવલ તો ત્યાં કોઈ જાણતુંજ નથી. અચાર, સરકા તો કલીનીકમાં હોયજ ક્યાંથી. મોટા ગોસતનાં ગજ ગજનાં ધીમચ્યાં જેટલાં જોઇયે એટલાં. તમારે પેટ ફાટે એટલું ચગરો પણ તર નવાલાની વાત નહીં. સાંજના ચા નહીં. રાતના સાત વાગે ડીનર. પણ પછી શું? મારા જેવા બીકટ કેસવાળાઓને તો સાફ મનાઇ કે સાંજના સાત વાગા પછી બહાર જવું નહીં. જરા તડકો પરવડે પણ રાતનો ઠંડો પવન તો મોટો દુશમન. આખો દહાડો કલીનીકની વાડીમા ફરો, બાવરમાં બેસો, વાત વગત કરો, પણ બહાર જવાની વાત નહીં. પંદર દહાડા સુધી તો દાઢી મુંડાવવાની પણ મના, કેમજે વખતે આંખ ખેંચાય.

આ પ્રમાણે કાહાણી કીરતે બે મહીના કહાડયા પણ પછી ધીરજની ખરચી ખુટી. પ્રોફેસર બા તો સવારના આવીને આંખ તપાસીને "એકસલંટ" કહીને વંજો માપે ને મારો જીવ ઉપર આવે. આખરે એક દહાડે ઘેરીઆ. "સાહેબ, તમે ચારથી પાંચ વીક કહ્યાં હતાં તેના આઠ વીક થયાં પણ હજુ કાંઇ છુટકાની નીશાની દેખાતી નથી. હું મારાં કામ બાબે હીંદુસ્તાનમાં ફકત ત્રણ મહીનાની ગોઠવણ કરી આવ્યો છું વાસ્તે કાંઇ અમુક ટાઇમ કહો તો સારૂં."

બચારા, ભલા પ્રાફેસર, પેહેલીજવાર ખુરસી ઉપર બેઠા અને માંથાના બાલ ખજવારી બોલ્યા "હા, હું તે જોઉંછું, પણ હું શું કરૂં. હું કાંઇ ખોદાનો દીકરો નથી. હું ધારતો હતો તેટલી ઝડપથી આંખ રૂજાતી નથી પણ બીજા એક મહીનામાં જરૂર જવાઇ શકાશે."

"પણ સાહેબ, તમે તો ગરમીની મોસમ ગુજારવા બાહાર જાઓ છો ત્યારે હું આહીં પડી રહીને શું કરૂં? તમારી રજા હોય તો હું બી એક મહીનો ફરી આઉં."

"હા તેમ બની શકશે—પણ ખુબ સંભાળ રાખજો. આંખને ડરાફ્ટ લાગે નહીં. એક મહીના પછી પાછા આવજો અને હું ચશમાના કાચ નક્કી કરીશ."

ચાઆઆલો મોટા ડાક્ટર સાહેબને પંદરસો રૂપીઆનો ચાંદલો કીધો અને તેના બદલામાં તેમની મુબારક તસવીર માંગી લીધી અને આહીં આંખનું પહેલું પ્રકરણ પુરૂં થયું. એક મહીનો બાહાર ફરવા હરવાની છુટી મળી એટલે હર્ખ માયો સમાયો જાય નહીં. લાગલી ગાંસડા પોતલાં બાંધીને તૈયારી કરી. પણ હવે રખડપટાનો હેવાલ આપું તે અગાઉ વીસબેડન સાથ સંપુર્ણ ઓળખાણ કરાવવાની જરૂર છે.

મારા મેહેરબાન મીત્ર પ્રાફેસર પાજેનસ્ટેચર એક મહીનાની આસાએશ લેવા જાય તે અગાઉ તેવણની તો જરા ખબર લઇયે. બીચારાને આવકના ઘણા વાખા છે. મહીને દહાડે માંડ માંડ ૪૦,૦૦૦ થી ૪૫,૦૦૦ રૂપીઆ-

ની આવક હશે. દર ઓપરેશનના રૂ ૧,૫૦૦ અને દર વીઝીટર પાસેથી ૨ પૌંડ. બચારો સરાસરી દર મીનીટે રૂ૧૦ કમાય છે. સવારના પોહોરથી તે નવ વાગા સુધી કનસલટીંગ રૂમ સલાહ લેવા આવનારાઓથી ચીકાર ભરાયલો રહે છે. પણ નવનો ટકોરો થયો કે હજારો રૂપીઆની ફીની દરકાર કરવા વગર પ્રોફેસર કલીનીક માહેના પોતાના પેશન્ટોની ખબર લેવા ઉઠી જાય છે. બાર વાગા કે પોતાને બંગલે જઇ, જરા લગાર ખાધું ન ખાધું કે ત્રણ વાગે પાછા બહારના પેશન્ટોને જોયાં કે ચોક્સ કલાકે બધું બંધ. તમારી વારી નહીં આવી હોય તો કાલે વહેલા આવો. હું બીહતાં બીહતાં કહું છું કે આ માહાન પુરૂશને ફક્ત કનસલટીંગ ફીના રોજના રૂ૧,૦૦૦ મળતા હશે. તે ઉપરાંત બહાર મોટા મોટા પાદશાહો અને ડયુકોને માટે જવું પડે ત્યારે હવાઇ ફીના લુમકા વગર એમને ગેરહાજર રહેવું પરવડે નહીં. મેં એકવાર રમુજમાં કહ્યું કે "સાહેબ, તમે તમારી જીંદગી-માં ઘણી મેહેનત કીધી છે, હવે એક ફેરો ઇન્ડીઆ તરફ ખાઓ તો કેમ?"

"ખરી વાત છે," સાહેબે જવાબ દીધો "પણ મારાં આશાવંત આવતાં બીમારોનું કેમ?" ખરી વાત એ છે કે પંદર દહાડા આવતાં થાય ને પંદર દહાડા જતાં થાય. વળી બે મહીના રહે તો ત્રણ મહીનાના રૂપીઆ સવાલાખની આવક અહીં કીયો કાકો આપે? મેં એક-

વાર જરા ટકોર કરી કે આપને જો પૈસાની તંગી હોય તો અમે ઉપરાણાની ટીપ ફેરવ્યે. પોતાની તબીબી પાદશાહી આવક ઉપરાંત પાજેનસ્ટેચરના પોતાના મોહોલાના મોહોલા છે જે એનાજ નામથી ઓળખાય છે. ખરચમાં તો ખોદાનું નામ. પચાસથી સાઠ લાખનો ધણી. તેની એક ગાડીબી નથી. પણ ગાડી શું ધુળ મુકવા રાખે? હું એનો ખોલાસો આગળ ચાલતાં કરીશ.

પ્રકરણ ૬.

પ્રોફેસર પાજેનસ્ટેચર ગાડીમાં કાં બેસતા નથી? શું કરકસરનો ગલઓ હશે? કે ગાડી ઘોડાના અકસમાતથી બીહતા હશે? તેવું કાંઇજ નથી. હું કહું છું કે ઇંગ્લાંડ, જર્મની અને ફ્રાનસમાં જે કોઇ ઘરની ગાડી રાખે તે બડો હેમક હોવો જોઇયે. અહીં મુંબઇના ચલે જાઓ બડે જાઓ શેઠ સાહેબોને કહું છું કે વીસબાડનની ભાડાંની ગાડીના ઠહેરા આગળ તમારા હણહણતા ઘોડા અને કાળા મસોટા જેવા કોચમેન અને તેથી કાળા હણક જેવા માહે બેસનારા શેઠીઆ કુછ બીસાદમાં નથી. નહીં માનો તો અત્રેના ગાડી બનાવનાર ખાં, મી૦ પ્રેસ અમારી સાથે હતા, તેમને પુછો. ગાડીઓ એવી તો છંદર અને ઘોડાઓની મરોડ એવી સુંદર કે તે ભાડેની છે એમ મનાયેજ નહીં. ઉપર કોચમેન નરો જાણે મેમબર આફ કૌનસીલ.

વળી કાસમને કહીયે "એક ભાડેની વીકટોરીયા લઇ આવ" કે બાલુને કહીયે કે "ગીરગામની પઠઠીને લાવજે" એવાં લેજાં દુખણ અત્રે નથી. ઘરેઘર ટેલીફોન અને દરેક જીલ્લાના ગાડીનાં "સ્ટાંડ"માં પણ ટેલીફોન. ગાડી જોઇતી હોય તો નજદીકનાં સ્ટાંડ ઉપર ટેલીફોન કરવો કે "બે ઘોડાની ગાડી, નંબર પાંચ વીલીયમ સ્રાસે" એટલે પાંચ મીનીટમાં દરવાજા આગળ ગાડી આવીને ઉભેલીજ છે. આપણાં નામાંકીત મુંબાઇ શેહેરમાં બોચી બોડાવેલો અને લાલ ટરકીશ ટોપી પેહેરેલો અને ચીનાઇ વાંદરા જેવો ચલ્લીચોર હાંકનાર કોચબાક્ષ ઉપર અક્કડ બેસીને ફરરરર ફરરરર ચાબુક મારતો પીંજરાપોલ ઘોડાને લઇ આવે છે તે જોવા પછી અહીંની ભાડેની ગાડી આપણને એક જાતની શરમમાં નાખે છે. વળી બીજું શું? "બહારકોટ જવાના છ આના લેશો કે?" "શેઠ શું આપેછ?" "મારૂં ભાડું તો રૂપીઓ થયું" વગેરે તકાજા અને રકજકથી અહીં કોણ અજાણ્યું છે? દરેક ગાડીઓ ઉપર એવી કરામત કરેલી કે એક નાહનું પાટીઉં સાંચાથી લાગુ કીધેલું. તે ઉપર લખેલું કે "ફ્રી" એટલેજે આએ ગાડી ખાલી છે. જેવો પાસીનજર અંદર બેઠા કે આ પાટીઉં ગેબ થઇ જાય. અહીંની પેઠે હાંકનારથી ગપ મરાયજ નહી કે "મારી ગાડીમાં ભાડુત છે શેઠ." ગાડીમાં બેસીને ગમે ત્યાં અને ગમે એટલો વખત ફરો. એક ઘડીઆળ જડેલું તે ગાડીના ચાલવા

સાથ પોતાનું કામ કરયુંજ જાય. અને જેવા તમો ઉતર્યા કે શું ભાડું આપવાનું તે આ ઘડીઆળ બતાવે. એટલુંજ નહીં પણ કોઇ ઠેકાણે મળવા જવું હોય અને ગાડી પાં કલાક અરધો કલાક ખોટી થાય તો આ ચંચળ ઘડીઆળ ચોક્કસ સાંચાકામથી ઓછી ઝડપે ચાલતુંજ રહે અને પાછા ઘર વળયા એટલે શું આપવું તે આ ઘડીઆળજ બતાવે. જે આંકડો ઘડીઆળ બતાવે એટલું પગાર કરવાનું એટલે કોચમેનના બાપથી બોલાય નહીં. વળી કોઇ કહેશે કે આપણને માઇલ, અરધા માઇલમે છેટે જવું હોય તોબી કોચમેન આપણને અં-જાણ્યા મુસાફર જાણી બે ચાર માઇલનો આંટો આપી લાંબે રસ્તે લઇ જાય તો તેનું કેમ? ના, યુરોપ્યન જેહેનદાર ભેજાએ તેની પણ સરસ ગોઠવણ રાખી છે. એક બીજું ઘડીયાળ અમુક ગાડીએ કેટલી મંજલ આખા દહાડામાં કાપી તે બતાવે એટલે એ ગાડી પોતાનું કામ ખલાસ થતે તબેલે છુટવા જાય કે ગાડીનો માલેક આ ઘડીઆળમાં જોય કે ઘોડાઓએ કેટલી મંજલ કાપી હતી અને તે પ્રમાણે કોચમેન પાસેથી ઠોકીને પૈસા લીયે એટલે ચાર પાંચ માઇલનો ફોકટનો ઘેરાવો ખાધામાં કોચમેનને કશો લાભ નહીં. જેવી ગાડી પાછી સ્ટાંડપર ઉભી કે દરેક ઘોડાના અંગ ઉપર ઝુલ નાખેલીજ છે. અહીં કોઇવાર એક વીકટોરીયાને બોલાવ્યે તો ચૌદ જણ સરાસર ચાબકના સપાટા મારી આપણા અંગ



યુરોપની ભાડેની ગાડી

ઉપર ધસી આવે તેવું યુરોપમાં છેજ નહીં. જે પહેલો હોય તેજ આવે અને ઘોડાઓને એવા શીખવી મુકેલા કે જેવી પહેલી ગાડી ગઇ ને તેની જગ્યા ખાલી થઈ કે પાછળના ઘોડાઓ પોતાની મેળેજ ચાલીને, કોચમેન વગર તે જગ્યા પુરે. યુરોપનાં દરેક મોટાં શેહેરમાં ભાડેની ગાડીઓ ઉપર પોલીસનો એવો જબરો ધાક છે કે કોચમેનથી ચું કે ચાં બોલાતું નથી. ત્યારે બોલો હવે ઘરગતુ ગાડી રાખનારને શું કહેવું જોઇયે? પ્રોફેસર પાજેનસ્ટેચરની સાદાઈ અને અત્રેના કેટલાક ઇચમજી ડાકટરો વચ્ચે કેટલો ફેર! પહેલવહેલી ગાડી રાખી તો જલેબી વહેંચી અથવા પાલખી રાખી તો સહવેણાનાં ગીત ગવાડ્યાં એવો મુર્ખાઇભરેલો હાંફરો કે દેખાદેખીની ટચાકીથી યુરોપના મહાન વીદવાનો બીલકુલ અજાણ છે. લંડન, પારીસ, કે બર્લીન જેવાં શેહેરમાં ઘરગતુ ગાડી રાખવાનું કામ કાંઇ આસાન નથી. ક્રોડપતીઓ એવો શોખ રાખે છે ખરા, પણ ત્યાંની ઘરગતુ ગાડીઓનો ખર્ચ સાંભળી આપણ પુર્વ તરફના રહીશોનાં લેજાં ચળી જાય છે. કોચમેનનો પગાર સોથી સવાસો રૂપ્યા! વળી તેને માટે સુવાનો ઓરડો જુદો ને બેસવાનો જુદો. તે સીક પડે ત્યારે તેની દવાદારૂ કરવાને શેઠ બંધાયલો. તેનો બનાતનો કોટ કાંઇ નહીં તો એકસો રૂપ્યાનો હશે. પગમાં ગુટણ સુધીનાં પેટંટ લેધર બુટ ચાલીસ રૂપ્યાના, માથે સીલ્ક હેટ પંદરથી વીસ રૂપ્યાની. મુંબઇમાં તો અભાગ્યા

પરાગને બારથી તેર રૂપ્યા આપશે, તો બાઇ કહેશે ઝાડુ કહાડ, ને બેટી કહેશે કે આટો દરાવી લાવ, બેટો બુટ સાફ કરાવશે અને બાપ ચીઠી ચપાટ્રી આપી માઇલ બે માઇલ ખદેરશે—આ બે દેશ વચ્ચે એટલો ફેર છે.

હું ઉપલાં વર્ણનમાં યુરોપની પોલીસ માટે સેહેજ ઈસારો કરી ગયો છું. લંડનની પોલીસ આખાં યુરોપમાં સર્વથી ઝમકદાર કહેવાય છે. તેનું દાસ્તાન હું હવે પછી મારાં લંડનનાં પ્રકરણમાં આપીશ. પણ તેટલાં મારે પ્રીય વીસબાડનના પોલીસમેનને વીસારી મેલવો જોઇયે નહીં. આહાહા! પાસે જુઓ. નરો જાણે કર્નલ ટામકીન્સ જેવો નથી લાગતો? જાણો કે એ કાંઈ ઇનસ્પેકટર નથી, પણ સાધારણ પોલીસમેન છે. આપણા દીવાસળી જેવાં તેટાંવાળા સીપાઇ દાદા અને આ જંગી વચ્ચે કેટલો ફેર! તમે કહેશો કે આ તો ગોરી ચામડીવાળો યુરોપીયન છે. પણ આપણા ગોરી ચામડીવાળા કનસટેબલો અને ઈનસ્પેકટરોબી યુરોપીયન છે. પણ યુરોપની હવાનેજ વરદાન છે. શું આ સીપાઇની લાયકી, શું એની ઉતર આપવાની સફાઇ, શું અજાણ્યા મુસાફરોને મદદ કરવાની તેની કાળજી, અને તે સાથે શું સર્વ ચીજ ઉપર નજર રાખવાની તેની હુશીયારી. સાહેબ લોકને મીલીટરી ફાસીન સલામ કરતા અને દેશીઓ ગમ ફ્રોકટના વણસાયલાં ડાચાં કરતા દેશી સીપાઇઓ અને આ વેલાતી સીપાઈઓ વચ્ચે સરખામણી કરવાની હું સરક-



જર્મન પુલીસમેન.

સીજ કરતો નથી. એ બેની જાતજ જુદી છે. ભાતજ જુદી છે અને વાતજ જુદી છે. જર્મનીની પોલીસ વીશે કેટલીક ખોળ કરતાં મને ઘણી ઓચંબાભરી ખબર મળી છે. કહેછેકે બર્લીનની પોલીસની હકુમત એટલી મોટી છે કે તેનાથી મીલીટરી વટીક હઠી જાય છે અને ખુદ રાજ-કર્તાઓનુંબી તેમના આગળ ચાલતું નથી. પણ તેની વીગત હવે પછી આપીશ.

ગાડીઓની વીગત આપતાં હું લખતાં ભુલી ગયો કે વીસબાડનનાં દરેક મુખ્ય મોહોલાઓમાં ઇલેકટ્રીક ટ્રામ દોડે છે. દર બે મીનીટે એક ટ્રામ કણહણ કરતી આવે છે અને ફક્ત ૧૦ ફેનીંગ એટલે પાંચ દોઢીઆંમાં તમને લગભગ પંદર મૈલ લઇ જાય છે. આ ટ્રામો કલાકની વીસ મૈલની ઝડપથી દોડે છે અને માઇન્સ બીબરીચ વગેરે શેહેરો જે વીસબાડનથી વીસ મૈલપર છે ત્યાં એક કલાકમાં ફેરવીને પાછા લાવી નાખે છે. કાંઇ કામ ન હોય ને જરા ફરી આવવું હોય તો એકાદ ટ્રામમાં ચહડી બેઠા તો આખે રસ્તે રચના જોતા જોતા માઇન્સ જઇ ત્યાં રહાઇન નદીનાં દર્શન કરીને પાછા આવો અને ખર્ચ ફક્ત પાવલો.

વીસબાડનમાં દર મોહોલામાં સુમારે અર્ધો ડજન ડાકટરો હશે. પણ સૌ સૌની "સ્પેશીયાલીટી" છે. કોઇ કલેજાંનો તો કોઇ છાતીનો, કોઇ બદહજમીયતનો તો કોઇ વહાડકાપનો, એવા જુદા જુદા રોગોના જુદા જુદા પુજા-

રીઓ છે. કોઇબી ડાકટરને ડીગ્રી મેળવ્યા સીવાય કામ કરવા દીધામાં અથવા પાટીઉં મારવા દીધામાં આવતું નથી. અહીંની પેઠે કમપાઉંડર હોય તેબી ડાકટર, કાનકા વૈદ હોય, નાક્કા વૈદ હોય તેબી ડાકટર સાહેબમાં ખપે છે. અહીંના L. M. & S. વાળાબી પોતાને ડાકટર લખાવે છે. પણ ત્યાં તેવું કશું ચાલતું નથી. વળી આખાં વીસબાડનમાં તમે એક નાકેથી બીજે નાકે સુધી ફરો તો એકબી બીમારી નજર પડતો નથી. કોઇબી અલફાતુ માણસને શેહેરમાં રહેવાનો હુકમ નથી. આ બાબદમાં પોલીસનો જાપતોભારી છે. તેજ પ્રમાણે શેહેરમાં વેશ્યાઓની સખત મનાઇ છે. કોઇબી સ્ત્રી રસ્તામાં કઢંગી રીતે વર્તે તો તેણીને તાબડતોબ શેહેરની બાહાર મોકલી દેવામાં આવે છે. વીસબાડન આપણાં મહાબળેશ્વર, માથેરાનની પેઠે સુખશાંતીનું મુકામ છે અને ત્યાંના ઝરાનાં પાણી પીવાને માટે આખી પ્રથ્વીના સાતબાર લોક આવે છે, તે લીધે શેહેરને નીરોગી રાખવાને ત્યાંની કૌન્સીલ મોટો જાપતો રાખે છે. શેહેરમાં એકબી ઉઘાડે પગાયો મારા જોવામાં આવ્યો નથી. તેમજ આખાં જર્મનીમાં એકબી છાકટ પુરૂશને મેં જોયો નથી. ના, એટલુંજ નહીં પણ કાંઇ વઢવાઢ કે કલાબકોર કે ધકાધકી જેવી ચીજ નથી. ભર વસતી છતાં બધા જાણે મુગા બેહેરા હોય તેમ વસે છે. દરેક ઘરમાં ઈલેકટ્રીક લાઇટ છે. પાંચ હજાર માણસની વસતીવાળાં ગામમાંબી ઇલેકટ્રીક લાઇટ.

અહીં મુંબઇમાં લાઇટ આવવાની છે તે માટે વરસો થયાં ઢોલ તાસા વાગી રહયા છે ને ત્યાં તો કંઇક ચુલાપરબી ઇલેકટ્રીક પાવરથી રંધાય છે!!

પ્રકરણ—૭ મું

છે તો લાખ માણસની વસતી પણ આ વીસએડન સફાઈ સુઘડાઇ અને સુધારામાં સાત મુંબઇને પાણી પાય એવું છે. આખાની વ્યવસ્થાનું વર્ણન હું આપી ગયો છું પણ હવે એક નવાઇ જેવાં ખાતાંની કેટલીક બહુજ ગમ્મતની વીગત આપીશ. ખાણું હજમીયત ન થાય, ને છાતીપર દાહ બળે ને પેટમાં ચુંકો થવાની ટેવ હોય, ને ખાટા ઓડકાર આવે ને એવી બીજી વ્યાધીઓ જેને સાધારણ રીતે "ક્રોનીક ડીસપેપસીઆ" કહે છે તેનાથી કોણ અણજાણું છે? સુનામખીના ધીચારા અને દર રવીવારે કાંશીઆ ભરીને ઉકાળાની બચગીની યાદ હજી મારા મનમાં તાજી છે કે જેવારે રવીવાર આવતાં દીલમાં ખુશાલીને બદલે સવારના પોહોરમાં ફાળ પડતી અને માથાં સુધી ઓઢી પોઢીને ચીંગા મીંગા થઈને બીછાનામાં પડી રહેના કારણ કે દર રવીવારે સુનામખીનો ઘોટાળો ચુલા ઊપર તૈયાર થતો અને સવ કમબખત પોરીઆઓને હારબંધ બેસાડીને માતાજી હાથમાં ને

તર લઇને સામાં ઉભાં રહેતાં હતાં. એ બદહજમીનાં દરદથી તો સઉ વાકેફ છે પણ તે શાથી થાય છે અને તેનો ઉપાય શો તેની વૈદક વીદયારૂપી તપાસ લગભગ હસ્વા સરખી ટોચ ઉપર જર્મનીએ ચાઢાવી દીધી છે. બદ હજમીયતવાળા પુરૂષોને રાખીને તેમની તપાસ કરનારાં આ દેશમાં મોટાં ખાતાં છે અને તેમાંનું એક નામીચું ખાતું હું નીચે વર્ણવું છું. મારા એક પારસી મીત્ર જેઓ પેટમાં ચુકો અને વાયુ વેદનાથી મુંબઇમાં ઘણા આજેજ થતા હતા તેઓ આ ખાતાંમાં રહીને સાજા થઇ, હોજરીને ગાયા ધોબીને તયાં નવેસરથી ધોવાડીને પાછા ફરયા છે. તેમની તરફથી નીચલી કેટલીક વીગતોનો હું આભારી છું. જેમ પાજેનસ્ટેચરની કલીનીક આંખના બીમારો માટે છે તેમ આ કલીનીક હોજરાંના બીમારો માટે છે. બીમારે આ કલીનીકમાં જઇને રહેવું જોઇયે અને ત્યાંના કાયદા કાનુનો પ્રમાણે વર્તવું જોઇયે. અહીં પણ હોજરીનાં દર્દોના ખાસ પ્રોફેસર પોતે જાતે બીમારોની દેખરેખ રાખે છે. પેહેલાં તમને એક જુદો ઓરડો રહેવા આપ્યો કે પછી બીજે દહાડેથી જીવપર જોરાવરી શરૂ થાય છે. સહવારના પોહોરમાં સાત વાગતે ચોકસ જથ્થામાં પાંઉ, ચાહા, માખણ વગેરે પ્રોફેસરના હુકમ મુજબ આપવામાં આવે છે. અને પછી બે કલાક સુધી આમ તેમ ફરયા બાદ મોહોડાં વાટે રબરની નળી ઉતારી સઘળું ખાધેલું

પાછું પંપથી કહાડી લઇ, તે વાસણ ઉપર બીમારનું નામ વગેરે લખી રાખીને તપાસના ઓરડામાં સઘળાં બધાનાં હારેકટાર ગોઠવવામાં આવે છે. માઇક્રોસકોપથી સઘળી ઓક તપાસી તેમાં શું ભાગ હજમ થયો ને કયો ભાગ એમને એમ નીકળી આવયો ને બધું સંભાળથી આસીસટંટો નોંધી લે છે. દસ વાગા પછી તમારે ગમે ત્યાં જાઓ આવો તેની ચીંતા નહી પણ બપોરના બે વાગ્યા કે વળી પાછી નવેસરથી જોરાવરીની ઝુમ બેસ શીરૂ થયલી જાણવી. ચોકસ વજનમાં ગોસ્ત, પાઉં વગેરે ખાવા આપે ખરૂં પણ મન સાથ ગાંઠ વાળી મુકવાનો કે આ બધી ફોકટની બીસની છે. કારણ કે એક કલાક પછી બધું પાછું કહાડવું પડશે. ખાધેલું અડધું જરયું કે પેલાં નામાંકીત વાસણો પાછાં આવેલાંજ છે. ગળાંમાં નળી ઉતારેલીજ છે ને ઓ—ઓ—ઓ કહાડ પાછું. વળી પાછાં સઘળાં નંબરવાર વાસણો લઇ જઇને કેમીકલ એક્ઝામીનેશન રૂમનાં મુકયાં કે તેની તપાસ ચાલી. આજે તો શુગર વધારે હતી, અને આલ બયુમન ઓછું હતું, ફાસફેટસ બરાબર હતાં અને સાલટસ જરા વધારે જોઇયે વગેરે પ્રથકરણનાં પરીણામ પ્રોફેસરની હજુરમાં મુકવામાં આવે અને તે રીપોર્ટો જોઇ જોઇને ખોરાકમા ફેરફાર કરાવે. જયારે તે જોય કે ઓકેલો ખોરાક હવે બરાબર પાચન શકતી બતાવે છે ત્યારે બીમારને શું ખાવું ને શુ ન ખાવું તેની બરાબર

તાકીદ આપીને પછી કલીનીકમાંથી રજા આપે. પ્રોફેસરની ફી દરરોજના દશ મારક (બા રૂપ્યા) અને કલીનીકમાં રહેવાનો ખરચ જુદો. પણ આ તો ગળાં વાટે અધક-ચરા નીકળતા ખોરાકની વાત થઇ પણ જર્મની તેટલાંથી સંતોશ પામ્યું નથી. બર્લીન, બરૂસલસ વગેરેમાં ખાસ ખાતાં છે જ્યાં એકને બદલે બીમારોનો ઝાડો રોજ જુદાં જુદાં વાસણોમાં ઝીલીને તે દરરોજ ખાસ સુક્ષ્મ દર્શક યંત્ર વાટે તપાસીને તેના પાચન થયલા અને ન પાચન થયલા ભાગો જુદા પાડીને તે ઉપરથી રીપોર્ટ રચીને બીમારનાં હોજરાંની હાલત તપાસવામાં આવે છે. પણ હવે આ તો વીધાની નમુગાઇની હદ થઇ. માટે હું આ વીચીત્ર વ્યાખ્યાન અત્રેજ બંધ કરૂં છું.

જ્યારે હું જુદી જુદી જાતના "ક્યુર" એટલે બીમારીના ઉપાયો વીશેજ લખવા બેઠો છું ત્યારે તો પુરૂંજ લખી કહાડવાનો જીવ થાય છે. વીલાયત ભણી એકજ ડાકટર બધીજ જાતની બીમારીની દવા કરતો નથી. સર્વેની પોતાની સ્પેશીઆલીટી હોય છે અને તેઓ એક બીજાનાં કામમાં હાથ ઘાલતા નથી. એકજ દાખલો આપું. સ્ટીમર ઉપર સ્ટીમ પડવાથી મારો પગ દાઝી ગયો હતો તે હજી બહુ વેદના દેતો હતો. હું આંખે પાટા બાંધીને બીછાનામાં પડેલો હોવાથી જ્યારે મેં તે વીશે ઈસારો કરયો તયારે સાફ ઉત્તર મળયો કે તેનાં ત્રીટમેંટ વાસ્તે બહારથી ડાકટરને બોલાવવો. પણ આવા આવા નામાં-

કીત વૈદશાસ્ત્રીઓ વીસબેડનમાં કાં આવીને ભરાયા હશે? ખોલાસો સેહેલ છે. અહીં સઘળા મળી ૩૦ ગરમ પાણીના ઝરા છે. અને તેના દવાઇ ગુણની એટલી વાખ વાખી છે કે છેક અમેરીકા, આફ્રીકા, આસ્ટ્રેલીઆ, એશીઆ વેરથી લુલા લંગડાઓ આ પાણી પીવા અને આ પાણીમાં નાહવા માટે આવે છે. આ લીધે મોસમમાં વીસબેડન કરોડપતીઓથી ભરેલું રહે છે. સર્વેથી સરસ ઝરો "કોકબરૂન" ગારડનમાં આવ્યો છે જેની આસપાસ મેહેલ જેવાં મકાનો બાંધી લીધાં છે અને ત્યાં ફુતડી છોડીઓ શુધ સફેદ ડરેસમાં ઝરામાંથી પાણી સર્વેને ભરી આપે છે. સર્વ પીનારાઓ પોતપોતાનાં ગ્લાસો જુદાં રાખે છે પણ આ છોડીઓ એવી ચપળ છે કે તમને જોતાં ને વાર હજારો ટંબલરોમાંથી તમારૂં ટંબલર શોધીને પાણીથી ભરી આપે છે. સાહવારના સાતથી દસ વાગા સુધી પાણી પીનારાઓની હજારોની ધમાલ પડે છે પણ ધકાધકી જેવી ચીજજ નથી. કારણકે એવો સરેસતો છે કે સર્વેએ અકેકની પાછળ સીધી હારમાં ચાલવું. વળી આ પાણી પીનારાઓને રીઝવવા થકી એક ગમ બેંડ વાગે, બીજી ગમ રીડીંગ રૂમ, ત્રીજી ગમ વીઝીટરોને તોલવાની સામગ્રી વગેરે તૈયાર. હું કોઇ કોઇ વાર સાહવારના ત્યાં જઇને રમુજ જોવા બેસતો હતો અને મારાં અવલોકનનું પરીણામ હવે આપીશ. સર્વે કોઇ આવે અને હાથમાં સોનેરી રૂપેરી ટંબલરો

ભરીને પાણી લાવી ને બારે બારે ડોળે જોય કે મને કોઇ જોયછ કે નહીં. થોડાંક ડોસાં ડગરાં અને અરધો પગ ઘોરવાળાં સીવાય બીજાઓ તો ફક્ત દેખાદેખીથી પાણી પીતાં હોય એવું મને લાગ્યું. જ્યાં પાણી પીવાનીજ ફાશીન ત્યાં પછી ઘરમાં કેમ બેસી રહેવાય. ન્યુસપેપરનો ઓથો કરી તમે જુઓ તો એકેકા સાહેબો પાણીનો ભરીને એવું ડાચું કરેકે જાણે ઓય પાછું કહાડશે. એક ગ્રહસ્થને તો હળવેથી ખીસામાંથી ખાટું લીંબુ કહાડીને પાણીમાં નીચવતો મેં મારી નજરો નજર જોયો હતો. કાયદો એવો કે સાહવારના પોહરમાં ઉઠીને અડધો કલાક ખુલ્લી હવામાં ફરવું, ને પછી કોકબરૂનમાં જઇને એક કે બે ટંબલર પાણી પીવું ને પછી તુરત અડધો કલાક વાડીમાંજ ફેરા ખાઈને ઘર જઇ નાસ્તો લેવો. પાણીમાં સેજ જુલાબનો ગુણ છે અને તેનાથી રૂમેટીઝમ, બદહજમી, કબજીયાત વગેરે નાહાસી જવાના પ્રતાપ કહેવાય છે. પણ મારા જેવા અણસમજુઓનાં મનમાં આ વાત બરાબર ઉતરતી નથી. મરહુમ ડાકટર કોસીસાંઉને માટે કહે છે તેમ જો સાહવારના પોહોરમાં ઉઠે ને ખુલ્લી હવામાં ફરે ને પાણી પીવાને બાહને બહાર પડે ને પછી વળી અડધો કલાક ફરહર કરે તો માટલાં માહેલાં સાદાં પાણીમાબી જરા "સાલ્ટ" નાખીને પીએ તો કબજીઆતનું જોર નરમ પડી જાય. કહયું છે કેની કેઃ—

સકાળે વેહેલા ઉઠી
પેટ રૂચતું ખાય.
ખુંખારી દાતણ કરે
તે વેદ ઘેર ન જાય.

મેં એકજવાર આ પાણી પી જોયું તો સ્વાદમાં આમનતર જેવું અને ઉનુ હતું. પીધા પછી પાએક કલાકે ઉલ ગભરડી થવા માંડી એટલે ફરીથી તેનું નામજ લીધું નહીં. આ પીવાના પાણી ઉપરાંત નાહાવાના ઝરાભી છે અને તેની ઘણી વાખવાણી છે. નાહાવા માટે ખાસ બાથ હાઉસીસ બાંધેલાં છે અને ત્યાં ૯૨ ડીગ્રીથી ૯૫ ડીગ્રી સુધીનું પાણી નાહાવા સારૂં કુદરતી આકારમાં મળી શકે છે. કહે છે કે રૂમેટીઝમ, સાંધાના દુખાવા, નરવસ કમપલેન્ટ, લકવો, સાયટીકા, વીર્યનાં ગુપ્ત દરદો, ગાઉટ વગેરે ઉપર આ દવાઈ હમામ અકસીર છે. પહેલાં તમને આ ગરમ પાણીમાં પા કલાક રહેવા દે છે અને પછી આસતે આસતે ટાઇમ વધારી પોણા કલાક સુધી માહે ધરફરી મારવી જોઇયે. પાણીમાં પડી રહેવાનું નહીં પણ આમતેમ હીલચાલ કરવાની અને બીજાં માણસ પાસ જડ થઇ થયલા ભાગ ચોળાવવાના. ટબમાંથી બહાર નીકળ્યા કે આંગ નુછી નાખીને ત્યાંનું ત્યાંજ અડધો કલાક ઉંઘી જવાનું. ઉંઘમાંથી ઉઠયા કે પછી એક કલાકે નાસ્તો. આ હમામના ગુણ હો કે ના હો પણ વીસબેડનમાં લુલા લંગડાઓનું

જે સંગ્રહસ્થાન જમાવ થાય છે તેવું મેં મારા જનમમા જોયું નથી. પછવાડેથી હડસેલવાની "બાથ ચેર" કાંઇ હજારોની સંખ્યામાં આ શેહેરમાં ફ્કડી જાય છે અને સાંજના કુર ગારડનમાં બેંડ વાગે છે તેવારે તો ઘરડી બાઇઓ આ બાથ ચેરમાં બેસીને કાને ભુંગળાં ધરીને મયુઝીક સાંભળતી, એ એક અજબ ચાનક્ય દેખાવ છે.

પ્રકરણ—૮ મું.

મારી કથા તો કથાને ઠેકાણે રહી પણ વચ્ચે વચ્ચે તો હવે બાહેરથી સવાલો પુછાયા માંડયા છે તેનું કેમ કરવું? આમ ચોતરફથી ખોલાસે વીલાયતનો વરઘોડો ચાલુ થશે તો કાશી સંઘ કેમ જશે! પણ ચીંતા નહીં. આ મારૂં પીંજણ વાંચીને કાંઇકબી રસ પેદા થાય છે, એવી જામીનગીરી આવા પ્રશ્નોથી મળે છે; માટે પુછો, ભાઇઓ પુછો—મારાથી બનશે એટલો ખોલાસો કરીશ. એક બીરાદર પોતાના ખરાં નામ સાથે જાણવા ઈચ્છે છે કે "સર્વે જરથોસ્તીઓ જેઓ યુરોપની મુસાફરીએ જાય છે તેઓ યુરોપીયન પહેરવેશમાં ફરે છે. પણ હાલ મારા ત્રણ મીત્રો વીલાયત જનાર છે તેઓ પોતાના પારસી કોટમાંજ અને પાઘડી બદલે મોગલ કેપમાંજ રાઉંડ ધીવર્લ્ડ જવાની તૈયારી કરે છે. તેઓને દરેક બાજુથી ગભરાવવામાં આવે છે કે હાડમાર થશો ને કોઈ કોઠું

આપશે નહીં તથા અફ્રીકાના 'નીગરો' માફક 'ત્રીટ' થશો. તો સાહેબ આપનો અનુભવ આવતા સનીવારના 'જામે'માં આવે, એ બાબદમાં, તો હાલ જતા જવાનોને વખતસર કામ લાગે." મારો ઉતર હું સમજાવું છું. યુરોપના મોટા ભાગમાં એશીયા અને હીંદુસ્તાન વીશે એટલીનો બેખબરી છે કે હું હીંદુસ્તાનથી આવ્યો છું અને પારસી છું એમ કહ્યું ત્યારે મોટો ભાગ તો તે સમજેબી નહી. કોઇ કહે "ઇંડીયા, તે શું? કેનેડા?" બીજો કહેશે "હું-હું-તું હંગેરી તરફનો છે." પારસી એટલે દેશી છે એમતો કોઈ સમજેજ નહીં. આપણી તરફ નેટીવ શબ્દ એક અપવાદ તરીકે વપરાય છે પણ 'નેટીવ' શું ને યુરોપીયન શું તેની સમજ અથવા દરકાર આખા યુરોપમાં નથી. ડરેસડન, બર્લીન, ખુદ લંડનમાં મેં ઘણાક અરબો, ચીનાઓ, ખલાસીઓ વગેરેને પોતાના દેશી પહેરવાસમાં જોયા છે. એટલુંજ નહીં પણ કાળા મેસ જેવા, જાડા હોઠવાળા, ગુચળાદાર બાલવાળા સીદીઓ ગોરી મડમ સાથ પરણેલા અને કેડે ગોરૂં કે કાળું છોકરૂં મારીને પોતાની સુફેદ પ્રીયા સાથ ભર રસ્તામાં ચાલી જતાં મેં જોયાં છે—પણ કોઇ તેમની દરકાર કરતું નથી. જર્મનીમાં એક પારસી બાનુને મેં સાડીમાં ફરતાં હરતાં જોઇ હતી. અલબતાં તે આગળ ચાલી જાય એટલે લોક પાછું ફરી નીહાળીને જોય ખરૂં પણ તે સીવાય બીજી કશી આપદા નડે નહીં. જરા આસપાસનાં ગર ગામડાંમાં જાય તો મોહોલાના

રમતાં છોકરાં નવાઇને લીધે આસપાસ ભેગાં થાય અને ગીરદી કરે પણ કોઈ વાતે હેરાન કરે નહીં. એટલા માટે મોગલ કેપ અને કાળા ડગલામાં ફરશો તો કાંઇ હરકત નથી બલકે માન ઝાઝું મળશે. પણ યુરોપમાં એક કમાલ એબ છે. અને તે એ કે ત્યાં સર્વ એશીયાટીકોને નવાબ નહીતો પાદશાહ સમજે છે. અને કોઈબી દુકાનમાં પેઠા કે જર્મન પાસેથી એક માર્ક તો 'ફારેનર' પાસેથી ચાર માર્ક! મોગલ કેપ પહેરશો તો ગીરદીમાંથી રસ્તો મલશે, પોલીસમેન તમારી ખાતરદારી કરશે, નાટકશાળામાં આપેરાગલાસો ટીકાશે, છોકરીઓ હસી હસીને તમારો જીવ બેહેલાવશે પણ ખીશું એવું તો ચીરાશે કે મોગલ કેપ લગાર ગરમ પડી જશે. વળી બીજી પીડા એ છે કે આપણા દેશમાં માથે પાઘડી રાખીને ખાવા બેસવામાં અને દીવાન ખાનામાં દાખલ થવામાં માન છે એમ યુરોપને ખબર નથી. એટલે કોઇ હોટેલમાં કે જાહેર જગામાં જમવા બેઠા ને ટોપી નહી ઉતારી તો વખતે અપમાન લેવાનો સંભવ છે. નાટકશાળામાં ટોપી સાથે બેઠા તો વખતે નારંગી ધબ દેતી આવી પડવાનો સંભવ છે. માટે સર્વથી શાહીતાન ડાવો કરવો હોય તો એ લોકના જેવાજ થઇને જાઓ કે પછી કોઈ તમારી ગમ ઝાંખીને જોવાનુંબી નથી. બધા ગભરાવે છે કે દેશી ડ્રેસમાં ફરશો તો કોઇ કોઠું આપવાનું નથી. ના—ના, તેથી ઉલટુંજ છે. તમે તમારા મનમાં જે ચીતર્યું હશે તે કરતાં વધારે

કોઠું અપાશે. બધો મામલો જોતાં મારો ખાલેસ અભીપ્રાય એ છે કે દેશ તેવા વેશ એ સર્વથી સલામત માર્ગ છે.

જે બીજો સવાલ મને પુછવામાં આવ્યો છે તેનોબી નીકાળ અહીંજ કરી નાખું છું. એક મીત્ર લખે છે કે "તમારી બહુજ મનપસંદ, કાહાણીને વીસરાવે એવાં લખાણની હું દર સનીવારે આતુરતાથી વાર જોઉં છું. અને તેની કાપલીઓ કાપીને એક ચોપડીમાં વળગાવું છું. આ ચોપડી મારા ઘણાક મીત્રોમાં અત્યારથીજ ફેરા ફરવા માંડી છે. પણ તમારો વીસબેડનના નામીચા ડાકટર પાજેનસ્ટેચરનો હેવાલ હજી અધુરો છે. એ નામાકીત વૈદે કેવાં કેવાં ઓપરેશન કીધાં તેનો કંઈક ખ્યાલ હવે પછીના અંકમાં આપશો તો તે વાંચવા જોગ થઈ પડશે" બીરાદરે અઝીઝ, હું કાંઇ ડાકટર નથી કે શી જાતનાં આપરેશન કીધાં તેનાં નામ ઠામ ને વ્યાધી આપું. પણ જે મેં નજરે જોયું તેનું ચીત્ર આપું છું—પછી તમારાં ડાકટર પાસેથી તે સમજી લેજો. હું જ્યારે ત્યાં હતો ત્યારે લંડનથી મી૦———નામનો એક જવાન પાદરી ત્યાં ત્રીટમેંટને સારૂં આવ્યો. તેની ઉમર ઘણીતો ચોવીસ વર્ષની હશે. તેને અત્યંત શોરટ સાઇટ હોવા પછીથી તદન આંધળો થઇ ગયો હતો, તે એટલાં સુધી કે ડ્રાંઇંગ રૂમમાંથી ખાવાની મેજ ઉપર તેને હાથ પકડીને લઇ જતા હતા. તેની નાની આવકનો આધાર બેશક તેની આંખ ઉપર હોવાથી તેણે ઈંગલંડમાં ઘણાં

ફાંફાં માર્યાં પણ આરામની કશી આશા ન મળી એટલે વીસબેડન આવ્યો. પ્રોફેસર પાજેનસ્ટેચરે તેને તપાસીને મત આપ્યું કે એક ઓપરેશન છે જેમાં ૯૦ ટકા ફતેહ થવાની આશા છે. અગાર નીશફળ થશે તોબી શું મુજાકો છે! એમબીને એમબી અંધાપોતો છેજ માટે ટ્રાઈ કરવા દેવી. પાદરી મી૦——લાચાર એટલે હા પાડી અને પ્રોફેસરે એક સવારના આ માહાભારત ઓપરેશન બજાવ્યું. તેણે આ કમબખત પાદરીની બેઉ આંખમાં એક ઝીણી તરોપનથી સુરાખ પાડ્યાં અને ચોથે દાહાડે જાહેર કીધું કે ઓપરેશન ફતેહમંદ થયું છે અને બીમાર જોતો થશે! આ બનાવને પંદરમે દાહાડે હું કુર ગાર્ડનમાં બેંડ સાંભળવા ગયો તો એક ગ્રહસ્થ સામે મુકેલાં પ્રોગામ સ્ટાંડમાંથી કાંઇ લખી લેતો હતો. પીઠ પરથી તે મને પાદરી——જેવો લાગ્યો. હું આગળ જઇને જોઉંછું તો સાચ્ચે! મેં બરડાપર હાથ મુકીને પુછ્યું “એ શું કરોછ?” પેલાએ હસીને ઉતર દીધો કે “આજનું પ્રોગામ ઘણુંજ નાદર છે તે ઉતારી લઉંછ.” પણ મેં અચરતી સાથે પુછ્યું કે પ્રોગ્રામ તો તમારેથી આશરે પંદર ફીટ દુર છે ને ઝીણા અક્ષરથી છાપેલું છે તે દેખાયછ કેમ?”—“હું ઘણું સારી તરેહથી આ તફાવતે વાંચી શકું છું. અને તેબી કોઇબી જાતના ચશમાં વગર”!! એક બીજો કેસ છેક સાઉથ આફ્રીકાથી આવ્યો હતો. આ મડમ પોતાના છ સાત વર્ષના છોક-

રાને લઇ આવી હતી. આ છોકરાની આંખ કાંઇ વીચીત્ર હતી. તે બારો હતો એટલુંજ નહીં પણ એક કીકી ઊપર અને બીજી આંખની કીકી છેક ખુણામાં તણાઇ ગયલી હતી. કેવો હીરા સરખો છોકરો આ એબથી બીલકુલ બદસુરત લાગતો હતો. જ્યારે તે આવ્યો ત્યારે આખી કલીનીક તેના માટે દયાની નજરથી જોતી હતી. જ્યારે ખબર ફેલાઈ કે પ્રોફેસરે આ બીમારી સારી થશે એવું જાહેર કરયું છે ત્યારે બહુજ સંતોશ ફેલાયો. 'ઓપરેશન' કીધું અને ચોથે દહાડે આ છોકરાની આંખો સાધારણ માણસોના જેવીજ સરખી થઈ અને તેનુ રૂપબી બદલાઇ ગયું. આઠમે દહાડે તે પોતાની માતા સાથ ખુશાલ પાછો પોતાને વતન ગયો. એવા તો ઘણા દાખલા છે પણ એ સર્વેનું બ્યાન કયાં કરવા બેશું? પ્રોફેસરની મોટામાં મોટી ખુબી એ છે કે તે ફડાકા મારૂ–ડીંગ મારૂ, તીસ–તીસ ધરરર નથી. તે જ્યારેબી રાતના કોઇ મંડળમાં ખાવા બેશે કે તેજ વખતે તેનું કોઇ બીમાર મારતી ગાડીએ બોલાવવા આવતું નથી. નાના નીર્જીવ કેસને આસમાને ડોળા ચહડાવીને મોટું રૂપ આપવાની તેની તબીયત નથી. જો તે કહેશે કે આએ સારૂં થશે તો તે થવાનું ને જો ન જેવું હશે તો સાફ કહી દેશે કે તમારો ટાઈમ ના બગાડો— એ સારૂં ન થાય. સારાંશ–તેનામાં હંબગીઝમની જાત નથી. ગમે એવો બીકટ કેસ હોય તોબી તેનો ચેહરો સદા સાંત

અને હસ્તો દેખાય છે અને ગમે એવું મહાભારત 'ઓપરેશન' કરે તો તેની વરાળબી બહાર નીકળતી નથી. આવી મોટી ભેજાંની કશટી ઉપરાંત તે રાતના એક બે વાગતા સુધી વીદયાનાં પુસ્તકો લખે છે. પ્રોફેસરે આંખના સંબંધમાં ઘણાંક કીમતી પુસ્તકો બહાર પાડયાં છે અને તે પુસ્તકો સારાં યુરોપમાં સતાધારી કહેવાય છે. આ પ્રોફેસરનો એક વડો ભાઈ હતો તે પણ યુરોપમાં નામાંકીત હતો અને તેના નામની જય પોકરાતી હતી પણ એક દીવસ શેકારમાં અચબુચ બંદુક છુટી જવાથી ગોળી દાઢી આગળથી પસાર થઇ ને ખોપરી આગળથી બહાર પડી અને આ મહાન પુરૂષ મરણ પામ્યો. ત્યાર પછીથી તેનો નાનો ભાઇ તે હાલનો પ્રોફેસર જાણમાં આવ્યો. આંખના રોગો ઉપર તેને પહેલાંથીજ શોખ લાગ્યો હતો એટલે ઈંગ્લંડ, ફ્રાન્સ, આસ્ત્રીયા વગેરે મુલકોમાં લાંબાં વરસો સુધી અભ્યાસ કરી હાલની ટોચે પહોંચ્યો છે. પણ શેરનાં બચ્ચાં શેર—તેમ એનો એક ચોવીસ વરસનો બેટો છે તે પણ બાપ કાકાને વીસરાવે તેવો છે અને હાલમાં યુરોપની મહાન આરૂપીઠલોમાં ફરીને અનુભવ મેળવે છે. તમે જાણીને અજબ થશો કે પ્રોફેસર હરમેન પાજેનસ્ટેચરે પોતાના ભાઈની યાદગારીમાં ગરીબ દરદીઓ માટે એક ઇસ્પીટાલ ઉઘાડી છે. કોઇબી દેશના અને કોઇબી જાતના આંખના ગરીબ દરદીઓને ત્યાં આવવાની છુટ છે. પ્રોફેસર એટલો શરમાળ છે કે આ

આસ્પીટલમાં લગભગ બસો આંખના દરદીઓ હોવા છતાં તે વીશે કોઈ આગળ કશી મોટાઇ લેતો નથી, પણ પોતાનું કામ ગુપચુપ કરયો જાય છે. જ્યારે આ વાતની મને ખબર પડી ત્યારે મેં તે વીશે આ પ્રવીણ શીક્ષાગુરૂને પુછી જોયું ત્યારે એક દેશી અને તેબી વર્ત-માનપત્રના અધીપતી તરીકે એક "સ્પેશ્યલ ફેવર" દાખલ મને આ ખાતું જોવા લઇ ગયા. નાનાં ભુલકાંઓથી તે ઘરડા ઘરડીઓ મળી સુમારે દોઢસો દરદીઓ ત્યાં ફરતાં હતાં અને સર્વની આંખે જાત જાતનાં પાટા બાંધેલા હતા. પ્રોફેસર તરફ આ સઘળાંઓ એક પીતાની નજરથી જોતાં. અમે ગયા ત્યારે સર્વેએ ઉઠી ઉભા થઇ પોતાના આ દુઃખ તારણ કરનારને માન આપ્યું. નર્સો, સીસટરો, દવાદારૂ, બીછાના વગેરે સઘળું એક મોટી આસ્પીટલના જેવુંજ હતું. આ આંખની આસ્પીટલ યુરોપમાં એટલી તો પંકાઇ ગયલી છે કે તેમાં આશરો લેવા આવતા ગરીબોનો સમાવેશ થઇ શકતો નથી એટલે બે લાખ રૂપ્યા ખરચી પોતાના મરહુમ ભાઇને નામનું એક બહુજ મોટું મકાન પ્રોફેસર હાલ બંધાવે છે અને "આરકીટેક્ટ" તરીકે તેનો પ્લાન પણ પોતેજ કીધો છે. પ્રોફેસરે મને પોતે આગ્રહ કરી કહ્યું છે કે હીંદુસ્તાન તરફથી કોઈબી ગરીબ બીમાર અત્રે આવશે તો મોટી ખુશીથી તેની સારવાર હું આ ઇસ્પીટાલમાં કરીશ એવું તમારા દેશમાં જાહેર કરજો. આ ઉપરથી હું લખું છું

કે કોઇ ગરીબ હીંદવાસી આંખના મુશકીલ દરદથી પીડાતો હોય તો સ્ટીમરનાં ડેક કલાસમાં આવજાના ત્રણસે અને પરચુટણ બીજા બસો મળી રૂપ્યા પાંચસોની કારસાજી કરી શકે તો પોતાના દુઃખનું નીવારણ આ પંકાયલા તબીબ મારફતે કરાવી શકશે. આ ખાતાંની મદદમાં કોઇબી સખીતબેહદ હીંદુસ્તાનના વતની કાંઇબી રકમ મોકલશે તો તે સ્વીકારવાને અને હીંદના દરદીઓનાં કામમાં વાપરવાને પ્રોફેસર ખુશી છે.

પ્રકરણ ૯ મું.

વીસબેડનની આંખની કલીનીકમાં ચાલતાં કેટલાંક ખેન ખેમાનનું થોડુંક દાસ્તાને દીલરૂબા કરવાની આ તક ઠીક છે. મારી મુસાફરીને દરમ્યાન મારા જોવામાં આવ્યું કે જર્મનો ઇંગ્રેજોને ખરાં જીગરથી ધીક્કારે છે અને તેજ પ્રમાણે ઇંગ્રેજો, તેમાં મુખ્ય કરી ઇંગ્રેજી ડોસી ડગરીઓ જર્મનો તરફ બ્યાજ સીકે તીરસ્કારથી જુએ છે. હું અપક્ષપાત મત આપું છું કે એમાં ખરો કસુર ઇંગ્રેજોનો છે. તેઓ ખુદ ઇંગલંડમાં કેવાં મુલાયમ જેવાં અને સભ્યતાથી ભરેલાં દેખાય છે—પણ કોન્ટીનંટ ઉપર પગ મુકયો કે તેઓની મતીજ ફેરવાઇ જાય છે. તેઓના મનમાં કાંઈ નથી. પણ અમે તમારા કરતાં ચહડતી જાતનાં છૈએ એવું દેખાડવાનો અભખરો તેઓ દબાવી

શકતાં નથી. અને તેથી તેઓનું નામ ખંડ ઉપર એટલું વાયડું થઇ ગયું છે કે ઇંગ્લીશનું નામ સાંભળતાંજ ફ્રાનસ અને જર્મની તથા ઇટાલીમાં તુફાનનો લાલવાવટો ચહડે છે. વીસબેડનમાં વસતાં કેટલાંક ઈંગ્રેજ લોક ઉપર હું ખુબ બારીક નજર રાખતો હતો. મારા જોવામાં આવ્યું કે મોટો ભાગ દેખાદેખીથી પોતાનો ટેક રાખવા આવી જગોએ આવતો હતો. લંડનમાં કમોસમમાં રહે તો ખરાબ લાગે ને જાતની કજાત થઈ જાય પણ તે સાથે ફ્લ્લુસ માફીસ એટલે 'તબીયત સારી નથી ને જર્મન વાટરીંગ પલેસપર જઇયે છીયે' કહીને આવીને આવી જગાએ પડે. અહીં આવ્યા કે નહીં ગાડી જોઇયે કે ન વેટર જોઇયે—નહીં પારટી કે ના થીએટર. બોરડીંગ હાઉસીસ જેને અહીં "પાંસીઆં" (Pension) કરી કહે છે તે કકડી જાય છે તેમાં અકવાડયાંના બે પોંડ આપ્યા કે ખાવાનું પીવાનું અને સુવાનું. નામ ત્યારે ફેશનેબલ વાટરીંગ પ્લેસમાં કુટુંબ ગયું છે, પણ ખરી વાત તો કરકસર કરવાની છે. લેડીઓ પબલીક ટેબલ ઉપર જમવા બેસે ત્યારે એકકની એવી ગીનીસ કરે કે આપણા મોહોલા માહેનાં બૈરાંઓબી હઠયાં, પણ મોહોડાં ઉપર હસીને એવા દાંત કહાડે કે જાણે સગી બેહનોથીબી આલે. સારાંશ કે બધું પોગળ. વીસબેડનમાં ઘણામાં ઘણાં એક હજાર ઘર હશે એવો હું અડસટો કહાડું છું. તેમાં કાંઇ નહીં તો ઓછાંમાં ઓછાં ૪૦૦

હોટેલો અને પાંસીઆં તથા પ્રાઇવેટ હોટેલો હશે. આ નાનકડાં લાખ માણસની વસ્તીમાં જેવાં હોટેલો છે તેનાં બબરચીખાનાં જેવાં હીંદુસ્તાનમાં હોટેલો નથી. કયસર-હોફ નામનું હોટેલ પાદશાહી મેહેલ જેવું છે. દરેક વીઝીટરને માટે મારબેલના બાથ જુદા છે. દરેક હોટેલમાં ઇલેકટ્રીક લીફ્ટ અને ઇલેકટ્રીક લાઇટ છે. એટલુંજ નાહીં પણ ઘણાંખરાં મોટાં હોટેલોમાં પોતાના ખાસ ખાનગી ગરમ પાણીના ઝરા સાથના બાથ છે. દરરોજના ૮ થી ૯ માર્ક, તેમાં રહેવાનું અને બે વારનું ખાવાનું તથા નાસ્તો. ખાધા પીવાનીતો પંચાતજ નથી. દરેક મોહલામાં ઓછાંમાં ઓછાં દજન રેસટોરાં અને બીર હાઉસીસ હશે.

સહવારના પોહોરમાં ઉઠયા કે શું કરશું ને કયાં જઇશું તેનો વીચાર કરવાની કશી જરૂરજ નથી. કુર ગાર્ડનમાં દીવસના ત્રણવાર બેંડ દરરોજ વાગે છે અને તે બેંડબી કેવું! તેનું હું વર્ણન ઘટતી જગ્યાએ આપીશ. સહવારના ૭ થી ૯ વાગતા સુધી સુખી જીવડાઓ પેલું ગરમ પાણી પીવા આવે તેઓને ગળે કડવાં ઓશડ ઉતારવા સારૂં બેંડ જોઇયે. સાંજના ૪ થી ૬ વાગા સુધી મારા જેવા પરવારતાઓને સારૂં મ્યુઝીક જોઇયે. અને રાતના ૮ થી ૧૦ વાગા સુધી શોખીન જીવડાઓને રીજવવા બેંડ જોઇયે. કુર ગારડન જબરદસ્ત મોટું છે. અને તેમાં ચહડ ઉતર પાયરીનું ઉંચું બેંડસ્ટાંડ બાંધેલું છે. દાખલ થવાના ભાવ નીચે પ્રમાણેઃ—

માર્ક.

બહારથી આવતા વીઝીટરોને આખાં વરસની ટીકીટના રૂરરા..૩૦
તેનાજ કુટુંબનું દર વધુ માણસ દીઠ..............૧૦
દોઢ મહીનો ચાલે એવી સીઝન ટીકીટ..............૧૫
તેનાંજ કુટુંબનું દર વધુ માણસ ૫
સીંગલ એક દહાડાની ટીકીટ...........................૧

દાખલ થયા કે બેંડ સાંભળો, રીડીંગ રૂમમાં જાઓ, ડેનસીંગ ગેલરીમાં ફરો અથવા વચ્ચે તળાવ છે તેમાં બોટ ભાડે કરીને હલ્લેસાં મારો. એક જગાએ સઘળા વીઝીટરોનું લીસ્ટ છે તેમાં કોણ આવ્યા ને કોણ ગયા તે તુરત જણાઇ આવે છે. દર સનીવારે સાંજના બલુન ઉડે છે અને એવી રોશની થાય છે કે જેવી દસ વરસે એકવારબી મુંબઇમાં થતી નથી. વળી અવારનવાર ફુલાવર ફેસટીવલ થાયછે જે વાર બડે બડે લોક પોતાની ગાડીઓને ફુલોથી મઢીને કલાકના કલાક સુધી ચક્કર ચક્કરમાં ફરે છે અને એક બીજાનાં અંગ ઊપર ફુલોના મારા ચલાવે છે. કુર ગાર્ડનમાં તમે અજાણ્યા થઇ જતા હો તો ચપ દેતો એકાદ જણ તમારા હાથમાં એક કેબીનેટ સાઇઝનો ફોટોગ્રાફ લાવી મુકશે અને તમારી અજાયબી વચ્ચે તેવા એક ગ્રુપની વચ્ચે તમે તમારો પોતાનો ફોટોગ્રાફ જોશો. એક માર્ક. કુર ગાર્ડનથી ધરાયા કે ઇલેક્ટ્રીક ટ્રામમાં બેસી પચાસ માઈલ ફકત દશ દોઢીઆં

માં ફરી આવો પણ તેથી તો વધારે લૈહેજત મુખ્ય મોહોલાઓ, લાંગાસા, વીલીયમસ્ત્રાસે, કયસરસ્ત્રાસે, વગે-રેમાં પીઠ પાછળ હાથ રાખીને મુગા મુગા ફરીઆ કીધાની છે. શું આ મોહોલાઓની રચનાની વખાણ કરૂં? એકેકી દુકાનોની શોભા જાણે આપણને હેબતાવી નાખે છે. પણ માટીડાની જાત નહી. જ્યાં જુવો ત્યાં સ્ત્રીઓ. અરે યારો, સાંભળો મારી વાત. વીસબેડનમા એક મોહોલામાં જેટલી 'પ્રેટી' છોડીઓ એક કલાકમાં જોશો એટલી આખી મું-બઇમાં નહીં હશે. તેનું કારણ છે. વીસબેડન ફેશનેબલ જગા હોવાથી મોટાં મોટાં દલદાર ખીસાંવાળાઓ અહીં આવે છે. કરોડપતી અમેરીકનો અને માલેતુજાર આસ્ત્રે-લીયનો અહીં સોનાના સીક્કા તડોતડ ફેંકે છે. જે દુકાન ઉપર ખુબસુરત અને બોલકણી વેચનારીઓ હોય ત્યાં આવજા વધતી. એ લીધે આસપાસ ફ્રાંકફોરટ, બાડન બાડન, કોલાં, રૂડીશાઈમ વગેરેથી સોજામાં સોજી છોડીઓ અત્રે નોકરીને માટે આવે છે અને બપોરના બાર વાગે અને સાંજના ૯ વાગે દુકાન પરથી છુટેલી રૂપાળી છોડી-ઓની સંખ્યા અત્રે અથાગ છે. એક વાર હું મારા મીત્ર ડા૦ સ્ટાઇન સાથ રૂડીશાઇમ ગયો. આ મથક વીસ-બેડનથી ત્રણેક કલાકના રસ્તાપર છે અને રાહીન ઊપર આવેલું છે. ત્યાંનો મુખ્ય રોજગાર રૂડીશાઇમર વાઈનનો છે જે પીવાને દેશ દેશાવરથી શોખીનો આવે છે. નદી કીનારે ફરતાં મેં જોયું કે બધીજ સ્ત્રીઓ અને સઘળા

પુરૂશો ઘરડા ખોખા અને બદસુરત હતા. પાછળથી એનો ખુલાસો મળ્યો. ખુબસુરત અને જવાન હોય તેને માતબર વીસબેડનો દુકાનને માટે ઘસડી જાય ત્યારે અહીં ઘરડાં નહીં તો બીજું રહે કોણ? અફસોસ છે કે આપણા પારસીઓનું અડધું બળ નકામું જાય છે. વીસબેડનમાં દુકાને દુકાન જોશો તો સઘળો કારભાર ચમકરી જેવી સ્ત્રી ચલાવે ને ભ્રથાર તો કબાટની પાછળ ભરાઇને 'સ્મોક' કરતો હોય કે બીર હાઉસમાં હોય અથવા કારખાને જતો હોય. હું એકવાર એક બુટવાળાની દુકાને ગયો તો લાગલી એક છોડી દોડી આવી અને ભોંયપર ફસડાઇ જઇને મારો પગ પોતાના ગુટણ ઊપર મુકીને વોહુરાજીના છોકરાઓ કરે છે તેમ મારાં બુટની લેસ છોડવા માંડી. મનેતો બહુ ઓસક લાગી એટલે જરા આનાકાની કરવા માંડી પણ મારી સાથે એક અનુભવી મીત્ર હતા તે હસીને કહે "કાંઇ નહીં—કાંઇ નહીં—જાહાંગીરજી બા—એતો એક માર્ક વધતો." પણ અજાયબ જેવું એ છે કે આ છોડીઓ ત્રીસ વરસની થઇ કે જાડી પીપ જેવી થવા માંડે છે. જર્મન લોહીમાંજ એ દુર્ગુણ છે અને તેથી જર્મન બાનુઓ ખાધા પીધાની ઘણી સંભાળ લે છે, ખાણા ઉપર ગરમ પાણી પીએ છે પણ કાંઇજ વળતું નથી.

રાતના ખાણું ખાધા પછી ચેન નહીં પડે તો એ શું કાંઈ કંગાળ મુંબઈ છે કે? ઉંચી કીસમના નાટકો અને આપેરા, કામેડી, બાલ વગેરે દરરોજ રાતના પાંચ

ગમે ગમતો ચાલે છે અને દરેકમાં બબેથી ત્રણ ત્રણ હજાર માણસોની ભીડ.

મુંબઇમાં હમણા મ્યુઝીઅમ ઉઘાડવાનું છે તે માટે ખાલીપીલી ઢોલ નકારાં વાગે છે અને આ મઇ જેટલાં વીસબેડનમાં સઘળાં મળી ૧૦) મ્યુઝીયમો બહુજ જોવા લાયક નીચે મુજબ છે.

૧ પુરાણી વસ્તુઓનું મ્યુઝીયમ.
૫ નામાંકીત પીકચર ગેલરીઓ.
૧ નેચર્લ હીસટરી મ્યુઝીયમ.
૧ ટેક્સ્ટાઇલ મ્યુઝીયમ.
૧ વણસપતી મ્યુઝીયમ.
૧ પબલીક લાઇબ્રરી.

પ્રકરણ ૧૦ મું.

સાહેબ,

આપ સાહેબ જે "મોહીખાનેથી મારસેલ્સ" 'જામે' માં આપો છો તે તમે સારી કાની જાણો છો કે બહુ હોંશથી વંચાય છે, છતાં જાણી બુજીને, આસમાસ હાથે કરીને, તમે તે ફકત અઠવાડયામાં એક વાર આપો છો એ ઠીક કરતા નથી. માટે લખવા વીનંતી એ કે કાંઇ નહીં તો અઠવાડીયાંમાં બે વાર તો જરૂર આપો અને જરા લંબાણ કરો. ઘણું નહીં તો તમારી વાર્તા જેટ-

લુંજ લાંબું. તમારા ઘરાકોની દુવાથીજ તમે મારસેલ્સ જવા પામ્યા છો (!) માટે તે લોકની સુચના ઉપર ધ્યાન પુગાડવાની તમારી ફરજ છે.

લા૦ આજ્ઞાકીત સેવક,

"દામોદર"

શ્રી મુંબઇ તા૦ ૩૦ મી.


* * *

જોયો ઘસારો? ઉધાર આપ ને પુરૂં જોખ!! બાપુ શીદને આમ ઠઠરાવી મારો છો. હું તમારા પગની પુનાઇથી જર્મની જઈને આંખ્યોને ઠીંગડાં મરાવી આવ્યો તે શું પાછું ઉખાડી નાખવા માગો છો? પણ હું તમારી સુચનાનો એક ભાગ માન્ય કરૂં છું અને બપોરના જો ઉંઘ ન આવશે તો જરા જરા વધુ આપતો જઇશ.

હું આંખના પાટા છોડયા પછી જયારે પહેલવહેલો રસ્તામાં ફરવા નીકળ્યો ત્યારે એક ચીજે મારૂં બહુ ધ્યાન ખેંચ્યું તે એ કે ચચાર માળનાં મોટાં આલીશાં મકાનો કેવાં સપાટામાં ઉભાં થતાં હતાં. જે જગ્યા ઉપર પંદર દીવસની વાત ઉપર ફકત ખાડા ખોદાતાં જોયલા, ત્યાં બે અઠવાડયામાં તો બે મજલા ચહડી ગયલા અને બીજાં બે અઠવાડયાંમાં રંગાઇ બંગાઇને ઇલેકટ્રીક લાઇટ સાથ હજારો લોક માહે જમવા બેઠેલું. આપણી તરફ હલામ હે હલામ હે કરી એકેકો બીમ ચહડાવે અને પછી રંગત રેશમી કપડાં તથા નાળીએર કંકુના ચાંદલા કરીને ખા-

લીપીલી વેળ ગુમાવે તથા મોટી પાઘડીવાળા મીસ્ત્રીના નાકનાં ફીફડાં નીચાં પાડવા સારૂં શાલપામડીની નવાજેશ થાય, તેમાં ને આમાં કેટલો ફેર. આપણી તરફ બાવા આદમના વખતથી એક ફાટેલી ટોપલી ભરીને ઘાટણ સ્ત્રી પાંચ છ ઇંટ થસુક થસુક લઈ આવે અને ચુનાની ગમેલ ભરીને પેલી બાંબુની ફરમાસુ સીડી ઉપર એક કલાકે ચહડી રહે—ને ત્યાં? બોલોજ ના, ત્યાં તો જેટલું જમીનની ઉપર બાંધકામ તેટલુંજ નીચે ભોંયરાંમાં. ઉપર દીવાનખાના, બેડ રૂમ વગેરે અને નીચે બાવરચીખાના, નોકરોને વસવાની જગા, વાઈન સેલરો વગેરે. ત્યાંના કીસબીઓ ગમે એવો વજન ઉપાડતાં ઉં કરી અવાજ કહાડતા નથી. બે જબરદસ્ત જર્મનો એક મસ્ત બીમ ખુશાલ ઉપાડી જાય છે. જ્યાં ઉંચાણમા કાંઈબી માલ મસાલો ચહડાવવો હોય ત્યાં બધું સાંકળ અને ચારીથી કામ. પાવરાબી મોટા બટકની ચાંચના આકારના અને સુમારે એક ગજ લાંબા. ચુનામાં ખચ્ચ કરીને એકજ પાવડો મારયો કે દશ ગમેલ ચુનો ભરી કહાડે અને ખાસ્સી જાથુકની લોહોડાંની પેટી બનાવેલી તેમાં આ પાંચ છ મણ ચુનો ખભે ઉપાડીને મઝેહમાં કડીઆ આગળ લઇ જઇ નાખે. જેવો પાયો વીસ બાવીસ ફીટ ઉંડો ગયો કે લાગલો ત્યાં એક લાકડાંનો પુલ ઉતારેલોજ છે. ઇંટો ભરીને મોટી ટૃંક ચચાર ઘોડા જોડીને આવે તે પાધરા ધરધર કરતા ઘોડા સુધાં નીચે ઉતારી લઇ જાય અને એક

ફેરામાં જોઈ લ્યો. બારથી પંદર હજાર ઈંટનું ઇંટ. ધમધમાવીને ખાડાનું કામ ઉપર આવ્યું કે ત્રીસ ત્રીસ ફીટ લાંબા ઘોડાનાં ગાડાંઓમાં અથવા ઇલેક્ટ્રીક ગાડાંઓમાં લાંબા બીમ; ખામલા વગેરે આવીને ઉભેલુંજ છે. અને બીજે દહાડે તો ઉભા આડા નખાઈ પણ જાય અને ઊપરના મજલાઓની દીવાલ અરધી ચહડીબી ચુકે. આઠ દહાડામાં પહેલો મજલો ખલાસ થયો કે બીજા મજલાની પણ તેમજ દોડાદોડ. હજુ તો બીજા મજલાનું દીવાલનું કામ શરૂ થાય ને અગાઉ તો ભોંયતળીઆંનાં બારી બારણાં તૈયાર આવી પુગે અને જડવાબી માંડે. ત્રીજે મજલે ચાલ્યા કે નીચે રંગવાનું કામ, કાચકામ, માંહેથી નકસી વગેરેનું કામ શરૂ! એક મહીનો ઘણો તો દોઢ મહીનો ને તમારી ઈમારત તપાસી લ્યો. કોઈબી નવી ઇમારત બંધાય તેના સંબંધમાં સરકારનો કાયદો કે કોઇના અંગપર ઇંટ મટોડું વગેરે કાંઇ પડે નહી તે સારૂં બહાર પાકકું સ્લોપદાર છાપરૂં બાંધવું. નીચે આકરૂતી આપું છું.



તમારાં કોહેલાં સડેલાં ગુણપાટનાં ચીથરાં જેવું

નહીં પણ પાકકું નવાં પાટીઆંનું બનાવવું જોઇયે. આ બધી ઝડપના સબબ અનેક છે. એક તો ત્યાંનો એક કામદાર અત્રેના ચાર કામદાર જેટલું કામ કરે છે. સવારના સાત વાગેથી કામે લાગો કે ખડે પગે કામ કરે પણ બપોરના ત્રણ કલાક સુવાની રજા. સાંજના છ વાગે બંધ કરે અને મોહોડું વગેરે ધોઇ, નેકટાઇ, કાલર, વગેરે લટકાવીને રસ્તામાં ફરે તો નરો જાણે લાર્ડ ફાકલંડ. બીજું, દરેક સામાનના બનાવનારા જુદા. આપણી તરફ તો જુસબ મીસ્ત્રી બારણાંબી બનાવશે, ચુનોબી કુટાવશે, ને સાથે લાગું બની શકે તો એકાદ બે ઇંટોની ભઠ્ઠી પણ રાખવાની તજવીજ કરશે. પણ ત્યાં તેમ નથી. ઈંટ-વાળો ઇંટ સપલાઇ રોજ કરયોજ જાય અને પાયો ખોદાય તેટલાં પલાન પ્રમાણે બીજાં કારખાનાં વાળો બારી બારણાં તૈયાર કર્યોજ જાય. બધું "ટાઇમ કનટ્રાકટ"ના નીયમસર હોવાથી જે દહાડે કબુલ્યું હોય તે દહાડે બધું તૈયાર ઇમારત આગળ આવીને ઊભું રહે. લાગુ પણ તેજ કરી આપે. કાચનાં માહાભારત ગોડાઉનોમાં કાચ તૈયાર. એણીમેર એક બારી જડાઈ કે બીજી ગમ તેનો કાચ બેઠેલોજ છે અને રંગનો કન્ટ્રાકટર દાંતમાં આંગળાં ઘાલીને ઉભો રહેલો કે ક્યારે પેલો ખીસે કે હું મારૂં કામ ચલાંઉં. એણીમેર રંગ, બીજીમેર રેલીંગ ત્રીજી મેર બાગબાની અને ચોથી મેર ભાડુતની આવક, સઘળું ચોમેર સામટું દોડે. કામ જલદી ઉઠી આવે અને વળી ઘણુંજ લાઇનબંધ

તેનું બીજું કારણ એ કે ઇંટો સઘળી ખાસ્સી છ ઇંચ ઉંચી અને નવ આંગળ લાંબી પોહોળી પણ માહેથી પોકળ! એટલે વજનમાં હલકી ઘણી અને બહુજ ધારદાર સાથે સરસ ઓટેલી એટલે દશ ફીટનું કામ તો એક સપાટામાં ઉભું થઈ જાય. વળી છાપરાંપર નળીઆંની જંજાલ નાહીં. પાતળાં લાકડાંનું છાપરૂં ઠોકી કહાડે ને ઉપર મોટી મોટી સ્લેટ લાવીને નાખે કે છાપરૂં તૈયાર. આવી રીતે ઝડપમાં બીલડીંગો ઉભી થાય છે તેનો એક દાખલો આપું છું. હું તા૦ ૧૯ મી એપ્રેલને દહાડે વીસબેડન પહોંચ્યો ત્યારે કોકબ્રુનન ગાર્ડનની સામે એક જગા ખાલી હતી. પંદરમે દહાડે બહાર પડયો ત્યારે જોઉંછ તો બે મજલા માહાભારત ચડી ગયલા, બીજા પંદર દહાડામાં તો નીચે રંગનું કામ ચાલે અને મોટા મોટા કાચો ઉપર નક્સી પડાય. ત્રીજા પંદર દહાડામાં ત્યાં રાતના અચબુચ જઈ લાગવું થયું ને જોઉંછું તો એક કામદાર ન મળે પણ બધી ઇમારત ઉપર હજારો ઇલેક્ટ્રીક લાઇટ લાગેલી, બીજી બાજુ બેંડ વાગે, બહાર ચોકમાં પાંચસો છસો ટીપાઇઓ ગોઠવાયલી અને હજારો લોક ખાવાપીવા બેસી પણ ગયલા! બહાર રસ્તા ઊપર ન્યુસપેપરો વેચવાની વગેરે દુકાનો ગોઠવાઈ પણ ગયલી. આ નવું રેસ્ટોરાં હતું. શું ત્યાંના લોક શોખીન હશે કે માંહે અને બહાર એક હજાર માણસની જગા હોવા છતાં કેટલા દીવસ સુધી અમને બેસવાની જગા

મળી નહી. એ લોક કમાનારબી જબરા અને ખાનારબી બહાદર. લખ્ખો રૂપીઆની ઉથલપાથલ કરે અને એકાદ વરસ બે લાખ રૂપીઆ ખોટબી આવી તો તેનો ડર કરે નહીં. એવી હીંમત રાખે કે કાંઇ નહીં આવતે વરસ ચાર લાખ કુટી કહાડશું. અહીંની ઇમારતો માટે સરકારનો એક ઘણોજ જાણવાજોગ કાયદો છે. જ્યારે એક ઘર બાંધવાનું હોય અને તેના પલાન કૌનસીલ ઉપર મોકલવામાં આવે ત્યારે તેનો માલ મસાલો, કદ, જાડાઇ, પાયો વગેરે જોઇને જ્યારે સરટીફીકેટ આપે ત્યારે સાથે લાગું તે ઈમારતની જીંદગી પણ કૌન્સીલ નક્કી કરતીજ આવે. દાખલા તરીકે મી૦ કોફમેને એક અરજી મોકલી કે હું ચાર માળનું મકાન બાંધનાર છું. લાંબું આટલું, પોહોળું આટલું, ભીત જાડી આટલી, લાકડકામ આ મીસાલનું ઇત્યાદી. આ સઘળું તપાસીને કૌન્સીલ પલાનો પાસ કરે અને સાથે લખે કે તમારી ઇમારત પુરી થવા પછી સાઠ વરસે ઉંચકી નાખવી પડશે. સાઠ વરસ પછી ઈમારત ગમે એવી મુસતકીમ હાલતમાં હોય તોબી તે ભાંગીને ખસેડવાની ફરજ. બીજો એક ઘણો અગત્યનો કાયદો એ છે કે દરેક ઘરવાળાએ પોતાના ઘરની પોહોળાઇ જેટલા રસ્તાનો ફુટપાથ વારી ઝારીને સાફ રાખવો. દરેક ઘરવાળાએ પોતાના ઘરના દરશનને દર સાલ એક વાર નવો આઇલપેંટ લગાડવો. આથી બને છે એમ કે મોહોલા દર મોહોલા એવા ચકચકીત અને સફાઇદાર

લાગે છે કે જાણે આજે નવા બાંધ્યા હોય. પણ ચાલો હવે. ઇમારતો વીશે ઘણું બોલી ચુકયો છું અને આશા રાખું છું કે આ વર્ણન ઉપરથી અત્રેના ધોતાળ કામદારોને કાંઇ નવું સુઝ પડશે. કામદારો તો રહયા પણ આપણી મ્યુનીસીપાલીટીને આમાંથી થોડું ઘણું શીખવાનું છે. કાંઇ નહીં તો પેલી ચુનાની ગમેલ ઉપાડીને એક કલાકે બાંબુની સીડીપરથી જેમ તેમ ચહડતી બેગારી ઓરતના સંબંધમાં કાંઇબી સુધારો થશે તો માણસોપર ગુજરતું એક જાતનું ઘાટકીપણું ઓછું થશે એમ હું માનું છું. નવાઇ જેવું છે કે યુરોપના સુધરેલા દેશોમાં બાંધકામ ઉપર સ્ત્રી જાતીનું નામ નથી.

આજે સઘળો સ્ટીમ બાંધકામ ઉપરજ છે એટલે ત્યાંના રસ્તાની પણ ખબર લઇજ લઉં કે ફરીથી તે વાત કરવી ન પડે. રસ્તા એક તો સાફ થાળી જેવા એટલુંજ નહીં પણ કોઈ કોઈ જગાએ એસફાલટથી મઢી લીધેલા એટલે બીલીઅર્ડ ટેબલના જેવા લીસા ચળકે અને ઉપરથી રબરના ચાકની ગાડીઓ ચાલી જાય તો જાણે રૂની તળાઇ ઉપરથી ચાલી જાય છે. વીસબેડનમાં શોધ્યો બળદયો મળતો નથી. સઘળું કામ ઘોડાઓથી થાય છે ને ઘોડા ન હોય તો બધો માર—કચરાનાં ગાડાં ખેંચવા વટીક—ઇલેકટ્રીક કારથી થતું સમજવું. આપણું મુંબઇ શેહેર જયારે ત્યારે છાતી ઠોકીને પોતે કેટલું સુધારામાં મશહુર છે તે વીશે ગરૂરી લે છે પણ હું

કહુંછું કે વીસબેડન જેવાં નાનકડાં શેહેરને પહોંચી વળવા માટે મુંબઇને બીજાં એકસો અને સુરતને ૫૦૦૦ વરસ જોઈશે. ત્યાંના રસ્તા ઉપરના પાણીના છંટકાવનીજ કળા જુઓ. ઘોડાનું ગાડું પાણી ભરીને લાવે અને કલાકના દશ માઈલની ઝડપથી મોહોલા વચ્ચેથી દોડ્યું જાય. પછવાડે એવી કળા કીધેલી કે સાંચાકામથી એક ચાક આપણી રમવાની ચકરડી આવે છે તે મુજબ ઘણાજ જોરથી ગોળ ફરે અને તેમાં છીદ્ર પાડેલાં એટલે તે ચાકના ગોળ ફરવા સમેત ખાસ્સો ૮૦ ફીટનો રસ્તો એક સપાટે સીપાઇ જાય, એટલુંજ નહીં પણ દરેક ઘરનો પ્લીનથ એટલે ભરણી મથાળો પણ સાથે સાથે ધોવાઇને દરરોજ સ્વચ્છ થાય. હવે આ કળા બહુ સહેલી છે. કદાચ સસ્તી પણ હશે તે છતાં આ તરફના મહા-ભારત સીલ્પશાસ્ત્રીઓને અને ઇનજીનીયર સાહેબોને તે અજબ સુઝતું નથી. અરે ભાઇઓ! તમારાં ભેજાંમાંથી નવી કળા કહાડતા તો ડોસા થયા પણ જે આઇતું છે તેપર તો કોઇતું મારો! આ પ્રકરણ એકજ નવી બીના ટપકાવીને હું ખતમ કરીશ. આખા યુરોપથી ઇંગ્રેજ સલતનત તથા રાહરસમ બીલકુલ ઉલટી છે. યુરોપના દરએક દેશમાં, શું જર્મની, શું ફ્રાન્સ, શું ઇટાલી કે શું આસ્ત્રીયા સઘળે ઠેકાણે ગાડીઓ જમણી બાજુએથી જાય છે અને ડાબી બાજુએથી આવે છે. ફકત ઇંગ્લાંડમાં અને આપણી તરફજ ડાબી બાજુથી હાંકવાનું. આપણને

આ સીસ્ટમની ટેવ નહીં એટલે પહેલાં થોડા દીવસ તો જબરી ગુચવણ અને ભેળમભેળ થાય છે. સાધારણ રીતે ભુલમાં આપણે જમણી બાજુથી ચાલતા જતા હોઇયે તો સામેથી અચબુચ ઈલેકટ્રીક ટ્રામ આવીને પરદેશીને ગુચવાવી નાખે છે. ગાડીઓનાજ બાબમાં નહી પણ રેલવે ટ્રેનોબી એમજ—ડાબી ગમથી આવતી અને જમણી ગમથી જતી. ઇંગ્લાંડમાં ગયા કે પાછો આપણા જેવોજ જુનો અવતાર.

પ્રકરણ ૧૧ મું.

વીસબેડનમાં કુલ ૩૦ ગરમ પાણીના કુંડ છે. અને તે પાણી પી તથા નાહીને વર્ષે દહાડે હજારો લોક તેથી આરામ પામે છે. આ માંહેના એકાદ બે ઝરાની ટેમપ્રેચર મેં લીધી હતી તો ઓછામાં ઓછી ૧૨૨ અને વધતામાં વધતી ૧૪૮° (ફેરનાહીટ) ઉતરી. આ પાણીનો ફાયદો મેળવવા બની આવે એટલા માટે શેહેરમાં ઘણાંક જાહેર હમામખાના છે. રૂમેટીઝમ અને સાંધાઓના જડ થઇ જવાને એ બહુ અકસીર કહેવાય છે. બરડાના કાં-ઠામા ગુડ નબળી પડી જવાથી જે બીમારીઓ થાય છે તેને માટે પણ ગરમ પાણીના ઝરા પ્રખ્યાત છે. વૈદો ફરમાવે છે કે પહેલાં પા કલાક સુધી આ હમામમાં રહેવુ અને પછી રફતે રફતે તે વધારીને પોણો કલાક કરવો. હમામમાં ઉતરયા કે કપડાં કહડાવી નાંખીને બદનની

માલીસ કરવા માટે પુરૂષ વેટરો તૈયારજ હોય છે જેઓ તમારા બદનનો એવો ઘડો લાડવો કરી મુકે છે કે નાહવા પછી અડધો કલાક ઉંઘી જવા વગર થોભાતું નથી.

કોણ જાણે આ પાણીમાં શું ખુબી હશે કે તે પીધાથી કલેજાંનો સોજો, ગળાંનો ખખડાટ અને બલ-ગમ ઉપર મોટો ફાયદો થતો લખો લોક માને છે. આ પાણી કડવું છે અને સેહેજ જોલાબની અસર ધરાવે છે. આખા દીવસમાં એટલે જે ૨૪ કલાકમાં દોઢ પાઈંટથી વધારે પીવું નહી. પાણીમાં નાહવાનાં ઇલાજને 'બાથકયુર'ના નામથી ઓળખવામાં આવે છે અને પાણી પીવાના ઇલાજને 'ડ્રીંક કયુર' કહે છે, પણ તે ઉપરાંત વળી 'ગારગલ' અને 'ઇનહેલેશન કયુર'બી ખપમાં આવે છે. તે એવી રીતે કે એકાદ ઝરો જેની માંહેથી વરાળ જોરમાં નીકળતી હોય ત્યાં મોહડું ઉઘાડું રાખીને વરાળ દમમાં લેવી. ગળાંના સોજા, નાકમાંથી પાણીનું વહેવું, પુરાણો સરકમ, ખહુી—અને પુરૂષ વેદનાના રોગો ઉપર આ જાતનો 'કયુર' રામબાણ કહેવાય છે. એ ઉપરાંત વળી ચોથી જાતના 'કયુર'ને 'પીડેસ્ત્રીયન કયુર' કહે છે. છાતીનો ધબકારો, બદનમાંથી લોહીનું ખાલી થઇ જવું, ફીકરૂં, ખરપસું, વગેરે ઉપર આ ચાલવાનો 'કયુર' વીસબેડનના નામાંકીત વઈદો ફરમાવે છે. આ માટે ખાસ જગ્યાઓ નેમેલી છે, જ્યાં સપાટ રસ્તો, સેહેજ ચહડ.ણવાળો રસ્તો, ઘણાં ચહડાણવાળો રસ્તો અને એકદમ ઊંચો

ઢાળ—આ પ્રમાણે રસ્તા રાખેલા છે અને કયા રસ્તા ઉપર ચાલવું, કેટલું ચાલવું, અને ક્યારે ચાલવું એ સઘળું વઇદ કાગળ ઉપર લખી આપે છે. પણ એથી વધારે પાંચમો 'કયુર' હું ધારૂં છું કે મારાં વાંચનારાંઓને વધારે પસંદ આવશે. એ 'કયુર'ને 'ગ્રેપ્સ કયુર' કહે છે એટલે જે પેટ ફાટી જાય એટલી દરાખ ખાઇને તેનાથી આરામ કરવાનો ઇલાજ છે. આગસ્ટથી તે અકટોબર સુધી ફકત ત્રણ મહીના આ ઇલાજ ચાલી શકે છે. માણસ બહુ નખાઇ ગયો હોય, ઉજળો સપ મારી ગયો હોય, તેને માટે આ ઇલાજ ફરમાવવામાં આવે છે. આ માટે ટનના ટન ભરીને તાજી દરાખ ઇટલીથી આવે છે. પહેલાં એક રતલથી શરૂ કરી છ રતલ સુધી એક દીવસમાં ખાવી જોઇયે. જાથુક કબજીયાત અને હરસ ઉપર મોટા જથામાં દરાખ ખવડાવે છે.

મારાં આગલાં પ્રકરણોમાં હું વીસબેડન મધેનાં જાહેર બેંડો અને ત્યાનાં લોકનાં મ્યુઝીક ઉપરના શોખનો કાંઈક ઈસારો કરી ગયો છું. એ બીના એવા રસથી ભરેલી છે કે તે બાબે કાંઇએક વધારે વીસતારથી લખવાને મન લલચાય છે. કુર ગારડન મધે હજારો લોકો સમાઇ શકે એવા મોટા ચોકની વચ્ચે ખુશનુમા તળાવના મુખડા ઊપર એમફી-થીયેટરનાં આકારમાં અર્ધગોલ પથરનું સુંદર બેન્ડ સ્ટાંડ બાંધેલું છે જેમાં ચહડ ઉતર બેઠક ઉપર દોઢસો વગાડનારાઓ એવી રીતે બેસે છે કે

સઘળાઓ દરેકને જોઇ શકે. આ વગાડનારાઓ દરેક પક્કા બેંડ માસ્તરો છે, દરેકની છાતીએ ચાંદો લટકેલા જોવામાં આવે છે. તેઓ કાળા લાંબા બનાતના કોટ અને સીલ્ક ટોપ હેટમાં સજ થઇને ગ્રહસ્થોની માફક આવે છે. લંડનમાં ૫૦૦ ચુનંદા લશકરી વગાડનારાઓનું બેન્ડ મેં અર્લ્સ કોર્ટમાં સાંભળ્યું. દીલ્લી દરબાર વેળાએ સાતસોના સમાગમવાળું બેન્ડ વાગ્યું ત્યારે પણ હું હાજર હતો પણ હું હીમતથી કહું છું કે આ છેલ્લાં બે મ્યુઝીક અને ઘાટીઓનાં લગ્ન વેળાએ વાગતાં પેં પેં પેં ના ભેજાં દુખાણ વચ્ચે જેટલો ફેર છે તેટલોજ વીસબેડનનાં પબલીક બેન્ડ અને ઇંગ્રેજી બેન્ડો વચ્ચે છે. હું ધારૂંછું કે આજે જર્મન મ્યુઝીકની બરોબર યુરોપમાં કોઇ ઉતરી શકશે નહી. દહાડામાં ત્રણ વખત બેન્ડ વાગે અને તે માટે શું અદના કે શું આલા એવો જીવ પ્રાણ કહાડી આપે કે માઇનસ, ફ્રાન્કફ્રટ વગેરેથી ટ્રેનો ભરી ભરીને લોકો આવીને ઊભાં રહે. એકસો માણસ સાથે વગાડે પણ એવું મધુર અને સ્વચ્છ મ્યુઝીક તમારી આગળ રજુ કરે છે એ. બી. સી. ની એક નોટ પણ નહી સમજનાર ત્યાં દીંઘમુઢ થઈને ઉભો રહે. લુલા, લંગડા, ઘસડાતા પસડાતા બગલમાં કાખઘોડી મારીને ખોડંગતા ત્યાં આવી બાજટો ઊપર બેસી આંખ વીચીને કલાકના કલાકો સુધી મ્યુઝીક સાંભળે. ઘરડી ડોસીઓ, બેહેરી ટપ હોય તે છતાં બાથ ચેરમાં બેસીને

માણસો પાસે ઘસડાઇ તણાઇને ટકોરાબંધ આવે અને કાનમાં ભુંગળાં ખોસીને મ્યુઝીક સાંભળે. નાનાં છોકરાંઓ આઠ અને નવ વરસના 'ચોપીન' અને 'મોઝારટ' વગેરેના દુન્યાવર્ણના મ્યુઝીકો વજાડી જાણે અને સમજે અને કોઇ પીસ જો કાનને સારો લાગ્યો તો લાગલી ગજવામાંથી પેનસીલ કહાડી તેનું નામ લખી લે એટલુંજ નહી પણ જો બહુ ખુશ લાગે તો હજારો લોકોની વચ્ચે નાચવા પણ પડી જાય. જેઓ મ્યુઝીકનો તરીકો સમજતા હશે તેઓના ફાયદાને માટે લખું છું કે ઉપલાં બેંડમાં ૨૦ ફરસ્ટ વાયોલીન, ૨૦ સેકંડ વાયોલીન, આઠ ડબલ બેસ, આઠ ચેલો, ચાર કોરનેટ અને તે ઉપરાંત બીજાં પીતળનાં ઓજારો વપરાસમાં આવતાં. આ ચાળીસ વાયોલીનો જ્યારે ચાલે ત્યારે વગાડનારાઓને એવી તો સરસ તાલીમ આપેલી કે 'અપ સ્ત્રોક' અને 'ડાઉન સ્ત્રોક' ની બો અથવા લાકડી જાણે મશીનરીથી સરખી ચાલતી હોય તેમ દોરબંધ ચાલે. તમે રીજમીટના સોલજરો કવાયદ કરે તે વખતે ચળચળતી બેયોનેટ કેવી એકસાં ઉતર ચહડ થાય છે તેજ આબાદ દેખાવ આ વાયોલીનની લાકડીઓનો જોઇ લેવો. એકસો જણ વગાડે તે છતાં ટાઇમ એવો નાદર રાખે કે જાણે ફકત એક માણસ વગાડતું હોય.

જર્મન નાનાં તથા મોટાં, બુઢાં યા જવાન, ગરીબ તેમજ તવંગર એ લોકનો મ્યુઝીકપર શું શોખ છે તે સમજાવવા માટે એકજ દાખલો આપીશ. એક વાર શેહે-

રમાં ખબર ફેલાઇ કે જર્મન શેહેનશાહનું ખાસ માનીતુ બેંડ આવતી કાલે વીસબેડનની પડોસના સ્ટેશનપરથી મુસાફરી કરી જનાર છે. લાગલી વીસબેડનની લોકલ કાઉનસીલે શેહેનશાહ ઉપર અરજનો તાર કર્યો કે આ બેંડને એક દીવસ વીસબેડનમાં થોભી પ્રજાની ઇચ્છા તૃપ્ત કરવાની પરવાનગી આપવી. શાહાનશાનો પરવાનગીનો જવાબ તાર મારફતે ફરી વળતાંજ જુઓ શેહેરમાં દોડાદોડી અને ઇંતેજારી. સનીવારે સાંજના ચાર વાગે કુર ગારડનમાં વાગવાનું છે એવી ખબર ફેલાતાંજ બહાર સ્ટેશનોથી આવતી ટ્રેનોમાં જગા નહી મળે. બધી ઇલેક્ટ્રીક ત્રામો ત્રીસ ત્રીસ માઇલથી આવતી ચીકાર. દુકાનો પરથી એસીસટંટો અને ખુદ ધણીઓ ગેપ–કુર ગારડનમાં તમાશગીરો કીડીની કાણી એટલા ઉભાઇ જાય કે ચાલવાની જગ્યા નહી મળે. જાણે બજારમાં તે દીવસે રજા હોય અથવા હડતાળ પડી હોય તેવો દેખાવ હતો. સાંજના જયારે બેંડ આવ્યું ત્યારે મેં જોયું કે તેના સઘળા વજાડનારા સાઠ ઉપર વરસની ઉમરના હતા. સર્વેએ ઓફીસરોનો લશકરી ડરેસ પેહેરયો હતો અને દરએકની છાતી ઉપર છછ સાત સાત ચાંદો હતા. પુછતાં ખબર મળી કે જર્મન શાહાનશાહનું આ ખાસ બેંડ જયારે યુરોપના મોટા રાજવંશીઓના મુલકમાં શાહાનશાહની સાથે જાય ત્યારે ત્યાં પોતાની વાજીંત્ર કળા બતાવ્યાથી મોટા મોટા રાજપતીઓએ આ

ચાંદ આપેલા. આહા! શું આ બેન્ડનાં હું વખાણ કરૂં? શું તેની શકતીનું વરણન કરૂં? પ્રોગ્રામમાં એક પીસ લખેલો હતો કે "વાદળની ગરજના" તો મ્યુઝીકની અંદર મોટા સીસોડા અને બીજાં વાજીંત્રોથી એવો અવાજ કહાડયો કે આબાદ જાણે વાદળ ગગડતું હોય. જો વરસાદનો છછરાટ, બુલબુલોનું ગાનું—દરીયાના મોજા વગેરેના સાદ જાણે કુદરતને હઠાવે એવા સ્પશટ આ નામાંકીત બેંડ કહાડી આપણને અજાયબીમાં નાખે. તે દીવસે કુર ગારડનમાં કંઈ નહીં તો દશ હજાર સાંભળનારાઓ ભેગા મળ્યા હશે. તે છતાં એક ટાંચણી પડે તો સંભળાય એટલું સર્વે શાંત હતું. જ્યારે પ્રોગ્રામ પુરૂં થયું ત્યારે હજારો લોકની તાલીની ગર્જનાએ આ દુનીયા વરણ બેંડને વધાવી લીધું અને તેના ઉપકાર વાળવાના ઉભરામાં બેંડે એક એકસ્ત્રા સરોદ વગાડયો જેનું નામ ધી "સ્કરમીશ" એટલે જે લડાઈની ધમાધમી. આ વેળાએ ચામડાંનાં દશ મોટાં ઢોલ અને રીવાલવરોના છુટવા સાથ તેઓએ એવો લડાઈનો હીંગામ મચાવી મુકયો કે જાણે આપણે રણસંગ્રામમાંજ ઉભા હોઇયે. જ્યારે તેઓ વજાડીને બહાર પડયા ત્યારે લગભગ પોણોસો વરસના બેંડ માસતરે કંઇ નહી તો પાંચ હજાર હરખમાં આવી ગયલા લોક સાથ શેકહેંડ કરી હશે અને હજારેક ખુબસુરત અબળાઓના રૂખસાર ઉપર કીસીસ લીધી હશે. કયાં છે, એ કયાં છે, આ કંગાળ દેશમાં

આવી સંગીત શાસ્ત્રની ઉલટ? કાંહ છે, આ શેહેરની ખરચાળુ ટાઉન કાઉનસીલની ઉદારતા? કયાં છે એ શોખ, ઓ કયાં છે એ વીદયા અને કયાં ગુમાઇ બેઠા છે એ પૈસા?

પ્રકરણ ૧૨ મું.

હજી વીસબેડનમાંજ ધકેલા ખાઉં છું બાપા. આ શેહેરની મોહ્ડીની ટોટે વળગેલી છુટતી નથી. કોઇ પુછશે કે કાંય? મારો ઉત્તર એવો છે કે જઇને જુઓ. વીસબેડનની જુદ્દી જુદ્દી "સ્પેશીયલ" બીમારીઓને લગતો મારો હેવાલ વાંચીને કેટલાક સદગ્રહસ્થો ત્યાં આરામ પામવા માટે ઉપડી ગયા છે એમ જાણી હું ખુશી છું. એક દીવસ હું ફરતો હતો એવામાં વાંચ્યું કે ફોટોગ્રાફ લેવામાં આવશે રાત કે દીસ, કોઇબી વખતે. આ વાર રાતના સાત વાગેલા હતા અને વાદળ કાળું હતું. નવાઇ દાખલ હું માંહે ગયો અને મારી તસવીર ઉતરાવવાની ખાએસથી પુછયું કે કયારે આવું. જવાબ મળ્યો કે જોઇયે તો હમણાજ બેસો. અમારે મનથી રાત ને દીસ સરખીજ છે. કેબીનેટ સાઇઝની દજન એક તસવીરના ૭ માર્ક એટલે સવાપાંચ રૂપીઆ. સ્ટુડીઓમાં જઇને જોઉંછ તો ઓરડો બીલકુલ કાળો મેસ જેવો અંધારો. ખુરસીની આસપાસ ગોળ ચકરડાંમાં વીજળીક બતીઓ જડી લીધેલી. ઉપર બેઠા પછી જેવી ચાંપ ઉંચાડી કે

ચપ દેતો એક વીજળીનો ચમકારો અને એક સેકંડમાં બધું ખલાસ. જે ચાંપ કેમેરાને ઉઘાડે તેજ ચાંપથી બતીબી સળગી ઉઠે અને સબી પડી જાય અને તેબી વળી કેવી! હીંદુસ્તાન! હીંદુસ્તાન! આ વાર તારી ખાલી ઉકમાઇ ઉપર મને કેવું હસવું આવ્યું. આ વાત જ્યારે મેં મારા એક જર્મન મીત્રને કહી ત્યારે તે કહેવા લાગ્યો કે આ રીતે તસવીર ઉતારવાનું તો જર્મનીના થર્ડ ક્લાસ શેહરોમાંબી સાધારણ છે. ચાલો મારી સાથે, હું કાંઇ નવું બતાવું. અમે ચાર જણની પાર્ટી નેઆરોબર્ગ નામની ખાણીપીણીની એક ટેકરી છે ત્યાં ગયા. ત્યાં પાટીઉં મારેલું હતું કે "તમારી તસવીર પાડીને પાંચ મીનીટમાં કાપીઓ આપવામાં આવશે." કીમત દજન એકના ફક્ત ત્રણ માર્ક-સવા બે રૂપીયા! અમે ચારે જણ ગરૂપ થઇને બેઠા અને એક મીનીટમાં "આરટીસ્ટે" હસીને કહયું કે તમે બહાર જઇને જરા બીર પીઓ તેટલાં હું તમને મારી કારીગરી બતાવું છું. અમે બહાર જઇ મેજ ઉપર ગોઠવાઇયે છીયે એટલામાં તો દજન સબી, ખાસ્સી મજેહથી 'માઉન્ટ' ઊપર ચહડાવેલી આને બહુજ સરસ પાડેલી અમારી આગળ આણીને મુકી. હુશીયાર બાપા, સાત પાણીએ ધોયલા હુશીયાર. આ પાંચ મીનીટમાં પાડેલી તસવીરો મારી પાસે છે. કોઇ શોખીનને જોવી હશે તો ભલે મારી આફીસમાં પધારે. પણ એટલાંથીજ મારૂં પેટ ધરાતું

નથી. એક ઠેકાણે રસ્તાની પડખે એક સ્તંભ ઊભો કીધેલો તે ઉપર લખેલું હતું કે આ સ્તંભના ચીરણમાં ૧૦ ફેનીંગ (પાચ દોઢીઆંની બરાબર) નો સીકકો નાખો અને તમારી તસ્વીર લઇને ચાલ્યા જાઓ. લાવની બા, જીવ્યા કરતાં જોયનું ભલું. ખીસામાંથી કલ્લઇનો સીકકો કહાડીને ચીરણમાં નાખ્યો અને ઉપર લખ્યા મુજબ સામે ઉભા રહયા કે એક મીનીટમાં ખરંગ દેતો અવાજ થયો અને પીતળની રીંગમાં મઢેલી મારી દોઢીઆં જેટલી સબી આવી ને મારા હાથમાં પડી! બોલો હવે કાંઇ વાણાં બાકી છે! બળ્યા આપણે હીંદીવાનો, રાજદ્વારી ખટપટોમાં મરી રહેલા તે આવી આવી કરામતોને કે દહાડે પહોંચીશું. પણ હજી આગળ ચાલો. એથીબી સરસ બીજી વાત કહું. એક ઠેકાણે ઘણીજ સુંદર વીઝીટીંગ કારડના જેટલી દજન તસ્વીરની ફકત એક શીલીંગ. તેને જડવાની ફ્રેમ ફકત અરધી પેની—એક ફ્રડીઉં! ચાલો હવે તો મને બહુ લાજ લાગે છે. ફરી હવે આપણી અકકલ, હુશીયારીનું નામ ન લઉં. આપણે લોક ઇસ્કી ગાડી ઘોડા ફડકાવીને મોટા માણસમાં ખપવા માગ્યે છીયે પણ ભેજાંની કારસાજીમાં આ લોકનાં બુટ નુછવાને પણ કામના નથી.

નેઆરોબર્ગ ટેકરી વીશે બોલતાં હું 'બીર'ની કાંઇક આરાધના કરી ગયો છું. જર્મન બીર! આહા! બીરથી તો જર્મનીનું જીવતર છે. કાળો બેવેરીયન બીઅર અને

પીળો મ્યુનીક બીઅર રોજના લખો ટન ખપતો હશે. બાપરે, આ જર્મનો કાંઇ બીઅર પીયેછ કે બલા. શું ધારોછ યારો. હું અતીશ ચોક્તી કરતો નથી પણ અકેક જર્મનને મેં એકજ બેઠકમાં વીસ વીસ ટંબલર બીઅર પીતાં જોયો છે. લંડનમાં એટલે જે ઇંગલંડમાં મોટો ભાગ વીહીસ્કી ને બ્રાંડી માસ્તર છે, પણ જર્મનીમાં વીહીસ્કી માંગયે તો ગભરાટ થઇ જાય કે આ વળી નવું હુલક જાનવર કયાંથી આવ્યું. તેમજ પાણીની જાત નથી. જો કોઇ રેસ્તોરાંમાં જમવા ગયા ને પાણી બાણી માંગ્યું તો વેટરો આપણી તરફ ડલાઇને જોશે કે આ બચારાનું માથું ખસી ગયું છે કે શું. હું નવાઇ સમજું છું કે આ બચારાઓ હાથ મોહોડુંબી બીઅરથી ધોતા કાં ન હશે. એક બીઅરનું મોટું ટંબલર પાંચ દોઢીઆં ને બરફ કરતાં સરસ ઠંડો. ચાર પાંચની પાર્ટી બેસે તો ટંબલર ભરીને આગળ મુકે ને જરા જરા પીયા કરે. જેવું ખલાસ થયું કે વગર પુછવે પરછવે સરવંટ ગર્લ બીજું લાવીને મુકે અને પીનાર પોતાની પાસે ટેબલ ઉપર અકેક ચાકનો કાપો પાડયો જાય. રાતના આમ બે વાગ્યા સુધી પીયા કરે અને જરા જરા વારે બાહાર જઇ આવે. પણ કોઇબી જર્મનને મેં ટંબલર ઉંચકીને એક ટાંસે પી જતાં જોયો નથી. એક દહાડે આવી એક ખુશ પાર્ટીમાં હું સપડાઇ ગયો. ત્રણેક ટંબલર ઓટીયાં કે મારૂં તુમડું તો ડચડચ થઇ ગયું જે જોઇ મારા મીત્રો

હસવા લાગ્યા. એટલો તે કાંઇ બીર પીવાનો હોય! મેં જોયું કે જરા આપણેબી હીંદી પાણી બતાવયે તો ઠીક. મેં ચેલેંજ કીધી કે તમે લોક આમ લેડીઓની પેઠે સરૂક સરૂક ચમચી ચમચી પીયો તેમાં શું મોટો વાઘ માર્યો, એમ તો બે ચમચી નહી જાય તેટલાં બીજી બે ચમચીની જગા થાય. જુઓ હું પીઉં છું તેમ પીયો ત્યારે જાણું. ફીદવીનેબી એક ટાંસે ઈચ્છાપોરની તાડી પીવાની ટેવ પડેલી એટલે આ પ્રમાણે બોલીને એક જબરદસ્ત બઘાણું ઉંચકીને એક ટાંસે પી ગયો. બાપડા જર્મનોના તો ડોળા આ જોઇને આસમાને ચઢી ગયા અને સર્વે એક મતે શરણ થયા કે બાપુ, આખ્ખું ટેંકાડું એક ટાંસે પી જવા જેટલો છાતીમાં દમ અમારામાં નથી. બીરાદરો જોયું કેવી સેવકે બજાવી ને આપણા દેશનું નામ રાખ્યું. કોન્ટીનંટનાં ઘણાં ખરાં મોટાં હોટેલોમાં પાણી તો નહીંજ મળે પણ કોઇ કોઇમાં તો બીરબી નહીં મળે. મોઘો વાઇન મંગાવવોજ જોઇયે. પાણી અથવા બીર મંગાવે તો ઘણું હલકું લાગે! આ ઉપરથી મને એક બનેલો બનાવ યાદ આવે છે. એક નામાંકીત હોટેલમાં બસો પાંચસો જણ જમવા બેઠેલાં હતાં ત્યાં એક જરથોસ્તી બીરાદર અને તેની બાનુ આવી લાગ્યાં અને એક ખાલી ટેબલ ઉપર બેઠાં. બાઇને પાણીની ઘણી સોસ લાગી એટલે હાથ ધરતાને હળવેથી કહયું કે જરા પીવાનું પાણી મંગાવો. શેઠે સાદ મારીઓ "અલ્લો વેટર"

"સર" કરી હાથનાં મોજાં પહેરેલો વેટર અદબથી આગળ આવીને ઉભો.

"લુક હીઅર, બ્રીંગ મી સમ ડરીંકીંગ વોટર પ્લીઝ" (જરા સોજું પીવાનું પાણી જોઈયે છે).

વેટર અચકયો અને કાનપર પડી કહ્યું "સાહેબ, આએ હોટેલમાં પાણી આપવાનો ધારો નથી."

શેઠ ઘણા વીશમય પામ્યા અને પોતાની પ્રીયાને હળવેથી કહ્યું "જોની ડીઅર, પાણી તો અહીં કોઇ પી મરે નહીં. જરા ઠંડો બીઅર મંગાઉં?"

પ્રીયાને ઘણી તરસ લાગેલી એટલે લાચારે હા પાડી. શેઠે પાછો હુકમ કીધો કે "ઠીક છે—તારે બે ટંબલર બીઅર લાવો."

"હા સાહેબ" કરી વેટર ગયો તો ખરો પણ શેઠના જોવામાં આવ્યું કે સઘળા વેટરો અને હોટેલ મેનેજર વગેરે બહાર પડસાળમાં ભેગા મળીને કાંઇ ઘુસઘુસ તકરાર કરતા હતા. હવે શેઠની ધીરજ રહી નહી. એટલે તેવણે પાછી હાંક પાડી "વેએએએટર."

બચારો ફ્રાક કોટ અને નેકટાઇ કાલરવાળો વેટર ઓસકાતો અચકાતો આવ્યો અને શેઠના કાનમાં પડી કહ્યું "સર ઇટ ઇસ નોટ ચીક ટુ ઓરડર બીઅર ઇન એન એરીસટોક્રાટીક પલેસ લાઇક ધીસ" એટલે જે "સાહેબ આવી માતબર જગામાં બીઅર ઓરડર કરવો એ ફ્રાશનેબલ નથી."

હવે શેઠની વાવડી ચસકી. તેવણનું પાકીને પલેઠર થઈ ગયું હતું એટલે બધા બસો જાણ સાંભળે તેમ તેવણ છેડાઇ પડયા અને મોટો ઘાંટો પાડીને ગોધીઆરૂં મચાવ્યું કે "શું? એ તું શું બોલ્યો? લેડીઓ છડેચોક વીહીસ્કી ને સોડા પીએ તે "ચીક," માથું ફાટી જાય ને નીશા ચહડે તેમ ધીચે તે "ચીક" ને એક લેડી બીઅર પીએ તે ફાશનેબલ નહીં? એ તમારી ફાશીન ફીઆ નીતીના શાસ્ત્ર ઉપર રચેલી છે?"

શેઠ તો એવી ક્લાબકોર કરી મુકી કે જે લેડીઓની આગળ વીહીસ્કી સોડા અને વાઇનનાં ગ્લાસ ભરેલાં હતાં તેઓને ધર્થી ભારી પડી ગઇ. વેટરોમાં જુઓ નાહાસાનાહસ. શેઠ તો ધરીઆ ધરાય નહીં. 'બોલાવ કોણ છે તમારો મેનેજર-હું ડાયરેક્ટરોપર લખીને પુછાઉં છ—ન્યુસપેપરમાં છપાંઉં છ—હાટ હુસ-હી-હા" ઇત્યાદી. હોટેલમાં ગભરાટ મચી રહયો. બચારા ઇસ્કી વેટર ઉપર બધી ધાડ આવી. સર્વે તેને ખાઇ ગયા. શેઠને ઠંડા પાડવા સારૂં મારતી ગાડીએ બીઅર આવી પુગો અને હીંદુસ્તાનની નોક રહી. ખાધા પીધાની અને દારૂની બાબદ ખતમ કીધા આગમજ એકાદ બે સખુન શીખામણના આપું છું. જર્મનીમા ફરો તો સોજો તાજો બીઅર સીવાય બીજો કોઇ દારૂ પીવાની તસ્દી લેતા ના, કારણ કે ત્યાંનો વાહીટ રાહાઇન વાઇન જેના એક બાટલીના લગભગ પાંચ માર્ક (પોણા ચાર રૂપીઆ)

આપવા પડે છે તે ખાટો બટ લાગે છે અને આપણી તરફના મોહોવડાં માસ્તરોને પેટમાં ચીરો પાડવાને અશક્ત છે. જે સારો વાઇન–ખરેખરો ઉત્તમ વાઇન મળે છે તે સાધારણ દુકાનો ઉપર મળતો નથી અને મળે તો બાટલીના કદાચ દસથી પંદર માર્ક આપવા પડે તો જરા ગરમ પડી જવાનો સોદો છે. વીહુીસ્કી બ્રાંડી તો ત્યાં કોઇ જાણતું જ નથી અને પીતું બી નથી. જો ઘણુંજ નાક સુકાય તો દુકાન ઉપર મળશે પણ ઓરડો બંધ કરીને ગુપચુપ ટાંસ મારજો, નહીં તો ટાંસ માસ્તરની ઉપમાં મળશે. બીઅરનો શું ખપ હશે તેનો એકજ દાખલો આપું છું. દર મોહોલામાં કાંઇ નહીં તો દજન ઉપર હોટેલો, પાંશીઆં અને રેસ્ટોરાં હશે, આ દરેકનાં આંગણામાં ભોંયરાં માટે ફાલકું કીધેલું. દરરોજ ચચ્ચાર ઘોડાનાં ગાડાં ભરીને પીપો આવે અને ભોંયરાંમાં પાટા મુકીને ભરેલું પીપ ગબડાવી દીએ અને ખાલી પીપો ઉપર લાવે. જે હોટેલમાં દરરોજના બે ચાર પીપ આમ બદલાય નહી તે હોટેલનું નામ વાયડું. બલકે ટુકમાં કહું તો જર્મનને મનથી બીઅર તો ફક્ત પાણીને બદલે વપરાય છે. મેં ઘણાક જર્મન મીત્રોથી સાંભળ્યું છે કે "પાણી પીઉં? નારેબા, ડાકટરની દવા કરવાના આપણી પાસે પૈસા નથી. પાણી પીએ તો પેટે ચીલ લાગે."

પ્રકરણ ૧૩ મું.

ચાલો હવે બર્લીન, લંડન, પારીસ, વગેરે વાટ જુવે છે. જલદી જલદી વીસબેડન અને આસપાસનાં પરગાણાંઓનો નીકાળ કરી નાખ્યે. આ સુંદર રમકડાં સરખાં શેહેરોમાં મરણનું પ્રમાણ ઓછું કાં હશે? ત્યાં મરકી પોતાના નેહેસ્ત કદમ લંબાવતી કાં ન હશે? એ બનેજ કેમ. સફાઇ સુઘડાઇનો ત્યાં પારજ નથી. હજામની દુકાને જાઓ તો ત્યાં પહેલાં બ્રશ કહાડશે તે ડીસઇનફેક્ટંટમાં તાજોજ ધોયલો. મેં આ પ્રમાણે કરવાનું કારણ પુછયું તો જવાબ વાળ્યો કે અમારી સીટી કાઉનસીલનો સખ્ત હુકમ છે કે એક ઘરાક બાલ સફા કરાવી ગયો કે તેને માટે વપરાયલા બ્રશ, નીખ્યા વગેરે ડીસઇનફેક્ટ કીધા વગર બીજા માટે વપરાય નહી. શાબાશ, આપરા બેહેચર હજામની ગંધાતી ડગલી અને પચરંગી પમરતો ખોળા ઉપર પાંથરવાનો કકડો જયારે મને યાદ આવે છે ત્યારે એવું થાય છે કે જાણે હું લાજને મારે ધર્થીમાં ભરાઇ જાઉં. આપણી તરફ મુકતાદના પવીત્ર દીવસો આવે છે ત્યારે બાઇ સાહેબો સાડીનો ઘટીઓ વાળીને હલકરીઓની મદદથી ઘર ધોવાડી નાખે છે અને મોહોલામાં ચાલતા રાહદારીના અંગ ઉપર રેલારેલ કરીને

આ પવીત્ર ઢીંગામની અચુક નીશાનીઓ મોહોરાદાર પાઘડી અને કકડતી ડગલી ઉપર નખાવે છે. પણ મારાં માનીતાં યુરોપીયન દેશમાં તો દર આઠ દહાડે આ મુક્તાદની ધુમ ચાલે છે. રવીવારે મકાનની સઘળી સ્ત્રીઓ બોહે ચઢાવી છાપરાંથી તે ભોંયતળીઆં સુધી સઘળું સ્પંન્જ વડે ધોઇ કહાડે છે. ભોંય, દાદર, બારી બારણાથી તે કબાટ, ખુરસી વગેરે સઘળો સામાનબી ભીનેલાં પોતાંથી ધોઇને સ્વચ્છ કરે છે. એક ખુણું બાકી રહેતું નથી કે એક કાચ ઉપર ડાઘ જણાતો નથી. વળી પાણીના છબરાટ જેવી ચીજ નથી કેમ જે સ્પંન્જ નીચવીને લુછે છે એટલે બધું સ્વચ્છ જણાય છે. ઘરમાંના દરેક ગાલીચાને ઝટકીને બ્રશ કરવામાં આવે છે. બે વાગામાં બધું ખલાસ થયું કે તમામ નોકર છોકરીઓ સોળે સણગાર સજીને કેવીક પ્રીન્સેસો હોય તેમ આતવારનો તેહેવાર "એન્જોય" કરવા ઉતરી પડે છે. રવીવાર એ લોકના બાપદાદાનો દહાડો છે અને તમે પચીસ રૂપ્યાની લાલચ દેખાડો તોબી આ અડધા દહાડાની રજા ચુકવાને સાફ ના પાડે છે. દુકાનોનો પણ એજ અવતાર. ત્યાંની દુકાનોના દરશન અકેકા જંગી કાચનાં હોય છે. આ કાચની સાઇઝ સુમારે ૧૮ ફીટ પોહોળી અને ચૌદ ફીટ ઉંચી મે જોઇ છે. આવો એક રાક્ષશી તકતો એ લોક બનાવતા કેમ હશે અને બનાવતા હશે તો ઉપાડી કેમ લાવતા હશે એ મારી મોટી અજાયબી છે. લખ્ખો

રૂપીઆની કીમતી જણસો અને લખ્ખો રૂપીઆનુ ઝવેરાત ફક્ત આ કાચના તકતાની પાછળ આખી રાત બીજા કોઈબી બચાવ વીના ખુલ્લું રહે છે. પણ પરપુછ કરતાં આ અજાયબી આફ્રીનના અવાજમાં બદલાઇ જાય છે. કાચ કોઇબી અકસમાતથી ભાગે તેનો વીમો ઉતારનારી કંપનીઓ તૈયાર છે. માલની ચોરી થાય તે ભરી આપનારી કંપનીઓ હાજર છે. તે લોક સઘળી તકેદારી રાખે છે અને દુકાનનો ધણી તો વીમાના પૈસા ભરીને નીરાંતે ઘર જઇને સુએ છે. એટલુંજ નહીં પણ દર રવીવારે આવીને દુકાનના કાચ સાફસુફ કરી જવાનું માથે લેનારી ખાસ કંપનીઓ છે. જેના માણસો નીયમસર આવીને દુકાન આઠ દહાડે સાફસુફ કરી જાય છે. દુકાનદારને કશી વાતની પંચાત નથી. દુકાનના દરશનમાં સામાન કેમ ગોઠવવો એબી એક નાદર હુન્નર છે અને તે હુન્નર જાણનારા ખાસ આરટીસ્ટો આવે છે. હું તેની ઘટતી જગાએ લખીશ કે એક મહાભારત ખાતાંમાં "વીંડો ડ્રેસર"ના હાથ તળે પચાસ આસીસ્ટંટો આપેલા છે અને 'ડ્રેસર'ને પોતાને ૨૫૦૦ રૂપીઆનો દરમાયો મળે છે! પણ આ દુકાનોની લેહેઝત અહીંજ વહાવીશ તો આગળ ચાલતાં સ્વાદ જતો રેહેશે માટે અહીંજ ટુંકમાં ડાહમું છું.

તમે ખોટી કાચની આંખ તો જોઇ હશે. મને ખબર મળી કે આ ખોટી આંખો ફ્રાંન્સ, ઇંગ્લંડ વગેરેથી

આવે છે પણ તેનો મોટો ભાગ વીસબેડનમાં બને છે અને તે બનાવનારા ફીસબી બે ભાઇઓ છે, જેઓ છુપા ઓરડામાં બેસી પોતાનું કામ કરે છે તેઓ કોઇને પોતાનો હુન્નર બતાવતા નથી. આ ઉપરથી આ કીસબ જોવાની મને ઘણી ઈંતેજારી થઇ. અંતે ઘણા લાગવગાથી અમારા એસીસ્ટંટ પ્રોફેસર ડાકટર સ્ટાઇનની સાથે આ નવાઇ જેવો હુન્નર જોવા ગયો. બહાર ઓરડામાં આઠ દશ મદદનીસો ખાલી આંખની સાઈઝનાં કાચનાં કોટલાં બનાવતા હતા. પણ તે ઉપર આબાદ રંગની કીકી, લોહીની નસો વગેરે પાડવાનું હું ઉપર જણાવી ગયો તે બે ભાઇઓ બંધ ઓરડામાં કરતા હતા. હું ડાકટર નથી પણ લેખક છું, અને મારા અનુભવનું વર્ણન હીંદુસ્તાનમાં દેશી ભાશામાં આપનાર છું, મહાન પ્રોફેસર પાજેનસ્ટેચરની ખાસ ભલામણથી આ ગુપ્ત કારખાનામાં દાખલ થયો છું, એવું જ્યારે આ બે ભાઈઓએ જાણ્યું ત્યારે તેઓએ બહુ ખુશીથી અને ઉમંગથી સઘળું મને બતાવ્યું. હું જોઇને બહુજ અચરત થયો કે ઇંગ્લાંડનાં જુદાં જુદાં પરગણાંઓ અને આસ્પીટલોમાંથી, આસ્ત્રીયા, અમેરીકા અને આસ્ત્રેલ્યા, હીંદુસ્તાન અને ખુદ મુંબઇ વેરથી ખોટી આંખના ઓરડરો ડાકટરો તરફથી અને ધંધાદારીઓ તરફથી આવેલા ટેબલ ઉપર પડેલા હતા. ઘણાખરાઓએ આંખનાં કોટલાંની સાઈઝ, તે ઉપર કીકીનો રંગ વગેરે આબાદ કાગજ ઉપર રંગીને મોકલ્યું હતું.

કેટલાકોએ ભાંગેલી આંખો નમુના તરીકે મોકલી હતી. મેં ઘણી ઇંતેજારી બતાવી કે એક માણસની આંખ ફુટી ગઇ હોય તો તેની બીજી આંખને બરાબર મળતી અને સાધારણ જોનારની નજરમાં ઓળખાય નહીં એવી કેમ બનતી હશે? વડા ભાઇએ હસીને જવાબ દીધો કે "હું હજાર વર્ણન કરૂં તે કરતાં તમારી પોતાનીજ આંખની આબાદ કોપી તમારા દેખતાં બનાવી આપું તે જુઓ કે બધી સમજ પડી જશે." તેણે મને પોતાની સામે ખુરસી ઉપર બેસાડયો અને ગ્યાસની જોરથી ફુંકાતી એક ઝીણી આંચ ઉપર આંખ બનાવવા માડી. કીસબીની આગળ જુદા જુદા રંગના કાચોની નળીઓ પડેલી હતી, તે રંગોની મેળવણી કરીને આશરે પા કલાકમાં તેણે એક આંખ બનાવી મારા હાથમાં મુકી જે જોઇ મને બહુજ હસવું આવ્યું, કારણ કે કીકીના રંગમાં, લાલ નસોમાં, સફેદ ભાગના શેડમાં જાણે આબાદ તમારા સેવકની આંખ કહાડીને હાથમાં મેલી હોય. આ આંખ કસબીએ દાબડીમાં મુકી મને બક્ષીશ આપી છે જે હું મારી સાથે લાવ્યો છું. આવી આંખ બનાવવાનું દામ શું તે પુછતાં કસબીએ જવાબ દીધો કે આંખનાં નંગ ઉપર દામ લેવામાં આવતું નથી. કારણ કે ગમે એવી મુશ્કેલ આંખની નકલ કરતાં અમને સુમારે પા કલાક થાય છે પણ જેવો માણસ તેવું દામ લીધામાં આવે છે, એટલે જે પાંચ માર્કથી તે પાંચસો માર્ક સુધી. જેવું ઘરાક.

તેના કહેવા પ્રમાણે વર્ણન અથવા ચીત્રોપરથી આંખ બનાવવા કરતાં જો "પેશંટ" પોતે સામું ખુરસી ઉપર બેસે તો ઘણુંજ સરસ પરીણામ નીપજે છે. આ કીસબીઓના ઓરડામાં લગભગ દરેક જીણસ ઉપર ખોટી બનાવટી આંખો જડેલી હતી. એક ઘડીઆળમાં બે આંખો જડેલી તે લુલખના ચાલવા સાથે ઉઘાડ બંધ થયા કરે તે આપણા મન ઊપર એવી અસર કરે કે જાણે ઘડીઆળ માંહેનું ડોકું જીવતું હોય અને આપણા તરફ ડોળા ઘુરકતું હોય.

કહે છે કે જર્મન લોક પોતાથી માતબરો માટે અદેખા રહે છે. એક ગરીબ કારીગર પણ ભલા ધનેતરની દરકાર કરતો નથી. એકાદ જણ પાસે પાંચ પચાસ લાખ વધારે હોય તેથી તે પોતા કરતાં મોટો થઇ ગયો એમ તેઓ માનવાની સાફ ના પાડે છે. ગમે એવો ઊમરાવ અથવા રાજવંશી પોતા આગળથી પસાર થઇ જાય તો તેની લેશ ભારબી તેઓ દરકાર કરતા નથી, પણ ખરો વીદવાન, એકકો "મ્યુઝીશ્યન" કે હીંમતી મુસાફર ઊપર તેઓ જાનફેશાની કરે છે. આપણા તરફ બે ઘોડાની ગાડીમાં ફડકાવતા બે બદામના પુરૂશને પગે ચાલતો ખુશામદીઓ કેવો નમે છે તે અને આ આપઅખત્યારીની સરખામણી બહુ ચાનકય છે. જર્મન બેગારી કે કલાર્ક કે દુકાનદાર પોતાના હક માટે તલમાં તસુ ઓછું સાંખી શકતો નથી. આ લીધે આ મધ્યમ તેમજ ગરીબ વર્ગને

હંમેશ શાંત, સંતોષી અને ખુશાલ રાખવા માટે સતા-
વાળાઓ ભારી કાળજી રાખે છે. તે લોકને માટે
ગમતનાં સાધનો, બેસવાની જગ્યા, આવજાવનાં વહાનો
ઉપર સરકાર ગીરોથી પૈસા ખરચે છે. વીસબેડનમાં
મોહોલે મોહોલે અને ખુણે ખુણે ફરેંચ પાલીસ કીધેલા
બાજેઠા કાંઇ હજારોની સંખ્યામાં મુકેલા છે, જે ઊપર
એક કાઉંટ અને કડીઓ બંને પાસે પાસે બેસે છે. કાઉંટનાં
નાકમાં અહીંના તીનપાટીયા શેઠોના જેવી ગંધ નથી
અને કડીઆનાં મનમાં અને ઢંગમાં વાંકો વળીને સલામ
કરવાની ખુશામદનો ખ્યાલ નથી.

જેમ અહીંનું લોક હુશ્યાર છે તેમ ઈશ્વર જાણે
શા કારણથી અહીંનાં જાનવરબી ચતુર છે. આપણી
તરફના કેટલાક ઇડીયટો કરતાં ત્યાંના કુતરાઓબી કોઇ
વાર વધારે અક્કલ દેખાડે છે. અને હું મારા લખવાના
ટેકામાં બે ત્રણ રમુજી દાખલા આપીશ. એક દીવસ
લોંગાસાના મોટા પાદશાહી મોહોલામાથી બપોરના બાર
વાગતે હું પસાર થઇ જતો હતો. આ વાર મે જોયું
કે એક ઘરનું કાચનું બારણું "સર્વંટ ગર્લે" ઊઘાડયું
કે તેમાંથી એક કુતરો મોહમાં ચીઠી લઇને ડાહયો દોહરો
થઇને ચાલ્યો. આ વાર આ કુતરાનાં મોંહ ઉપર સમ-
જની એવી સ્પષ્ટ નીશાનીઓ દીસતી હતી કે જેવી
બાજુ સીપાઇનાં મોંહ ઉપર પણ મેં જોઇ નથી. અમે
આસપાસની દુકાનોની બારીના કાચમાંથી સામાન જોતા હતા

એવામાં કુતરો પાછો આવ્યો, રસ્તાપરનું કાચનું બારણું બંધ હતું, એટલે આગલા પગ કાચ ઉપર મેલી જેમ માણસો કાચમાંથી માંહે જોવાનો યત્ન કરે છે તેમ તેણે જોવા માડયું. માંહે કોઇ દીસ્યું નહીં એટલે મીનીટ એક ખોટી થઇ પોતાના પંજાએ કાચ ઉપર ટપ ટપ ટપ ટપ હળ-વેથી ઠોકવા લાગ્યો, બે ચાર ટકોરા મારે અને વળી કાચમાં નાક ઘાલીને જોય કે કોઈ આવ્યું કે નહીં અને વળી પાછા બે ત્રણ ટકોરા મારી રાહ જોતો થોબે. આબાદ જાણે માણસની નકલ. આખરે જ્યારે નોકર છોકરીએ આ ટકોરા સાંભળ્યા કે દોડતી આવીને બારણું ઉઘાડયું અને આ ચાર પગી સીપાઈ દાદા જાણે પોતાનું કામ બજાવી આવ્યા હોય તેમ અંદર દાખલ થયા. આ દેખાવ મારી નજરો નજર જોયલો છે અને તે વાર એક જરથોસ્તી બીરાદર પણ મારી સાથે હતા જેઓએ મારૂં ધ્યાન ખેંચવાથી મેં તેજ વાર આ બનાવની નોધ ટપકાવી લીધી હતી.

એક બીજી વાર મેં જોયું કે એક ગાડાંમાં દુધના ડબા ભરેલા હતા અને તેમાં જોડેલો ઘોડો કોઈ હાંકનાર વગર મુગે મોહોડે ચાલતો હતો. આ નવાઇ જેવો દેખાવ જોઇ હું પાછળ પાછળ ચાલ્યો. એક પછી એક ત્રણ છેટે છેટેનાં ઘરો આગળ તે પોતાની મેળે ઉભો રહયો. જે ઘર આગળ ઉભો રહે ત્યાંની નોકર છોકરી દોડતી આવીને પોતાને નામના દુધનો ડબ્બો ઉપાડીને ચાલી જાય.

તે ગઇ કે ઘોડાજી પુછયા પરછયા વગર વળી બીજાં દસ બાર ઘર મુકીને બીજાં ઘર આગળ પોતાની મેળેજ ઊભા રહે. ત્યાંથી ડબ્બો ઉંચકાયો કે વળી ત્યાંથી આગળ ચાલે. આ પ્રમાણે ત્રણ ઘરે દુધ પોંહોંચાડયા પછી હાંકનાર એક ગલીમાંથી કાંઇ ખાતો ખાતો નીકળી આવ્યો અને ગાડાંમાં બે ડબ્બા બાકી રહેલા હતા તે જોઇ જર્મન ભાશામાં ઘોડાને કાંઈ કહયું એટલે ઘોડાજી પાછા મુગે મોહડે ચાલ્યા અને હાંકનાર પડોશની બીરની દુકાનમાં ભરાયો. મારી સાથે એક જર્મન મીત્ર હતો તેની મારફતે મેં આ ગાડાંવાળાને પુછયું કે તેં તારા ઘોડાને શુ કહયું? જવાબ મળ્યો કે "નંબર ૪૫ ને ૫૧ અને પછી ઘરે જા."

"પણ તે પ્રમાણે એ કરશે?" મેં પુછયું.

"ઓહો! આબાદ ઘર જઇને ઊભો રહેશે અને મારી નાની છોકરી એનો સામાન ઊતારશે."

"પણ રસ્તામાં કોઇ બચ્ચું છોકરૂં આડું આવી ગયું તો? સમજો કે કોઇ સામેની ગાડી સાથે અથડી પડે તો તું દંડ ભરશે કે?"

"એમ કબુ બને નહીં. એ બધાં મારાં ઘરાકનાં ઘર જાણે છે અને વચમાં છોકરૂં આવે તો કદાપી એને મારીને કટકા કરી નાખો તો એક પગલુંએ વધે નહીં."

બોલો સાહેબો, આપણી તરફના બે પગ્યા, ધામધુમીઆ "ડોંકી"ઓમાંબી આટલી સમજ છે?

એક ત્રીજો દાખલો જે મને હમણા યાદ આવે છે તે ટાંકીને આજનો વીશય બંધ કરીશ.

ભારબરદારી નાના ખટારામાં એક બાજુએ મોટો મસ કુતરો જોડેલો અને બીજી બાજુએ સ્ત્રી અથવા પુરૂષ ગળાંમાં પટો નાખીને કામ કરે એવી શેઠ વાણોતરની વીચીત્ર જોડી અવારનવાર મારા જોવામાં આવતી હતી. ઘરાકનાં ઘર આગળ ગાડું જઇને ઉભું રહે કે પેલો મરદ અથવા સ્ત્રી ગળાંમાંથી પટો ઉતારી નાખીને માંહે જાય અને કુતરો થાક ખાવા પોતાનાં અંગ પરનાં હારનીસ સાથેજ ભોંયપર બેસેબી અને શેઠની ગેરહાજરીમાં ગાડાં માંહેલો સામાનબી તપાશે. આવી રીતે એક ઘરનાં આંગણાંમાં કુતરો બેઠો હતો એવામાં તેનો ધણી બાહેર આવ્યો અને પટો ગળાંમાં ઓળવી દઇ બંનેએ ડાહ્યા ડોહરા થઇ ગાડું ઘસડવા માડયું. બે પગલાં ચાલ્યા હશે કે કુતરાએ પોતાના જોડીદાર શેઠ તરફ ડોકું ફેરવી બાઉ વાઉ બ્યાઉ વાઉ કરી જાણે કાંઇ કહેતો હોય તેમ દેખાવ કર્યો. જોડીદાર શેઠે જર્મનમાં કાંઇ ઉતર આપ્યો કે કુતરો જાણે સમજીને રાજી થયો હોય તેમ બંને ખુશાલ ચાલવા લાગ્યા. આ કૌતક જોઇ મને બહુજ હસવું આવ્યું જે જોઇ પેલો કુતરાનો જોડીદાર ખેંચનારો પણ હસવા લાગ્યો અને ઊભો રહી ગયો. તે ઇંગ્રેજી સમજે નહીં અને હું જર્મન સમજું નહીં એટલે રસ્તે ચાલતા એક જવાન જર્મનને બોલાવીને મેં અરજ કીધી કે એને પુછ

કે તેં કુતરાને શું કહ્યું? પેલાએ જવાબ દીધો કે કુતરો મારેથી જાણવાને માંગતો હતો કે ચાલો હવે ઘર જઇયે કે? ત્યારે મેં કહ્યું કે બચ્ચા ચાકરી વગર ભાખરી નહીં મળે. ચાલો હવે ઘરે જઇને ખાઇશું. મેં પુછયું કે "કુતરો તારૂં બોલવું સમજયો?"

"હા બરાબર સમજયો, કામ નહીં કરે તો પછી ચાબુકના મારબી ખાય તો."

મેં વળી પુછયું કે "કુતરા પાસે આ પ્રમાણે મજુરી કરાવતાં સરકાર કાંઇ અડ લેતી નથી?"

"શું મગદુર કે અડ લે. કુતરો મારો માલ છે. ઘોડા પાસે કામ કરાવ્યે હું પોતે ગાડું તાણું ને કુતરો ખુશાલ બેસીને હાડકાં ચાવે? વાહ! એ કામ કરે ને ફર ફરે. નહીં કરે તો ભલે ભુખો સુઇ જાય, આપણી પાસે પૈસા ફાલતુ પડયા નથી."

પ્રકરણ—૧૪ મું.

જર્મન લોક જેવું ભલું છે તેવું જ ખાધરૂં છે. સનીવારનો દહાડો થયો કે કાગને ડોળે આતવારની રાહ જુએ કે કયારે કેથે ઉતરી પડયે. હું ખાત્રીથી માનું છું કે આ રૈયતનો મોટો ભાગ ધર્મને માનતો નથી. પણ તેઓનો મોટો ખોદા "પેટ" છે. એક વાર એક વીદ્વાન ગ્રહસ્થ સાથ વાત કરતાં બોલવા લાગ્યો કે "જે કોઈ ખરેખરો

વીદ્વાન હોય અને તે આમ કહે કે અમારાં ધર્મ પુસ્તકોમાં જે જે લખેલું છે તે હું માનું છું તો હું કહું કે તે ઠગારો છે."

ધર્મને લગતી વાત કરતાં એક બીજી રસ પડે તેવી વાત યાદ આવી છે. હું "કલીનીક"માં હતો તે વારે ત્યાં બેરન લેંગવર્થ વાન ઝીમરન નામના એક જર્મન બુઝોર્ગ ઉમરાવ, તેમની વુદ્ધ બાનુ, એક બેટી અને એક લેડી સેક્રેટરી કરીને કલીનીકમાં આવ્યાં, કારણ કે બેરનની આંખે ઝાંખ પડતી હતી. આ બેરન બહુ મોટા માણસ હતા. "ઇંગ્લંડ અને જર્મની વચ્ચે વેરભાવનાં કારણ અને તેમાં કસુર કોણનો." એવાં પુસ્તકનાં બે વોલ્યુમ તેઓએ તુરતજ પ્રગટ કીધાં હતાં અને તે ઉપર લંડન અને જર્મન પ્રેસમાં મોટી મુઝાહેમત થઇ હતી. આ ઉમરાવ પોતે તો ધર્મના સવાલ ઉપર કાંઇ ઝાઝું મરી ફીટતા હોય તેવી નીશાનીઓ દીસતી ન હતી, પણ બેરોનેસ બહુજ ધર્મચુસ્ત હતાં અને તેમના કરતાં તેમની બેટી તો ધર્મ દેવાની હતી. હું ઇંડીયાથી આવ્યો છું એવું જાણી આ ટોળી મારા ઉપર બહુજ વ્હાલ બતાવતી હતી. તેઓ મારી સાથ વાતો કરે અને મને બહુ રાજી રાખે પણ પાછળથી તેઓ મારા ગમ જોઇ જોઇને પોતાની ભાશામાં કાંઇ ઘુસઘુસ કરે. આપણે જાણ્યું કે હશે, મારા રૂપાળા ચેહેરાનાં વખાણ કરતાં હશે અથવા કપાળની ભકુટી નીહાળી અજબ થતાં હશે—પણ પાછળથી ભાંગડો

ફુટો. મારા સદાના ખેરખાહ દોસ્ત ડા૦ સ્ટાઇને મને હળવેથી કાનમાં કહ્યું કે "બીરાદર મરઝબાન, હુશીયાર રહેજે. આ બેરોનેસ તું ખ્રીસ્તી નથી તેથી બહુજ દલગીર છે અને એ લોકોએ તને સમજાવીને વટલાવવાનો નીશ્ચય કરયો છે અને તે કામનું બીડું બેરોનેસની બેટીએ ઝડપ્યું છે." આ ખબરથી મને બહુજ ગીલી લાગી. બંદા મુછમાં હસ્યા કે, હાઆઆ– આવોની બા, આપરેબી તૈયારજ છૈએ. મારા જેવા ઓલીઆ ગપાટને વટલાવી જાંગલો કરી નાખતાં કેટલી વાર? એક દહાડે જમતાં જમતાં બેરોનેસની બેટી જેણીની બેઠક મારા જમણા હાથ ઉપર હતી તે મને કાનમાં હળવે કહેવા લાગી:—

"મી૦ મરઝબાન, તમે જોયું હશે કે મારાં બોઓર્ગો મા બાપ તમારી ઉપર કેવાં ખુશ અને માયાળુ છે?"

મેં જોયું કે આયું! લાંબા દીવસ સુધી હવામાં લટક્યા કરતું વાદળ આયું! દાંતમાં જીભ પકડીને જાણે કાંઇ સમજતાજ ન હોઇએ તેમ જવાબ દીધો "ખરેખર, હું બહુજ પોતાને નસીબવાન સમજું છું. અહીં આવા આવા મોટા લોક છે તેઓને મુકીને એક મારા જેવા ઓડાનીને તમે લોક આ પ્રમાણે ચાહો છો-ઈત્યાદી ઇત્યાદી ઇત્યાદી" સેવકને હાખ થુ કરતાં કયાં આવડતી નથી?

"તારે એક મારૂં કહેલું કબુલ કરશો? જો? તમે કરશો તો અમારૂં આખું કુટુંબ તમારી ઉપરથી ઓવ-રાઇ પોવરાઈ જશે."

એ તો ઠીક થયું કે આગળથી બાતમી મળેલી હતી એટલે આ હકીર તૈયાર હતો, નહીં તો એમજ સમજતે કે આ ઉમરાવજાદી મારી સાથ પરણવા માગેછે કે શું! જીવ ઠાવકો રાખી મેં ઉત્તર દીધો કે "મોટી ખુશીની સાથે. તમારૂં કહેલું હું માથે ઊપાડી લઉં છું. મારાં બુઝોર્ગ માતાજી સમાન બેરોનેસને રાજી કરવા હું દુનીયાના છેડા સુધી જાઉં"—ઇત્યાદી ઇત્યાદી—માર તોપ અલ્લાહ સચ્ચા હય. કોણ જાણે દુનીયાનો છેડો ક્યાં હશે—પણ બોલ્યામાં કાંઇ ગયું? છોને કોઇનોબી જીવ ખુશ થાય.

મારા ઉત્તરથી બેરોનેસની બેટીનો જીવ ખુશાલ થયો અને તેણીનો ચેહેરો ખુલીને ખીલતા ગોલાબ મીસાલ થઇ રહયો. તેણીએ પોતાની પાસે પોતાની મા બેઠી હતી, તેણીને કાંઇ છુપી ઈશારત કીધી કે શું, કે તે બચારી વાંકી વળીને હસી હસીને મને ડોકું નમાવવા લાગી. સામેથી બેરન પોતે હસે, ડાબી બાજુએથી સેક્રેટરી મને મુબારકબાદી આપે અને કીલ્લો જીતાયો અથવા જે ઘડી જાય છે તેમાં જીતાશે એવા ખ્યાલથી સર્વે મારી ગમ મુબારકબાદીની નજરથી જુએ. એણીમેર આપણું તો પાપણબી હાલે નહીં અને 'મીનીગો' થઈને જમ્યા કીધા.

જમીને ઉઠયા કે મા બાપ, બેટી, સેક્રેટરી સઘળાં મારી આસપાસ ફરી વળ્યાં. અને મારી સાથ ઉલટથી શેકહેંડ કરીને બેટી બોલી:—

"મારા દોસ્ત અમે તારી પાસેથી શું ઇચ્છીયે છીયે તે અલબત તું સમજી ગયો હશે. મારાં માત પીતા અને હું સઘળાં તારા સ્વભાવ, સમજ શકતી, લાયકી અને દુન્યાના અનુભવ માટે બહુજ ખુશ છઇયે પણ એકજ વાતની ખામીથી અમારો જીવ તારે પોતાને ખાતર રંજીદા છે અને તે એ કે તારા જેવો એક માણસ ખીસ્તી નથી!–(અંહંહંહં-આવી ધાડ)–વાસ્તે તું વીચાર કર. આવતી જીંદગીમાં તારાં રૂહને ખાતર સ્વર્ગમાં સારી જગા મેળવવાને ખાતર તારે જીસસ ક્રાઈસ્ટને તારો હમશરીક કરવો જોઈયે." ઇત્યાદી, ઇત્યાદી.

અહંહં—આંહાંહાં—મેં જરા જુઠું જુઠું હાંસ્યું, જરા ઝીણું જેવું કાંસ્યું, ખાલીપીલી ડોળા આસમાને ચઢાવ્યા, જાણે આ માહા સવાલ માટે કેવાક ઊંડા ખ્યાલમાં હોઉં. ખરી વાત તો એ હતી કે બચારાંઓની ભોળાઈ ઊપર મને હસવું આવતું હતું અને લુહાટવારે સોય વેચવાની તેમની તકલીફ માટે હું તેમની દયા ખાતો હતો. હું આસમાન ગમ ડોળા ચમકાવતો હતો ખરો પણ મારૂં ધક ધ્યાન તો બપોરની ચામાં ભરાયું હતું.

"કેમ મી૦ મરઝબાન, એટલું અમારૂં કહયુ કરશો કેની? જુઓ તમારા પોતાનાજ ફાયદાની વાત છે."

મેં આંખ બંધ કરી, છાતી ઉપર હાથ મેલી, મહાન નાટકી પેશુ સમજુની પેઠે પગ પેંગા કરી જવાબ દીધો "હાઆઆઆ, મોટી ખુશીની સાથે પણ બોલી

એ કે તમે મને એ ખ્રીસ્તી ધર્મની ખુબી અને તેથી થતા ફાયદા સમજાવો અને મને પાછો પ્રતીઉતર આપવાની કબુલાત આપો. વળી તકરારની અંદર કોઇએ તરીઆ-પાવ ફેંકવા નહીં.

"કબુલ છે, કબુલ છે—કાલે અગીઆર વાગે સવા-રના આપણે કલીનીકના બાગમાં મળશું ને ત્યાં વાત કરશું. મી૦ મરઝબાન, તમારૂં રૂહ દોજખમાં જતું બચ્યું તે સારૂં હું તમને અંતઃકરણથી મુબારકબાદી આપું છ."

આપરેબી આ સસ્તી કીર્તી તુરત વેળા તો ગરૂપ દેતી ગળી ગયા પણ મનથી વમાસ્યું કે—આવજો, કાલે વાત—આગુ તો ચલો—બડી મઝાહ હય.

બીજે દહાડે બગીચામાં સર્વે ભેગાં મળ્યાં. મેજપર ખાણાંપર બીરાજેલાં કેટલાંક મડમ જાંગલાઓ જેઓએ આ જીકર સાંભળી હતી તેઓ માંહેથી પણ કેટલાંક હાજર હતાં. સઘળાંનાં મનમાં કે બચારો આ હીંદી હાથ આવ્યો ખરો—સીધો બેહેસ્તમાં ગયો. આ વેળાએ મેં એવું ભોળા ભટાક હોવાનું ડાચું કર્યું કે તેનું ચીત્ર જ્યારે યાદ કરૂં છું ત્યારે હમણાબી મને રમુજ આવે છે. પણ તમારા નોકરમાં એક સેફ્ત છે કે ગમે એવાં પેટમાં ગીલગીલીયાં લાગતાં હોય તોબી હસવું નહીં. બેરો-નેસની બેટ્રીએ સમજાવટની બેટરી શરૂ કરી. સઘળું સાંભળ્યા પછી આપરે જાગ્યા. આ વીશેની વાદવીવાદ જેટલી રમુજી તેટલીજ હવે પછી મારી પેઠે સંકડાસમાં આવી ગયલાઓ

માટે કામની છે માટે જરા ધીરજથી વાંચવાની ભલામણ કરૂં છું. ખ્રીસ્તી ધર્મમાં દાખલ થવાની તરફમાં તેઓએ જે કહ્યું હતું તે મેં સઘળું એક શબ્દ બોલ્યા વગર સાંભળ્યું, પછી હળવે હળવે મારી જબાં ખોલી.

"હું સમજયો, બધું સમજયો. પણ મને કહેશો કે પેલી જોહાનમાં બેહેસ્ત મોટું હશે કે દોજખ?"

જવાબ મળ્યો કે અલબત બેહેસ્ત તો થોડાં સારાં માણસો માટે છે ને બાકીનાં બધાંનો દોજખમાં ઠાર થશે. ખરી વાત છે. ત્યારે વળી મેં કહ્યું કે આખી દુનીયામાં ખ્રીસ્તી તો ફક્ત યુરોપના ચોકસ ભાગોમાં છે ને બાકી બીજાં અબજો માણસો બીજા ધર્મ પાળે છે. ત્યારે શું તમે એમ ધારો છો કે જે ખ્રીસ્તી હશે તેને પરવરદેગાર બેહેસ્તમાં રાખશે અને બાકીના બધા અબજોને દોજખમાં મોકલશે? ખોદાની અકકલ વીશે તમારૂં આટલું હલકું મત જાણી હું અજબ છેઉ—(મીજલસમાં ગભરાટ). વળી હું પુછું છું કે તમે તમારી બાઈબલનો અભ્યાસ કીધો હશે અને તમારા પાદરીઓની શીખ સાંભળી હશે, પણ તમે બીજા ધર્મનાં પુસ્તક વાંચ્યાં છે? નહીં—ત્યારે તમને બેઉ બાજુ સાંભળ્યા અને જાણ્યા વગર મત આપવાનો શો હક છે? મારૂં મત એવું છે કે જો તમે જરથોસ્તી નહીં થશો તો દોજખમાં જશો.

અત્રે એક જણે તાપસી પુરી કે અમારો ખ્રીસ્તી ધર્મ સર્વેથી છેલ્લો છે એટલે તેમાં સર્વેથી નવામાં નવા

સુધારા સમાયલા છે. મેં કહયું જે બીજા શબ્દોમાં બોલ્યે તો આપણા પુરાણા ધર્મોમાંથી જરા જરા તફડાવીને તમારો એતેકાદ ઉભો કીધેલો છે. ખોદાતાલાના ચાર પાંચ માનીતા ચેલા હતા તેમાંથી એકને પુર્વ, બીજાને પશ્ચીમ, ત્રીજાને ઉતર અને ચોથાને દખણ આમ મોકલ્યા અને ફરમાવ્યું કે જાઓ બેટાઓ નીચલી ધર્થીમાં માણસ જાતને સારી શીખામણ આપો. એ બધા પેગામબરો ભાઇ જેવા છે અને સર્વેની શીખામણ એક સરખી છે કે ભલા કર ભલા હોગા. પછી તેને ક્રાઇસ્ટ કહો, જરથોસ્ત કહો કે મહમદ કહો. એક માણસ જમાનાથી પોતાના પેગામબરના સારા સખુનો માનીને નીતીના રસ્તાપર ચાલતો હોય તો તેને તેના એતેકાદથી ફેરવવાની તજવીજ કરવી એ સવાબ નહીં પણ પાપ હું સમજું છું. તમારૂં દેવળ તો મારૂં આતશબેહેરામ, અને તેજ મુસલમાનોની મસજીદ. ખોદાની ભકતી ગમે ત્યાં કરો ચાહો એવી ભાશામાં કરો પણ જો તમારા દીલમાં સાચવટ હશે તો તે ભકતી દાદાર સ્વીકારે નહીં એમ હું કબુ માનું નહીં.

આ પછી મનસની ગવસની કુનસનીના અર્થ મે તેમને સમજાવ્યા. આપણી મૈયતની રીતી, હાથ પગ પાકીજગે કરવાના નીયમ, સફાઇ સુઘડાઇનાં સાધનો વગેરે સમજાવ્યું કે બધાં ઠસ થઇ ગયાં. હું ખાત્રીથી માનું છું કે એરવદ જીવણજી મોદી અથવા બેહેદીન ખુરશેદજી કામા કે એરવદ શેહેરીઆરજી ભરૂચા જેવા

વીદ્વાનો ત્યાં હાજર હતે અને "શીરોજા, જંદરવાની કે જોતી, ફરોખશી, આત્રોખશી" જેવી ક્રીયાની બાબદો એક બાજુ મેલી દઇને તેઓને આપણા મહજબનો ખાલેસ સાફ સાફ ખ્યાલ આપતે તો હું ખ્રીસ્તી થતો તો ડોસો થયો પણ ત્યાંના ત્યાં બે ચાર જન જરથોસ્તી બની જવાનો ચાન્સ વધારે હતો. મેં તેઓ સાથ લડત ચલાવી કે, ક્રાઇસ્ટ ઘણો ભલો માણસ હતો તે હું કબુલ કરૂં છું, વીદવાન હતો તેબી કબુલ કરૂં છું પણ—તે સારૂં જરથોસ્ત બુરો હતો અને તે વીદવાન નહીં હતો એમ કહેવાને તેઓને કશો હક ન હતો.

સઘળાંઓનાં મોહ ચુપ થઇ ગયાં અને આખરે બેરન સાહેબે ઇશારત કરી જે ઉપરથી દીકરીજી નીસાસો નાખી બોલ્યાં, "I see Mr. Marzban you are hopeless" મી૦ મરઝબાન તમારા ઉપર પુરો મુકયો. મુકયો તો ભલે મુકયો પણ એમ ખ્રીસ્તી થઇને બેહેસ્તમાં જવાનું હતે તો દુઃખ શાના હોય? મીજલસ બરખાસ્ત. તે દહાડા પછીથી મને વટલાવવાની વાતનો એક હરફ કોઇએ કહાડયો નહીં અને સારાંશ હું પાછો જેવો ને તેવો અત્રે આવી પહોંચ્યો છું. મનસની ગવસની કુનસની!

પ્રકરણ—૧૫ મું.

ગયાં પ્રકરણમાં હું જર્મનોનાં ખાધરાપણા વીશે લખતાં લખતાં ચાલ્યો ચાલ્યો તે વટલાવવાની વાત ઉપર ઉતરી પડયો, એટલે ખાધા પીધાની વાત તો એક બાજુએ રહી ગઇ. વીસબેડનથી દશેક માઇલને છેટે બીબરીચ નામે રાહ્‌ઇન નદી ઉપર એક શેહેર છે ત્યાંથી રોજ દજન બંધ સ્તીમરો ઉપડીને સેહેલાણીઓને આખા દહાડાની મોજ કરાવી લાવે છે. મને કોઇએ કહ્યું કે આ વાર થતી રચના જોવાજોગ છે એટલે એક રવીવારે હકીર ઉતરી પડયા. દર પાંચ મીનીટે ઇલેક્ટ્રીક ટ્રામ ઉપડે તેમાં ફકત ૨૦ ફેનીંગ—અઢી આના—આપ્યા કે પચાસ મીનીટમાં બીબરીચ. સ્ટીમર ખાસ્સી ૨૦૦ ફીટ લાંબી અને સોનાં રૂપાંથી મઢી લીધેલી. ડુટક ઉપર સેંકડો ખુરસીઓ હારોહાર ગોઠવી મુકેલી અને ઉપર હજારેકને સુમારે ઉતારૂઓની ભીડ. જ્યાં જુઓ ત્યાં બચર બચર ચાવવાનું ચાલે, ઉપર બેંડ વાગે અને નીચે ટેબલ બીછાવેલી તે ઉપર આઠ વાગામાંથી સઘળાઓ પેટનો ખાડો પુરવા બેસી ગયલા. સ્ટીમર ઉપર દાખલ થતાં ભચડાકચડીનો પાર નહીં. હું તો જાણું કે ગોરા ટોપીવાળાઓ પોતાની બાનુઓ ઉપર જાનફેશાની કરે છે તે આવી ભચડાકચડીમાં તેઓને કેવીક મદદ કરતા હશે. પણ અહીં મલાહજાની

જાત નહીં. મરદ ઓરત અને છોકરાં, સારડીનની પેઠ હસોહસ ચંપાઇને એકકને હડસેલા મારે અને ધકાધકી કરવામાં મરદ કરતાં ઓરત ચાર ચાશણી ચહડે. જરા બીર પેટમાં પડયો કે પછી જોઇ લ્યો તમાશો! જર્મન લોક જરા જરામાં પીસતોલ અથવા તલવારબાજીથી ડયુએલ રમવામાં ઘણા હુશીયાર છે અને તે તરફ રાજ્યાધીકારીઓ જાણી જોઇને આંખ વીચામણા કરતા જણાય છે. જર્મન સ્ટુડંટોમાં એ બાઝમબાઝી એટલી સાધારણ છે કે ચેહેરા ઉપર બે ચાર ઘા વગરનો સ્ટુડંટ કદાચજ નજરે પડતો હશે. હું હજુ તો સ્ટીમર ઉપર ગયાને એક કલાક થયો ન હશે એટલાંમાંજ પહેલી આંચ લાગી. એક જર્મન ગ્રહસ્થ એક બાનુને લઇને આવ્યો. આ બાનુ તરફ જોઇને બીજાએ હસીને સલામ કીધી કે પહેલાના પેટમાં સ્ટીમ ચઢયો અને લાગલો ઊઠીને બીજાને ખુણામાં ઘસડી જઇને 'ડયુએલ'ની ગોઠવણબી કરી આવ્યો. હસીને સલામ કરનારે આ ચાલેંજ ઉપાડી લીધી પણ સાથે સાથે કાન ખોલ્યા કે "મને તલવારબાજીની બીક નથી પણ તું કોણને માટે લડવા તૈયાર થયોછ? આ સ્ત્રીને તું ઓળખેછ કે?" કેથા એક દુકાનદાર સ્ત્રીને કાકા તો ઉપાડી લાવેલા એટલે 'ડયુએલ' ત્યાંજ ઠં પડી ગઇ. સ્ટીમર શાંત રાહાઇન ઉપર સાપની પેઠ સડસડ ચાલે અને કકડીને ભુખ તો એવી લાગે કે જાણે આખી કેબીન ખાઇ જાઉં. પણ મેજ ઉપર જગા

હોય ત્યારે કે? બસો જણની મેજ અને હજાર જણ ઉમેદવાર. પણ એટલું ભલું કે નીચે કેબીનની બહાર નાની નાની દુકાનો ઉઘાડેલી જ્યાં રોકડા પૈસા આપીને પાંઉ, માખણ, ટંગ, ચીઝ વગેરે વેચાતું લ્યો અને ઉભા ઉભા ત્યાંજ ખાઈ જાઓ. આવી સ્ટીમરો દહાડાની આઠ દશ દરરોજ નીકળે છે પણ તેમાં રવીવારે તો ભીડ અને ધકાધકીનો પાર નથી. કોઇ નેહેસ્તજ હશે કે જે આતવારે પોતાની પ્રીયા અથવા માશુક સાથ સેહેલ કરવા નીકળી પડતો ન હોય.

વળી રવીવાર તો બાપદાદાનો દહાડો! બધા ધર્મી સકર્મીબી મુએલા કેની તે સાહવારના અગીઆર વાગા સુધીજ ફક્ત દુકાનો બંધ રાખવાનો હુકમ! બાકી અગીઆરનો ટકોરો થયો કે પાછું રોજની પેઠે કામ ધમધુકાર ચાલે. અગીઆર વાગતા સુધી બંધ રાખવાની મતલબ એ કે દેવળમાં જવાનો ટાઇમ મળે. પણ દેવળમાં જતા ડોસા થયા. ટ્રીમ ટરાક થઇને ગોરાઓ અને ગોરીઓ નીકળી પડે અને "વીલ્યમ સ્રાસે" નામનો મસમોટો ધોરી રસ્તો છે ત્યાં "પ્રોમેનાડ" કરે એટલે જે બગલમાં હાથ ઘાલીને જોડાં જોડાં "વાકી વાકી" કરે. તે વખતે એક સાધારણ સુથાર કે કડીઆનોબી શું ભપકો! એકાદ કપડાંનો કોલર કાગળમાં વીટાળીને સાંતી મુકયો હોય તે રવીવારે સાહવારના કહાડીને પહેરે અને એક બાવા આદમના વખતનો કાળો ડગલો હોય

તેને બ્રશથી ઘસી ઘુસીને તે લટકાવે, તે એટલા સુધી કે તેના ઘડીના સળબી ઉભા ને ઉભા દેખાય. પછી એકની એક બુટની જોડને થુકબુક લગાડીને કાળાં કરીને તે લટકાવે અને મોહોડાંમાં કોબીનાં પાત્રાંની ચીરૂટ સળગાવીને પોતે એમ સમજે કે આપરેબી ઝાટલીમેનમાં ભેળાઇ જઈએછ હું ! દુકાનદાર પોરીઓનાબી એજ હાલ. આઠ દહાડા દુકાનમાં વહીતરૂં કરે, પણ રવીવારે પેટંટ પંપ શુઉ અને જાલીનાં મોજાં પહેરી નીકળે તો ઓળખોબી નહીં. એવા આ સુખીઆરા જીવના ઢંગ છે. પણ બળાપો કીધામાં શું ફાયદો? પાંચસો વરસ પછી તમારોબી વારો આવશે—પેંડયા ધીર ધર.

એ નખ્ખોદ ગીયાઓને સોળ આના મા પોણી સોળ ચાલે નહીં. ધણીજી દુકાન ઉપર કામે રોકાય એટલે બપોરના ટીફીન માટે ઘેર અવાય નહીં. નહીં અવાય તો શું મુઝાખો છે? અહીં બબે રૂપીએ દરમાયો લઇને ઘાટીઓ ભોંણા પહોંચાડે છે તેવું ત્યાં કાંઇ નથી. બધું સાઈકલ ઉપર. શર્ટ ઉપરજ નોકર સાઈકલ ઉપર સવાર થાય અને એક હાથમાં સેસની પેઠે નાસ્તાની ટ્રે ધરેલી અને બીજે હાથે સાઇકલ ગાઇડ કરે અને આંખના લેહેજામાં શેઠને નાસ્તો પહોંચાડીને પાછો આવી ઉભો રહે. તાર પહોંચાડવાબી સાઇકલ, ટપાલસારૂં સાઇકલ, ચીઠી ચપાટી સારૂં સાઇકલ, દુકાનપરથી માલ લીધો હોય તે પહોંચાડવા સાઇકલ, જ્યાં જુઓ ત્યાં ઝડપ ઝડપ ને ઝડપ! એક

વાર મને કાચના બુચની બે શીશી જોઈતી હતી તેની શોધમાં એક દુકાનમાં હું ગયો. અમારી સ્ત્રી દુકાનદારે દુકાન બહુ ખોળી પણ મને જોઈતી હતી તેવી શીશી મળી નહીં એટલે ચટ દેતી જઇને ટેલીફોનમાં વાત કરવા લાગી. જરા વારે આવીને કહ્યું "તમે બે કલાક પછી માણસ મોકલજો, શીશીઓ આપીશ. કીમત ફક્ત અઢી આના." આ દુકાનદાર બાઈ ઘણી હસમુખી હતી તેણીને મેં પુછયું કે "તમારૂં મોટું ગોડાઉન હશે?"

"નહીં—નહીં—ફ્રાંકફોર્ટમાં કાચનો માલ બનાવવાનું કારખાનું છે ત્યાં મેં પુછયું ને તે લોક બપોરની ટ્રેનમાં મોકલી આપશે!"

"શું? છેક ફ્રાંકફોર્ટ પુછયું? તે અહીંથી કેટલું દુર છે?"

"સુમારે સવાસો મૈલ હશે."

(મુંબઇથી પુના જેટલું.)

"સાબાશ, ને બે કલાકમાં ટ્રેન આવશે?"

"હા, દર કલાકે ટ્રેન આવે છે ને દોઢ કલાકમાં આવી પુગે છે."

"પણ ફક્ત અઢી આનાના આરડરને સારૂં માણસ આવશે?"

"હા—બીજા કોઇ આરડર હશે તો લેતો આવશે પણ આરડર નહીંબી હોય તો શું થયું? આજે અઢી આનાનું કામ પડયુંછ તો કાલે અઢી હજાર માર્કનો આરડર મળે—એ તો ધંધો છે."

સાબાશ! હું ફરીને કહું છું કે સાબાશ! ફતેહનું ગુપ્ત કારણ આએજ છે. વીચાર કરો કે એને બદલે કટલરી બજારમાં કોઇ ખોજા મેમણની દુકાન ઉપર ગયા ને આના ચાર આનાની ખરીદી કરવા માંગી તો પાનના ડુચા ચાવતો વેપારી કદાચ અઢેલીને સુતેલો સરખો ઉઠીને બેસવાનીબી દરકાર નહીં કરશે.

આપણી તરફ જ્યારે એક ઘર ખાલી કરવાનું હોય છે ત્યારે કેવો ધસ્કો પડે છે તે તો સર્વે કોઇના ઉપર વીટેલી બીના છે. દસ વરસે એકવાર ઘર ખાલી કરવું હોય તો એબલગામણા હેલકરીઓ કોહીને કંદ થઇ ગયલાં માટલાં અને જરીપુરાણાવાળાઓને શરમાવે એવાં પીંજરાં ભોંયતળીએ લાવીને અવાચી ખાતા ખટારામાં કેમ ભરે છે તે તો તમે જાણો છો. વળી દાદર સાંકડો ને કબાટ મોટી એટલે અધવચે કબાટને કેમ વાઇગોળો થઈ આવે છે તેબી તમારાથી અંજાણું નથી. રસતે જતાં કાચ ભાગા, વેલણના પગ થઇ ગયા એ તો રડાકુટો છેજ. વળી સામાન ગોઠવગાઠવ કરતાં ઘરનાં છોકરાંઓ દહાડાના દહાડા સુધી પછડાઇ મરે તે જુદું. પણ હવે મારાં માનીતાં વીસબેડનમાં જુઓ. મારે ઘર ખાલી કરવું છે તો હું એવુંજ કામ કરનારી કંપનીની આફીસમાં લખીને ખબર આપું કે ત્યાંનો મેનેજર આવેલોજ છે. તે સામાન જોઇ લે અને પછી તે ક્યાં અને નવાં ઘરમાં કેવી રીતે ગોઠવવો છે તે નોધી લીએ અને કહે કે સાહાઠ

માર્ક કે હેંસી માર્કનું બીલ થશે. ગોઠવણ થઇ કે તમે તમારે ખુશાલ હાથમાં લાકડી લઈને ફરવા ચાલ્યા જાઓ. છ ઘોડા જોડેલું એક જબરદસ્ત ગાડું ઘર આગળ આવશે. ઘોડાબી નરા હાથીનાં બચ્ચાં. પગબી જાણે એકેકા લોઢાંના થાંભલા! ગાડું નાનું મઇ જેટલું! હું ધારૂં છું કે ત્રીસેક ફીટ લાબું અને પંદર ફીટ પોહોળું હશે. ખાસ્સો એક મોટો ઓરડો જોઇ લ્યો. કનટ્રાકટ લેનારનાં માણસો યારીઓથી કબાટ વગેરે સામાન ઉતારી સફાઇથી આ હાલતા ઓરડામાં રચે, અને એક કલાકમાં તો "ઘર ખાલી. ગાડાંમાં ઓછામાં ઓછી વીસ કબાટો એક વાર સમાઇ જાય. નવાં ઘર આગળ પેલા છ ઘોડાની સવારી આવી કે લાગલો યારીઓથી સામાન તેમજ ચહડાવી દે અને શેઠ બહારથી ફરીને આવે એટલામાં તો ગલીચા આરસી સામાન ડીનર બધું વગેજગે તૈયાર. કાંઈ ભાંગે તુટે તેનોબી વીમો. કાંઇ ચોરાયું કે તેનો બીમો. તમે તો ફકત પચાસથી સાઠ માર્કના જવાબદાર!

આજનો અંક ખતમ કીધા અગાઉ હું ત્યાંની મચ્છી બજારની થોડીક હકીકત આપું છું. અહીં નળબજાર કે ક્રાફરડ મારકીટમાં મચ્છી બજારમાં જાઓ અને ત્યાંની ગંધાતી તથા પરસેવાથી ટપકાતી માછણ તથા કોહેલા બુમલા બતાવતી કલાબકોર કરતી વીચ્છણ તમને બરાબર માછીઆં કાછીઆંનો ખ્યાલ આપશે. શું લુટાલુટ, શું ગાળાગાળી, શું લપર છપરનો ભીનાસ

અને શું વાસ! પણ અહીંનો મામલો જુઓ. ખાસ્સાં કુશાદે દીવાનખાણામાં બીલોરી કાચના મોટા મોટા કેસ ઉભા કીધેલા. તેમાં કોઇમાં ખારૂં તો કોઈમાં મીઠું પાણી ભરેલું અને માહે જુદી જુદી જાતની નાની મોટી જીવતી માછલી નાખેલી. આ માછલીઓ ખાસ્સી મજેહથી તરે, ખાવાનું નાંખ્યે તે ખાય, ડુબકી મારે અને ગમત કરે. કોઇ કોઇ માછલી તો ખાસ્સી ચાર ફીટ જેટલી લાંબી હતી. જ્યારે ગરમી ઘણી હોય ત્યારે ઉપરથી આઇસનો સલાબ મુકેલો તેમાંથી પાણી ટપકાયા કરે. ખરીદદાર સ્ત્રી પુરૂશો આ દીવાનખાનામાં જાય અને આમ તેમ ફરીને કાચના કેસમાં શું શું જીવતું વેચવા મુકયું છે તે જુએ અને પછી જે માછલી પસંદ આવતી હોય તેનો રતલ દીઠ ભાવ પુછે. ભાવ ઠરયો કે લાગલો દુકાનનો ધણી તે અમુક માછલી જીવતી ને જીવતી બાહાર કહાડે અને કાંટા ઉપર નાખીને તોલીને જીવતી ને જીવતી આઈસમાં વીટાળીને પોરેઓ સાઇકલ ઉપર જીવ નાખતો જઇને તમારા બબરચીખાનામાં પહોંચાડી આવે. ના એટલુંજ નહીં પણ માગો તો મારબલ સ્લાબ ઉપર નાખીને વેતરીબી આપે. એવો આ જમાનાનો ખેલ છે.

સઉ પૈસાનો બહાર
પૈસાનો કારોબાર
પૈસાનો પ્યાર—પૈસાથી યાર
પૈસે સઉ લેહેઝતદાર!

પ્રકરણ—૧૬ મું.

ચાલો હવે, વ્હાલાં વીસબેડનને તુરત વેળા છેલ્લી સલામ કરવાનો વખત જેમ નજદીક આવતો જાય છે તેમ પેટમાં ધસ્કો પડે છે કે હવે ઉંકડો કઈ તર બેસશે. કોઇ દહાડે વીલાયતમાં એકલી મુસાફરી કીધી નથી અને એકલું જવું છે. પણ ચીંતા નહીં. હજારો લોકો જાય છે ને આવે છે તો પછી જે સઉનો રાહ તે વહુનો રાહ. વળી ત્યાં કાંઇ આ દેશના ટોપીવાળાઓની પેઠે કાળાં માણસની સુગ નથી એટલે જીવને નીરાંત તો ખરી. મારી સાથે પાંચ મોટાં મોટાં બોચકાં હતાં તેમાં એક તો વીલાયતી નેતરની ટ્રંક દોરડાંથી જકડેલી હતી તે એટલી ભારી હતી કે મારાથી એકલે હાથે ભોંય ઉપર ઘસડાય પણ નહીં. પણ અહીં વળી પાછી વીલાયતી સગવડ જુઓ. રેટનમાયરની કું૦ના નામની એક આફીસ છે ત્યાં હું ગયો.

"કેમ સાહેબ કાંઇ ફરમાસ." સભ્યતાવાળા એક આસીસ્ટંટે પુછયું.

મેં ઉત્તર આપ્યો કે "મારે એક મહીનો ફરવા હરવાની સગવડ છે અને ડેસડન, લાઈપઝીક, વીયેના, બર્લીન વગેરે જોવાની ખુશી છે માટે મને એક યાદી ઘડી આપો કે મારે કેમ, કયારે અને કયાં જવું."

"હા સાહેબ, મોટી ખુશીથી—તમારી સાથ સામાન કેટલો છે?"

"પાંચ પાકેજીસ—એ બધાંની વ્યવસ્થા તમે કરશો કે?"

"હા અલબત, એ તો અમારી ફરજજ છે. તમે શુક્રવાર તા૦ ૧૮ મીએ જવા ઇચ્છો છો તો તમારે એટલુંજ કરવું કે તે દીવસે બપોરના બે વાગતે ફક્ત તમારી લાકડી હાથમાં લઇને સ્ટેશન ઉપર આવજો. બીજું બધું અમે કરીશું."

"પણ ટીકીટ, લગેજ વગેરેનું કેમ? તેની મને સમજ પડતી નથી."

"જરાબી ચીંતા નહીં. તમે ટ્રેન ઉપડવાની પાંચ મીનીટ અગાઉથી આવજો એટલુંજ બસ છે."

આબી ઠીક. આળસુના પાદશાહ થઇ જવા ઇચ્છનારાઓ માટે આ હરામ હાડકાંનું ખાતું એક મહાભારત ઈલાજ છે. કોણ જાણે કેમ ચામડું કહાડશે તેનો જરા ડર દીલમાંતો લાગ્યો પણ "લાલા લાખ તો કહે સવા લાખ." સુક્રવારની બપોરના બે વાગે ટ્રેન ઉપડવાની અને એક વાગ્યો તોબી કોઈની ઘન નસલ નહીં મળે એટલે આપણી ગામઠી ટેવ પ્રમાણે અકડવકડ થવા લાગી પણ જેવો એકનો ટકોરો થયો કે એક અરીમધરીમ જેવો છ ફીટ ઉંચો રાક્ષસ કલીનીકમાં આવ્યો અને માનપુર્વક ટોપીને આંગળી લગાડી એક કાગળની કાપલી મારા હાથમાં મુકી જે ઉપર લખેલું હતું કે "મેહેરબાની કરી તમારો લગેજ આ માણસને દેખાડજો —રેટીમાયર કંપનીની સલામ સાથે." મેં આંગળીથી



જરમન પોરટર–આપટેન ' ઢિલકરી.'

સામાન બતાવ્યો કે પેલાએ કમરેથી એક જબરદસ્ત ચામડાંનો પટો છોડીને પેલી છ મણની નેતરની બાસ્કીટને બાંધ્યો. હું ઉભો રહી જોયાજ કરૂં છું કે આ મોટી બલાગાટ ઉતારવા સારૂં કલીનીકના નોકરોને બોલાવું કે કેમ, એટલામાં તો પટામાં પોતાનો ખવીસ જેવો પંજો ઘાલીને એક જોર મારી પેલાએ આ જંગી ટ્રંક પોતાને ખભે મારી, બીજે હાથે એક પોર્ટમેંટો બગલમાં મારયો, બીજા બેને ખભાંની આસપાસ ઓળવ્યા અને પાંચમો હાથમાં પકડીને આ સંગ્રહસ્થાન જે ઓછામાં ઓછું દશ મણ હશે તે આસાનીથી ઉપાડીને ચાલ્યો. વળી આ પોરટરબી કેવો? કસ્બી કીનારીની ટોપીવાળો, પગે ચળકતાં બુટ અને ઈસ્કી યુનીફોર્મ, નેકટાઇ કાલરવાળો અને છાતીએ રૂપેરી ચકચકીત નંબરવાળો.

સામાનની બલા તો ગઇ. હવે સ્ટેશન ઉપર જવા માટે વીચાર કરૂં છું એવામાં ધડ ધડ કરતી બે ઘોડાની ગાડી આવીને ઉભી અને તે માંહેથી એક રૂપાળી જવાન સ્ત્રીએ ઉતરીને મને હસીને પુછયું "સાહેબ, તમારૂં નામ મી૦ મરઝબાન?"

"હાજી કાંઇ હોકમ?"

"હું રેસ્ટ્રીમાયરની આસીસ્ટંટ છું ને તમને સ્ટેશન ઉપર પુગાડવા ગાડી લાવી છું."

ઓ તારી! મેં મનસે ધારયું કે બચ્ચા જીવ, માર હમણા તો મોજીયાં અને લડાવ લાડ પણ પછી મુંબઇ

જતાં તલમાં તસુ ઓછું પડે તો નાકનાં નસકોરાં ચહ-ડાવતો ના. પરવરદેગારનું નામ લઇ આપણે ગાડીમાં બેઠા અને બરાબર બેમાં પાંચ ઓછીએ સ્ટેશન ઉપર ઊતર્યા. જોઉં છું તો હજારો લોકોની ભીડ અને દશેક પ્લાટફોર્મ ઊપરથી પંદરેક જુદી જુદી ટ્રેનો ઉપડવાની. જો ચુકભુક થઈ ને ભલતીજ ટ્રેનમાં બેઠા તો બર્લીનને બદલે બર્મીંગામ ચાલી જવાનો સઘળો સોદો જોઇ જરા જીવ ગભરાયો ખરો—ખોટી નાકે જીભ લગાડવામાં હાંસલ નહીં. ટીકીટ કયાં લેવી, લગેજ કયાં છે, લગેજની પાવટી કયાં છે? ત્રણ મીનીટ બાકી રહી અને કોઇની ધન નસલ નહીં મળે એટલે જીવ તે કયાં સુધી માને? મે મારી સાથે આવેલી સ્ત્રીને પુછયું તો તે તો મુછમાં—(સ્ત્રીઓ-ને મુછ હોતી નથી પણ પસગાવત હસવાને મુછમાં હસ્વું કહે છે તેથી આ શબ્દ વાપરયો છે અને તે માટે મારી બરમુછી બેહેનીઓથી ક્ષમા ચાહું છું)—ને મુછમાં હસવા લાગી અને બોલી "ધીરજ ધરો, બધું બરાબર થશે" આહાહા! ધીરજ તે કયાંથી લાવું? હું મુંબઇમાં ટ્રેનના ટાઇમની અરધો કલાક અગાઉથી ધધુખર મચાવી સ્ટેશન ઉપર જનારો તે અહીં અકળાઇ જાઉં તેમાં કાંઇ નવાઇ છે? પલાટફોર્મો ઉપર જવા માટે પણ ટીકીટ જોઇએ પણ આ તરફ જેમ ઝુફણ ઝાફણની રીતી છે તેવું ત્યાં કાંઇ નથી. ત્યાં તો બહાર રસ્તા ઊપરજ લોઢાંનું નકસીદાર સ્ટાંડ ઉભું કરેલું. તેની ચીરણમાં ૫ ફેનીંગ

(અઢી દોઢીઆં) નાખો કે ચપ દેતી પલાટફોર્મ પાસ તમારા હાથમાં આવીને પડે તે લઇને ખુશાલ ચાલીઆ જાઓ. ના ટીકીટ કલાર્ક કે ના ટીકીટ એકઝામીનર, ના ખુશામદ કે ના બરામદ. એક મીનીટ બાકી રહી કે એક કસ્બી ટોપીવાળો કલાર્ક મારી સામે આવ્યો.

"સર, તમારૂં નામ મી૦ મરઝબાન?"

"હા—કેમ?"

"હું રેટીમાયરની કું૦ નો આસીસ્ટંટ છું. આ તમારી ટીકીટ વીસબેડનથી બર્લીન, બર્લીનથી લાઈપઝીક લાઇપઝીકથી ડ્રેસડન, ડ્રેસડનથી વીએના અને વીએનાથી પાછું વીસબેડન. એના પૈસા થયા ૧૮૦ માર્ક. આ તમારી પાંચ લગેજની પાંચ જુદી જુદી રસીબ, આ તમારે સારૂં રાતનાં ડીનરની બાસકીટ ૧ાા માર્ક, અને આએ અમારી મેહેનતનું બીલ સાત માર્ક. (સવા પાંચ રૂપીઆ)"

પેલાએ મને ગાડીમાં બેસાડયો અને બક્ષીશનો એક માર્ક આપ્યો જે ખુશી થઇ લઈને ચાલતો થયો કે લાગલી ટ્રેન ઉપડી. તપાસીને જોયું તો મારી મુસાફરીની બરાબર ટીકીટની ચોપડી, કયાં કયાં ઊતરવું અને જગેજગ કેવાં કેવાં હોટેલો છે તેની વીગત, ટ્રેન કેટલે વાગે અમુક સ્ટેશન ઉપર જઇ પુગશે તેની યાદી બધું કંપલીટ તૈયાર હતું. સવાપાંચ રૂપીઆમાં સ્ટેશન પર જવાની ગાડી, સાથે સ્ટેશન સુધી પુગાડવાને લાડી,

લગેજ લઇ જનાર પોરટર, તોલામણી તથા ગાડીમાં બેસાડી આપવા સુધીની તમામ હલામણ! બાપા હુશીઆર તો ખરા! ત્યારે ચાલો હવે વીસબેડનથી છુટા પડયા—હવે જોઇયે આગળ શું વીતે છે.

જે લોકમાં જરાબી મીઠું છે તે લોક શા કાજે આપણા દેશમાં આવે! આસીસ્ટંટ પ્રાફેસર ડા૦ સ્ટાઇનને મેં ઘણો સમજાવ્યો કે જો, વીસબેડનમાં અને યુરોપના બીજા ભાગમાં તો તારા જેવા વીદ્વાનો કકડી જાય છે વાસ્તે મુંબઇ આવ અને ત્યાં જાહેર કર કે તું મહાન પ્રાફેસર પાજેનસ્ટેચરનો સાગીદ છે તો નેહાલ થશે. તેણે પહેલાં તો અડ કરી કે ઇંગ્લાંડ અને જર્મની વચ્ચે મોટો અદેખાઈનો વાંધો છે. ઇંગ્લાંડના પસાર થયલા ડાકટરોને અમે સ્વીકારતા નથી તેમજ અમારાથી ઇંગ્લીશ સલતનતમાં ડાકટરી કામ ન થાય. મેં ઘણોબી સમજાવ્યો કે ઇંડીયામાં તો કાનકા વૈદ નાકકા વૈદથી તે શીકાગોના એમ. ડી. સુધી ડાકટરની ઉપમા ધારણ કરીને વૈદું કરી શકે. અહીં તો મસાલો ઘુટનારબી ડાકટર ને લંડનનો એમ. ડી. પણ ડાકટર. પણ એ તકરાર તેના ખ્યાલમાં ઉતરી નહીં. આખરે જ્યારે મેં ઘણું દબાણ કીધું ત્યારે કબુલ કરી દીધું કે મુંબઇમાં જ્યાં રાતનાં છ વાગા પછી શું કરવું તે સુઝે નહીં, જ્યાં રોજનાં પાંચ પંદર નાટક નહીં, જ્યાં રાતના ખાઇને દશ વાગામાં સુઇ જવાનું ત્યાં દર માસે મને પાંચ હજાર રૂપીઆ

મળે તે કરતાં મારાં સુખવાસી વતનમાં હું રૂપીઆ પાંચસો વધારે પસંદ કરૂં છું.

પ્રકરણ—૧૭ મું.

ચાલો ત્યારે, આખરે બહાર નીકળ્યા તો ખરા. હું સર્વેને બહુજ દાબી દાબીને ભલામણ કરૂં છું કે જો યુરોપ ખંડમાં મુસાફરી કરવી તો ફર્સ્ટ ક્લાસમાં તો જવુંજ નહીં. તેનું મુખ્ય કારણ એ છે કે પહેલાં તો ભાવ એટલો આકરો છે કે ચામડું જીવતું ઉતારી કાઢશે. બીજું તો આ વર્ગમાં અત્રેથી ખાઇ બદાઉ થઇ પડેલા ઇંગ્રેજો મુખ્ય કરી મુસાફરી કરે છે, તેઓને બીજાઓને માટે મોટી સુગ છે અને પોતે પોતાને આસમાનપરથી ઉતરી આવેલા સમજે છે, એટલે બીજાઓ સાથે ભેળાતા નથી અને નાકનું ટીચકું હવામાંજ રાખે છે. બીજા વર્ગમાં ભલા ધનેતરો મુસાફરી કરે છે અને આપણે 'ફારેનર' એટલે વધારે મમતા બતાવે છે. પણ ખરી મજાહ તો થર્ડ ક્લાસમાં છે. થર્ડ ક્લાસબી બહુજ સુઘડાઈભરેલા હોવાથી તેમાં બધી વર્ણના લોકો બેસે છે અને ઘણા છુટથી વાત વગત ચાલુ રાખી મંજલ હસ્તી ને રમતી રાખે છે. બર્લીન જતી મારી સ્પેશીયલ ટ્રેન કલાકની એકસો મૈલની ઝડપથી જતી હશે, પણ ગાડાંઓ ભારી હોવાથી જણાતી નથી. જમવા જવાની


'કાર'માં જતાં લપેરા આવે છે, ત્યારે જાણીયે છીયે કે કેવા સટોસટ વખતમાંથી આપણે પસાર થઇયે છીયે. આખી ટ્રેનમાં એનજીનથી તે છેલ્લી ગાડી સુધી સળંગ 'કારીડોર' હોવાથી ફરહર થઇ શકાય છે પણ કારીડોર એટલી સાંકડી છે કે કોઇ બનામે ઈઝદ સામેથી આવતો મળ્યો તો બંને જાણને દેવાલને અઠીંગીને દબાઇને ડુમચાં અથડાવીને પસાર થઈ જવું પડે છે.

માર્ગમાંજ એલ્ટવીલનું સ્ટેશન આવ્યું કે મને તુરત યાદ આવ્યું કે મને ખ્રીસ્તી ધર્મમાં વટલાવવા ઇચ્છનાર બેરન એલ્ટવીલનું આ તો ગામ. તેણે મને ઘણી ઓજરખવાહીથી આમંત્રણ કરયું હતું કે જો તે તરફથી પસાર થાઉં તો મારે એક દીવસ ત્યાં ઉતરવું. આપણે કયાં લવંગનો વેપાર કરવા જવાના હતા, એટલે ઉતરયા. રહાઇનની ઊપર બેરનનો પુરાણો કીલ્લો હતો, ત્યાં ગયા કે આ ભલાં કુટુંબે મોટા હર્ખથી મને વધાવી લીધો. શું હવા પાણીનું વર્ણન કરૂં? બગીચો જે સુમારે એક મૈલ વીસ્તારમાં હશે ત્યાં ફરતી દેવાલ ઉપર લીલી દરાખના ઝુમખા લખ્ખોના લાગેલા. જોતાં આંખ થાકી જાય તો પછી ખવાય તે કયાંથી? બેરનના નોકરોનો ડ્રેસબી વીચીત્ર હતો. ઘણું કરી હંગેરીયન સ્ત્રી પુરૂશો હોવાથી સ્ત્રીઓએ તીલી જડાવ ચોળી પહેરેલી. માથે રેશમી ડુપેટા વીટાળેલા અને કાનમાં ભાટ્રીયાણીઓની પેઠ મોટાં બબે ઇંચ લાંબાં ચાંદીનાં એરીંગ ઘાલેલાં.

ટુંકો ઘાઘરો, લાલ મોજાં, મોટાં બકલનાં ઉંચી એડીનાં બુટ, માંજરા ડોળા, ગોરા રૂપાળા ચેહેરા અને કાંડીએ મોટાં ચાંદીનાં કડાં. આવું વર્ણન હું બેરનના સ્ત્રી નોકરોનું આપું છું. દેખાવ એવો નવાઇ જેવો હતો કે તેમનો એક ફોટોગ્રાફ મેળવવાની મેં તજવીજ કરી, પણ મળી શકયો નહીં. બેરન લેંગવર્થ ડે એલ્ટવીલની મોટી મગરૂરી તેનના નામાંકીત વાઇન સેલરોમાં છે. એમના કીલ્લામાં ઉગતી દરાક્ષ એટલી તો નામાંકીત ગણાય છે કે તેનો બનતો વાઇન યુરોપના મોટા રાજવંશીઓમાં પ્રખ્યાત છે. આ ત્રણ 'સેલરો' એટલે ભોંયરાંઓમાં હું ઉતરયો, તો તારીખ વાર માંડેલાં સુમારે ત્રણસે પીપોની હાર લાગી હતી. આ માંહેથી કોઇ કોઇ પીપની કીમત ૨૫૦ પૌંડ એટલે લગભગ ૩૭૦૦ રૂપીઆ માંડેલી. મેં પુછયું કે આવો મોઘો વાઇન કોણ પીતું હશે? જવાબ મળ્યો કે રાજવંશી ખાંઓ જેઓ ઉમદા વાઇન પીછાને છે તેઓ કોઇ કોઇ વાર મોટા રાજવંશી મેળાવડાઓને માટે આ પીપો મંગાવે છે. જીવ તો ટપ ટપ થાય કે જોઈયે તો ખરા, આ વાઇન તે કેવોક હશે? જ્યારે ઉપર આવ્યા ત્યારે રહાઈનના કીનારા ઊપર ટેબલ મંડાઇ અને ગ્લાસો વગેરેનો ખણખણાટ સંભળાયો ત્યારે આપણા જીવમાં જીવ આવ્યો કે હવે જીજ્ઞાસા તૃપ્ત થશે ખરી. જરા વારે એક બાટલી આવી અને બેરોનેસે પોતાને હાથે સર્વેને દારૂ રેડયો. ત્યાં એવી

રૂઢી છે કે પરોણો આવે તેની ખાતરદારી ઘરની બાનુ-ઓએજ કરવી જોઇયે. નોકરનું કામ નહીં. વાઈન જેવો હાથમાં લીધો કે સર્વે ઉભાં થયાં અને રાજવંશી રીત પ્રમાણે મુગે મોહોડે ગ્લાસો અથડાવી સર્વે પી ગયાં. ઘરની બાનુઓ મોહ ધોવાનું વોશીંગ બોઅલ અને ટુવાલ લઇ આવી. શું વાઇનની તારીફ કરૂં! નરૂં અમૃત. સ્વાદમાં મીઠો શાકર જેવો, પણ એક ગ્લાસમાંજ બબે બેરન અને ચચ્ચાર ખુરસીઓ દેખાડે એવો ભલો! મેં માફ માગી ધીમેથી પુછયું કે આ વાઇન શું કીમતનો હશે? ઉત્તર મળ્યો કે અકેક બાટલી ઘરમાં પંચાવન માર્ક પડે છે. એટલે એક બાટલીની લાગત રૂ૪૦. ડજનના રૂ૫૦૦. પીતોબી મરે ને પાતોબી મરે! એમાં આપણું કામ નહીં બા.

એલ્ટવીલ છોડયું કે એક માઉનટન ટ્રેનમાં બેસીને રૂડીશાઇમ ગયા. આ રેલવેનો ઢાળ જોતાં પહેલાં તો ધસ્કો પડે છે કે રખે મારયા જઈયે. ખાસ્સી જાણે માળાપર ચહડતી હોય તેમ રસ્તો ચહડાણનો છે. પણ ટ્રેન ખુશાલ ઉંદરની પેઠે ચહડી જાય છે. આ ઢળાણ કેટલું હશે તેનો એટલાથીજ ખ્યાલ આવશે કે ઉંધી ગમ બેઠા તો સીટ ઉપર બેસાતુંજ નથી. ગાડીઓ પણ જાણીજોઇને ખુંધી બાંધેલી છે અને પહેલી નજરે બહુજ કદર બીહામણી લાગે છે. આ ટ્રેન ઇલેકટ્રીક છે અને વચ્ચો વચમાં વીજળીથી લાધેલા સીંગલ પાટા ઉપર સઘળો



જર્મનોની છાતી ખીલવનારો ટેકરો રૂડેશાઇમ.

હીસાબ છે. રૂડીશાઈમમાં ઉતરવાનું કારણ એ કે તે આખાં જર્મનીનું નાક છે.

હું એ સમજાવવાની તજવીજ કરીશ. હમણાનો જે જર્મન એમપરર છે, તે અસલ તો ફક્ત પ્રશીયાનો રાજા હતો. આ વખતે પ્રશીયા, બવેરીયા, સેક્ષની વગેરેના જુદા જુદા આપઅખત્યાર રાજાઓ હતા. પણ એવામાં આલસેસ લોરેન પરગણાંઓ માટે ફ્રાન્સ સાથ લડાઇ જાગી ત્યારે બીસમાર્કે સઘળાં જર્મન રાજવાળાઓને સમજાવ્યા અને શીશામાં ઉતારયા કે આપણે બધાઓએ મળી જઇને સારી દુનીયાને હફાવવી જોઈયે, કારણ કે આપણે બધા ભાઇઓ છૈયે અને આપણા વતન માટે લડીયે છૈયે. કેટલાક રાજવાળાઓએ પ્રશીયાથી ડરીને, કેટલાકે લડાઈના આવેશમાં, કેટલાકે પડોશીને બુમ પડાવવા થકી, આ ગોઠવણ કબુલ રાખી અને મહાન જર્મન રાજ્ય સ્થાપ્યું, જેનો વડો જર્મન એમપરર છે, જો કે નાના રાજવાળાઓ હજીબી પોતાની હકુમત આપઅખત્યારીથી ચલાવે છે. બચારો આસ્ત્રીયા આ જોડાણમાં સામેલ થવા ના પાડી બેઠો એટલે પ્રશીયાએ તેનો ખુડદો કરી નાખ્યો. હવે ફ્રાંકો-પ્રશીયન લડાઇ તમામ થઇ અને જર્મન રૈયતે માગણી કરી કે આપણી એકત્ર જીતની ઈંધાણી દાખલ એક સ્થંભ ઉભો કરવો. પણ તે કયાં ઉભો કરવો? પ્રશીયા કેહ જે મારા મુલકમાં, બવેરીયાની ઇચ્છા થઇ કે મારા મુલકમાં ને સેક્ષની ગળે

પડવા લાગો કે મારે ત્યાં. આખરે આખાં જર્મન રાજ-વંશીઓની મોટી રાજસભા મળી ત્યાં ઠરાવ થયો કે બધા રાજવાળાઓની સમતીથી એવી જગા શોધી કહાડવી કે જે સર્વેથી સરસ હોય, કોઈની ધણીઆતી ન હોય અને જયાં આખાં જર્મનીના લોકને આવજાની સગવડ હોય. આખરે સઘળાના એક મતથી આ રૂડીશાઇમનો ખડક પસંદ કરવામાં આવ્યો કે જે રહાઇન નદીની વચ્ચોવચ છે અને જે ઉપર કોઇની ખાસ સત્તા નથી. હારેલા ફ્રેંચો પાસેથી જેટલી કાંસાની અને લોઢાંની ટોપો જર્મનોએ જપત કીધી હતી, તે સઘળી ગાળીને તેનો આ સ્થંભ ઊભો કરવામાં આવ્યો છે અને તે ઊપર જર્મનોની એવી જાનફેશાની છે કે દરરોજ સેંકડો લોક પોતાનાં બાલબચ્ચાંને લઇને આ સ્થંભ જોવા આવે છે અને ત્યાં મેજબાની મચાવે છે. આ નામાંકીત ખડકનો દેખાવ હું આગળ આપી ગયો છું અને પાશે ખુદ સ્થંભનું ચીત્ર આપું છું:—

આ મીનારો જો કે દેખાય છે તો આવો સાદો પણ તે એટલો તો જબરદસ્ત છે કે તેને ઓતવા પાછળ ૧૨૦૦ ફ્રેંચ તોપો ગાળવી પડી હતી. એનાં કદનો કાંઇક ખ્યાલ આપવા થકી લખું છું કે એનો જે ઉંચો કીધેલો હાથ છે, જે ચીત્રમાં નાહાનો અને ખુદ જગા ઉપર એક સ્ટાચ્યુના હાથ જેવડો દેખાય છે તે એટલો મોટો છે કે તેમાંથી એક નાનો છોકરો ઉભો ને ઊભો



જર્મન લોકોના દેવોનો મહેલ.



જર્મનોના ટોળાં આવ્યાં ત્યારે તેઓને હઠાવી દીધા તેની યાદગીરીની પ્લેટ.

ચાલી શકે! જ્યારે પોકળ હાથ આવડો મોટો ત્યારે આખો સ્થંભ કેવડો હશે તેનો ખ્યાલ કરી લેવો. આ સ્થંભનાં તળીયાંમાં ચાર બાજુએ ચાર પ્લેટો આપેલી છે. એક પ્લેટમાં લડવા જતી વેળા જર્મન રાજવંશીઓ સર્વની છેલ્લી મુલાકાત લે છે તે કાંસામાં ઓતેલું છે. બીજામાં, જ્યારે તેઓ જીતીને આવ્યા ત્યારે તેઓને વધાવી લીધા તેનું ચીત્ર છે જે હું પાશે આપું છું.

આ ગંજાવર અને ગર્વીશ્ટ મીનારા બાબે ફ્રેંચોને ભારે દુઃખ છે. તેના જવાબમાં એ લોકે પારીસમાં એક એવોજ મીનારો ઉભો કરયો છે જેનું નામ "ફ્રાંકો-પ્રૂશીયન લડાઇમાં મારયા ગયલા બહાદુર ફ્રેંચ સીપાહોની યાદગારીનો સ્થંભ." આ સ્થંભની નીચે લેખ કોતરયો છે તેમાં લખ્યું છે કે

આલસેસ અને લારેન પ્રગણાં જર્મનો પાસેથી બહાદુર ફ્રેંચ પ્રજાએ જીતી લીધાં સાલ ૧૮૪૩.

જર્મનોના હાથમાં તે પાછાં ગયાં ઇસ્વી સન ૧૮૭૫.

ખોદાનું ચહાવું છે તો ફ્રેંચો તે જર્મનો પાસેથી પાછાં જીતી લેશે ઇસ્વી સન——

આ છેલ્લી તારીખ ઉપલા સ્થંભમાં ખાલી રાખી છે અને તે જોઇ જોઇને ફ્રેંચો બીચારા ખુશી ખુશી થાય છે કે અમે એ પાછાં લઇશું ત્યારે આ તારીખ

કોતરાવશું. મારા અનુભવ મુજબ હાલ તુરત તો કાંઇ એવી નીશાની દીસતી નથી. આ ઉપરથી મને એક રમુજી વાત યાદ આવે છે. બચારા અગાઉ એક——— ના નવાબ હતા. તેમની વસ્તી કુલ પચીસેક હજાર માણસની હશે. તેવણ આખો દીવસ ભાંગ–ગાંજામાં ચકચુર થઈને ઓટલા ઉપર બેસે. તેમના દરબારીઓ તેવણને છાપરે ચહડાવે કે "અબે સાહબ, ઈંગ્રેજ ઇંગ્રેજ કયા લોક કર રહા હય? આપબી અપના ચચાકી બંદુક લેકે ઉઠ તો સબ તફરગે હો જાય." હવે આ ચંડુલી નવાબ સાહેબનો એક બાવા આદમના વખતનો ઘરડો ઘોડો હતો, જેને આખો વખત ઊભો રહીને ઝુલ્યા કરવાની આદત હતી. નવાબ જ્યારે કેફમાંથી આંખ ઉઘાડે ત્યારે આ ઝુલતા ઘોડાની ગમ જોઇને બોલે "હું બેટા, જરા ઠેર, અબ તેરા કામ બજાનેકા વખત આયા–હું દેખ તો સહી." એવામાં બ્રીટીશ સરકારની આખાં છ માણસની ટુકડી કોઇ દાણચોરી કરનારને પકડવા નવાબ સાહેબના મુલકને કીનારે ઉતરી અને બંદુકના એકાદ બે બાર કીધા કે નવાબ સાહેબ બીદાર થયા અને ભડકીને બોલ્યા. "અબે—યે કયા"—ધરરર–ધરરર— થવા માડયું કે નવાબ સાહેબ પછવાડે કાંઈ અગત્યનાં કામ સારૂં દોડયા, ને હજુ આવે છે.



વીસબેડનનું પાદશાહી હોટેલ કયસર હોફ.

પ્રકરણ—૧૮ મું.

એકાદ આગલા અંકમાં હું વીસબેડનના હોટેલની સંખ્યા અને સામગ્રીની તારીફ કરી ગયો છું. જેમ આપણા હીંદુસ્તાનમાં મુંબઇ શેહેર હીરો ગણાય છે તેમ પ્રશીયાની સલતનતમાં વીસબેડન એક ઝળકતો હીરો છે. ત્યાં ભુખે મરતાંઓનું કામ નથી, લુચ્છા ચોરાટીઆઓનું મુકામ નથી. જે કોઇ આવે છે તે ખીસાં તરવાળો હોવો જોઇયે. ત્યાંના હોટેલોનો ખ્યાલ આપવા માટે એક ચીત્ર મેં તૈયાર કરવા આપ્યું હતું તે વખતસર હાથમાં ન આવ્યાથી હમણા આપું છું.

આ ચીત્ર ખાસ ફોટોગ્રાફ ઉપરથી ઊતારેલું છે એટલે એમાં સરાહગાતની જાત નથી. જરા એનો બગીચો તો જુઓ. દરેક રહેવાસીઓને માટે એમાં જુદા જુદા મારબલ બાથ લગાડેલા છે. બીજાં પોંચખાનાઓની પેઠે એક જણ નાહી ઉઠયો કે તેજ ટબમાં બીજો નાહવા જાય તેમ નથી. એક બેસવાનો ઓરડો, એક સુવાનો ઓરડો, એક મારબલ બાથ અને એક જાજરૂ સર્વે દરેક જણને જુદું. પણ દામ? બોલોજ ના. દામની વાત કરશો તો કયસર–હોફમાં રહેવા પામશો નહીં.

જો વીસબેડન જાઓ તો પાસેજ ફ્રાંકફોર્ટ છે તે જોવાને ચુકશો ના. ફકત સવાસો મૈલનો કુદકો છે ને

કલાક હોડમાં લઇ જઇને નાખે છે. આવતી જતી દર કલાકે ટ્રેન છે. એટલે સવારના જઇને સાંજના પાછા ખુશાલ આવી પહોંચાશે. અમે ત્રણ મીત્રો ફ્રાંકફોર્ટ પોંહોચ્યા એટલે કકડીને ભુખે એવો તો ગલઓ કર્યો કે જોવાનું એક બાજુએ રાખી જોભરવા સારૂં પહેલાંજ રેસ્ટોરાંમાં પેઠા. ખાણાંની વર્દી આપી પણ અજાયબીઓની અજાયબી! હોટેલવાળાઓ આમથી તેમ દોડધામ કરે અને ગુચવાયા કરે. પા કલાક ગયો, અડધો કલાક ગયો પણ ગાજકનું ઠેકાણું નહીં મળે, ને પેટમાં તો જુલમગાર કરમ તો ધરયો ધરાય નહીં. આખરે એક જણે લાવીને સામે એક મોટું પાટીઉં મુકયું જે ઉપર બગાડાના છગાડા જેવું જર્મન ભાશામાં કાંઇ લખ્યું હતું. એ શું? અમે જ્યારે પાંચ આંગળાં સાથે કરીને હોઠ સાથ લગાડી ખાવાનું માગવાની નીશાની કરીએ ત્યારે તે એક આંગળું લાંબુ કરીને આ પાટીઉં બતાવે. આ પ્રમાણે મુગા બેહેરાનો નાચ થોડીકવાર ચાલ્યો એટલે અમારી ધીરજ ખુટી. ફફડી ચટકીને અમે બહાર નીકળ્યા અને એક ઈંગ્રેજી બોલનારને શોધી કહાડયો.

"પુછની આ ઓડાનીને, કે ખાવાનું કેમ લાવતો નથી? ને આ પાટીઆંપર શું લખેલું છે?"

"અહસ્થો, તેપર તો એમ લખ્યું છ કે આ જગાએ યાહુદી ધર્મવાળા માટે ખાણું આપવામાં આવશે નહીં."

ઓત્તારી! ગોલામનો ખાધો પહેલાંથીજ ભસી મુઓ હતે તો આ પ્રમાણે તોવાયા કરતે નહીં. અમે હસી પડીને સમજાવ્યું કે અમે યાહુદી નથી પણ પારસી છીયે.

"હું—હું—પારસી—કાંહાંથી અમેરીકાથી આવ્યા કે? તમારૂં વતન કેનેડા તરફ હશે?"

ઓ પારસી બીરાદરો, તમે ખાંડ ખાઓ છો કે અમારાં નામની તો મોટી પ્રખ્યાતી છે કે 'પારસી' નું નામ સાંભળતાંજ સર્વે હચકી જશે. પણ સુઝમાં રોજા બોલતા ના. યુરોપના ૧૦૦ જનમાંથી ૯૫ જન હીંદુસ્તાન કયાં છે તેબી જાણતા નથી! પણ અમે યાહુદી નથી એટલીજ ખાત્રી મળી કે જાદુઈ ઝડપથી ખાણું આવી ઉભું. હવે મને યાદ આવે છે કે "જુ" યાને યાહુદીને નામે યુરોપમાં નવાઇ જેવી સુગ છે. ખુદ લંડનમાંબી યાહુદીઓના મોહોલાજ જુદા છે. વીએનામાં સર્વેથી મોટો રોજગાર યાહુદીઓના હાથમાં છે અને તેઓ ઘણાજ માતબર છે પણ 'સોસાયટી'માં તેઓ દાખલ થઇ શકતા નથી. વીસબેડનમાં બીજાં હોટેલોમાં યાહુદીને લેતા નથી. તેઓનાં રેસ્તોરાંજ જુદાં છે. પણ યાહુદી ઓળખાય કેમ? તેઓની એક મશકરી છે કે તેઓ કાંદો ખાય છે અને તેમનાં મોંહ હંમેશ ગંધ મારે છે.

પણ હવે જરા ફ્રાંકફોર્ટની ખબર લઇએ. બહુજ રળીઆમણું શેહેર! વેપાર વણજમાં મુંબઈને તો કોણ


જાણે ક્યાં ડાવાં ખીસામાં ઉતારી દે. ઘોડાની ગાડી તો નજરેબી નહીં પડે. બધો સુમાર ઇલેક્ટ્રીક ટ્રામ ઉપર. ટેલીગ્રાફ પહોંચાડનારા છોકરાઓ ઇસ્કી ફસ્બી પોશાક પહેરીને સાઇકલ ઊપર તાર પહોંચાડવા આમથી તેમ દોડે તો જાણે આપણી નજર ઠરી જાય. ત્યાં વેપારની શું ઝમક છે તેનો એકજ દાખલો આપું છું. એક દુકાનમાં જઈ મેં એક ફાનસની જોડી ખરીદી પણ પછી યાદ આવ્યું કે એને લઈ જવાની માથાકુટ કોણ કરે? મારી મુંજવણ સમજી જઈ દુકાનની માલેકણે ખોલાસો કીધો કે તમારે એ વીશે ચીંતા કરવાની કશી જરૂર નથી. તમારૂં આદરેસ આપો અને ઘર બેઠાં તમને સામાન પુગશે.

"પણ હું તો વીસબેડન રહું છું. જે અહીંથી સવાસો મૈલ છે?"

"સવા હજાર કાંય નહીં હોય—તમે માલ લીધો તે તમને પહોંચાડવાની અમારી ફરજ છે."

૩બ્બા રૂપીયાના માલ સારૂં સવાસો મૈલ માણસ આવે ને પાછો જાય ને એક પૈનો ખરચ આપણે માથે નહીં!

જેમ વીસબેડનમાં મ્યુઝીકનું ઘેલાપણું તેવુંજ અહીં-બી જાણવું. જેમ ક્રીરીસતાંઉ કરી ચાવલબી ભાગી તુટી વાયોલીન હાથમાં લઈ ટી ટી તુ તુ કરે છે તેમ જર્મનીમાં એકબી જણ એવો નહીં હશે કે જેને મ્યુઝીકની આવડત



બર્લિન : નામાંકીત બ્રીસ્ટલ હોટેલ.

ન હોય. મારા વાહાલાઓને કાંઈ બીજો કામ ધંધોજ સુઝતો નથી. સહવારના બેંડ, બપોરના બેંડ, રાતના આપેરા ચાલુ ને ચાલુજ. આઠ આઠ નવ નવ વરસની પોટ્ટીઓ વાગનર ને ચાપીનના મુશકેલ રાગડાઓ વગાડે અને સમજે! નાહના નાહના બટર બીસકોટ જેવડા પોરીઆઓ લાગલી પેનસીલ કહાડીને મ્યુઝીકના 'પીસ' લખી કહાડે. એ લોકમાં મ્યુઝીકનો કાંઈ અજબ શોખ છે. તે કયાંથી પેદા થયો અને આટલી હદ સુધી કેમ વધી ગયો તે હું હજી સુધી સમજી શકયો નથી.

વીસબેડન છોડયું, ફ્રાંકફોર્ટની ભેટ લીધી કે ચાલ્યા બર્લીન! બર્લીન! મને અગાઉથીજ કહેવામાં આવ્યું હતું કે યુરોપમાં લંડન, પારીસ, બર્લીન, વીએના અને રોમ જોયું કે આખું યુરોપ જોયું એમ સમજવું—કારણ કે સર્વે વેપારનો મહીમા, પાપના ભંડાર, સવાબના સાગર, વીદયાની વખાર આ પાંચ શેહેરોમાંજ સમાઈ ગયલાં છે. આહ! બર્લીન બર્લીન! વીસ લાખ માણસની વસ્તીનું નવું હીરાદોર જેવું શેહેર! આખખાં જર્મનીની રાજધાની! ફ્રાંકો પ્રશીઅન લડાઈની બોલબાલા પેહેલી નજરે અહીંજ નજરે પડે છે. પહેલાં તો આ શેહેર કુછ બીસાદમાં ન હતું પણ ફ્રાંસ સાથે જીત્યા કે ગંજાવર દંડના પૈસા મળ્યા અને માર્યા ગયલા સોલજરોનાં કુટુંબોને તીલ્લોરી થઈ કે બર્લીન કુદકે ને ભુસ્કે વધવા માંડયું છે અને લંડનને કોઇ દહાડે ટક્કર મારે એવી ધાસ્તી

રાખવામાં આવે છે તે ખોટું નથી. યુરોપનું આ પહેલ વહેલુંજ પાયતખ્ત શેહેર જોઈને હું તો ભખરાઈજ ગયો. સારૂં થયું કે ત્યાં વસતા એક જરથોસ્તી બીરાદરને અમારા આવવાની આગમજથી ખબર આપી હતી એટલે તેઓની મદદથી હાડકાં ઠેકાણે પડયાં.

મને મુંબઈથીજ ખબર મળી હતી કે બર્લીનની યુનીવરસીટીમાં આપણા તરફની ભાશાઓના પ્રોફેસર વાછા આજ અગીઆર વર્ષ થયાં ત્યાં રહે છે અને સારી ઈજ્જત ધરાવે છે. મારા આવવાની આ સાહેબને અગાઉથી ખબર મોકલેલી હોવાથી તેઓ સ્ટેશન ઉપર લેવા આવ્યા. ઓ બાપરે, ઠહેરો કયાં જાય છે! જર્મન શાહનશાહની ઢબના મુછના આંકડા વાળેલા, આંખે આઈગ્લાસ, ફ્રાક કોટ, ટાપ હેટ, કીડ ગલવઝ! મારીઆ દાર! વારૂ જરથોસ્તીઓની બોલબાલા! પારકા મુલકમાંબી નામ રાખે છે ખરા. મી૦ વાછાને કોઈ દેશી તરીકે જાણેજ નહીં. જર્મન તો એક જનમેલા જર્મનની પેઠે બોલે છે. રહે છે પણ પોતાના દરજ્જાને મળતી રીતે. ઘણા લાયકીવાળા, ઘણા ઉપ્યોગી અને બહુજ હર્ખથી આપણી આગતાસવાગતા કરવાવાળા, તેમાં ફેર નહીં. હું એમની અને એમનાં કુટુંબની વીગત આગળ આપીશ. તેટલાં પહેલાં હોટેલમાં તો જઈયે.

ભલા આદમી પ્રોફેસર વાછાએબી કરચ જેટલું હોટેલ શોધી કહાડયું. અમથા આંગળીપર ગણાય એટલા



બર્લીનના પારસી પ્રોફેસર મી૦ અરદેસર
અને મીસીસ વાચ્છા.

૧૨૦૦ ઓરડા! ઉપર જવા સારૂં છ સાતેક ઈલેકટ્રીક લીફ્ટ હશે. કીંમત ઓરડાની ૬ માર્ક–સાડાચાર રૂપીઆ. મારો સામાન લીફ્ટમાં ઉપર જાય છે તેટલાં જરા દમ ખાવાની જરૂર છે. કારણુ કે બર્લીનની ઝાકઝમાલથી દમ બંધાઈ આવ્યો છે.

પ્રકરણ—૧૯ મું.

જો મારૂં કહ્યું માનો તો યુરોપ જાઓ ત્યારે બર્લીન જોવા વગર રહેશો ના. કામકાજ, ધામધુમ, ખાણીપીણી, વીદયા, હુન્નર, ખુબસુરતી, પાપ, સવાબ, સર્વેમાં બર્લીન નંબર પહેલે આવે એમ હું માનું છું. તમે સહુવારના આઠ વાગતાથી રખડપટી કરવા માંડશો ને રાતના બાર વાગ્યા સુધી ટાંટીયા તોડશો તોબી છ મહીને બર્લીન પુરૂં જોઈ શકશો નહીં. પણ ખીસાં ઉપર સદા હાથ દાબેલો રાખજો કેમ જે પૈસા કેમ ચટણી થઈ જાય છે તેનો હીસાબ રહેતો નથી. વળી હોટેલોમાં ઉતરો ત્યારે પહેલાંથી સાફ સાફ બોલી કરી ઉતરવાની હું સલાહ આપું છું, કારણ કે બચારા જર્મન હોટેલવાળા જરા ભોળા ભટાક છે અને સરવાળામાં હમેશ ચુક કરવાની તેઓને આદત છે. માત્ર નવાઈ એટલીજ છે કે સરવાળા હમેશ પોતાના લાભમાં વધતાજ લખાઈ જાય છે. કોઈ દહાડે પાન પાવલો મુકી દઇને ઠગાતા નથી! હું પોતે

એક રમુજી દાખલો આપી મારી બર્લીનની હુમાજોરનો સુંદર સફો શરૂ કરીશ.

પહેલે દહાડાથીજ બધું પહ્રી નક્કી કીધું હતું. હોટેલના ઓરડાના ૬ માર્ક, ટીફીન ૩ માર્ક, ડીનર ૪ માર્ક, ટી એક માર્ક, ઈત્યાદી. ખાકસારે જોયું કે હવે બધો પાકો બંદોબસ્ત છે એટલે હસ્તે ચેહેરે મોટાં ગંજાવર દીવાનખાનામાં જમવા ઉતરયા. ઉપર ગેલરીમાં બેંડ વાગી રહેલુંજ છે, હજારો ઈલેકટ્રીક બતીઓથી બધું ઝળઝળ થઇ રહેલુ છે, વેટરો ખુબ ઇસ્કી કપડાંમાં ટસ ટસ થઇ રહયા છે. હું અને એક મીત્ર જમવા બેઠા. હેડ વેટર ઘણો નમાનો હતો—તે સઘળી વાણીઓ ખલાસ થવા પછી ઘણી નમનતાઇ સાથે ફ્રુટની એક ડીશ લાવ્યો. માંહે ડજનેક પીચ હતાં. પાંચગાણીથી સાધારણ પીચ આવે છે તેટલાજ કદનાં હશે. પીચ મારે મનથી ઘણાં સાધારણ હોવાને લીધે, તેમાં વળી ડગરચીમ ઝાઝું કરેલું હોવાથી પેટડું તણાઇ રહેલું હતું એટલે મેં ના પાડી. પણ વેટરે આગ્રહ કરયો કે "સાહેબ, જરા ચાખી જુવો, ઘણાં સારાં છે." કેવો નમાનો વેટર! પોતાનાં હોટેલમાં ઉતરેલા પરોણાઓ માટે કેવી કાળજી! તેને રાજી રાખવા મેં એક પીચ લીધું અને ખાધું. મને જોઇને મારા મીત્રે પણ એક સફાઇ કીધું. જ્યારે બીલ આવ્યું ત્યારે ઉપલાં બે પીચના ૧૦ માર્ક માડેલા! પોણાચાર રૂપીઆનું એક પીચ!! તું

ખવાડતો મરે! હું ધારૂં છું કે ધાસ્તીને મારે આ પીચ પેટમાં અટવાઇને સોનાનો ભુગદો થઇ ગયું હશે. મેં ઘણીબી રકઝક કરી પણ ફોકટ! કાન ચીમટી અને મુછમાં હસીને મુગા બેઠા. પણ બાપુ કાંઇ ઘડી ઘડી એમ સપડાઈશું નહીં એવી જર્મનોને ખાત્રી આપવાની જરૂર નથી.

મારે કહેવા વીના ચાલતું નથી કે જર્મન ખાણું મારે ગળે ઉતરતું નથી. મોટી ઘંટીનાં પૈ જેવાં ગોસ્તનાં ઢીમચાં ઉપર એ લોકનો બહુ ચાહ છે. એ મુલકમાં મરચાં કોઇ જાણતું નથી, આદુ વાપરતું નથી, ગરમ મસાલો સમજતું નથી, સરકો ચટાકો જોઈ એ લોક બીયે છે—માત્ર ફીકાં ફચ ગોસ્તનાં ઘેફસાંથી હોજરૂં ભરી જાણે છે. આહ! મુંબઈ છોડ્યાને ત્રણ મહીના થયા તોબી ચાવલનો એક દાણો નહીં! ઓ પ્યારાં ધાનશાક, ઓ છાતીમાં શોર પડે અને મોંહમાં પાણી છુટે એવી કદરદાન કચુમર, ઓ મારાં આંખમાં પાણી ઝળઝળાવનારાં કેળાંનાં રાઈતાં! તું કયાં છે—ઓ કયાં છે! અરે યારો કોઇ વાર એવું થાય કે મ્યુઝીયમ ગયાં મસાણે, ને બગીચા ગીયા દોજખમે—લાવ મારી માનીતી કરીચાવલની ડીશ! ધાન દાળ અને પારસીને હાથનો બનાવેલો ખાટટો છમણાનો પાટીઓ—આહ! આહાહાહા! હમણાજ મોંહમાં મોળ આવે છે, તો વીલાયતમાં કેમ થતું હશે તેનો કાંઇક ભાસ હવે તમને આવશે. મારા

ભલા મીત્ર પ્રોફેસર વાછા અને તેમનાં લાયકીવાળાં મોહોરદાર આગળ રમુજમાં મેં આ મારૂં સંકટ જાહેર કીધું. તેઓને દયા આવી કે શું, કે મને ત્રીજે દીને જમવાનું ઇજન કીધું. ખુશાલ મેજ ઉપર બેઠા કે એક જર્મન છુટડી હાથમાં ડીશો લઇને દાખલ થઇ. ઓ પેદાના કરનાર! ઓ મારા દાણાવાળા ખીમજી વલુ પેરાજના આત્મા! શું કહું! ધાનશાક ને મોટા કવાબ! બાપ મારા—શું દબુસા મારયા! પેટ ફાટ ફાટ થાય એમ ખુંદયું. બચારાં આ જોડાએ મને રાજી રાખવા થકી એક જાતનો આખો અનાજ મંગાવીને તેના ચાવલ બનાવ્યા હતા અને કોઈ નવીજ તરાંહની દાળ મંગાવીને પોતાને સુંદર હાથે બોટાં સાથની દાળ બનાવી હતી. આ ઠેકાણે મી૦ વાછાનાં ભુલકાંઓની થોડીક યાદ કરૂં છું.

આ બચ્ચાં બર્લીનમાં જનમેલાં છે. મા બાપ બંને સુદ્ધ પારસી છતે એક હર્ફ આ ભુલકાંઓ ગુજરાતીનો જાણતાં નથી. બધી વાત જર્મનમાંજ કરે છે. મારી સાથ વાત કરવા અને મારા વીચાર જાણવાને તે લોક એટલાં ઇંતેજાર હતાં કે આગળથી ખસતાં ખીસે નહીં. મને "ઓંકલ" એટલે કાકાજી કરી બોલાવે અને હું તેમના માતપીતા સાથ ગુજરાતીમાં વાત કરૂં ત્યારે કાન ધરીને સમજવાની તજવીજ કરે. મને આ નાનકડાં જર્મન પારસી બચ્ચાંઓ જોઈને બહુ રમુજ મળી હતી. મીસીસ વાછાબી



વાચ્છા ચીકીના.

જર્મનીમાં જન્મેલાં, ગુજરાતીનો એક


હર્ફ નહીં જાણનારાં પારસી બાળકો.

જર્મન સારૂં બોલે છે. સારાંશ કે ફક્ત ધર્મ સીવાય બધો મામલોજ જર્મન થઇ ગયો છે.

પણ વળી પાછો મને પેલાં પાંચ માર્કવાળાં પીચનો હાંફરો ચહડી આવ્યો છે એટલે ખાધા પીધાની બીજી કેટલીક વીગત આપું છું. જેમ ત્યાં મોટાં હોટેલોમાં 'ચાંસ' જબરી છે તેમ વળી શેહેરમાં જગોજગ 'ઓટોમેટીક' હોટેલો સ્થાપ્યાં છે. તે એવી રીતે કે ત્યાં જાઓ, ખાઓ, પીઓ, પૈસા પગાર કરો પણ વેટરની જાત નહીં! તમે કદાચ પુછશો કે આમ બનેજ કેમ? જુઓ તેનું વર્ણન બહુ રમણીય છે અને તે હું મારી યથા-શક્તી મુજબ આપીશ.

ફ્રેડ્રીક સ્ત્રાસે નામના પાદશાહી રસ્તા ઉપરના એક આવાં હોટેલમાં હું દાખલ થયો. દરવાજા ઉપર કોઈ મુવું જીવતું હતુંજ નહીં. દીવાનખાણું સુમારે ૫૦૦ ફીટ લાંબું અને ઉપર વીજળીના શાંડલીઅર લટકાવેલાં. રાતનાબી દીસાદીસ જેવું ઉજરડું પણ નોકર એક બી નહીં—કોઇ ના પુછનાર કે ના પરછનાર. જમણી ગમ અને ડાબી ગમ ઇલેક્ટ્રોપ્લેટની ગંજાવર ચકચકતી દીવાલો ઉપર સુંદર કોતરકામ કીધેલાં. જમણી ગમ પાસે પાસે ખંગો ઉપર કોતરેલું કે મ્યુનીક બીઅર, બવેરીઅન બીઅર, ચેરી બ્રાંડી, પોર્ટવાઇન, લીસબન વાઇન, ઇત્યાદી. જે પીવાની મરજી હોય તે ખંગ આગળ ઉભા રહીને પાસેજ રૂપેરી ખુંટીઓ ઉપર સેંકડો ટંબલરો લગાડેલાં તેમાંથી

એક કડીકી જગનુ હાથ આગળ એક પંપ મુકેલો ને ઉપર દાબ્યે કે છરર દેતું પાણી ઉડીને ટંબલર ધોઈ કાઢે. પછી ને ખંગ આગળની ચીરણુમાં ૧૦ ફ્રેનીંગ (પાંચ દોઢીઆં) નો કલ્લાઇનો સીકકો નાખો કે તમારા હાથમાંનું ટંબલર બીઅર અથવા જે માગો તે વાઈનથી ભરાઇ જાય. કોઇનેબી પુછ્યા પછ્યા વગર પીને ચાલ્યા જાઓ. નહીં બીજ કે નહીં વેટરને બક્ષીશ, નહીં શરાફ કે નહીં શોહોર! વળી નાપાકના ખાવેલાઓએ કેવી કળા કીધેલી તે જુઓ. કલ્લાઇનો સીકકો ઘસાયલો કે હલકો હોય તો ચીરણુમાં નાખતાંને વાર તરાક દેતો પાછો ઉડીને આપણા અંગ ઉપર પડે. સમજો કે કોઇ પાસે દશ ફ્રેનીંગનો કલ્લાઇનો સીકકો છુટો ન હોય તો તેનોબી મુજાકો નહીં. એક બીજા સ્ટાંડ આગલ જઇને મોકનો સીકકો ચીરણુમા નાખ્યો કે ટપ કરતી દશ કલ્લાઇના સીક્કાની ઢગલી પોતાની મેળે તમારી આગળ આવીને પડે. હવે સમજો કે મન ભાવનો બીર કે દારૂ તમે પી રહયા અને પેટમાં પોપટી પડી કે ડાબી તરફની દીવાલ ગમ જવાનું. ત્યા લખેલું કે "સારડીન, બ્રેડ એન્ડ બટર——હેમ સેન્ડવીચીઝ-ચીઝ ટોસ્ટ—કેક—પેસ્ત્રી—બ્રેડ બટર એન્ડ પોટેટોઝ-ઓમલેટ" વગેરે. હમા ચીજ જુદા જુદા ખંગ ઉપર જણાવેલી. જે ડીશ ખાવાની મરજી હોય તે ખંગનાં ચીરણુમા સવા આનાનો સીકકો નાખ્યો કે લાગલી ટપ ટપ કરતી એક નાની રકાબી આવીને પોતાની



"ઑટોમૅટીક" એટલે નોકરો વગરનું હોટેલ.

મેળે ખડી રેહે. ચમચા કાંટાબી ત્યાંજ પડેલા એટલે જોઈએ ઉભા રહી ખાઓ, જોઈએ બેસીને ખાઓ. જાપાનીઝ કાગલના તુવાલો ત્યાંજ નાખેલા તેથી હાથ નુછીને ચાલ્યા જાઓ. એક ડીસથી નહીં ધરાવો તો બીજા ખંગ આગળ જઇ બીજું કઇ ટ્રાઈ કરો. ફક્ત સવા આનાની રમત! જેબી વાણી જોઈએ તે સવા આનો. માત્ર આમલેટ, પોટેટોઝ, બટર અને બ્રેડની ડીશના દશ દોઢીઆં. આ ડીશ માટેનો મારો પોતાનો અંગત અનુભવ આપીશ એટલે વાંચનારને વધારે ખુલાસાથી સમજ પડશે. ખંગ આગળ એક પ્લેટ મારેલી હતી કે આમલેટ માટે મેહેરબાની કરી ત્રણ મીનીટ થોભવું પડશે. હા, આપણે ક્યાં ના છે? લાલા લાખ, તો કહે સવા લાખ! ક્યાં હુંડી વટાવવા જવાના હતા? કલ્લાઇના બે સીક્કા નાખ્યા કે દપ દેતો એક પીતલનો ટુકડો આવીને મારી આગલ પડયો. આ કકડા ઉપર કોરેલું હતું કે ત્રણ મીનીટ થોભવું અને ઘાંટરડી વાગે ત્યારે આ ટુકડો પાછો ચીરણમાં નાખવો. બરાબર ત્રણ મીનીટે ટીંગ ટીંગ ચંગ વાગ્યો કે મેં ઉપલો ટુકડો પાછો તેની જગ્યામાં નાખ્યો—એટલે ગડગડાટ ધામધુમ કરતી એક મોટી પ્લેટ ઉપરથી ઉતરી આવી પોતાની મેળે મારી સનમુખ ઉભી. તેમાં એક ખાસ્સો મોટો આમલેટ, બે પાંઉની કાતરી, એક માખણની લુગદી, ચમટી મીઠું, એક છરી અને એક કાંટો સફાઇથી ગોઠવીને મેલેલાં હતાં. આમલેટ તરતનોજ બનાવેલો

એટલે ગરમ આતશ જેવો હતો. કાળાં માથાંના માનવીની અક્કલ ઉપર આફ્રીન કરી આ ડીશ દબાવી ખીસામાં હાથ ઘાલી આગળ ફરતાં જણાયું કે એક ખંગ આગળ ચીરણામાં પાંચ પૈસાનો સીક્કો નાખીયે તો આઈસક્રીમ, બીજામાં ગરમ ચા, કાફી, દુધ વગેરે જે માગો તે હાજર! સીક્કો નાખતાં ફરૂર ફરૂર આઇસક્રીમ ગલાસમાં ભરાય તે જોવાથીજ મારા તો પૈસા વળી ગયા. એવું ચોક્કસ કામ કરેલું કે ગ્લાસની ધારોધાર સુધી આઇસક્રીમ ભરાય. એક ટીપું વધતું ન આવે. આ જાતના ઓટો-મેટીક હોટેલોની મોટી ખુબી તો એકે દોડધામમાં કેથે જવું હોય, ઘણા પૈસા ખરચવા વગર અથવા ડ્રેસ કરવાની માથાંઝીક વગર પેટ ભરીને જમવું હોય તો જે ઘડીએ માગો તે ઘડીએ તૈયાર. કોઇ સાથ તકરારજ નહીં કે કોઇને પૈસા આપવાના નહીં. એકાદ બે બીરનાં ગલાસ પી ડાબી બાજુએથી બે ત્રણ ડીશ ચાંપી અને ઉપરથી ચાનું કપ કે ચેરી બ્રાન્ડીનું ગલાસ લગાવ્યું કે ખાણાં પીણા સાથે તમારૂં ડીનર આઠ દશ આનામાં ખલાસ! આ ઓટોમેટીક હોટેલો નીકલ્યાથી લોકને એટલી સગવડ થઇ ગઇ કે કંઇ અચ્છું બેંડ વાગવાનું હોય યા કોઇ સારો ઓપેરા હોય ત્યારે આસપાસનાં ગામોમાંથી ખાંડીબંધ ટ્રેનો ભરીને હજારો લોક બર્લીનમાં આવે. ઘરમાં રાંધવાનું તો બીસમીલ્લા! હજારો લોક આ ઓટોમેટીકમાં જાય અને ઉભા ઉભા ડપોડપ ઉછાળા

મારીને પોતપોતાને કામે નીકળી જાય. થોડી મુદતમાં આ ઓટોમેટસ એટલાં માનીતાં થઇ પડયાં કે લખો રૂપીઆની થાપણવાળા હોટેલવાળાઓ ગભરાયા અને તેઓએ જાહેરખબરો તથા હેંડબીલો મારફતે ઇસારાઓ કરીને પ્રજાના કાન ભંભેરવા માડયા કે "સંભાળજો, પહેલાં સસતું તે સદા મોઘું. તમો શું ખાવો છો તેની ખબર કહાડજો. ડાકટરોનાં બીલ પગાર કરવાના પૈસા છે કે" ઇત્યાદી. આ પ્રમાણે લખીને તેઓ અસેમસે લોકને એમ સમજાવવા માગતા હતા કે ઓટોમેટસમાં ગોસ્ત, માખણ વગેરે જે ખોરાકી આપવામાં આવે છે તે બધું રાઉસ છે. પણ બન્ને બાજુ જાતે જાત એક એકને પુરી પડે તેવી હતી. ઓટોમેટસના માલેકો જેઓનું એકેક એસટાબ્લીશમેંટ દશથી પંદર લાખ રૂપીઆનું ગણાય તે કંઇ આવા ધુજારાથી દબીને ચુપ બેસે? તેઓએ શું ઉલટી બાજી ખેલી તે જુઓ! બર્લીનમાં ગોસ્ત બહાર દેશાવરોમાંથી મંગાવનાર વેપારીઓ—લખો રૂપીઆના માખણ અને ચીઝના સપલાયરો—જેઓ ઉપર આખાં બર્લીનનો વીશ્વાસ તેઓની સાથ કંત્રાકટ કીધાં અને દરરોજ તેઓની સહી સાથની આરસી દરેક ખંગ ઉપર મારેલી કે "અમે જામીનગીરી આપ્યે છીયે કે આજે ફલાણી તારીખે આ ઓટોમેટમાં આટલા હજાર પાઉંડ પહેલા નંબરનું ગોસ્ત અથવા માખણ અથવા જે કાંઈ હોય તે અમોએ

સપલાઇ કીધું છે.” આટલુંજ કરીને ઓટોમેટવાળા ચુપ બેઠા નહીં. તેઓએ લાખ્ખો રૂપીઆ ખરચીને જાહેરખબરો તથા હેંડબીલો પ્રગટ કરવાં ચાલુ રાખયાં કે “ડરશો ના, એ તો હાકાના ગાઉ છે. અમારી તો સર્ટીફીકેટો ખુલ્લી છે પણ હોટેલોનાં બબરચીખાનામાં કઇ જાતનાં ગોસ્ત છુંદાય છે તે તો અમેજ જાણ્યે છીયે—” ઇત્યાદી ઇત્યાદી. કેમ? વાંચનાર બીરાદર, આ ઓટોમેટસનો હેવાલ કેવો લાગ્યો? શેહેરીયાર આરસતાની મેલા પગ યા ઇરાનીની માખથી ભમતી આઇસક્રીમ અને ધાનશાકની ભેળમભેળના બાહ્કાટવાળી દુકાનને આ કાંઇ મળતું આવે છે કે નહીં?

પ્રકરણ ૨૦ મું.

ભઇજી જાંગીરસા જામે જમસીદવારા,

ભઈને લખવાનું કે મોદીખાનેથી મારસેલસ જે તમો લખોચ તે અઠવાડીયાંમાં બે વાર આપો તો સું છે મરૂં? ને નહીં તો બા જરા વધુ આપો તો કેમ? આસા રાખુંચ કે મારૂં બુઢા મનીખનું કેહેલું કહેણ કરવાની કુરપા કરશો બા.

આ. જીવનઈ ઈસબગોલ.

ઇસતમબોલ તારીક ૩૨ મી.

વારૂંજી, જેમ તમારો હુકમ. હવેથી જરા જરા વધારે મરી મરચાંનો મસાલો ભભરાવીને તતરાવેલો ચટાકો આપતા જઈશુંજી.

બીજો એક "દીલચશપ" પુછેછ કે "ગયા અંકમાં તમોએ ઓટોમેટીક હોટેલનો જે અતીશે રસીલો ચીતાર આપયો તેમાં લખોછ કે વેટરો તો હતા નહીં, ત્યારે અમારી કલબમાં મોટી તકરાર ઉઠી છે કે ખાણાંનાં ખરડેલાં વાસણનું શું થતું હશે અને તમે દાખલ થયા ત્યારે કાંઇ મેલાં વાસણ આહીં તહીં પડેલાં હતાં કે ?"

સવાલ ઘણો દરોબસ્ત છે. હું દાખલ થયો ત્યારે કાંઇ વાસણો તો પડેલાં નજરે પડયાં નહીં, પણ હું ધારૂંછું કે ઈલેકટ્રો-પલેટની દેવાલમાંથી છુપાં છીદ્ર વાટે કોઇ તપાસ રાખ્યા કરતું હશે, અને જયારે કોઇ ન હોય ને લાગ ફાવે ત્યારે એકાદ બે માણસ ઝટ બહાર નીકળી આવીને રકાબી પ્યાલાં ઉપાડી જતાં હશે. પણ આમ તમે ઉપરાસાપરી પરીક્ષા લેવા માંડશો તો ગાડું આગળ કેમ ચાલશે ?

આ ઓટોમેટના સંબંધમાં જર્મનોએ તો અવધીજ કીધી છે. રસતામાં એકાદ પોસ્ટેજ સટાંપની જરૂર પડી કે ખુણે ખુણે ઓટોમેટ સ્થંભ ઉભા કીધેલા! ખીસામાંથી

બે ફ્રેનીંગ (દુકાની) નો ત્રાંબાનો સીક્કો ચીરણમાં નાખો કે ડપ દેતી એક પોસ્ટની ટીકીટ નીકળી આવેલીજ છે. તેજ પ્રમાણે પોસ્ટ કાર્ડનું બી સમજવું. દુકાનપર લેવા જવાની કફારતજ નાહીં. ત્રણ દમડી નાખી કે પોસ્ટ કાર્ડ લઇને ચાલતા થાઓ. બર્લીનમાં જે સર્વેથી મહાભારત અને બોહોળા ખપનું ન્યુસપેપર છે તેનું નામ "ટાગે બલાટ" છે. તેની ફક્ત દરરોજ ત્રણ લાખ કાપી ખપે છે. આ પ્રેસના સંબંધની રમુજી વીગત હું હવે પછી આપીશ. તેટલાં એટલોજ ટચકો કરૂં છું કે આ પત્ર શેહેરમાં છુટક વેચનારા નથી. જગેજગ ઓટોમેટ ઉભા કીધેલા અને ઉપર લખેલું કે 'બીજી આવરૂતી—સવારના ૧૦ વાગતાની' અથવા "પાંચમી આવરૂતી સાંજના ચાર વાગતાની." રસતે ચાલતો આસામી પાંચ ફ્રેનીંગનો સીક્કો ચીરણમાં નાખે અને ગરૂપ દેતું ખાસ્સું ઘડી વાળેલું ન્યુસપેપર પોતાની મેળે નીકળીને આગળ ઉભું રહે, જે લઇને ચાલતા થવાનું. કહો હવે શું બાકી છે?

અરે હજી તો ઘણું બાકી છે. હું આગળ કહી ગયોછું કે રેલવે સ્ટેશનો ઉપર બહારજ રસતામાં ઓટોમેટ ઉભાં કીધેલાં, જેમાં ત્રણ ફ્રેનીંગનો સીક્કો નાખતાં પ્લેટફોર્મ ઉપર જવાની 'પાસ' પોતાની મેળેજ નીકળી આવે. આપણી તરફનાં સ્ટેશનો ઉપર ઘુટણ જેટલા હુકતાઓની પાસને માટે ખુશામદ કરવી પડે તેવું જર્મની તરફ બીલકુલ નથી. રસતામાં ચાલતાં થાકી

ગયા અને પાણીના પંપ આગળ આવી પહોંચ્યા કે ઓટોમેટનો સ્થંભ ઉભેલોજ છે. બે દાઢીઆં–અને ખાસ્સો ટુવાલ, મઇ જેટલી કોલાનવાટરની શીશી અને સાબુની ગોળી તૈયાર છે. રસ્તામાં પેટમાં જરા આગ લાગી તો જગે જગ કેક, ચીઝ ટોસ્ટ, ચોકોલેટ, વગેરેનાં ઓટોમેટ તમારી નોકરીમાં હાજર છે. બીડી પીનારને માટે બીડીઓ, ખાધરાને માટે ખોરાકી, પીપીઆંદાસને માટે પીપીઉં, બધું રાંધી સીંધીને તૈયાર કરી મુકેલું. ફક્ત ખીસાંમાં ત્રાંબાનો સીકકો જોઇયે. ફોટોગ્રાફ પડાવવો હોય તો ગલીને નાકે ઉભા કીધેલા સ્થંભ આગળ જાઓ ને દશ ફેનીંગ ચીરણમાં નાખીને તેની સામા બે ત્રણ મીનીટ ઉભા રહો કે ઢબુ જેટલી સાઇઝની તમારી તસ્વીર ખડંગ દેતી આવીને પડેલીજ છે. છેલ્લાં મેદાન માંહેનાં પ્રદરશનમાં તમોએ એક દુકાનપર જોયું હશે કે એક ધણી એલ્યુમીનીયમની પટ્ટી ઉપર લોકનાં નામ દાબી આપતો હતો. આવાં નામ પાડી આપનારા સ્થંભો જર્મનીમાં જગેજગ છે. આગળ કોઈ ઉભેલું નહીં. તમારે હાથે પૈસો નાખીને તમારૂં નામ દાબી લેવો. પણ જાણે એટલાંથીજ બસ થયું ન હોય તેમ મ્યુઝીકનો શોખ થઈ આવ્યો તો જાઓ એક વાજીંત્રના સ્થંભ આગળ—ને નાખો દશ ફેનીંગ ચીરણમાં અને દશ મીનીટ સુધી એક રાગ સાંભળીને ખુશી થાવો. ઓટોમેટના આવા આવા ઢંગ છે. હું અજબ છું કે આ દેશમાં તેની

કોઈએ નકલ કીધી નથી. તમારાં નસીબના ભોગ—તેમાં હું શું કરીશ!

હવે આગળ ચાલીયે. હું મોટાં વર્તમાનપત્ર "ટાગે બલાટ" વીષે ઈસારો કરી ગયો છું તો આજેજ તેનો નીકાલ કરી નાખું નહીં તો વીસરી જઇશ. આ મહાન છાપાખાનું અને તેમાં પ્રગટ થતું વર્તમાનપત્ર કોઈને દેખાડવાનો નીયમ નથી. મારા સાંભળવામાં આવ્યું કે કોઈબી મહાન બનાવ બને કે બે કલાકમાં તો તે બનાવમાં સમાયલા નામાંકીત પુરૂષોનાં ચીત્રો સાથે લાખો કોપીઓ આ પત્રવાળાઓ બહાર પાડી શકે છે. હું વડાઈ તો કરતો નથી પણ વર્તમાનપત્રો કહાડવાની મુશ્કેલીઓનો મારો અનુભવ ઝાઝો અને જાણીતો છે. બે કલાકના ટુંક અરસામાં લખે કેમ, લાખો નકલો છાપે કેમ અને ચીત્ર તૈયાર મેળવે કેમ? એ વીચારથી મારી ઉંઘ અને ભુખે મને દગો દીધો. ઘણી મેહેનતે મારા ભલા મીત્ર પ્રોફેસર વાચ્છાએ મને આ ગંજાવર મસાલામાં દાખલ થવાની જોગવાઈ કરી આપી. હું કાંઈ ઈંગ્રેજ, અમેરીકન અથવા ફ્રેંચ નથી, પણ હીંદુસ્તાનનો 'જરનાલીસ્ટ' છું અને ઈંગલંડના તથા જર્મનીના સાહાસોની સરખામણી એક પુસ્તકનાં આકારમાં કરનાર છું, એવી જ્યારે ખબર લાગતાવળગતાઓને કરવામાં આવી ત્યારે ચમતકાર પેરે આ ગંજાવર ગુપ્ત કારખાનાના દરવાજા ખુલી ગયા. મને જણાવવામાં આવ્યું કે આવતી

કાલે પાછલા પોહોરે ચાર વાગતે વડા એડીટર સાહેબની મુલાકાત ઠરાવી છે. મુકરર કરેલે વખતે, એક પછી એક પચીસેક ઓરડામાં થઈને ડઝનેક જુદા જુદા કામદારોની સહાયતાથી આખરે "ટાગે બલાટ" ના મરઝબાન યાને એડીટરાચાર્યજીના ઓરડાની બાહેર આવી ઉભા. બહાર દેવાલ ઉપર મોટા મોટા અક્ષરોએ લખેલું હતું કે "યાદ રાખજો—વખત તેજ પૈસા છે—વખત પૈસા છે—યાદ રાખજો, વખત પૈસા છે." આ પહેલે ધડાકે સેવક તો ધબકીયા પણ પછી મને મારાં મુંબઈનાં કારાંમાય ટાહેલાંઓ છાતીએ ચઢી આવ્યાં. કેવા બીચારા નીર્દોશો ઘેરથી બપોરનું જમી ખાઈને સોહોવાય નહીં તે સારૂં અમે અકળાયલા ઝીકાયલા, પાંચ પાંચ મીનીટને માટે રૂદન કરતા કલમકશો આગળ ખુરસીપર ખુંટો દાટીને બેસે છે અને અમારી તરફનાં હજારો કાંસાણમોરાના ચાળા છતાં અમારી મુશકેલી સમજી જવાને ના પાડે છે, તે જ્યારે સઘળું મને યાદ આવ્યું ત્યારે આ "ટાગે બ્લાટ" ના અભાગ્યા અધીપતીની મુશકેલી અને બહાર મુકેલી ચેતવણીનો ખરો અર્થ હું સમજી શકયો. મેંબી તે વાર ઝેનદાર ઠરાવ કીધો કે બસ હું બી મુંબઈ જઈને એમજ કરૂં. પણ ચાર માસ પછી વળતી સફરે સ્ટીમરનાં ડેક ઉપર એકલો ઉભો રહી વીચાર કીધો કે "જા જા બચ્ચા, એવાં કાંઈ ઘેલાં કહાડતો ના—હીંદુસ્તાન કાંઈ જર્મની નથી; અહીં તો મી૦ કારાંમાય સાથ પા કલાકબી ધુળ

જેવી વાત નહીં કરી, તો 'જામે જમશેદ'ને મુકીને 'ફાંફાં ચરીત્ર' ન્યુસપેપરની આફીસમાં જતાં કેટલી વાર?"

જ્યારે મહાન અધીપતીની સનમુખ ઉભો ત્યારે હું શું જોઉં છું? ખાસ્સો સાડા છ ફીટ લાંબો, ખોપરી ઉપર મોટી લાંબી બાબરી ઉગાડેલી, વચે સુમારે સાઠ, આંખે ચશમો અને દાંતે બોખો-જેની આગલ હું તો એક નાનો બુચો! ઘણીજ મમતાથી બલકે ઘણીજ ઇંતેજારીથી તેણે મારી મુલાકાત લઇ વાત કરવા માંડી. હું ગભરાયો કે રખે તે મને પણ ફારાંમાય ટાહેલાંની ટીપમાં ગણતો હોય! આ બીકે મેં હસીને બારણાંપર લગાડેલી નોટીસ તરફ આંગળી બતાવી અને કહ્યું કે "સાહેબ, હું પણ એક અદના અને હાડમાર થયલો અધીપતી છું ને વખતની કીમત અગત્ય કરીને અધીપતી-ઓના બાબમાં સારી પેઠે સમજું છું માટે આજે તમારી આટલીબી પલો રોકવા માટે દરગુજર ચાહું છું."

મારા હમશરીકે મારો હાથ પકડી રાખીને જવાબ દીધો "ચીંતા નહીં, આજની સાંજના ચાર વાગતાથી પાંચ વાગતા સુધી મેં મારો ટાઇમ તમારા માટે ખાસ ખુલ્લો રાખ્યો છે, કારણ કે છેક હીંદુસ્તાન વેરથી મારા બીરાદર અધીપતીઓ કાંઇ દરરોજ આવતા નથી અને તમારાથી હું ઘણું જાણવા અને શીખવા માગું છું."

મારયા ઠાર! બર્લીનનાં સઉથી ચહડતાં પત્રનો અધીપતી 'જામે જમશેદ'ના અધીપતી પાસે શીખવા

માગે! અલહુમ દુલઅલ્લાહ, આબી એક જમાનાની તાસીર! પણ વાંચનાર બીરાદરો, અંદેશો કરશો ના. બંદાએબી તોડ એવો રાખ્યો હતો કે જાણે કહેવા માગતો હોઉં કે 'બચ્ચા, તારા રોજના ત્રણ લાખ છે તો અમેબી કંઇ ત્રણ મીડાં બાદમાંથી જઈશું કે?' "ટાગે બ્લાટ" ના અધીપતીએ મને સેંકડો સવાલો પુછીને ચુંથી પીખી નાખ્યો. જાપાન, રશીયા, તીબેટ, આસ્ત્રાખાન, બલુચીસ્તાન વગેરે સંબંધી પુછપરછ. કરીને જેમ એક જુની દગલીનું ગજવું હાથ ઘાલીને અવળું કરી નાખ્યે તેમ મારી બધી અક્કલ હુશીયારીની પરીક્ષા લેઈ લીધી. ઇંગ્રેજી સલતનત બાબે દેશીઓનું શું મત છે તે જાણવાને આ અધીપતીરાજ બહુજ બારીક સવાલો કરતા હતા, પણ બાપુ મારે તો આંખને ઠીગડાં લગાડાવીને પાછું ઘરે આવવું હતું—કંઈ આડો અવળો જવાબ અપાઈ જાય અને બીજે દીને "ટાગે બ્લાટ" માં ઉકમાઈથી પ્રગટ થાય તો ઉમરખાડી જેલમાં ચાંચડ મારવાનો સોદો થાય. એવો ડર દીલમાં સદા રાખી ઘણીજ સંભાળથી જવાબ આપવાની સેવકે હુશીયારી રાખી હતી.

કલાકેક સુધી ગુફ્તેગો કીધા પછી અધીપતીએ અચબુચ પુછ્યું, "હું તમોને મળવાથી બહુજ ખુશી થયો છું. પણ બોલો, હવે—તમારે શું જોવું છે અને જાણવું છે? તમારેથી હું કાંઇ છુપું રાખીશ નહીં."

મેં જવાબ દીધો કે "મારી સર્વેથી મોટી અજાયબી

એ છે કે કંઈ મહાભારત બનાવના તાર આવતાંજ ચીત્ર સાથે બે કલાકમાં તમે લાખ્ખો કાપીઓ કેમ કહાડી શકો છો, તે જોવાની મારી બહુ ખુશી છે.”

આ અસાધારણ માંગણી સાંભળી એડીટર ખડખડ હસી પડયા અને જવાબ દીધો “મારા દોસ્ત, જે તું માગે છે તેવી અરજ મને આગળ કોઈ વારબી થઈ નથી. પણ હું તુંને મારૂં વચન આપી ચુકો છું એટલે હું તારાં મનની ઉમેદ પુરી પાડીશ. ખરી મુશકેલી એ છે કે એ આખા ‘પ્રોસેસ’ આ બોહોળાં કારખાનાનો એક અમુક માણસ કોઈબી જાણતું નથી. અહીં દશ બાર જુદાં જુદાં ગુપ્ત ખાતાંઓ છે ને એક ખાતાંનો વડો બીજા ખાતાંમાં દાખલ થઇ શકતો નથી. તેમજ એક ખાતાંનાં માણસો બીજા ડીપાર્ટમેંટમાં શું થાય છે તે જાણતાં નથી માટે હું તને મારા એક વીશ્વાસુ મેનેજરના હાથમાં સોંપું છું અને તેને એક લેખીત હુકમ આપું છું, જેથી તને એક ખાતાંના વડા પાસેથી બીજા ખાતાંના વડા પાસે ખટકે ખટકે મોકલવામાં આવશે.”

હું રજા લઈ ઉઠયો અને મારી તપાસની મંજલ શરૂ કરી. આહાહા! ભીંડી બજારનાં “હાપ થુ પ્રકાશ” અને કોટનાં “માર તોપ વચન” કરતાં કેટલું મોટું? ફકત પેલાંમાં પાંચ બીબાં ગોઠવનારા, તો આમાં માત્ર હજાર! કાંઇ ઘણો ફરક નહીં. એક મોટાં જબરદસ્ત દીવાનખાનામાં ટાઈપ ગોઠવવાનું કામ સાંચાથી ચાલતું

હતું. એક ઘાંટરડી વાગે તે સાથે ઉપરથી "ન્યુમેટીક" નળી મારફતે અધીપતી ખાતાંની લખેલી કોપી આવીને ઉભી રહે. ટાઈપ પોતાની મેળે ગોઠવાય એવાં સુમારે પચાસેક મશીનો વીજળીથી ચાલતાં હતાં. બીબાં ગોઠવવાનું કામ એટલું તો ઝડપથી ચાલતુ હતું કે બીજી ઘાંટરડી વાગે એટલામાં તો પહેલો ફકરો તૈયાર થઇને સ્લાબ ઉપર પડેલો! બધા કંપાઝીટરો એવા ઠરેલ અને ઉંચી કેળવણીવાળા કે પરૂફ, કે ચુક, કે ફેરફારની જરૂરજ નહીં હોય. લખાણ ટયુબ વાટે નીચે આવ્યું કે પા કલાકમાં તો સઘળું તૈયાર! મોટી મોટી ભઠીઓમાં તેની પ્લેટો બનાવીને ચાર ગંજાવર મશીનો ઉપર પાંચ મીનીટમાં નાખેલુંજ છે. આ દરેક મશીન કલાકની ૨૪૦૦૦ નકલો છાપે, વાળે અને ટાંકો મારે એટલે ચાર મશીનો મળીને કલાકની લગાભગ એક લાખ કોપીઓ તૈયાર કરીને ફેંકી દે! બહાર ઘોડાની ટ્રકો ઉભેલી તૈયાર એટલે એક કલાકમાં તો બધું સાફસુફ. પણ ઝડપની બાબદમાં લંડન જર્મનીને બી ટક્કર મારે છે અને તેનું બ્યાન હું આપનાર છું, એટલે આ ઠેકાણે વધારે લંબાણ કરવાની જરૂર નથી. જે નવાઈ જેવું છે તે બે કલાકમાં તૈયાર થતાં ચીત્રોની બાબદમાં છે.

કંપોઝ ખાતું જોઈ ખલાસ કીધું કે ત્યાંનો વડો મને છાપખાનાના દરવાજા સુધી લઇ ગયો. આ બે ખાતાં વચ્ચે લોહોડાંની તીજોરી જેવું બારણું હતું. ત્યાં પ્રેસ

ખાતાંના વડાએ આવીને મારો ચાર્જ લીધો. તેણે આખું છાપવાનું ખાતું બતાવ્યું અને ત્યાંથી ચીત્રો બનાવવાનાં ખાતાંમાં ગયા, જ્યાંના વડાએ મને 'રીસીવ' કરીને છાપવાનાં ખાતાંના વડાને વીદાય કીધો. એકને બીજાંનાં ખાતાંમાં પગ વટીક મુકવાનો હુકમ નહીં.

પહેલાં દાખલ થયા તે સુમારે ત્રણસે ફીટ લાંબો ઓરડો હશે. તેમાં દેવાલે લગાડેલી કબાટો હતી અને તેમાં હજારો ખાનાં સીવાય બીજું કાંઈ ન હતું. એક વડો અને તેના આઠ દશ આસીસટંટો કામે વળગેલા હતા. મોટા એડીટર સાહેબનો લેખીત હુકમ વાંચી તેણે ભવાંએ ચીલ્લો ચહડાવ્યો અને બોલ્યો કે "ઘણુંજ અજબ જેવું. અમારા માલેક અધીપતી તરફથી આવો હુકમ તમને પહેલોજ મળ્યો છે. તમે ઘણા નસીબદાર છો. હું હવે તમને બધું ખુશીથી દેખાડીશ."

મેં પુછ્યું કે "તમે આ મહાન પુરૂશોનાં ચીત્રો કેમ મેળવો છો?"

"અમારી સીસટમ ઘણી નવાઈ જેવી છે. ઇંગ્લંડ, ફ્રાનસ, અમેરીકા, જર્મની, હીંદુસ્તાન, જાપાન, આસ્ત્રેલીયા વગેરેના સઘળા નામાંકીત ફોટોગ્રાફરો સાથ હમારો બંદોબસ્ત છે કે કોઈબી મહાન પુરૂશ અથવા બનાવનો ફોટોગ્રાફ લીધો કે તેની એક નકલ અમારી ઉપર મોકલી આપવી. આ ફોટોગ્રાફો આવતાંજ તેને નંબર આપી

એક જુદાંજ ખાતાંમાં ગોઠવી રાખ્યે છીયે. તેનો ઇનડેક્ષ નંબર આ ઓરડામાં આ ખાનાંઓમાં છે. તમે કોઈબી જાણીતા પુરૂશનું નામ હમણા દેવો અને હું દેખાડું કે અમારી ગોઠવણ કેવી છે."

મેં વીચાર કીધો અને પહેલુંજ નામ મારા મોહો ઉપર મારા ઈશ્ટ મીત્ર પ્રોફેસર પાજેનસ્ટેચરનું આવ્યું. પેલો તુરત એક ખંગ આગળ ગયો. P નાં સેંકડો ખાનાં હતાં ત્યાં Pag નો ખંગ ઉઘાડી ચપ ચપ કોરા કારડો રચેલા હતા તેમાંથી પાજેનસ્ટેચરનું નામ અને નંબર એક સેકંડમાં ઉંચકી કહાડયું અને પછી સ્પીકીંગ પાઇપ આગળ જઈ બોલ્યો Section P— નંબર ૬૯૩૭૨"

તુરત ઉપરથી એક નાની લીફ્ટ મારફતે એક ફોટોગ્રાફ ગરરરર દેતો નીચે ઉતરી આવ્યો, જે મારા હાથમાં મેળતાંજ તુરત મેં મારા મેહેરબાન મીત્રને ઓળખ્યો.

"આએજ તમારો પાજેનસ્ટેચર કે?"

"હા એજ"


"કોઈ બીજું નામ ટ્રાઈ કરો."

મારા મીત્ર મી૦ વાચ્છાએ બર્લીનના એક નામાંકીત ઉસ્તાદ ડાકટર કોહનનું નામ ઠોકયું. ઉપલીજ રીતે ડા૦ કોહનનો ફોટોગ્રાફ આવી ઉભો. કહેવાની કાંઇજ જરૂર નથી કે આ સંપુર્ણ સીસટમથી અમે બહુજ

હેરત રહયા. આ ઓરડામાં લગભગ બે લાખ ફોટોગ્રાફના કાર્ડ ડીક્ષનરીના અનુક્રમે ગોઠવેલા હતા. જેમ નવા આવતા જાય તેમ તેના નંબરનો કાર્ડ બનાવીને ઘટતી જગાએ ઢેસાવતા જાય અને તેજ નંબર આપીને ફોટોગ્રાફ બીજા ઓરડામાં ગોઠવાય. આ પછી અમે ખુદ ફોટો-ગ્રાફના ઓરડામાં ગયા તો ત્યાંબી ઉપલાંનીજ પેઠે હજારો ખાનાંઓ ગોઠવી મેલેલાં. જેવો એડીટરનો હુકમ તાર મારફતે આવ્યો કે અમુક ફોટોગ્રાફનું છાપવા યોગ્ય 'બ્લાક' (બીબું) બનાવવા માટે એક બીજા ખાનગી ખાતામાં જાય. આ ખાતામાં પચાસેક કેમેરા હતા અને સંખ્યાબંધ હુનરમંદો તેની મદદથી પીક્ચરના 'બ્લાક' બનાવતા હતા. અમે કલાકેક ફરયા હોઈશું એટલામાં તો મારા જોયલા ફોટોગ્રાફનો 'બ્લાક' બની લાકડાપર ચહડાવી તેનો પ્રૃફ છાપી કહાડી મારા હાથમાં મેળવામાં આવ્યું. હું આશ્ચર્યના ઉભરા સાથે નીચે ઉતરયો. આહ! હીંદુસ્તાન એ નાકે કયારે પહોંચશે?

પ્રકરણ—૨૧ મું.

મેહેરબાન મીત્રો, જેમ વીસબેડનમાં ચુંથીને ચાંદું પાડયું તેટલે દરજ્જે બર્લીનને ભાંજીને ભુકો કરવાનો મારો ઇરાદો નથી. પણ બર્લીન કાંઇ તમારૂં ભરૂચ કે જાહાંબોર્ડી નથી. આખાં યુરોપમાં લંડનથી ઉતરતું



શહેરમાં આમેર ઉપળે દોડતી રેલ ટ્રેન.

શેહેર બર્લીન છે—એટલે તેની થોડીક વીગતવાર ઓળખાણ આપવાની જરૂર તમે પોતેજ સમજી શકશો. હું ખાસ આમંત્રણ કરૂં છું કે વીલાયતને પ્રવાસે જાઓ તો બર્લીન જોયા વના પાછા ફરશો ના. એ શેહેરનો વીસ્તાર એટલો મોટો છે કે ડાહેલા થઈને ભાડેની ગાડી કીધી તો જીવતું ચામડું નીકળશે. પણ ભાડેની ગાડીની જરૂરજ નથી. આખાં શેહેરની આસપાસ એક "રીંગ" ટ્રેન સારો દહાડો ફરતી રહે છે અને તેમાં થોડે પૈસે જયાં માગો ત્યાં જવાઇ શકાય છે. આ ટ્રેન બર્લીનની ચો દશાએ ચક્કર ચક્કર ફરતી રહે છે. અને તેનો દેખાવ જોવાજોગ છે. નીચેથી ગાડી ઘોડા ને ઉપરથી ટ્રેન—અને તેભી મૈલના મૈલો સુધી.

બર્લીનનાં સ્ટેશનપર આવી પુગ્યા કે ભાડેની ગાડી કરવાની અફાડકુટ કરશો ના. દરેક મોટાં સ્ટેશન ઉપર એક ચાંદવાળો પોલીસનો અમલદાર ટેબલ ઉપર દરવાજો રોકીને બેઠેલો મળશે. તમને તે જોતાંજ પુછશે કે "ગાડી જોઇયે છે?" હા કહેતાંજ તે તમને એક પીતળની નંબરવાળી ટીકીટ આપશે. આ ટીકીટ તમારે પોરટરને આપવી એટલે તે તમારો સામાન સુમન ઉપાડીને તેજ નંબરવાળી ગાડીમાં મુકી આવશે અને તેજ નંબરવાળી ગાડી તમને તમારે હોટેલ લઈ જઈને ઉતારશે. ગાડીને પૈસા કેટલા આપવાના તે ગાડીમાં જડેલાં યંત્રમાં જોવું. જેટલા પૈસા કાંટો બતાવે એટલા આપવા. બર્લીનની

પોલીસની મેં ઘણી ઘણી વાત સાંભળી છે. એ પોલીસની હકુમત એટલી મોટી કહેવાય છે કે તેની આગળ ખુદ શેહેનશાહનું વટીક ચાલતું નથી. બર્લીનની પોલીસ "બરો"માં ૨૦૦૦ કલાર્કો છે. તમે જેવા હોટેલમાં દાખલ થયા કે તમારૂં નામ ઠામ, આવવાનું કારણ, ઉમર, દેખાવ, કયાંથી આવ્યા, કયાં જવાના, કેટલું સુધી રહેવાના તે બધું એ 'બરો'ની ગુપ્ત આફીસમાં નોંધાયલુંજ જાણવું. તમને કોઇ આદમીની ખબર કહાડવી હોય તો ફકત આઠ આના આ છુપી આફીસને ભરો તો પા કલાકમાં તમને જોઇએ તેની ભાળ મળે. એક ઘણી નવાઈ જેવી બીના એવી છે કે બર્લીનની પોલીસનો એક સાદો કાનસ્ટેબલ નજીવા વાંક માટે કોઇબી ગુનેહગારને ત્રણ માર્ક સુધીનો દંડ કરી શકે છે!! આ વાત મેં પહેલાં માની નહીં પણ તે ખરી છે. ને કોઇ ધણી આ દંડથી નારાજી થાય અને માજીસ્ટ્રેટ પાસે જાય તો બે માંહેની એક વાત —જો કાનસ્ટેબલ ખરો હોય તો ત્રણઘણો દંડ આપવો પડે અને જો કાનસ્ટેબલની ભુલ હોય તો તેને તરત નોકરીપરથી બરતરફ કરવામાં આવે. આ કારણથી કાનસ્ટેબલો બહુ હુશીઆરીથી કામ લે છે. સારાંશ કે નાના ગુનાહો માટે માજીસ્ટ્રેટોને તકલીફ આપવાની જરૂર નથી. પણ બાપુ, આ અખતરો મુંબઇમાં ન ચાલે. અહીં તો "આનરરી" માજીસ્ટ્રેટોને અત્યારથીજ "અનનારી" માજીસ્ટ્રેટ કરી અભણેલ લોક બોલવા મંડયાં છે તો પછી સીપાઇદાદાને



યુરોપનો સૌથી પહોળો રસ્તો અનટર-ડેન-લીનડન સ્ટ્રીટ બર્લીન.

દંડ કરવાની સતા આપી હોય તો કોણ જાણે કેમ તાલીયારોળ પડે.

બર્લીનમાં હોટેલોની ખોટ નથી. બને ત્યાં સુધી મોટાં આબરૂદાર હોટેલમાંજ જવું. કારણ કે ત્યાં ચીરાવાનો સોદો જરા અંદાજાસર છે. પહેલાંથી નક્કી કરવું કે રોજના જે માર્ક પડયા હોય તેમાં લાઈટ, નોકર, બાથ, લીફ્ટ, ઓરડામાં આતશ એ સઘળું ગણાશે કે નહીં. નહીં તો પછવાડેથી ઉંદરડીની પુછડી એવી ઉગાશે કે તમે જનમ સુધી વીસરશો નહીં. મોટાં હોટેલમાં ખાણાં પીણાં વગર દરરોજના ૬ થી ૭ માર્ક (બાર આનાનો માર્ક)માં ઉપલું સઘળું મળી શકશે અને સારો ઓરડો મળશે. ખાધા પીધાનું ફરજ્યાત નથી. તમારે ગમે ત્યાં ખાવો.

ત્યારે હવે સમજો કે હોટેલમાં ઊતરયા અને ઠરીઠામ થયા કે પછી બહાર નીકળી પડયા. માર્ગમાં જેવી પહેલી ઇલેકટ્રીક ટ્રામ મળી તેમાં ચહડી બેઠા કે સેહેજ પૈસામાં શેહેરનું આખું ચકરડું ફરી અવાશે. પહેલા એકાદ બે દહાડા મ્યુઝીયમો અને એવા મહાભારત દેખાવ જોવા કરતાં શેહેરની આવજા અને ધમક જોવાની ઘણી જરૂર છે અને તેમાં ખરી મજાહ છે. આ માટે સર્વેથી મોટો સ્ત્રીટ જેનુ નામ ઈનટર ડેન લીનડન સ્ત્રીટ છે ત્યાં જઇ બેસવું. આ સ્ત્રીટ ઓછામાં ઓછો ચારસો ફીટ પોહોળો હશે અને વચમાં બેસવા માટે એક સફીલ રાખી છે ત્યાં હજારો ખુરસી હારોહાર ગોઠવી છે. ફકત બે પૈસા

ફી ભરી ગમે તો આખો દહાડો બેસીને તમાસો જોયા કરો. માથે ગીચ ઝાડોની ઘટા, ચારસો ફીટ પોહોળો રસ્તો, ઉપર ઇલેકટ્રીક લાઇટનાં ઝુમર અને આસપાસ હજારો ગાડી અને લખો લોકની ભીડ જોતાં તમે થાકશો નહીં.

અલબતાં મારૂં આ લખવું જો જર્મન ભાષામાં તરજુમો થાય તો મારી ઉપર ત્યાંનાં લોક કદાચ નાખુશ થશે. પણ મને કહેવા વીના ચાલતું નથી કે બર્લીનની મોટી પીડા ત્યાંના ગાઇડો છે. હોટેલોની પડસાળમાં આ અભાગ્યાઓ ટમકતા ફરે છે અને તમને ઝંપીને બેસવા દેતા નથી. પણ એઓથી મીઠા ગાળોજ મુકજો, કારણ કે એ લોક તમને બેહેસ્તનો દરવાજો તો દેખાડશેજ નહીં. દીવસના આઠ દશ માર્ક માગશે અને દશ માર્કનું જોભરી જશે. તમો રસ્તો ચુકયા તો ગભરાસો નહીં. જર્મન શ્રહેરથો બહુજ ભલા આદમી છે, અને તમારી મુશ્કેલી જોશે તો બે મૈલ પોતાનો રસ્તો મુકીને તમને ઠેકાણે પાડશે. રાતના ખાણું લીધા પછી કયાં જશું તેનો વીચાર કરવાનું તો હોયજ નહીં, કારણ કે આખા શેહેરમાં લગભગ બે ડઝન મોટાં મોટાં થીએટરો છે અને ત્યાં રાતના દરરોજ આપેરા, બાલો, ડાન્સ, નાટક વગેરે થાય છે. નાટક જોવાની ગમત તો પડતી નથી કારણ કે આપણને ભાષાની સમજણ નહીં પણ જર્મન આપેરાની જોડી આખી ધર્થીમાં નથી એમ કહું તો ચાલશે.

બર્લીનમાં જેટલાં મહાભારત કાસાંનાં અને આર-

સપાહાણનાં પુતળાંઓ છે તેટલાં કોઇ યુરોપનાં છ શેહેર મળીને નથી એમ કહેવાય છે તે ખરૂં હશે. અકેકા સ્ત્રીટમાં વીસ વીસ પચીસ પચીસ મસ મોટાં બાવલાંની હારોહાર ગોઠવી દીધી છે. કોઇ વાર તો જાણે એવું લાગે છે કે બચારાઓએ દેવદારના બાકસો ખુલ્યા હશે અને તેમાંથી બધાં બાવલાં વેરાઇ પડયાં ને કયાં રચીને મુકવાં તે સમજાયું નાહીં એટલે જયાં ત્યાં મુકી દીધાં છે. આ બાવલાંઓની ખુબસુરતી અને કદનું વર્ણન કરવું મારી શકતીની બહાર છે અને તેમાં વાંચનારને રસ પડે એમ હું ધારતો નથી. પણ એકજ 'મોન્યુમેંટ' જે માટે બર્લીનવાસીઓ ઘણા મગારૂર છે તેની નોધ અત્રે લઇશ. ૧૮૭૩ માં આ સ્તંભ ઉભો કરવામાં આવ્યો છે. એનું નામ મોન્યુમેંટ ઓફ વીકટરી—એટલે જે ફતેહનો સ્તંભ. કાળા પાલીસ કીધેલા પથરની આઠ સીડીની ઊપર તે ઉભો કરેલો છે અને ૨૦૦ ફીટ એટલે જે આપણા લગભગ ૧૯ માળ જેટલો ઉંચો છે. તળીઆંમાં બ્રોન્ઝનાં નકસીદાર ફુલો લગાડેલાં છે જે ઊપર ટનના ટન બ્રોન્ઝ ખપ્યું હશે. આ મીનારાનાં મથાળા ઉપર ડેનીશ, આસ્ત્રીયન, અને ફ્રેંચ લડાઇઓમાં પકડેલી ૬૦ તોપ ચહડાવી છે અને તે તોપો ઉપર એક ૪૮ ફીટ મોટો ગરૂડ વાંકો વળીને ચોકી કરતો બનાવ્યો છે.

જેમ બર્લીન ગંજાવર છે તેમ ત્યાંનું ટપાલખાતુંબી એક નાની જેવી દુનીયા છે. આપણું મુંબઇ આટલુંક

ખીસાંમાં સમાઇ જાય એટલું છતાં તેની પોસ્ટ ઓફીસનો મહીમા આપણને અજાયબીમાં નાખે છે તો પછી બર્લીનનો કેવો હશે? સમજવાની તસદીબી લેવાની જરૂર નથી, કારણ કે સાધારણ સમજમાં આ સઘળી ધમાધમી ઉતરી શકતી નથી. સઘળો બંદોબસ્ત એવો સરસ છે કે પૈસાનો પોસ્ટ કાર્ડ અડધા કલાકમાં શેહેરના કોઇબી ભાગમા જઈ પુગે છે. જર્મનોને ક્રીસ્ટમસ કાર્ડો અદલબદલ કરવાનું ઘેલું લાગેલું છે. મને કહેવામાં આવ્યું કે નવાં વરસને દહાડે એટલા બધા કાર્ડો ટપાલમાંથી પસાર થાયછે કે તે મોહોલે મોહોલે વહેંચવા માટે ફરનીચરનાં ગાડાં ભાડે રાખવાં પડે છે અને સોલજરોની રીજમીટની રીજમીટો કામે લગાડવામાં આવે છે.

પ્રકરણ—૨૨ મું.

હું મારી કબુલાત પાળીશ. બર્લીન વગેરે શેહેરનું વર્ણન વાંચવું હોય તો જાઓ કોઈ બુકસેલરને ત્યાં ને લઈ આવો એકાદ ગાઈડ બુક ને તેમાંથી બધું મળી આવશે. શેહેરની ઇમારતોનું વર્ણન કરવાનું મારૂં કામ નથી. પલહે વહેલી ઇલેક્ટ્રીક અંદર-ગ્રાઉંડ રેલવે મેં બર્લીનમાં જોઈ ત્યારે મારાં મન ઉપર શું છાપ પડી તે કહું? જાણે દર બબે મીનીટે એક ઉંદર ગૃપ દેતો દરમાં પેશી જતો હોય ને પાછો આવતો હોય!

હું ધારૂં છું કે જર્મન લોકોનાં પેટમાં પરમેશ્વરે ચાર પાંચ ગજનો કરમ બેસાડયો છે—કેમ જે નહીં તો આ લોક આવડું ખાધરૂં કેમ? ખા ખા કરે તે એટલી હદ સુધી કે આપણે હીંદવાસી તો ડંગ થઈ જઈયે. મારા વહાલા સાંજના ૬ વાગ્યાથી શરૂ કરે તે રાતના દશ વાગ્યા સુધી અંધારી કોટડીમાં ગજક સેરવવાનો છેડોજ ન આવે. લાડુ ભટ તો કોણ જાણે કયાં એ લોકની ખાવાની પ્રકૃતી આગળ સમાઇ જાય. ઘણાંક ઘરમાં તો બાવરચીખાનું હોયજ શેનું? જગેજગ હજારો માણસો ચોગાનમાં બેસીને ખાય એવાં પોંચખાનાં અને પાવલાથી તે પાંચ રૂપીઆ સુધીનું ભોજન તૈયાર મળે, એટલે મેહેરતાઉને લાકડાં લીલાં પડયાં ને મીઠું વીસરી ગયો ને માછલીમાં ચાંસ મારી એવી એવી કડાકુટ શીદને માથે લીયે? બર્લીનમાં જેવાં રાક્ષસી રેસટોરાં છે તેવાં આખા યુરોપમાં નથી. એક માહાભારત જગામાં દર રવીવારે ૧૬૦૦૦ માણસો જમવાને ભેગાં મળે છે. હવે વીચાર કરો કે આટલાં બધાં માણસોને સેહેલથી સમાવવાને જગા કેટલી મોટી હશે ને નોકરો કેટલા હશે, ને ગડબડ સડબડ કેટલી હશે. પણ કાંઈ નહીં, જાણે પચીસ માણસ જમવા બેઠાં હોય એટલું સઘળું શાંત રહે છે વીકટોરીયા ગાર્ડન કરતાં મોટી જગા ને રીજમીટોની પેઠે ગોળ ટેબલો કાંઇ હજારો નાખેલી. મેં આ ટેબલો થોડી ઘણી ગણવાની તજવીજ કરી

પણ નીશફળ થયો. દર દશ દશ ટેબલ અકેક વેટરના સ્વાધીનમાં સોંપેલી. તમે દાખલ થયા કે જે ટેબલ ખાલી નજરે પડે તેપર બેસી જાઓ કે લાગલો તેનો રખેવાળ આવીને તમારી વર્દી પુછે અને એક નોટબુક ઉપર લખી લીએ. તમારે જોઇયે તો આખું ડીનર મંગાવો કે જોઇયે તો ફક્ત એક બીરનું ટંબલર મંગાવો—પણ ગમે એવી ધમાલ છતાં બે ત્રણ મીનીટમાં તમારી વર્દી આગળ આવીને પડેલીજ છે. જ્યાં સોળ હજાર માણસ એકીવારે ખાય ત્યાં ધણી હીસાબ કેમ રાખતો હશે? પણ તેબી ઘણુંજ સેહેલ કીધેલું. દરેક વેટરને સાહુવારના પોહોરમાં ધણી ચોકસ રકમ આપે અને આખો દહાડો તેમાંથી રોકડા પૈસા આપીને બીર ખોરાકી વગેરે વેટર અમુક સ્ટાંડોપરથી લઇ આવે. આટલી ગંજાવર ભીડ છતાં એવું ચુપાચુપ કે જાણે દેવળમાં બેઠા હોઇયે. રાજવંશીથી તે ચાકરડી સુધાં ત્યાં ભેગાં મળે. શોક હોય તો તેને ઘેરનો! આખા કમપાઉંડમાં લખો ઇલેક્ટ્રીક લાઇટ કીધેલી અને જગેજગ બેંડ વાગે તે જુદાં. ખરેજ એ લોક નસીબદાર છે. શેહેર ઘણું ગીચ એટલે મોટા ધોરી રસ્તાઓ ઉપર જગા નહીં મળે ત્યારે કાંઇક ઠેકાણે ભોંયરાંમાં રેસ્ટોરાં ઉઘાડેલાં. એવાં એક "કયસર સેલર"માં મને મારો મીત્ર લઇ ગયો તો દીસાદીસ ઇલેક્ટ્રીક લાઇટ લગાડેલી અને ભોંય-રાંમાં પણ એક હજાર માણસ ખુંદવા બેઠેલું!

ખાધાપીધાનો એ લોકનો અલબખરો અજબ જેવો છે. સહુીઓ મીટીઓને ટીપર બોલાવવાનું ચેટક જે હમણા ચીકાસદાર અને તેની નકલ કરનારાં, પારાની સુઝે પોપલીઆં પારસીઓમાં દાખલ થયું છે તે આ બર્લીનમાંથી લીધું હશે. પણ અહીંની રીતજ જુદી છે. ગરીબમાં ગરીબ છોડી પણ પોતાની બે ત્રણ સહુીઓને સાંજના ચા પીવા બોલાવશે પણ પેલી સહુીઓ ખાલી હાથે આવશે નહીં. પોતાની સાથે પોતાને ભાગનું કેક કે પાંઉ ને માખણ અથવા થોડી ઘણી ફ્રુટ બાંધીને એક નાનું પારસલ લઇ આવશે અને પછી આપણે નાના હતા ને મેદાનમાં ભાણા કહાડીને જમતા હતા તેમ બધી સહુીઓ સાથે મળીને ખાઇ પીને મજાહ કરશે. આપણા તરફ શું છે? ટી પર ગયા તો બધા જણાઓ અને બધી જણીઓ ટેબલપર બીરાજશે, ત્યારે નાકનાં ટીચકાં આસમાનપર ચહડી ગયલાં. બચારી ઘરવાળી બધાંને કાંઇબી ખાવાને આગ્રહ કરી ઠાકશે—પણ જેમ ચલ્લીની પેઠે ઓછું ચંચેરીને ખાય તેમ વડાઈ! પીરોજાના અણકા જોઇને શીરાં મનમાં ગાંઠ વાળશે કે 'રાન અમથી ઇતરાઇને વાજ વરેછ,' ને ગુલાં બધાંને દેખાડવા ઈંગ્રેજીમાંજ ફેંકશે એટલે જરબાઇનું પાકીને પલેકાર થઇ જશે. આવી વેળાએ સર્વેથી વધુ રમુજ તો એક બાજુએ બેસીને સઘળો તમાશો જોવામાંજ છે. પણ ચાલો, હવે એ વાત સર્વે કોઇ જાણે છે એટલે લંબાણ કરવામાં સાર નહીં.

બીચારી નોકર અને દુકાનદાર છોડીઓ પણ આ મોજમાંથી ખાલી નથી. ઘરડી મા કે માસી હોય તે કાંઇ સુકકું પાક્કું બનાવીને એક ટોપલીમાં નાખીને પોતાને હાથેજ ઉપાડીને આવાં એક રેસ્ટોરાંમાં પાંચ સાડા પાંચ વાગે આવીને એક ટેબલ રોકીને બેશે. થોડીવારમાં નોકરીથી છુટેલી છોકરી તથા તેણીનો ધણી અથવા ભાઇ અથવા અદરાયલો અથવા સહીઓ નાચતી કુદતી આવી પુગે અને સઘળાં ટેબલપર બેસીને પાંચ છ આનાના ખર્ચમાં ઇવનીંગ પાર્ટી ગુજારે.

મુંબઇનું કોઇબી ગુજરાતી વર્તમાન પત્ર બર્લીનમાં આવતું હશે કે? આ ખ્યાલ ઘણીવાર મારા મનમાં આવ્યો અને તે એટલી હદ સુધી પહોંચ્યો કે તે એક જાતનું દીવાનાપણું થઇ લાગ્યું. આખરે ઘણી ખોળ કરતાં મારી જીજ્ઞાસા તુપ્ત થઇ. હા, ત્યાં ફકત એકજ રોજીંદુ ગુજરાતી વર્તમાનપત્ર આવે છે ખરૂં અને તેનો રંગ——સમજી લ્યો. ફોકટની જીકરી ઉડાડવાની જરૂર નથી. અત્રેનાં હોટેલોના સંબંધમાં એક પાઇંટ હું લખતાં ભુલી ગયો છું. દરેક મોટાં હોટેલમાં કાગલ પત્રો લખવાના ઓરડા જુદા છે જ્યાં જઈને લખવાનાં સાંચા ઉપર તમારાં ગમે એટલાં કાગલો લખવાની તમને છુટ છે. વળી બીજું શું? કોઈ કોઇ હોટેલોમાં તો ટાઇપ રાઇટીંગ મશીનોથી લખનારી છોકરીઓ તૈયાર હોય છે અને તમારે જેબી કાંઇ લખાવવું હોય તે સેહેજ દામમાં કરી આપે છે.

રીવાલવીંગ ઇલેકટ્રીક જાહેરખબરો પણ મેં પહેલીજ વાર બર્લીનમાં જોઇ. એક મોટાં ઉંચાં મકાનને છેક મથાળે નજર કરીએ તો લાલ ઈલેકટ્રીક અક્ષરમાં વાંચીએ કે “ઓવરીલ.” બે મીનીટમાં તેજ ગમ નજર ફેરવ્યે તો લીલા અક્ષરમાં હોય કે “નામીચી સીગારેટસ” વળી બે મીનીટ રહી જુઓ તો પીળા અક્ષરમાં કાંઇ ત્રીજુંજ. આ પ્રમાણે રીવોલ્વ થયા કરે અને તેમાંથી જાહેર ખબર ચાલુ ને ચાલુજ રહે.

બર્લીનનું એક બીજું ખાતું મને બહુજ રમુજી અને નવાઇ જેવું લાગ્યું. એ ખાતું આયાઓ સાથ સાટાં ઠોકવાનું ખાતું છે. જેમ ભીંડીબજાર આગળ દાવની નામનું લેંસ ખરીદવાનું ખાતું છે તેમ આ સ્ત્રી નોકરો પસંદ કરવાનું ખાતું છે. બર્લીનમાં—બલકે આખાં જર્મનીમાં અને ખુદ ઈંગલંડમાં પણ સ્ત્રી નોકરોનો જુલમ ભારી છે. આ દેશમાં જેમ લાડકી ગોવાકરી આયા સેહેજમાં ઓછું પડતાં પેલી નામીચી ગાંસડી બગલમાં મારીને નોકરી છોડવા નીકળી પડે છે, અને ઘડી ઘડી ધોબીના વાગા બદલાય છે તેમ અહીંની મેડો પણ એક ઠેકાણે પાંચ છ મહીના થયા કે નવી જગામાં જવા માટે આભરી ગોધામાં પડે છે. તે લોકને એક જગાએ ચેન પડતુંજ નથી. ઘરના ખટલામાં શેઠ તો કબુ વચ્ચે પડે નહીં. સઘળો સંસારી કારભાર મેમસાબ ચલાવે છે. પણ મેમસાબની મગદુર નહીં કે મેડને ‘તું’ કરીને કહે.


બધું "પ્લીઝ"ને જી હોથી કામ લેવાનું, નહીં તો આ હું ચાલી. દરરોજ સાંજના આ સ્ત્રી નોકરોનું બજાર એક મોટી ઇમારતમાં ભરાય છે. આ ઇમારતનો "આયા હોલ" ખાસ્સો આપણા ક્રોફર્ડ હોલ જેટલો મોટો છે. ત્યાં બે પુરૂષો મોટા મોટા ચોપડા ઉંઘાડા રાખીને જુદી જુદી ટેબલ ઉપર તૈયાર ઉભેલા જણાય છે. આ બે છે તો ભાગીયા—પણ એક શેઠાણીનો જાણે વકીલ અને બીજો નોકરીની ઉમેદવારનો વકીલ. સાંજના જાત જાતની પોટ્ટીઓ ત્યાં આવે છે અને સાથે લાગી નોકરોની શોધમાં નીકળેલી શેઠાણીઓ પણ ત્યાં જમાવ થાય છે. છ વાગતામાં તો ત્યાં ખાસ્સું બજાર ભરાય છે. બાઇઓ આમ તેમ ફરીને ઉમેદવારોના ચેહેરા જોય છે અને કોઇ ચેહેરો ધ્યાનમાં ઉતર્યો તો તેની સાથ વાત કરવા માંડે છે. જો કોઇ ગર ગામડેની ભોળી ભટાક છોકરી નોકરી શોધતી આવી પહોંચી હોય તો શેઠાણીઓ તેની આસપાસ કકડી જાય છે અને દમપરની દમપર ફર્યા કરે છે કે કયારે પેલી વાત કરી રહે કે હું અજમાવું. આ શેઠાણી અને નોકર જયારે પહેલાં સોદો કરે છે ત્યારે રચના જોવાજોગ છે. આપણા ઘરમાં નવી આયા સાથ પઠન કરતી વખતના ભાવટા કયાં તમોએ જોયા નથી? "જો, પહેલાંથી બધું કેહુંછ, મોરી ચોત્રા ધોવાના—કોણને ત્યાં ચાકરી રહીતી—કેટલું સુધી ચાકરી ઉતી, કાંય ચાકરી છોડી—બધું કહે તે કામ કરવાનું, તું કહેશે આય કરૂં

ને આય નહીં તે મારે ત્યાં ચાલશે નહીં, બચ્ચાંનું બધું કામ કરવું પડશે." ઇત્યાદીની આબેહુબ નકલ અહીં છે. પણ બર્લીનની આફીસમાં સ્ત્રી નોકરો એવી ચોરયામાર આવે છે કે સામી બાઇની પરીક્ષા લે છે. "મારાં કામની વચમાં નહીં આવે, રાંધણીમાં એકથી વધારે વાર પગ નહીં મુકે, કોઇ મને મળવા આવે તેને ના નહીં કહે, આઠ દહાડે એક આખો દહાડો મને છુટી જોઇશે, ધોબીનાં કપડાં નવાં ચાર દહાડે જોઇશે." વગેરે સરતો પહેલાંથી નોકરડી કરવા માંડે અને ગરજાઉ શેઠાણી બધું હા કહે. જો સોદો જમીઓ તો બેઉ જન પેલી ટેબલ આગળ જાય અને નોકરના વકીલના ચોપડામાં શેઠાણી સહી કરે અને શેઠાણીવાળા ચોપડામાં દાસી સહી કરે. આ ચોપડામાં અરસ પરસ શું સરતો થઇ છે તે લખી લેવામાં આવે અને પછી બાઇ પેલીને આંગઉપર બે માર્ક ધીરે એટલે સાટું નક્કી થઇ ચુક્યું. આફીસના ધણીઓની ફી ભરીને બેઉ જણ ખુશાળ ચાલતી પકડે. જ્યારે બાઇ ને દાસી મરાઇ પડે અને વરઘોડો પોલીસે ચઢે ત્યારે આ ચોપડામાં સરતો વાંચીને પોલીસવાળા ઈનસાફ કરે. આ લીધે આ દાસીઓની આફીસને સતાવાળાઓ ઘણું ઉતેજન આપે છે. કાં નહીં એવું કાંઇ આ મુંબઈ શેહેરમાં થાય? જેઓનાં અભાગ્યાં નસીબે છોકરાંઓની અલગાર લાગી હશે અને જેઓનાં તેથીબી અભાગ્યાં નસીબે આયાઓ રાખવાની ફરજ પડતી હશે તેઓ આ મારી સુચનાનું વાજબીપણું એક પળમાં સ્વીકારશે.

પ્રકરણ—૨૩ મું.

બધા મીત્રો કહેવા લાગ્યા કે બર્લીનથી જાઓ તે અગાઉ ત્યાંનો મોટો સ્ટોર્સ જોવાને ચુકતા ના. ત્યાં ઘણું શીખવાનું છે. ચાલો ભાઈ, પરવારતાને કામ ને ધંધો. મેં અહીંનો આરમી એંડ નેવી સ્ટોર્સ જોયલો તે મેં જાણ્યું કે–હશે પણ જ્યારે દાખલ થયો ત્યારે તો ડોળા આસમાનપર ચહડી ગયા. આ શું સ્ટોર્સ કે સ્ટોર્સકા બાપ. હું સેહેલથી કહી શકુંછ કે ઇમારત આપણી ટાઉનહોલથી દશેક ગણી મોટી હશે. દાખલ થતાંજ બાનુઓનાં કપડનો ઓરડો જોઇ મેં મન સાથ ગાંઠ વાળયો કે જો ફરીથી બર્લીન આવવું તો હરગીઝ થઇ સાથે કોઇ ખર્ચાળુ બાનુને લાવવી નહીં–નહીં તો ફોકટનું માથું મુડાઇ જશે. આખ્ખાં સ્ટોર્સમાં કેટલી વેચનારી છોડીઓ હશે ? શું ધારોછ? ચાર હજાર ! ! દર બારણે બારણે એકસો કેશીયરની ટેબલો મુકેલી અને તે ઉપર બાનુ કેશીયરો બેસીને પૈસા ગણી લે. એક ઓરડામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં આમ ખાંડી દશેક ઓરડા પસાર કીધા કે હું તો ઠાકી ગયો પણ મારા મીત્રે હસીને જવાબ દીધો કે હજી તો આપણે પચાસમો ભાગ ફરયા નથી, હજુ તો એવા એવા આઠ માળ ચહડવાના છે. પ્રીય વાંચકો, ખરૂં માનજો કે આ જંગી સ્ટોર્સ નથી, પણ નાનું જેવું શેહેર છે.

હજારો માણસો, બાનુઓ અને બચ્ચાંઓ જાણે મેળામાં ફરતાં હોય તેમ ત્યાં ફરેછે. ચામડાંના ડીપાર્ટમેંટમાં એટલા બધા તો પોર્ટમેંટો, હારનીસો અને બીજી જણસો મારા જોવામાં આવી કે જે આખાં મુંબઇની દુકાનો ભેગી કરે તોબી ઉપજાવી ન શકાય. દરેક જણસ ઉપર ભાવની ટીકીટ માંડેલી એટલે કોઇને પુછવાની જરૂર ન રહે. ચોથે માળે જઇ પહોંચ્યા—પણ જરા સબર—કેમ પહોંચ્યા તેનું વર્ણન આપવાની જરૂર છે. ખુણે ખુણે ઈલેકટ્રીક લીફ્ટો છે તે મારફતે હજારો લોક ચાહે તેમ ઉતર ચહડ કરે છે પણ ભોંય તળીએથી પહેલે માળે જવાનો ધસારો એટલો મોટો છે કે એકસો લીફ્ટ હોય તોબી પુરો પડે નહીં. એટલા માટે ભોંયતળીએ એવી ગોઠવણ કરી છે કે એક દશ ફીટ પોહોળો રબરનો પુલ સદા ભોંયતળી-એથી પહેલે માળ સુધી રીવોલ્વ થયા કરે છે.



આ પ્રમાણે ક આગળ ભોંયતળીએ ઉભા કે ઝડપમાં રબરના પુલ ઉપર પગ મુકીને ચહડી જવું કે લાગલા તમે પેહેલે માળ સુધી તણાઇ જશો અને ખ આગળ

આવ્યા કે કુદી પડવાનું. આ રબરની ચકર ચકર ફરતી ગાગરડી ઉપર એકી વારે પચાસ પચાસ જણ ચહુડી બેશે અને મજેહથી સર્વેને ઘસડી લઇને પેહેળે માળે નાખે. નાજુક લેડીઓ ઝીણી ઝીણી ચીશ પાડે અને પડી જવાના ડોળ ઘાલવાથી દયાળુ જવાનયાઓ તેઓને કમરમાંથી ધરીને સલામત ઉતારે ! ઓ મા બાપ ! સારૂં છે કે આ સુધારો મુંબઇમાં હજી દાખલ થયો નથી. દરેક ખાતાંઓનું શું બ્યાન કરૂં. એકેકું ખાતું જાણે એકેકી મોટ્ટી રાક્ષસી વખાર. પીઆનો, મ્યુઝીક, વગેરેનાં ખાતાંમાં બસેંથી ત્રણસે પીયાનોજ રચી મુકેલી. લોહોડાંકામનાં ખાતામાં મોટાં મોટાં ઇનજીનથી તે ઝીણી ખીલીઓ સુધાં. ફરનીચરવાળા ખંગામાં કાંઈ નહીં તો દશ હજાર દાગીના હશે. દવાઇનું ખાતું, ફલાનલનું ખાતું, કોરીકામનું ખાતું, એવી કાંઇબી ચીજ નથી કે જે ત્યાં ન મળે. એક જબરદસ્ત ખાતાંમાં કાપીને સોહોરી સારીને સાફ કરેલાં બતક મરઘાં અને તેબી હજારોથી વાત. આ ખાતામાં ઓછામાં ઓછી જસો કામદાર સ્ત્રીઓ હશે. પાસેજ ખંગામાં વાલ વટાણા, તરતરકારી, તાજી માછલી, જામ, જેલી, બીસકોટ, તાજું દુધ, ખાંડ, સાકર, હમા ચીજો. ને એટલાં બધાં ખરીદનાર કે છોડીઓને દમ ખાવાની ફરસુદ નહીં. દરરોજની પચાસ હજાર રૂપીઆની વકરી !! શું ધારયું મીસીઅરસ શરાફ બ્રધર્સ, ચીનાઇ બ્રધર્સ,

બેહેરામ રામ ગુવાદ બ્રધ ? અહીં તાજી માછલી જોઇયે તો છે, તાજી ફ્રુટ જોઇયે તો છે, વાઇન છે. જે માંગો તે છે. ચાલતાં ચાલતાં ઠાક ચહડે અને તરસ લાગે તો લીફ્ટમાં બેસીને ચોથે માળે જતાંજ બસો ટેબલો બીછાવેલી જ્યાં તમારે માટે બીઅર, વાઇન, ખાવાનું તૈયાર છે. પેલીમેર બેંડ વાગે છે, બીજી મેર ફુવારા ઊડે છે, હજારો કુંડાંઓ આસપાસ ઝુમી રહ્યાં છે અને તેની વચમાં તમારી નોકરીમાં સેંકડો ખુબસુરત નાઝનીનો અદબથી ઉભી છે. ફક્ત પૈસા જોઇયે. જાણી જોઈને ખાધા પીધાનું એટલું સસતું મુકી દીધેલું કે તેની લાલચે લોક આવે તો કાંઈ ને કાંઇ ચીજમાં ઝટ-કાઇ જાય. આ બોહોળાં ખાતાંમાં જેબી નાટક કે આપેરાની ટીકીટો જોઈતી હોય તે તૈયાર. બહાર જવાનું કે પુછપરછ કરવાનું કામ નહી. નાટકની ટીકીટોની આફીસમાં જઇ પુછો કે શું શું નાટકો કે આપેરા થવાના છે તો તમારી આગળ લીસ્ટ મુકવામાં આવશે અને એક મીનીટમાં તો તમને ટીકીટ પહેરાવી પણ દેશે. રેલવેમાં મુસાફરી કરવી હોય તેની ટીકીટો પણ અહીંજ મળે. મયુઝીયમમાં જવું હોય, પાદશાહનો મેહેલ જોવા જવું હોય, ઝેર જોઈતું હોય, જર જોઇતું હોય, જે જોઇયે તે બધું અહીં મળે છે. આ સ્ટોર્સ એક નાની જેવી દુનીયા છે. હું ગયો ત્યારે આશરે બે હજાર લોક ખરીદી કરવા ગુતાયલું હતું ને ચોથે માળે

સુમારે પાંચસો જન જોભરવા બેઠેલા. પચાસ હજારની રોજ વકરી, બાપા પચાસ હજારની વકરી! પાંઉ, તાજાં ઇંડાં, તરકારી, ચીભરૂં, સુક્કી માછલી, આસ્ત્રેલીયન બરફમાં બાંધેલું ગોસ, ખરાં મોતી, બીલીઆન, ક્રોડો રૂપીઆનો સામાન જાણે ધણી ધોરી વગરનો પડેલો. એક ખાતાંમાં બધાં રમકડાંજ વેચાય. એ બલેવના મેળા! અહીં મેં એટલાં રમકડાંનો સંગ્રહ જોયો કે એટલાં દુનીયામાં હસ્તી પામતાં હશે એવોબી મને ખ્યાલ ન હતો. આખી ઇમારતનાં ભોંયતળીઆમાં સેંકડો મસ મોટ્ટી કાચની બારી અને તેમાં રોજ રોજ નવી નવી તરેહથી સામાન રચીને મુકનારા પચાસ અમલદાર!! મેં એક બર્લીનની ચીત્રની ચોપડી ત્રણ માર્ક વેચાતી લીધી ખરી પણ હાથમાં લઇને એ પીડા કોણ કરે એવા વીચારમાં હતો એવામાં તે સ્ટોલની છોકરીએ મારો કાર્ડ માંગી લીધો. આંખના પલકારામાં ડીલીવરી બોય સાઇકલ ઉપર સવાર થયો અને હું હજુ તો ફરીને નીચે ઉતરૂં એટલામાં તો સેંત્રલ હોટ-લમાંથી રસીબ લાવીને મારા હાથમાં મુકી. ઉદયમ તે એ. પણ હું આ બર્લીનના સ્ટોર્સની વધુ વીગત આપીશ નહીં, કારણકે વળી એના કાન કાપે તેવું એક ખાતું લંડનમાં છે તેનો જ્યારે હેવાલ આપીશ ત્યારે જોશો કે આ બર્લીનનો બુચો તો તેની આગળ કુચ બીસાદમાં નથી.

બર્લીનની એક નામીચી જોવા લાયક જગા સ્ત્રી મરદ નોકરોનો આતવારનો જાહેર "બૉલ" છે. આ નાચ એક મોટી ઇમારતમાં થાય છે. ત્યાં જવું તો ભપકા સપકા અને નાકનાં ટ્રીચકાંને ખીસામાં મુકીને જવું કારણકે તે દીવસે ત્યાં આવનારા ભલા ધનેતરની દરકાર કરશે નહીં. દર રવીવારે આ "બૉલ" નાચ થાય છે અને ત્યાં કોઈનેબી જવાની છુટ છે. એક મોટાં દીવાનખાનામાં બેએક હજાર લોક એકઠું થતું હશે. તેમાં મુખ્ય ભાગ નાના પગારના કલાર્કો, દુકાનની પોરીઓ, કુકો, સરવંટ ગર્લસો વગેરે જાણવું. વચ્ચો વચમાં એક મોટો લાકડાંનો ડાનસીંગ પ્લાટફોર્મ છે ત્યાં એકીવારે બસોથી ત્રણસો જોડાં બેંડના સરોદપર નાચે છે. આ નાચનારાં જોડાં એક બીજાને ઓળખતાં હોવાં જોઇએ એવી કશી ખાસ જરૂર નથી—આપરા જેવા તરાહેત ધણીબી દાખલ થયા કે લાગલી બે ચાર છોડીઓ દોડી આવી તમને ખેંચાખેંચ કરશે કે ચાલ મારી સાથે નાચ. આ જગાએ વળગાવળગી અને મોહોબત ગીરફ્તારીનો પાર નથી. અજાણી છોકરીઓ બીર અને ધુમાડાપર એવી ઉશકેરાઇ જાય છે કે તેઓ કોણની સાથ જાય છે, કોણ સાથ ઘેલાં કહાડે છે તેનું તેઓને ભાન રહેતું નથી. વંત્રીઓની પેઠ તેઓના બાલ છુટા થઈ જાય છે, કપડાં ખોરાઇ જાય છે, ચેહેરો લાલ થઈ આવે છે અને નાચી નાચીને આખરે એક બે

વાગતાં લથડતાં પથડતાં ઘર જઇ બીજે દહાડે દોર બાંધયાં પાછાં ચાકરીપર.

પ્રકરણ—૨૪ મું.

શું વર્ણન કરૂં ને શું રાખું ! જયાં રોજ રાતના એકસોથી ઉપર નાટકો, આપેરા અને ડાન્સ ચાલે ત્યાં પેલા મીકાઈગાર બરફીને જોઇને સુગાય તેમ જીવ ધરઇ જાય છે. ફક્ત રસ્તામાં ગુપચુપ ચાલીને લોકનાં ઢણુક જોવા માટે ઓછામાં ઓછા ત્રણ મહીના જોઇયે. ડાકટરી વીધામાં પણ બર્લીનની તારીફ છે. જ્યારે હું પહેલાં યુરોપ જવા નીકળ્યો ત્યારે લંડનમાં ઓપરેશન કરાવવું કે પારીસમાં, વીસબેડનમાં કે વીએનામાં એવી તકરાર હતી. ઘણાક તબીબોને મનથી બર્લીનની યુનીવરસીટી આંખ અને વહાડકાપની બાબદમાં કોઇબી થાણુક કરતાં ઉતરતી નથી. એનો પુરાવો જલદીથીજ મને મળ્યો. મારી આંખનાં ઓપરેશનને બરાબર બે મહીના થયા હતા. જ્યારે મને એક માસ ફરવા હરવાની રજા મળી ત્યારે પેહેલાંથીજ પ્રોફેસર પાજેનસ્ટેચરે ચેતાવ્યું હતું કે અગર બહાર ફરતાં હરતાં કાંઇબી આંખમાં ખટકો મારે અથવા અડચણ જણાય તો તુરત કોઇ નામાંકીત નેત્રશાસ્ત્રી પાસે જવું. જો બર્લીનમાં હોઉં તો ડાકટર કોહેન બહુ જાણીતો છે તેની સલાહ લેવી અને ખરેખર તેમજ બન્યું. થોડાક દીવસ પછી

જમણી આંખની જમણી બાજુએ જાણે ઝીણા ઝીણા આગીઆ કીડા ઉડતા હોય તેમ ચમકારા દેખાવા માંડયા. બંદા ગભરાયા અને લાગલા મારા મીત્ર મી૦ વાછ્છા સાથ ગોઠવણ કરીને બર્લીનમાં સર્વેથી જાણીતા ઉસ્તાદ ડા૦ કોહેનના કનસલટીંગ રૂમમાં ગયા. માણસ બહુ ભલો–ખોદા એને સલામત રાખે. મારી આંખ જોતાંને વાર, મારા મોહોંમાંથી એક શબ્દબી નીકળ્યા અગાઉ, હસીને પુછ્યું. "આ તમારી જમણી આંખનું ઓપરેશન કોણે કર્યું? વીસબેડનવાળા પાજેનસ્ટેચરે હશે?"

મેં અજાયબી સાથે હા પાડી, ત્યારે આ વીદ્વાન ડોકું ધુનાવીને બોલ્યો "હું પહેલાંથીજ પામી ગયો કે તેના સીવાય આ કારીગરી બીજા કોઇની હોયજ નહીં—હું તમને મુબારકબાદી આપું છું—ઓપરેશન ઘણુંજ ઊમદા થયલું છે અને હવે તમારી જીંદગી સુધીની ખોડ ગઇ, તમને આ તારા સેતારા દેખાય છે તે કાંઇજ નથી પણ બદહજમીને લીધે છે. બે દહાડા જરા અરધી ભુખે ખાજો અને બધું નાહસી જશે—સાહેબજી."

આ સધીઆરાથી મારા મનની ચીંતા કેટલી દુર થઇ હશે, તે તો જીવજ જાણે છે. પણ એક વાત સીદ્ધ થઇ કે આ તરફના વૈદ મહારાજોની પેઠે ત્યાંના વીદ-વાનો એક બીજાની પુઠે એક બીજાની ઘોર ખોદતા નથી અને પ્રોફેસર પાજેનસ્ટેચરની કીર્તી ખુદ બર્લીનમાં પણ જાણીતી છે.

પણ જેમ વીસબેડનને ચીટકી રહયો તેમ બર્લી-નમાં ઠસી રહેવાનો મારો વીચાર નથી. હવે તો રહે રાંડ રોટલો ને બાઇ મારૂં વ્યાજ. એકના એક વખાણ કીધાથી કાંઇ તમારેથી ત્યાં જવાયું ? ઊલટો બળાપો કરાવવામાં મને હાંસલ શી ? જવા દયોની ભાઇ, બર્લીન ઘણું ખરાબ છે, કાંઇ વાતમાં દમ નથી. નરૂં જાણે ડુમ્મસ ! મીત્રોએ સલાહ આપી કે અહીંની પારલ્યા-મેંટ, રાજ સભાનું મંદીર, જોયા વગર જવું નહીં. ચાલો, આ મંદીર જોઇયે. ઇમારત બહુજ ખુબસુરત, બેઠકો મોરોકો ચામડાંની, હૉલ ગંજાવર. મોહોસમ નહીં એટલે અલબતાં બધું ખાલી હતું પણ દારૂ પીજીએ નહીં તો વાસથી રાજી થઇયે. ઊમરાવોવાળાં દીવાન-ખાનામાં મને શાહાનશાહની બેઠક દેખાડવામાં આવી. રૂપીઆ સોએકની ખુરસી હશે. હું તો જાણું કે જર્મન શાહનશાહતનાં તખ્ત ઉપર કેવાંક હીરા મોટી જડયાં હશે અને કોઈ ન જોય તેમ એકાદ બે ઉપાડી જઇશ. પણ ખાખ રાખ મળે નહીં. મેહાગનીની સાદી ઉંચી ખુરસી અને તે ઉપર બ્રાઉન રંગનું રવાદાર ચામડું જડેલું. એના કરતાં તો આપણા કોરપોરેશનના ચેરમે-નની ખુરસીનો ઠઠેરો ભારી છે. પણ આખર કરે તે મહાન શાહનશાહની ખુરસી એટલે સાથે આવેલા રાખ-નદારને પાણીનું ગલાસ લાવવાને મસે બહાર કાઢીને મેં ઉપર બેસી જોયું. કોણ જાણે વખતે બેઠાથી તેની

મોટાઇ અને અકકલ મારાં ભેજાંમાં ઉતરીબી જાય. પણ મેહેનત બરબાદ ને ગુનાહ લાજમ. લાકડાં જેવી કઠણ અને અરધો કલાક બેસીએ તો બરડાની બેવડ વળી જાય એવી આ નામાંકીત ખુરસીને હું ભુલીશ નહીં.

ત્યાંથી નીકળ્યા તે મોટામાં મોટું આપેરા હાઉસ જોઇ વળ્યા. અમથું નાનું કરચલાં જેટલું. દશ હજાર માણસ તો કોણ જાણે કયાં ખુણામાં માઈ જાય. બાહાર ઉંચા વરંડા ઉપર સેંકડો ગોળ ટેબલો ગોઠવેલી કે વચમાં વીસામા વેળાએ ખાધા વગર જીવ ફરી આવે તો જરા વળી ચાસની કરી આવે. ખાધાપીધા વગરનું જીવતરજ બળયું! ઉપર જવાની સીડી આપણી 'ટોંડાલ' જેવી અને સંગેમરમરની તેમજ થામલા સઘળા સંગેમરમરના. અંદર ફરવા હરવાની જગાએ કંપીલી મખમલ અને સોનેરી નકસી તથા હજારો ઇલેક-ટ્રીક ઝુમરો ઉપર બધો ધુજારો જોઇ જીવ વીસમય પામ્યો કે આ શું નાટકશાળા છે કે પાદશાહનો મેહેલ? મને ખબર મળી હતી કે આવાં મોટાં પ્લે હાઉસનાં જે નામીચી ગાનારીઓ આવે છે તેઓના સ્ટેજ ઉપરના ખાસ ઓરડા જોવા લાયક છે. મુંબઈની નાટકશાળા-ઓમાં ગંધ મારતી ભવૈયા છોકરાઓની બનેલી પરીઓ કેમ રહે છે અને સાબુની કેવી મારામાર છે, તે હું અંગત અનુભવથી જાણું છું. એટલે આ બર્લીનના સર્વેથી મોટા સ્ટેજ ઉપર કેવો મામલો હશે તે જોવાને

કુદરતી રીતે મારૂં મન લલચાયું. પણ રખેવાલ કહે જે લેડીઓના પ્રાઇવેટ રૂમસ દેખાડવાનો હુકમ નથી. અરે બાપુ, અમે તો ઇનડીઆના રહેવાસી છેએ અને લેડીઓના ઘાઘરા કેવા હોય તે પણ સમજતા નથી. પણ પેલાની નાથી હા થાય નહીં. આખરે ખીસાંમાંથી એનજમતી રૂપેરી ચાવી કહાડીને રાખનદારની હથેલીને લગાડી જોઇ તો તુરત દરવાજા ખુલી ગયા. કોઇને કહેતા ના—આમ નાકે જીભ લગાડીને આ ફીરેસતાઇ ખસલતના રાખનદારે અમને સ્ટેજ ઉપર દાખલ કીધા. હવે શું લખું ભાઇ ખરસેદજી બાલીવાલા અને કાવસજી ખટાઊ—દયાશંકર અને જયશંકર? ખોટી મખમલ ઉપર સરસથી વળગાડેલા ચકચકીત દેખાવો અને એડી આગલથી મેલાં અખનતર થઇ ગયલાં મોજાંનો તમારો અનુભવ કહી સંભળાવો. અકેકી નાટકી સ્ત્રીના ઓરડા ખાસ્સા અમારાં હોટેલના ઓરડા જેવડા મોટા અને તેમાં મોટી આરસીઓ અને કબાટો જડેલી! કોઇ મળવા ભેટવા આવે તે માટે મોરોકો ચામડાંની ખુરસીઓ અને ફલાવરપાટો અને સેંટ બાટલો અને પાઊડર પફ્ફો—અને બીજી હમા ચીજો જેનું લીસટ પણ મારી પાસે નથી. હું ધારૂં છું કે આપણી તરફના નાટકના માલેકોએ પોતાની સુશોભીત પુરૂશ પરીઓને વહાણ ભરીને વીલાયત લઈ જઈને આ નાટકશાળા દેખાડી આણવી જોઈએ. મેં અહીં જોયું

કે પુરૂશ એકટરોના ઓરડા સઘળા એક બાજુએ અને સ્ત્રી એકટરોના ઓરડા તદન બીજી બાજુએ છે અને તેઓ એક બીજાના ખંગમાં જઈ શકે તેવી ગોઠવણજ નથી. તેઓ પોતાના ભાગ બજાવવા સ્ટેજ ઊપર મળે તેટલોજ વાર—બાકી પછવાડે ગ્રીન રૂમમાં તેઓ જાણે એક બીજાને ઓળખતાંજ નહીં હોય તેમ રહે છે અને વર્તે છે. તે છતાંબી આ નાટકશાળાની પછવાડેની જીંદગી યુરોપમાંબી ઘણી વાંધાભરેલી છે એમ કહેવા વગર મને ચાલતું નથી.

બર્લીનના સતાવાળાઓએ ખાંડી દશેક મારબલ અને કાંસાનાં પુતળાંઓ શેહેરમાં ભરી મુકયાં છે તે પણ મારી નાજુક ચશમોને અનુકુલ લાગતું નથી. અવારનવાર છુટાં છવાયાં હોય તો શોભે પણ જ્યારે જાહેર રસ્તા ઉપર બતીનાં ફાનસોની પેઠે સેંકડોથી લાઈન લંબાય ત્યારે તે પુતળાં વેચનારની દુકાન જેવું લાગે છે.

જર્મનોનો હમણા નવો અભખરો એ છે કે લશકરી દોરદમામમાં ઈંગ્લંડથી ચઢીયાતા થવું. આ કારણથી તેઓ પોતાની આવકનો મોટો ભાગ લશકર ઉપર ખરચી નાખે છે, અને તે લીધે સમજુ રઇયત પોકાર કરતી રહી છે. એ લોક બબડે છે કે જે પૈસા દેશને આબાદ કરવા સારૂ વાપરવા જોઇયે તે સઘળા લશકરને મોટું કરી ઈંગ્લંડપર સરસાઇ કરવામાં ઘસડાઇ જાય છે તે

અમારે કબુલ નથી. પણ રાજ સભા સમજતી નથી. તેઓ ધારે છે કે જમીન ઊપર તો અમે ઈંગ્લંડની બરાબર થઇ ચુકયા એટલે હવે તેઓ પોતાનું દરીયાવર્ધી ખાતું વધારવા પડયા છે અને વરસો દહાડે કરોડો રૂપીઆ ખરચી નાખે છે. શું જર્મન સોલજરનો ઠસ્સો! અકેક આફીસરના ડ્રેસ જોઇયે તો આપણી આંખે ચીત્રી આવી જાય. કામન સોલજરબી ઉંચી બનાતના ડગલામાં સજ થયલો અને ખાસ્સો પોખાયલો યાને ઉંચો ગરાર જેવો. હલકી મંડળીઓ કે હલકાં પોંચખાનામાં જવાનો આફીસરને હુકમ નહીં. દરેકે અહરસ્થની પેઠે વરતવું જોઇયે. વળી ચાલતાં ચાલતાંમાં ડયુએલની ધાક. જરાબી આફીસરને ઓછું પડયું કે પીસતોલ અને તલવાર તૈયારજ છે તે તરફ સતાવાળાઓ ઘણો આંખ વીંચામણો કરે છે.

પણ જર્મની આમ વધી કેમ ગયું? એ મેં અગાઉ સમજાવ્યું છે. ઇતીહાસનો દરેક અભીયાસી જાણે છે કે હાલનો જર્મન એમપરર તે ફકત પ્રશીયાનો રાજા હતો. હવે તેની પડોશમાં સાકસની, બેવેરીઆ, વરટેમબર્ગ, હોયનઝોલરન, વગેરે નાના રાજવાળા હતા અને પોતપોતાનું હાણીઆ કરતા હતા. અવારનવાર લડતાબી, વઢતાબી અને પોતાનું રાજ ચલાવતા. એવામાં ફ્રાંસ સાથની ખટપટ જાગી—ત્યારે ચકોર બીસમાર્ક એક અચ્છી બાજી રમયો. તેણે આ જુદા જુદા રાજવાળા-

ઓને સમજાવ્યા કે 'તમે પોતપોતામાં નકામા શા માટે લડી મરો છો? તમો કોઇ દહાડે સાથે મળીને પ્રશીઆને તો હઠાવી શકો તેમ છે નહીં, બલકે લાગ ફાવવે કોઇ કોઈ બહાને પ્રશીયા તમારૂં એક પછી એક ગામડું ખાઇ જશે. માટે આપણે બધા ભાઇઓ એકઠા થઇ જઇયે. સઉ સઉ પોત પોતાના રાજ ચલાવે પણ જ્યારે આખાં જર્મનીની સામે કોઇ આવે ત્યારે આપેરે બધા ભાઈઓએ એકઠા મળી જઈને સાથે લડવું. આપણી રાજસભા વધતાં મતથી જે ઠરાવે તે સર્વેને કબુલ.' બીસમાર્કની એક તો આ મીઠી મીઠી સમજાવટ, તેમાં વળી તે વાર ઘરડા વીલીયમ ત્રીજા ઉપર જર્મનોની કુરબાની, એટલે બધા રાજવાળાઓ શીશામાં ઉતરી ગયા. એટલામાં ફ્રાંસ સાથની ખટપટ જાગી. રાજ સભા મળી અને તે માટે પ્રેસીડંટ તો ઠરાવવો જોઇયે. અલબત્તે એકમતે વીલીયમ ત્રીજાને સરનશીન ઠરાવ્યો અને તેવણ જર્મન એમપરર દાખલ ચીટકી બેઠા તે આજ સુધી. હવે આ સઘળા નાના રાજવાળા પોતાની ચુક જુવે છે. તેઓ કાંઈ આ ગોઠવણથી રાજી નથી. આ તો લાકડાંના રાજાજીને બદલે દેડકાજી આવી બેઠા. પણ કરે શું? પથર તળે હાથ આવી ગયો એટલે કળવકળે કહાડવાનો. બચારો આસ્ત્રીઆવાળો આ સમજુતમાં સામેલ થવા ના પાડી બેઠો તો પ્રશીયાએ તેનો લડાઇમાં આટો કરી નાખ્યો.

જર્મનીનું આ લશકરી બંધારણ સમજાવી હવે

હું ત્યાંની આરમરીનો થોડોક ખ્યાલ આપી બર્લીનને છેલ્લી સલામ કરીશ. આ લડાયક ઓજારોનું ખાતું અથવા પ્રદરશન દુનીયામાં સર્વથી મોટું કહેવાય છે. દાખલ થતાં એક ઉઘાડા ચોકમાં કાંઇ હજારો ફ્રેંચ તોપો લાઇનની લાઇન ગોઠવીને મુકી છે. ફ્રેંચ સાથની લડાઇમાં પકડેલી આ તોપો છે તેમાં મીત્રેલ્યુર, દર સેકંડે અકેક ગોળી છોડે એવી સો ગોળીવાળી રીવાલવીંગ ગનો વગેરેનો હેરતભર્યો સંગ્રહ અહીં જેવામાં આવે છે. માળ ઉપર લખ્ખો ફ્રેંચ બંદુકો, લખ્ખો ફ્રેંચ આફીસરોની લુટેલી તલવારો નામવાર ભેગી કરી મુકી છે. આ તલવારોનો સંગ્રહ એટલો મોટો છે કે ખુદ સીલીંગો ઉપર સુરજના આકારમાં તલવારો જડી લીધા છતાં તેમની જગા થતી નથી. અકેકી અસલવારેની એવી બંદુકો મુકી છે કે જે ઉંચકવાને માટે ઓછામાં ઓછાં આઠ માણસો જોઇયે. તે આસરે બારથી તેર ફીટ લાંબી અને ઓછામાં ઓછી વીસેક મણ વજનમાં હશે એટલે તેને ખભે કેમ ચહડાવતા હશે તે મને હજી સમજ પડતી નથી. ને ઉપાડવાને આપણો રૂસતમ પેહેલવાન જોઇયે. મારશલ બાઝેં અને મારશલ મેક મેહાન તથા મારશલ ભુરબાકી વગેરે મોટા મોટા ફ્રેંચ સરદારો જે ફ્રેંકો-જર્મન લડાઇ વખતે શરણ થયલા તે સઘળાના ચાંદ અને લેબાસોના અહીં સંગ્રહ ટીકીટો મારીને કરેલા છે તેમજ લોહોડાંના બખતરો જે અસલવારેના મોટા મોટા જોધાઓએ પહેરેલાં અને

જેરૂસેલમ ખાતે ક્રોસને માટે લડવા ગયતા તે ઘોડા સ્વારી સાથે અહીં સેંકડોની લાઇન કરીને ઉભાં રાખ્યાં છે. આ બખતરો જેનું વજન વીસથી ત્રીસ મણ હશે તે પેહેરનારનું શું કૌવત હશે તે જ્યારે આપણે નજરે જોઇયે છીયે ત્યારે સમજ પડે છે. બર્લીનની સર્વેથી જોવા લાયક જગા હું આ સંગ્રહસ્થાન સમજુ છું. આગલી તવારીખ ગોયા જાણે આપણી આંખ આગળ આવીને ઉભી રહે છે. આ સંગ્રહ કરોડોથી નહીં પણ અબજોથી ગણાતે હશે. જ્યારે નેપોલીયનને જર્મનોએ છેલ્લી લડાઈમાં હરાવ્યો અને તેની પાસેથી રાજ તજી દેવાનો કરાર લખાવી લીધો તે કરાર ખુદ અહીં જોવા મુકેલો છે. અને તેની એક નકલ હું મારી સાથે લાવ્યો છું પણ તેનો બલાક હું મારાં પારીસના વર્ણનમાં આપીશ.

પ્રકરણ—૨૫ મું.

કાંહાંને કાંહાં આ યુરોપની રખડપટીનું કમઠાણ માથે લીધું! જરા સુવાનો કરાર નહીં, જરા ખાધા પીધાનો સકાર નહીં. બસ, ઘરડા હો કે જુવાન, સાજા હો કે માંદા, પાતળા હો કે જાડા, ચાલ એ ચાલ બીજી વાત નહીં. એ તો ઠીક છે કે ત્યાંની હવા ઘરડાને જુવાન બનાવી નાખે છે, બાકી હીંદુસ્તાનનો ઉકળાટ અને આપણી તરફના પરસેવાની પીડા હોય તો કોણ

જાણે કેમ ગલેલી જેવા ગીલા બની જઈયે. બર્લીનથી આજેજ થયલો ઉઠયો કે સવારી ચાલી લાઈપઝીક તરફ. સવાલ ઉઠશે કે યુરોપમાં બીજાં મોટાં મોટાં શેહેરો છે, મૈલના મૈલ વીસ્તારનાં સરોવરો અને જંગી પહાડો છે તે છોડીને લાઇપઝીક કાં પસંદ કર્યું હશે! હું તેનો ખોલાસો આપું છું. ઝાડો અને પાહાડો જોવાનો મને ઝાઝો શોખ નથી. હીંદુસ્તાનમાં એવા દેખાવો કયાં ઓછા છે. કાશ્મીર તરફ જાઓ તો આપણો હીંમતે બહાદુર હીમાલયા તમારા આલ્પસને ખીસામાં મુકે તેવો ઓસ્તવાર ઉભો છે. સાંભળ્યું છે કે આખા યુરોપમાં છાપાકળા માટે લાઈપઝીક સરદારી ભોગવે છે એટલે કહેવત છે કે સુથારનું મન બાવળીઆમાં તે મુજબ જે ધંધો મારી બચગીથી મને દાળ રોટીથી સુખી રાખે છે તે ધંધાની શેઠાણી ગણાતું શેહેર ન જોઉં તો અઝીમ ગુનાહ કહેવાય. વળી જાણ્યું કે આ શેહેરે કેતાબમાં એક જરથોસ્તી બીરાદર જાહોજલાલીથી રહી પોતાનો વેપાર ચલાવે છે અને સાથે તેમનાં નેકનામ બાનુ પણ ત્યાં છે અને જર્મન ભાશા બોલે છે એટલે હું મારા જાત-ભાઇઓને ઘણી મુદતે જોવાની લાલચ થોભાવી શકયો નહીં. અરે દોસ્તો, જર્મની કે આસ્ત્રીયા કે ફ્રાંસમાં તમો બે ત્રણ માસ એકલા ફરો અને તમને ન આવડે તેવી ભાશામાં મુગા બેહેરાની નીશાનીઓથી તમારી ગરજો જાહેર કરીને દહાડા કહાડો અને પછી જુવો કે તમારૂં

ઘર, તમારી માનીતી ગુજરાતી, તમારાં સગાં સ્નેહી, તમારી માનીતી સાડી અને હાંફરો આવતી વાડી કેવી યાદ આવે છે. બા મુદતે આપણા જાતભાઇને મળીને તેની સાથ પ્યારાં વતનની ખુશ ગોફતેગોથી છાતી કેવી ભરાઇ આવે છે. "હોમ સ્વીટ હોમ." ઓ, આ કવેતના લખનાર, તારી મગજ શકતીને ધન્ય છે. તારી આ લીટીઓમાં સચ્ચાઈનો કેવો સમુદાય થયલો છે તે આજે જાણ્યો. પાંચ કલાકમાં એકસપ્રેસ ટ્રેનમાં લાઇપઝીક આવી પહોંચ્યું. પણ બાવા મારા, હાડકાંનો ખુરડો અને ગોસ્તનો ગાબરડો ખમવાનું ખમીર હોય તો આ એકસપ્રેસમાં જજો. બને તો સાથે એકાદ લેપ અને જાડો જેવો પાટો રાખજો. કેમ જે આ એકસપ્રેસ ટ્રેન કાંઇ સાધારણ ઘોડાની ગાડી નથી પણ દેવેનામ દેવ છે. કલાકની એકસો માઇલની ઝડપ આગળ ધીરજ તે કયાંથી રહે. બહારનો દેખાવ જોતા તો ડોસા થયા કેમજે આંખ આગળથી ઝાડો અને બંગલાઓ પસાર થઇ જાય તે ટ્રેનની ઝડપને લીધે એવાં એક બીજામાં લપેટાઈ જાય કે એક લીલા પાટા સીવાય બીજું કાંઈ જણાય નહીં. વળી ઝડપને લીધે ટ્રેનનું 'ઓસીલેશન' એટલું કે પુરૂં ઉભું ન રહેવાય તો ચલાય તે કયાંથી. કામ પડે ને ચાલવા જઇયે તો જાણે ખુબ દારૂ પીને પેંગા ચેંગા ચાલતા હોઇયે તેમ ગાડીની એક બાજુ પકડીને ડોળા ખાતા ખાતા ચાલવું પડે. વળી ઠંડી તો કેહેજે મારૂં કામ, કોલસાના ધુમાડા

કહે કે લેશો ના મારૂં નામ. બારીઓ બંધ, બહાર સઘળું કાળું અંધ ને બસ આંખ મીચીને ચાલ, ચાલ, ચાલ બસ ચાલ. આ ટ્રેનમાં ડાઈનીંગ કાર હોવાથી બીજી વાતે નો અટચણ નહીં પણ ડાઈનીંગ કાર છેક નાકે જોડેલી ત્યાં જતાંજ પા કલાક લાગે. જેમ તેમ ધરો પકડીને લથડતા પથડતા આપણી સીટ ઉપર ધબ દઇને બેઠા કે વેટર બાપડાઓનોબી એજ અવતાર. હાથમાં ખાણાની રકાબી લાવે તેબી પગ પોહોળા કરીને બંને બાજુની ટેબલને અઢન ઘસડતા ઘસડતા આવે ત્યારે. ગાડીનો ટપકો એવો કે જરા અલગ જો ચાલવા જાય તો આ ફસાયલા કામદારોબી જમીન માપે. કેમ, હવે ગાડીની ઝટપ અને આંચકા સામજયા? હું બહુ અચરત થાઉં છું કે આવી ઝટપ અને આટલી બધી ટ્રેનો આમનસામન દોડવા છતાં તેમજ આવાં અંધારાંમાં અકસ્માત થતા કેમ ન હશે. ભેજું ભેજું, બીજું કાંઈ નહીં. ત્યાંના અકેક પોઈંટસમેન તે આપણી તરફના ટ્રાફીક મેનેજરો જેટલી ભેજાંની ચાલાકી ધરાવે છે. અહીંના બચારા કાચી બાજરીનો રોટલો ખાઈને નવ રૂપીઆમાં પેટ ભરનારા ઘાટી પોઈં- ટસમેન અને પોરટરો જે કામ કરે તે કરવા માટે ત્યાં બાર રૂપીએ વારની બનાતના ડગલા અને કસબી પટ્ટી- વાળા અમલદારોને દર માસે સવાસોથી દોઢસો માર્ક મળે છે એટલે પછી અહીંનાં બોચીયાં કરતાં ત્યાંના ગોરા પોરટરો ને કામદારો પચીસ હીસ્સે સરસ કામ બજાવે

તેમાં કાંઈ નવાઇ છે! પણ ખરૂં લખવામાં કાંઈ મ્રાન્જ નથી. ટ્રેન જ્યારે ફુંફારા મારતી એક જાલમ દેવની પેઠે અંધારાંમાં દોડતી હતી, ત્યારે ઘણીવાર મેં ઈચ્છયુ હતું કે મંજલનો છેડો આવે તો સારૂં. ઘણીવાર મને વીચાર આવ્યો કે સમજો કે અહીં કાંઈ કાંટાનું કટેસર થાય તો! મારા જેવા એક ફોરેનરની કોણ ખબર લેનાર છે, મને ઓળખનાર કોણ છે, અકસ્માતની ખબર લાગત વળગતાઓને કોણ પહોંચાડનાર છે અને—પણ ચાલો જવા દયો. જેને ખોદા રાખનાર છે તેને કશી પાંતીનુ બીવાનું નથી.

આહ! જ્યારે સ્ટેશન આવ્યું અને ગાડી થંબ ઉભી રહી ત્યારે મેં એક સંતોશનો દમ ખેંચ્યો. પણ યાદ રાખવું કે લાઇપઝીકની ટીકીટ લીધી એટલે તમને બરાબર ઠેકાણે ઉતારશે એવી ગણત્રી રાખવી નહીં. એ શેહેરમાં તો ચાર પાંચ જબરજસ્ત સ્ટેશનો છે અને તે અહીંથી વાંદરે સુધીના છેટાંએ હોવાથી ખોટાં સ્ટેશન ઉપર ઉતરયા તો હાડકાં ઠેકાણે પડતાં બીજા બે ચાર કલાક નીકળી જતાંબી ડર પડશે નહીં. મને આ વાતની ખબર નહીં એટલે આપરે તો 'લાઇપઝીક'ની ટીકીટ લઈને બેઠા. સારૂં થયું કે મારા મેહેરબાન શેઠ હોરમસજી બી. ખાનને મેં આગળથી તાર કીધો હતો કે હું ફલાણે કલાકે નીકળતી ફલાણી ટ્રેનમાં આવું છું. તેવણ લાઈ-પઝીકની ભુલ ભુલામણી સમજે એટલે પામી ગયા કે

આ બચારો જરથોસ્તી નકામો રખડી પડશે તેથી પોતેજ ઘણી સંભાળથી ખબર કહાડી કે બર્લીનથી રાતના નવ વાગે ઉપડેલી 'એકસપ્રેસ'માં એક પાસીનજર જો લાઈ-પઝીકની ટીકીટ લઈ પાધરો આવે તો તે કયાં સ્ટેશન ઉપર આવવો જોઇયે. મારાં સારાં નસીબે ખાનસાહેબ આબાદ સ્ટેશનપર આવી ઉભેલા અને મારો હાથ પકડી ગુજરાતીમાં ખબર અંતર પુછી ત્યારે મેં જાણ્યું કે આ તો બસ્તે કુસ્તીઆન છે. બાકી સઘળા ચેન ચાળા ઘાટ ઘટમ, મરોડે મુસતાશીએ ઈમપીરીયાલ, સઘળું જર્મન. ઘણી ઓઝરાખવાહીથી સેવકને પોતાને ત્યાં ઘસડી ગયા અને જે આગતાસવાગતા કીધી તેનું હેશાન હું ભુલીશ નહીં. નારે બા, ફ્રોકટમાં નાકે જીભ શા માટે લગાડું. આપણા ટાંટીઆબી મરઘીવાળા જેવાજ હતા અને મારા હમજાતી સાથ મન મુકીને વાત કરવાનો જીવ વખ વખ થતો હતો એટલે ઘણી જીદ કીધી નહીં. મી૦ હોરમસજી ખાન અથવા તેમનું જર્મન નામ આપું તો હેરન એચ. બી. કહાન, ના૦ ૮ આર્ટીલરી સ્ત્રાસેમાં ઘણા ભપકાથી પોતાનાં મોહોરદાર સાથ રહે છે. ઘરનો ઠાઠમાઠ ભારી છે કારણ કે ખાનવાળા સાહેબો એક તો પૈસે આબાદ અને વળી મી૦ હોરમસજી લગાર શોખીન જીવડા છે અને ચાંદી-કામ અને ચીનીકામનો ગલબો ઝાઝો છે. એઓ ત્યાં એજનસીનું વેપારી કામ કરે છે અને શેહેરમાં ઇજત અને આંટ સારી છે. એઓ કોલંબો અને વીલાયતવાળા

મી૦ ભીખાજી ખાનના જમાઇ થાય છે અને પરણીને પોતાની પ્રીયાને લઇને લાઈપઝીક સીધારયા પછી હુ અગીઆર મહીને ત્યાં જઇ પહોંચ્યો એટલામાં તો ચતુર અને ભલાં મીસીસ ખાન (જર્મન, ફ્રાઉ કહાન) જર્મન ભાશામાં ઠીક વાત કરી શકે છે અને આ નાનકડા સુખી પારસો—જર્મન કબીલામાં એક ત્રીજો ઘણો નાનકડો મુશાફર પરવરદેગારની બક્ષેશથી જર્મનીમાંજ તવલુદ થયો છે.

આખરે હાડકાં ઠર પડયાં ખરાં. ઠાકેલો હોકાયલો પહેલે દીવસે હું જેવો બપોરના ચાર કલાક ઉંઘયો તેવો મારા જનમમાં બેખબર ઉંઘેલો મને યાદ નથી. લાઇપઝીક નાનું જેવું બર્લીન છે. પણ યાહુ, તોબાહ એલાહી. કોઇ વખત જો એકાદ ચંડાલ માખ ખતે પડી તો તમારાં નાક આગળથી કલાક સુધી ખસે નહીં—જાણે ઘું ઘું કરી પુછવા માંગતી હોય કે બા તું કોણ છે, કયાંથી આવ્યો, તારો ચેહેરો મારી ઓળખમાં આવતો કેમ નથી, ઇત્યાદી. એક તો આ દેશમાં મચ્છરદાણીનો ચાલ નહીં ને તેમાં આ માખની બેજારી ઝાઝી એટલે વીચાર પેદા થયો કે ટકાશે તે કેમ. પણ હકીરને વળી પાછી નવી શોધની વ્યાધી થઇ આવી અને પેટંટ મચ્છરદાણીનો એક તોર શોધી કહાડયો છે તે હું વગર ફીએ તમને બક્ષીશ કરૂં છું. ઘણો કામનો છે. કેથે જવું તો એક નેટનો સદરો લેતા જવું પણ તેમાં ગળાંમાં ઓળવવાનો ગાળો કાપવાની જરૂર નથી. ફકત ગુણના કોઠળા જેવું

ખોલું હશે તો ચાલશે. જ્યારે કામ પડે ત્યારે આ ખોલું માથાં ઉપરથી કમર સુધી ઓળવી દઇ ખુશાલ સુઇ જાઓ. માખનો ઘુંઘવાટો સંભળાશે પણ તે બેસીને તમને કાયર કરવા પામશે નહીં. આ સીવાય બાકી લાઇપઝીક બેહેસ્તખાનું છે. દરેક મોહોલે મોહોલે હજારો ઇલેક્ટ્રીક ટ્રામ ફરે છે એટલે તમને ગાડીના પૈસા ખરચવાની જરૂર નથી. હોટેલો અગાણીત છે. હું ધારૂં છું કે હોટેલ ને પાંશીઆં ને કાફે મળીને સુમારે દોઢસો ઉપર હશે. નાહવાની તકલીફબી હોટેલમાં કે ઘરમાં લેવાની જરૂર નથી. જગોજગા ટરકીશ બાથ, વરાળનો બાથ, ઉની હવાનો બાથ વગેરે તૈયાર મળી શકે છે. રાતના જાગ્યા પછી ઉંઘ ન આવતી હોય તો ગલીએ ગલી કાનસર્ટ અને થીએટર. પૈસા ખરચવા ન ગમતા હોય તો 'ગીવેનડ હાઉસ' કરી એક રાક્ષસી બગીચો છે ત્યાં જઇ બેશો ને ત્યાં એવો કોનસર્ટ મુફત સાંભળસો કે તમારો જીવ બાગ બાગ થશે. કહે છે કે આ નામીચા કાનસર્ટ છેક ૧૭૪૩ ના સાલના સ્થાપેલા છે અને તેનો પહેલો કનડકટર આપણી પારસી બાનુ પીઆનીસ્ટોનો વહાલો પ્રોફેસર મેનડલસ્હોન હતો. મ્યુઝીઅમો અને પીકચર ગેલરીઓનો અહીં ઠાગ નથી. તે જોતાં જોતાં તો હું થાકી ગયો છું અને હજી તો ઘણું આગળ ચાલવાનું છે.

લાઇપઝીકમાં સુમારે પાંચ લાખની વસ્તી છે. તે સાક્સનીનું પાયતખ્ત કહેવાય છે અને બધાં જર્મન

રાજવાળાની સમતીથી આખાં જર્મન સંસ્થાનોની વડી અપીલ અદાલત અહીં સ્થાપી છે. એટલે જે બધા રાજવાળાઓએ મળીને એક જુડીશીઅલ કોરટ બનાવી છે અને તે આપણી પ્રીવી કાઉનસીલની પેઠે કામ કરે છે અને તેનો ચુકાદો સેવટનો ગણાય છે. આ ધરખમ ઇમારતબી તેની મોતેબરીને લાયકનીજ છે. તે ઉપર ફકત પચાસ લાખ રૂપીઆ ખરચ થયો હતો. આ જબરી ઈમારતને ચાર મજલા છે. તેમાંથી સર્વેથી ઉપલા મજલામાં કીમતી ઓચરીઆં રાખવામાં આવે છે અને તેને બારીજ નથી. સઘળું ઉજરડું ઉપરથી પડે છે. આ ઉપરથી જણાય છે કે લાઇપઝીકમાંબી બચારાં ભલાં માણસો ઘણાં હશે, પણ તેના કાન કાપે તેવા ભલા અમલદારોબી છે. જે વડી કોર્ટનું દીવાનખાનું છે તે ઉપર ૨૨૪ ફીટ ઉંચો, એટલે આપણા લગભગ ૨૦ માળ જેટલો ઉંચો ગુંબજ ચઢડાવ્યો છે અને વળી તેનીબી ઉપર 'ઇનસાફ દેવી'નું પુતળું ઉભું કરેલું છે. આ નામીચી ઈમપીરીયલ કોર્ટના બીજા ખંગમાં યુનીવરસીટી લાઈબ્રેરી છે જેમાં પાંચ લાખ વાલમ રચીને મુકેલાં છે. ૬૦૦૦ હસ્ત લેખો —તેમાં લેટીન, અરબી, ઈજીપશીયન, સંસકૃત, કયુની-ફોર્મ વગેરે—જે અકેકની કીમત લખ્ખો રૂપીઆથી થાય તે જોતાં જોતાં મગજ ચકભ્રમ થઇ જાય છે. હવે બસ—આજે તો મારૂં માથું દુખી આવ્યું.

પ્રકરણ— ૨૬ મું.

કેમ? હજી લાઈપઝીકની વધુ ઓળખ કરવી છે? તમારાં હીંદુસ્તાનમાં મોટામાં મોટી યુનીવરસીટી કઇ છે? કલકત્તા કે મુંબઈમાં હશે. અત્રે કાલેજોમાં ઘણા ઘણા તો છસેથી સાતસો વીદ્યાર્થીઓ હશે. પણ મારાં માનીતાં લાઈપઝીકની ફક્ત એકજ કાલેજમાં ૩૭૦૦ સ્ટુડંટો છે. આ કોલેજની જંગી ઈમારતના મોટા હોલમાં એક મોટો સ્થંભ ઉભો કીધેલો છે. ૧૮૭૦–૭૧ ની જીહાંગાર લડાઈમાં જે સ્ટુડંટોએ સોલજરો દાખલ ખુશીથી કામ કરીને પોતાનો જીવ પોતાનાં વતનને માટે આપ્યો, તેઓની યાદગારીમાં આ મીનારો ઉભો કીધો છે. આસપાસ મરણ પામેલા વીદયાર્થીઓના શીક્ષા ગુરૂઓનાં માર્બલનાં પુતળાં ગોઠવી મેલ્યાં છે. આ મીનારો જ્યારે મેં જોયો ત્યારે આપણી કાલેજોના બરમુછીઆ, છાતી બેસી ગયલા, "વાંકી ડોકી સટ્ટે" જેવાં ખોખાંઓ યાદ આવ્યાં; અને તેમની સરખામણી આ બહાદુર લડવૈયા જર્મન છોકરાઓ સાથ કરતાં અફસોસનો દમ ખેંચ્યા વગર ચાલ્યું નહીં, કે એ પરવરદેગાર, આપણે રાજદવારી હકો માગચે છીયે, ગાજગાજનાં ભાશણો કરયે છીએ પણ વતનની ખરી દાઝવાળા આ લડાયક છોકરાઓની પંકતીએ આપણે કયારે પહોંચીશું? આએજ યુનીવરસીટીના રાક્ષસી મેહે-

લના એક ખંગમાં મ્યુઝીકલ કાલેજ છે તેમાં ૯૦૦ છોકરાઓ સંગીત શાસ્ત્રની તાલીમ લીયે છે. ભુલ કરશો ના. તે લોક "બંગાલી બાબુ"નો રાગડો કે "સૈયાં કે ચીત્ર બીન પ્રીતમ પ્યારે"નો ખીચડો વગાડી તેને મ્યુઝીક સમજતા નથી–પણ મહાન ઉસ્તાદોના હાથ તળે વીબર અને ડોનીઝેટ્ટી, મેનડલસોન અને ગુબેર જેવા જગ પ્રસીધ્ધ કવી મ્યુઝીશીઅનોના 'કલાસીકલ' પાઠોની તાલીમ લીએ છે. ગોયા મ્યુઝીક તેઓની કેળવણીનો એક જરૂરી ભાગ છે. હલકામા હલકો નાચીઝબી ત્યાં મ્યુઝીક વગર ખાલી નથી. જો કોઈબી પુરૂશ અથવા સ્ત્રી ત્યાં થોડું ઘણુંબી મ્યુઝીક ન જાણે તો તે આપણા દેશ તરફનો કકો ખખો લખી ન જાણનાર હેલકરી જેવો અભગેલ અણઘડ કહેવાય.

નામાંકીત નેપોલીઅન બોનાપાર્ટ જે ફ્રાંસથી નીકળી જીતતો જીતતો છેક એશીઆને નાકે સુધી આવી પહોંચ્યો હતો અને જેણે એક વાર આખાં યુરોપને જીતવાના સોગંદ લીધા હતા તેની મોટામાં મોટી લડાઇ લાઇપઝીકનાં ખુદ શેહેરમાં થઈ હતી. તે મેદાન જોવાજોગ છે. ઇતીહાસના અભ્યાસીને આ મેદાનમાં ઉભું રહી વમાસણ કરતાં એક જાતનો અજબ જેવો હાંફરો ચહડી આવે છે. ૧૮૧૩ ના અકટોબર માસની ૧૬ મી તારીખથી આ લડાઇ શરૂ થઇ તે ચાર દીવસ સુધી ખડે પગે ચાલી. આ વાર નેપોલીઅન બોનાપાર્ટ દોઢ લાખ માણસનું

લશ્કર મેદાનમાં ઝીપલાવ્યું તેની સામે જર્મન, આસ્ત્રીઅન અને રશીયન રાજાોએ ૩ લાખ માણસ ઉભાં કીધાં. આ લડાઇનાં મેદાનનું જે વર્ણન હું લખું છું તેમાં તે વાર બધી મળીને ૨૦૦૦ તોપ હાજર હતી. એટલે તે વારની ખુનરેજીનો કાંઈક ખ્યાલ આવશે. મેદાનને નાકે એક નાહની ટેકરી દેખાડવામાં આવે છે ને ઉપર ઉભા રહીને હાથમાં દુર્બીન સાથે બોનાપાર્ટે લડાઈનો મહીમા નીહાળયો હતો, ત્યાં એક યાદગાર મીનારો ઉભો કરવામાં આવ્યો છે. ચોથે દહાડે સાંજના નેપોલીઅન હાર્યો અને ચાર દહાડામાં લગભગ ૬૦ હજાર માણસનાં મડદાં મેદાનમાં નાખીને પાછું હઠવા માંડયું. સેવટે દોઢ લાખનાં લશ્કરમાંથી ફકત ૯૦૦૦૦ માણસો સાથે તે રાહાઈન બાણી છટકવા પામ્યો. આ પ્રમાણે ફ્રેંચોએ ૬૦૦૦૦ માણસો ખોવા ઉપરાંત આ ચાર દહાડાની લડાઇમાં પ્રશીયન, રશીયન અને આસ્ત્રીયનોએ ૫૧૦૦૦ માણસો ખોયાં. એટલે જે ચાર દહાડામાં એક લાખ માણસ ઉપર માર્યું ગયું. ઉપલાં ત્રણ રાજયોના જનરલો જે ટેકરી ઉપર ઉભા હતા ત્યાં જયારે બોનાપાર્ટની હારની ખબર પહોચાડવામાં આવી ત્યારે તેઓ તુરતજ ગુટણ ઉપર ત્યાંના ત્યાંજ પડયા અને તે દાદારનો ઉપકાર માન્યો. જે જગાએ તેઓએ આ સેજદો કીધો ત્યાં પણ એક યાદગાર સ્થંભ ઉભો કીધેલો છે.

પણ લડાઇને એક કોરે મુકી હવે આપણે લાઇ-

પઝીકની જે મોટામાં મોટી ખુબી છે તે જોઇ લઇએ. હું અગાઉ કહી ગયોછું કે છાપાકળામાં અને કેતાબીના સંગ્રહના બાબમાં આ શેહેર આખાં યુરોપનું સરદાર છે. જેમ મોહોલે મોહોલે મુંબઇ શેહેરમાં ડાકટરોનાં પાટીઆં ઉભાઇ જાય છે તેનાથી ચાર ચાશણી સરસ ત્યાં છાપખાનાં અને કેતાબખાનાં ઉભાઈ જાય છે. જેટલી કેતાબો લાઇપઝીકમાંથી દર મહીને આખાં યુરોપને પહોંચતી હશે તેટલી હું ધારૂં છું કે પાંચ વરસમાં આખાં હીંદુસ્તાનમાં છપાતી પણ ન હશે. તમે દુકાનોપર જઇને રંગબેરંગી ક્રીસ્ટમસ અને પતેતીના મુબારકબાદીના કાર્ડો લઇ આવો છો અને તે ઉપર ભપકાભર્યાં ઇગ્રેજી છાપનારાઓનાં નામો વાંચો છો—પણ સુઝમાં રહેશો ના. આ સઘળા કાર્ડો લાઈપઝીકમાં છપાય છે. ઈંગ્લંડમાં આ રંગીન શીલા છાપાકળાની આવડતજ નથી. સઘળા આરડરો જર્મની જાય છે અને ત્યાંથી તે છપાઈને ઇંગ્લંડ આવે છે. એક જબરદસ્ત કારખાનું મેં જોયું તો ત્યાં લંડનના એક નામાંકીત ક્રીસ્ટમસ અને ન્યુઇઅર કાર્ડ છાપનારનું સઘળું—તમામ કામ થતું હતું. મેં થોડાક હજાર લગનના કાર્ડના આરડર આપવા માંગીઆ તો આ જર્મન છાપનારાઓએ તે લેવાની સાફ ના પાડી, કારણ કે બ્રીટીશ મુલકમાંથી કોઈનો આરડર ન લેવો એવું પેલી લંડનની નામાંકીત પેઢી સાથ એગ્રીમેંટ હતું. આ વાર મારી નજર ખોલી કે જે લખ્ખો રૂપીઆના મુબારકબાદીના કાર્ડો,

પાનાના કાર્ડો, સેંટ બાટલના ઇસ્કી દાબડાઓ વગેરે ઇંગ્લાંડમાં અને મુંબઇમાં ઉભાઇ જાય છે અને જે અત્યાર સુધી હું ઈંગ્લીશ કારીગરી સમજતો હતો તે બધું લાઇપઝીકમાં મુખ્ય ભાગે અને પાણીને મુલે થાય છે.

જ્યારે તમારા નોકરે બેલાર્ડ હાઉસ બાંધ્યું ત્યારે ફીદવીની અવસ્થા પેલા કુવા માહેલા દેડકાના જેવી હતી. દેડકો ઉંચું ડોકું કરીને આસમાનગામ જુએ ત્યારે એમ ધારે કે દુનીયા—દુનીયા કરી જે છે ને આટલામાંજ આવી રહી. પણ આ લાઇપઝીકના છાપખાનાવાળાઓએ મારૂં અભીમાન કેટલું ઉતારી નાખ્યું છે તે હુંજ મનમાં સમજીને રમુજ પામું છું. આખા બેલાર્ડ હાઉસ અથવા આગળ વધીને કહું તો લારનસ અસાઇલમ પ્રેસ કે અત્રેના ઇંગ્રેજી મગરૂર રોજીંદા પત્રોની આફીસો જેટલા તો ત્યાંના કારખાનાના એનજીન રૂમો હશે! ત્યાંના મહા વીસ્તારનાં કારખાનાની સમજ આપવા સારૂં એક ખાતું મેં જોયું હતું તેનું વર્ણન આપવાની તજવીજ કરૂં છું. સમજી લ્યો કે છ મજલાની ઇમારત અને ખાસ્સી આપણી હાઇકોર્ટ જેટલી પોહોળી હશે. માલેક બચારા ઘણા ભલા માણસ હતા. ઉમર સુમારે ૬૦ વરસની—પરણેલાબી નહીં ને છોકરાં છઇયાંબી નહીં. જ્યારે હું પણ એક ભાઇબંધ છું અને છેક હીંદુસ્તાનથી આવ્યો છું એમ જાણ્યું ત્યારે તેનો હરખ માયો સમાયો ગયો નહીં. પોતે શર્ટની બાંહે ચહડાવેલી અને સાધારણ કામદારની

પેઠેજ મારી સાથે સાથે ફર્યો અને હસી હસીને સઘળું દેખાડયું. મે પુછયું કે 'આવાં ગંજાવર કારખાનામાં આગ લાગે તો શું હાલ?'

"મને તેની ચીંતા નથી—મારો પંચોતેર લાખ રૂપીઆનો ફુલ વીમો ઉતરાવેલો છે." ઠંડે પેટે જવાબ મળ્યો.

એ તારો દાદો સ્વર્ગમાં હસે. પંચોતેર લાખ! એ, પચાસ પોણોસોનાં ભાડાંની કોટડીમાં પાંચ પચાસ માણસોથી કામ લેતા છાપગરો—વાંચો—વાંચો. જરા તમારાં ઉફનાઇ જતાં નાકનાં ફીફડાં ઓછાં કરો. જેના કારખાનામાં પ્રીંટીંગ, કમપોઝીંગ અને બાઇનડીંગના મળી ઓછામાં ઓછાં પાંચસો મશીનો રાત દહાડો ધર્થી ગાજાવે, તેના માલેકની લાયકી અને નમનતાઇનો ખ્યાલ કરી તમારી શું બીશાદ છે તેનો હીસાબ કરી ધડ નીચું રાખો. પહેલાં તો બીબાં ગોઠવવાની રીતજ જુદી. આપણી પેઠે બીબાં ગોઠવે તો પચાસ વરશેબી કામ પુરૂં ન થાય. બીબાં ગોઠવવાનાં ૫૦–૬૦ મશીનો ગોઠવી દીધેલાં, તેપર અકેક માણસ બેસીને પીઆનો ઉપર વગાડે તેમ આંગળાં મારયો જાય કે તવાયલાં સીસાંની આખી લીટીની લીટીઓ બનીને પોતાની મેળે ગોઠવાઈ જાય. સરખામણી માટે કહું છું કે અહીં એક બીબાં ગોઠવનાર આખા દહાડાના સાત કલાકમાં ટાઇમસ ઓફ ઇંડીઆની બે કાલમ કંપોઝ કરે તો ઘણી સરસ કહેવાય. અને ત્યાં એક મશીન સાત કલાકમાં એકવીસ કાલમ બનાવી કહાડે. એવાં તો ચાલીસ

પચાસ મશીનો ચાલે એટલે એક દહાડામાં એક હજાર કાલમ તો સેહેજમાં ખામડાવી કહાડે. છાપવાનાં મશીનોબી એવાં કે આપણી આંખ ઠરી જાય. કાગળ માંડનાર માણસબી નહીં ને છપાઇ રહ્યા પછી ઉંચકનાર માણસબી ન જોઇયે. રીમના રીમ કાગળ એક બાજુ ઢગ કરી મુકેલાં અને સાંચાથીજ રબરનાં આંગળાં તે કાગલોને બરાબર એક પછી એક ઉપાડીને મશીનમાં લાગુ કરી આપે. આઠ આઠ દશ દશ મશીને અકેકો મુકાદમ ફરીને નજર રાખ્યા કરે એટલુંજ. ભોંયતળીયાંમાં મોટો વાઘ જેવો એક ઇલેક્ટ્રીક ડાઈનેમો ગોઠવેલો તે ગુપચુપ આખું કારખાનું ચલાવે. ન જોઇયે એનજીન કે ન જોઈયે એનજીનીયર, ન હોય પાણી કે ન હોય આગ વરાળ. આગળ ચાલ્યા તો એક પાદશાહી કદના ઓરડામાં હેંસીથી એકસો ફ્રોલડીંગ મશીનોની રીજમીટ. દરેક મશીનપર અકેક છોકરી. આ છોકરીઓ કાગળ મુકતી જાય અને મશીન પોતાની મેળે શીટ ને ચોપડીના જેવા જોઈયે તેવા આકારમાં ઘડી વાળીને તૈયાર કરી આપે. તેઓ એટલી તો ઝડપથી કામ કરે કે આપણી તરફ જોવાનો પણ બચારીને વખત મળે નહીં. હવે લખો ચોપડીઓ બાંધવાની અને તેબી હજારો જણના જુદા જુદા આરડર એટલે ઘાટીના આળસુ પોરયાઓ હોય તો બાંધતાં બરાબર પચાસ વરસ જોઈયે. મારા અનુભવ ઉપરથી હું કહું છું કે આપણી તરફ એક સરસ બુકબાઇંડર હોય તો

આખા દીવસમાં ઘણામાં ઘણી પચીસ બુક હાફબાઉન્ડ સીવી શકે. અને તેટલું કામ બજાવે તે તો ઘણો સારો બાઈંડર કહેવાય. પણ અહીં તો એવા સીવવાના સાંચા ગોઠવી દીધેલા કે એક મીનીટે એક ચોપડી હાફબાઉન્ડ સીવી કહાડે. એટલે દહાડાની ૩૫૦!! દરેક મશીન ઉપર ફક્ત એક નાહની છોકરી. આ જાદુઈ સીવવાનાં મશીનો જોઈ હું તો દીઘમુઢ થઈ ગયો. આગળથી ખસવાના પગ ઉપડેજ નહીં. કીમતબી બહુ આકરી—એકેક સીવવાનાં મશીનના રૂ૫૦૦૦. આ માંહેનો એક હું મારી સાથે લાવ્યો છું અને વીલાયત વર્દી કરેલો ઇલેકટ્રીક પાવર આવી પહોંચતાં હું આપ સાહેબોની ખીદમતમાં તે જાહેરમાં દેખાડીશ. બીજા કેટલાક સાંચા તે ચોપાંન્યાંને ટાંકા મારે. એક સેકંડે એક ચોપાંનીઉં. એટલે કલાકનાં ૩૬૦૦ ચોપાંનીયાંને વચમાં દોરાથી સીવી, ગાંઠ મારીને જમીન ઉપર નાખે. આ મશીન પણ મેં પહેલવહેલો લાઈપ-ઝીકમાંજ જોયો અને તે પણ ચંદ રોજમાં હું આપને બતાવીશ. હાલ તે "જામે" પ્રેસમાં ગોઠવાય છે. બુક બાઈં-ડીંગનું ખાતું પણ એજ પ્રમાણે ઘેલું દેવાનાં જેવું. એક બાજુએ પુઠાંનો ઢગ, બીજી બાજુ બાઇનડીંગ કપડાંનું રોલ, વચમાં સરસની ગોઠવણ. સાંચો પોતાની મેળે અકેક પુઠું ઘસડતો જાય અને કપડું પોતાની મેળે તેની તળે સરસ ચોખડેલું તૈયાર આવી ઉભું રહે. સાંચોજ તેના છેડા વાળે, સાંચોજ તેપર તરેહવાર ડીઝાઈનની આકૃતી

દાબે, અને સાંચોજ તે તૈયાર પુઠાંને બીજીમેર લઇ જઈ ઢગ કરે. બે સેકંડે એક પુઠું એમબોસ કીધેલું, સોનેરી નામ છાપેલું તૈયાર! આઠ કલાકના એક દહાડામાં એક મશીન પંદર હજાર તૈયાર પુઠાં કહાડે અને તેપર ફક્ત એક માણસ! વધુ શું લખું? શું ઉપલું વાંચીને અમો મુંબઈના છાપગારોનો ફારસ જોવા ઇચ્છો છો? જ્યારે બધું જોઇ વળ્યા ત્યારે મારા મેહેરબાન મીત્રે પેલા માલેકને પુછયું કે "ભાઇ તારૂં કુટુંબ કે બાળ બચ્ચાં નથી, તું કહેછ કે તારે પરણવું નથી તો પછી આએ હેજગારી શા સારૂં કરેછ?"

પેલાએ જવાબ દીધો, "આ કારખાનું મારી સ્ત્રી. આ હુનર મારૂં બાળક. જો હું આ પ્રમાણે બોહે ચહડાવી કામ ન કરૂં તો મારા પૈસાનું શું કરૂં તે વીચારથી હું બીમાર પડી જાઉં. હું જીવું ત્યાં સુધી આએ મારી મોજ છે ને પછી:—

આપ મુવે પીછે ડુબ ગઇ દુન્યા

મને મારા મુવા બાદ શું થશે તેની ભલ ફકર છે." હજી તો આ વાત કરૂં છું એટલામાં એક કામદાર એક મોટાં કદનું ફુલ ગીલીટનું પુઠું લઈ આવ્યો જે ઉપર મરોડદાર સોનેરી નકસી પાડેલી હતી અને મારૂં નામ ફુલ ગીલીટમાં એમબોસ કીધેલું હતું. એ સઘળું અરધા કલાકમાં તૈયાર કરી મને મારી મુલાકાતની યાદગારી દાખલ ભેટ આપવામાં આવ્યું હતું. મેં પુછતાં જણાયું કે આ છાપખાનામાં

આશરે ૩૫૦૦ કામદારો કામ કરતા હતા તેમાં ૨૦૦૦ છોકરીઓ હતી. કારખાનાનો **માસીક** ખરચ સાડાચાર લાખ રૂપીઆ! ચાલો મારા હમશરીક છાપગરો, મારૂં કહ્યું માનીને મુગા મુગા આપરે ટોપલા તળે ઢંકાઇને સુઇ જઇયે!!

પ્રકરણ—૨૭ મું.

બચારાં જર્મન લોક ગમે એવાં વીદવાન છે તોબી ભોળાં તો ખરાં. ઇંગ્રેજ બચ્ચો કાંઈ સેજમાં શીશામાં ઉતરી જાય નહીં, પણ જર્મન મુલકમાં કાંઇબી હંબગ પસાર થઇ જાય છે. એ લોકને એશીયા તરફની માહીતી ઘણીજ થોડી છે અને તે લીધે કાંઇબી દેશી હંબગ ત્યાં મહાભારત બનાવ દાખલ પંકાય છે. હું એકજ દાખલો આપું.

ખબર મળી કે ફલાણી પબલીક ગાર્ડનમાં જંગલનો એક રાણી ટોળો આવ્યો છે તે જોવા માટે હઝારો લોક જાય છે. આ મહાભારત દેશી મેઝરૂં જોવાને બીજા ભેગો હુંબી ગયો. જોઉંછ તો પાંચ છ મેલા પગીઆ અરબો, એક સીધી, અને તેમની સાથે ત્રણ હબસન જેવી સ્રીઓ, વાડીના એક ભાગમાં એક સાધારણ તંબુની રાવટી નાખીને બેઠેલાં. બે સ્રીઓ રાવટીમાં બેસીને ચપાટી થાપતી હતી, એક અરબ હુકકો ગગડાવતો હતો અને બીજાંઓ એક ઉંટપર બેસીને ગોળ ગોળ ફર્યા કરતાં

હતાં. મેં ડોળા ફાડી ફાડીને જોયું કે પેલો મહાભારત દેખાવ કયાં છે? પણ એટલામાં તો હુરરે હુરરે, ના અવાજો વચ્ચે સઘળું તમામ થઇ ગયું અને સેંકડો તમાશગીરો પેલી ચપાટી બનાવતી સ્ત્રીઓ આગળ ભેગું મળ્યું. મેં આતુરતાથી પુછયું કે એ લોક શું જોય છે શું? જર્મનો વાહવાહ કરી જોવા મંડયા હતા. તેઓ ઉશકેરાઈને અકેકને બતાવતા હતા કે "જોયું કે પેલી ઓરત અકડુ કેમ બેઠીછે"—"વાહ વાહ એ લોક કેવી સફાઈથી આએ કેકો બનાવેછે"—"વાહ વાહ આએ કપડાંનું ઘર જોયું કે,"—"વાહ વાહ એ લોકના સુવાના પલંગ જોયા કે!" વાતમાં કાંઇ જાત ન હતી. ફકત કાથાની સાધારણ ખાટલીઓ હતી અને તે ઉપર એક કામન કાળી કામળી નાખી હતી. પેલાંઓ ઉંટ ઉપર ફરતાં તેઓ ઓઓ—ઓઓ—ઉઉં—ઉઉં કરી કચરા જેવો સાદ કહાડતાં અને જર્મન લોકને જણાવતાં કે આ અમારા લોકની શાદીનો તમાશો છે!! તમામ જર્મન લોક, બાયડીઓ અને છોકરીઓ, પુરૂશો અને છોકરાઓ એકકના ઉપર જીપલાં નાખી આ માણસાઇ જાનવરોને જોવા તુટી પડતાં અને આ કંગાલો પોતે કેવાક માહાભારત લીવીંગસટનો હોય તેમ નાકનાં ફીફડાં ચહડાવી મડમોના ગાલને ચમટી તોડતા, છોડીઓને બેધડક કીસ લેતા અને બીજી રીતે કમકમાટ ભરેલા ચાળાઓ કરતા. આ છતાં તેઓ સાથ શેકહાંડ કરવાને અથવા તેમનો મેલો હાથ પકડવાને

જર્મન સ્ત્રીઓ એક બીજાને આંચકા ઉચકીઓ કરતી હતી. ચપાટી બનાવી રહી કે પેલી મેલી, ગંધાતી, એબ જેવી હબસનો હાથમાં પોતાના ફોટોગ્રાફો લઇને લોકોમાં વેચવા ફરવા લાગી. "પુસકાટ—પુસકાટ!" એટલે અમારા નામચીન ચેહેરાના પોસ્ટ કાર્ડ! તેનીબી ખરીદી ઉપર શું લુટ? બચારા જર્મનોને ગળે જેબી હોય તે ઝટ ઉતરી જાય. એક ઠેકાણે મેં પાટીઉં વાંચ્યું કે "ચીનાઇ અને ઇન્ડીઅન કયુરીઆસીટી બઝાર." જાણે હું બી કોઈ હંગેરીઅન કે અજાણ્યો કેનેડીઅન હોઉં તેમ આ દુકાનમાં દાખલ થયો. જોઉં છ તો ઘણીજ એસ્કી કબાટોમાં સાધારણ ચીનાઇ પીઆલાં, રકાબી, ચપુઓ, વગેરે ગોઠવી મુકેલું. ભાવ ઘણાજ થોડા. અકેક પીઆલુ રકાબી જે અહીં બજારગેટમા કોઇ ચીનાઈની દુકાને આઠ આને જોડી મળે તેના ત્યાં ફક્ત પંદર માર્ક! અગીઆર રૂપીઆ !! સસ્તું—બધું સસ્તું—છોકરાંઓને રમવાનો નાહાનો રમકડાંનો રંગત પલંગ આવે છે જે અહીં અલાહુીબાગની પાસે રમકડાંની દુકાનમાં દશથી બાર આને મળે છે તેના ત્યાં બાર રૂપીઆ—એક ચાર આનાની રંગત લાકડાંની ઘંટી તેના ચાર માર્ક!! બસ, કાંઇબી નવું જોઇયે. કીમતની વાતજ નહીં.

હું જોઇને બહુ અજબ થયો કે પીઆનો, આરગન, હારમોનીઅમ વગેરે મ્યુઝીકલ વજનતરો બનાવવાનું લાઇપઝીક મોટું મથક છે. હીંદુસ્તાનમાં જે સુશોભીત

પીઆનો અને આરગનો આવે છે તેમાંનો ઘણોજ નાનો ભાગ ઈંગલંડમાં બનતો હશે. ઘણું કરી આ ચીજો સ્ટટગાર્ટ અને લાઇપઝીકથી આવે છે. હું બે ચાર વેપારીઓને ત્યાં ગયો અને પુછપરછ કરતાં જોયું કે જે પીઆનો અત્રે છસોથી સાતસો રૂપીઆમાં વેચાય છે તે ત્યાં અઢીસોથી ત્રણસોમાં મળી શકે!

પણ હવે મારૂં લાઈપઝીકનું વર્ણન હું તમામ કરવા ઇચ્છું છું. કારણ કે મ્યુઝીયમો અને રેસટોરાં, છાપખાના અને કેતાબખાના જોતાં જોતાં હું થાકી ગયો છું. આ શેહેર હું ઘણી દલગીરીથી છોડું છું કારણ કે મારી યુરોપની આખી પોણાસાત મહીનાની ગેરહાજરીને દરમ્યાન અત્રે ગુજારેલા મારા આઠ દહાડા બહુજ આસાએશ અને ચમનમાં ગયા હતા જે માટે હું મારી આગતાસવાગતા કરનાર જોડાંનો બહુજ આભારી છું.

તા૦ ૮ મી આગસટે લાઈપઝીક છોડયું—ડ્રેસડનનો નામાંકીત મુલક જવાની ટીકીટ લીધી. આપણે સાધારણ રીતે સાંભળયે છીયે તે "ડ્રેસડન ચાઇના" જોઈયે તો ખરા કે ત્યાં આ કોડીકામની બનાવટ એવી તે કેવી છે. પાંચ કલાકમાં સ્ટેશન આવી પુગયું. ત્યાંબી બર્લીનનીજ પેઠ ભાડેની ગાડી પોલીસવાળો પસંદ કરી આપે અને જ્યાં જવું હોય ત્યાં ઉતરીને ગાડીમાં જડેલાં ઘડીઆળમાં જોઇને જેટલા ત્યાં પૈસા ઘડીઆળમાં દેખાય એટલા આપવાના. મેં સરેસતો રાખ્યો હતો કે જ્યાંબી જવું ત્યાં સર્વેથી



ટ્રીએસ્ટ—યુરોપિયન હોટેલ.

સરસ હોટેલમાં ઉતરવું. રોજનો કદાપી એકાદ માર્ક વધારે આપવો પડે પણ સુખ અને સલામતી ઘણી. ડ્રેસડનનુ સર્વેથી નામીચું હોટેલ 'યુરોપેશર હોફ' કરી ગણાય છે, કારણ કે તે એલ્બ નદીની ઉપર ઉભેલું છે અને ઘણું મોટું તેમજ ફેશનેબલ છે.

આ હોટેલના ચાર મોટા રાક્ષસી બ્લાક છે. અને દરેકમાં ત્રણસે ઓરડા હોવાથી બારસો ઓરડાની સામગ્રી ધરાવે છે. ત્રીજો માળ, દામ દરરોજના પાંચ માર્ક, ખાધા વગર. તોબાહ તોબાહ, ડ્રેસડનમાં પણ હોટેલોનો સુમાર નથી. ફર્સ્ટ કલાસ હોટેલો, પાંસીયાં અને રેસટોરાં મળી સુમારે ત્રણસે હશે. ખોદા માલમ એ લોકનું પેટબી કેમ ભરાતું હશે! હીંદુસ્તાનથી નીકળયા પછી આ પેહલ-વેહલુંજ શેહેર હતું કે જ્યાં કોઇ સાથી સોબતી અથવા ઓળખાણ પારખાણ વગર હું એકલો પડી ગયો. વળી એક કલાકના અરસામાંજ જોઇ લીધું કે ઈંગ્રેજીના વાખા છે અને જોવાનું ઘણું છે, તેથી ડાહયા થવા જઇશું તો રખડી મરશું એટલે શેહેતાન ડાબો કરીને એક ઈંગ્રેજી બોલનાર કુરીઅરને દરરોજના આઠ માર્ક પઠીને સાથે લઇ લીધો. જાણવું કે આવા કુરીઅરો મોટાં હોટેલોની બહાર હમેશ બેસી રહે છે અને હોટેલના મેનેજરની ભલામણથી પસંદ કીધા હોય તો ઘણા કામ લાગે છે. એક કુરીઅર મને મળયો તે મુંબઇનો કાગડો હતો અને હીંદુસ્તાની, ફારસી, ફ્રેંચ, ઈંગ્રેજી, મરાઠી, જર્મન, રૂશીયન,

જાપાનીઝ અને ઈટાલીયન બોલી સફાઈથી બોલી જાણતો હતો. ડ્રેસડનમાં એક ખુબી મોટી છે. જો ગાડીના પૈસા ખરચવા ન હોય તો દરરોજ સવારના મુસાફરોને લઇને એક ચાર ઘોડાની "શારાબેંક" શેહેરમાં ફરવા નીકળે છે. એક બેઠકના છ માર્ક, તેમાં બપોરનું ટીફીન સુદ્ધાં. સાથે એક ગાઈડ આવે છે અને સવારના નવ વાગાથી તે સાંજના ચાર વાગતા સુધી સઘળું જોવાજોગ દેખાડી લાવે છે. માત્ર મુશકેલી એટલીજ કે ગાઈડ સઘળું જર્મનમાં સમજાવે છે એટલે જેટલું અલલટપ્પે સમજાયું તે ખરૂં.

ડ્રેસડન બહુ રમણ્ય શેહેર છે. સાક્સનીના રાજાનું તે પાયતખત છે, અને પાંચ લાખ માણસની વસતી છે. ૧૭૦૦ ના સાલમાં આગસટસ ધી સ્ત્રાંગ નામનો એનો રાજા થઈ ગયો તે બડો શોકીન જીવડો હતો અને તેણે આ રાજધાનીને ખુબ વધારી દીધી હતી. એ રાજાનો મેહેલ આખાં યુરોપની એક નવાઇ છે. તેમાં કરોડો રૂપીઆનો હીરા મોતીનો ખજાનો જમાવ કીધો છે અને તે પ્રજાને જોવા માટે ખુલ્લો છે. મેહેલના એક ભાગમાં દુન્યાના દરેક ભાગની અજાયબીઓ જમાવ કીધેલી છે તેનું વર્ણન કરવાને હું અશકત છું. "હીંદુસ્તાન" એવાં ભપકા ભરેલાં મથાળાં તળે એવા વીભાગમાં હું ઉલટ ભેર ગયો તો ત્યાંનો કચરો જોઇ હું બહુ નાસીપાસ થયો. જુની ઘંટીઓ, લાલ કાદવનાં માટલાં, મટોડીનાં અગલી હેલ જેવાં પુતળાં, ઢંગ ધડા વગરના બળદની આકરૂતીઓ,



ડેવિસનની ચાર ઘોડાની 'શારા બેંક'

રેહેતીઆ, બેસવાના લાકડાંના પાટલા વગેરે જરી પુરાના-વાળાનો સામાન અહીં ભેગો કરી મુકયો છે. આખાં મુંબઈમાં વેચવા કહાડયે તો લીલાંઉમાં પચાસ રૂપીઆ ન આવે તે માટે પચાસ હજારની કીમતના ઓરડા રોકયા છે અને તે છતાં આ કોહેલી સડેલી તલવારો અને બરછી ભાલાને જર્મનો હરખથી નીહાલીને જુવે છે. જે ઓરડામાં ઝવેર કામ છે ત્યાં ચાંદવાળા અમલદારો ચોકી કરે છે અને કશી ચીજને હાથ લગાડવાનો હુકમ નથી. એક હાથીદાંતનું ગોબલેટ મેં જોયું તે સુમારે નવ ઈંચિ દલમાં હશે. તેના ઉપર સોના કામ કરીને આસપાસ મોતી લટકાવેલાં હતાં. લીસ્ટમાં તેની કીંમત ત્રણ લાખ માર્ક લખેલી હોવાથી મારો જીવ તલપ તલપ થયો કે આ બે લાખ રૂપીયાનો દાગીનો તે કેવોક હશે. એક તો ટીકરી ગોપ ને વળી સાથે ચોકીદાર અમલદારના હાથમાં નાગી તલવાર એટલે કેમ કરવું તેના વીચારમાં છું, એટલામાં સર્વે ઓરડામાંથી બાહાર ગયા પછી મેં અમલદારને રમુજમાં કહ્યું કે હું હીંદુસ્તાની છું અને આ બધી વીગતો લખનાર છું માટે જો બે ત્રણ મીનીટ આ 'ગાબલેટ' મારા હાથમાં જોવા આપે તો ચાર માર્ક એટલે ત્રણ રૂપીઆ બક્ષેશ આપું. આહા ! પૈસા ! યારો પૈસા ! ચાંદ ગયો ઝાહાનમમાં. પેલાએ હળવેથી બારણું બંધ કીધું અને પેલું બે લાખનું 'ગાબલેટ' મારા હાથમાં મુકયું. પણ આગળનો આગળ ઉભો રહયો કે રખે હું એકાદ

મોતી તોડી લેઉં. આ કીમતી સંગ્રહનું બયાન કરવા બેશું તો છેડો નહીં આવે. એટલુંજ કહું છું કે કોડી કામના અકેક નમુના જોઇને નજર છક થઇ જાય છે અને આફ્રીનના અવાજ કહાડયા વગર રેહવાતું નથી. કેહે છે કે ડ્રેસડનમાં સ્ત્રી જાતીને ઘણું માન છે. સાંજ પડી કે માતાઓ પોતાનાં નાનાં બચ્ચાંને હાથે ચલાવવાની ગાડીમાં બેસાડીને પોતેજ ગાડી હડસેલતી ફરવા નીકળી પડે છે. અહીં બચાંને કેડે મારવાનો ચાલ નથી. ગમે એવી ગરીબ સ્ત્રીબી માંગી ટાંગીને કરજ દરજ કરીને "પરેમબ્યુલેટર" બચાંની ગાડી વેચાતી લઇ આવશે ત્યારે તેનો જીવ ઠરશે. ધંધા—ધાપામાંથી જરાબી પૈસા બચ્યા કે પેહલી ખરીદી આવી એક ગાડીની થયલી જાણવી. વળી ત્યાં બીજો એક એવો ધારો છે કે છોકરો એકવીસ વરસનો અને છોકરી ૧૮ વરસની થઇ કે માબાપ તેને પાળવાને બંધાતાં નથી. તમે તમારૂં ખેડી ખાઓ. શું તમને જનમ આપ્યો તે જીંદગી સુધી અમારે માથે પડવા કે, એવી એઓની તકરાર છે. મારો પોતાનો ગાઇડ જે ઘણો આબરૂદાર માણસ હતો તેની એક અઢાર વરસની છોકરી એક દીવસે બાપને કાંઇ કહેવા હોટેલમાં આવી. આ છોડી બહુ રૂપાળી અને હસમુખી હતી તથા થોડું થોડું ઇંગ્રેજી જાણતી હતી. પીતાએ મારી સાથ તેણીની ઓળખાણ કરાવી અને બોલ્યો કે તે હમણાજ અમેરીકાથી એકલી પાછી આવી છે અને બીજા પંદર દહાડામાં પાછી જવાની છે.

"એકલી?" મેં પુછયું.

"હા એકલી. એમાં શું છે? જો એ સીધી પાધરી હશે તો આખી ધર્થીમાં એકલી ફરી શકશે ને નહીં તો હજાર તાળાં ચાવીથી હું તેને સંભાળી શકનાર નથી." આ પછી તેણે આ છોકરીની નવાઈ જેવી હકીકત મને કહી સંભળાવી. તે અઢાર વરસની થઈ ત્યારે તેના બાપે કહ્યું કે 'જાઓ હવે, ગમે તેમ કરીને પેટ ભરો. હું કાંઈ તમને વધારે વાર પાળી શકવાનો નથી.' આ ઉપરથી આ છોકરી પોતાની એક બીજી તેવીજ સહી સાથે પેનસીલવેનીઆ, અમેરીકા જવા નીકળી પડી. બાપે ખરચના ૨૦૦ માર્ક આપીને સદાનો છેડો ફાડ્યો. આ બે છોકરીઓ અમેરીકા પુગી ખરી પણ એક અજાણી જગાએ સ્ટીમરના ડેક ઉપરથી પેલી સહી અકસ્માત તુટી પડી અને ડુબીને મરણ પામી. જંગલની વચ્ચે પારકા મુલકમાં હવે શું કરે? આ બાહાદુર છોકરી ડરી નહીં. પોતાની ડુબેલી સહીની લાસને કફનમાં પેક કરાવી તે લાસને લઇને માહા મુશકેલીએ પાછી ડ્રેસડન આવી અને લાસને તે મરનારનાં સગાંઓને સ્વાધીન કરીને પંદર દાહાડામાં પાછી જનાર હતી. હું વીચાર કરૂં છું, કે આને બદલે આપણી પારસી નાઝનીન હોય તો શું કરે? પેહલાં તો તે એકલી અમેરીકા જાય કે અને જવા માંગે તો તેનાં સગાંવાહાલાં જવા દે કે? સમજો કે તેની સહીને અકસ્માત થાય તો તેની કારસાજી કરવા અગાઉ પોતે ૧૦૮ ડીગ્રી

તાપે પડે! એવાં એ લોક કીમતી અને આપઅખત્યાર છે. આ ગાઇડનો એકવીસ વરસનો છોકરો ફરજીઆત સોલજરની નોકરી કરતાં પકડાઇ ગયો છે અને ચાર વર્ષ નોકરી કરશે ત્યારે તેનો છુટકો થશે. તેટલાં તેને સરકાર તરફથી ખાવાનું પીવાનું અને દર માસે ચાર માર્ક—ત્રણ રૂપીઆનો પગાર મળશે. પંખા નીચે બેસીને ચંગ વગાડી સીપાઇને બોલાવનાર સાહેબજાદાઓ! વાંચો—આ વાંચો. બુચાને જરા સરદી લાગી ને એક ડીગ્રી તાપ થઇ તો અકળાઈ ગભરાઇ જનાર માતાઓ! વાંચો. આઠ દાહાડે સુનામખી ને એરંડીઆના ઘુટારા પીનારા જુવાનીઆઓ! વાંચો. જરા પવન લાગતાં ગળે ગળપટો વીંટાળનારા અકડફુઓ! વાંચો—આ ફરજીઆત સોલજરી જીંદગીનો ચીતાર બહુજ ધડો આપનારો છે.

પ્રકરણ—૨૮ મું.

ચાલો હવે ડ્રેસડનને ઝટપટ ખલાસ કરી નાંખ્યે—કારણ કે વીએના બહાદુરને મળવું છે. લગેજ તૈયાર છે અને ટ્રેન ખુંખારા મારે છે. બચારા સાક્સનીના રાજા ખરાજ ભોલેમીયા હશે કેમજે લોક આગળ તેમનું ચલણ ઘણું ઓછું જણાય છે. દાખલા તરીકે એક શોભાયમાન ચઉટાંમાં સરકારે એક સાદી ચીમની ઉભી કરી જેમ કરવાનો તેમને હક હતો, પણ લોકોએ એવું ગોધ્યારૂં

ઘાલયું અને રોજ રોજ એટલું તોફાન મચાવ્યું કે હાલ હાલ સરકારને તે મીનારા ઉપર લખો માર્ક ખરચીને તેને બહુજ શોભીતો બનાવવો પડયો. ડ્રેસડનનું ચાઈના પોરસલેન જે વખણાય છે તે કેમ શોધી કહડાયું તેનીબી નોંધ જાણવાજોગ છે. કહે છે કે રાજા આગસટસ ધી સ્રાંગને કીમીઆનો બહુ શોખ હતો. એક વાર અખતરો કરતાં કાંઇ મસાલો ઉભાઇને મટોડીના વાટકાની બહાર છલકાઈ ગયો તે જ્યારે ટાઢો પડયો ત્યારે જોયછે તો મટોડીની બહાર એવું તો શોભીતું ચીની પડ થઈ આવ્યું કે તે દહાડેથી કોરીકામ બનાવવાનું સુઝ પડયું. બચારા આગસટસ ધી સ્રાંગ ઘણા ભલા માણસ હતા. તેવણને એકસો ને સીત્તેર બેટાઓ જનમેલાની તો રાજ—કેતાબોમાં નોંધ છે ને બીજાં તે ઉપરાંત ઘણાંક કુટુંબો એ પાદશાહની ઓલાદથી ઉતરી આવેલાં પોતાને ગણાવેછે!

મને કોઇએ કહ્યું કે ડ્રેસડનની આર્ટ ગેલેરીમાં "મેડોના" નું જે આઇલ પેનટીંગ છે તે આખી દુનીયામાં સર્વેથી સરસ ગણાય છે અને તે જોવા વગર જવું એ ગોયા હેમલેટ વગર હેમલેટનો ખેલ કીધા બરાબર છે. હું જોવા ગયો તો આખાં મકાનમાં કાંઈ અગણીત પીકચરો હતાં. મેડોનાવાળાં પીકચરને એક અલાહેદોજ ઓરડો આપ્યો હતો અને ત્યાં સોલજરોનો પેહરો હતો. ગામે ગામનાં લોક ત્યાં આવે ને સામે બાજઠ ઉપર બેસે અને સવારથી તે સાંજ સુધી પેલાં પીકચરને ટીકીઆ કરે.

એક કલાક આએ બાજઠપર બેસે ને ડાવીગામ ડોકું નમાવે તો બીજો કલાક તેની પછવાડેના બાજઠપર બેસે ને જમણીગામ ડોકું નમાવે અને જરા જરા વારે પાઉંના ટુકડા કરડતા જાય. આ પીક્ચર સુમારે ચૌદ ફીટ ઉંચું છે ને અલબત તેમાં કાંઈક ઘણીજ ખુબી હશે, પણ મારે મનથી તો મને એક સાધારણ ઓલીઓગ્રાફ જેવું લાગ્યું. ખુદ પીક્ચર જોવાના કરતાં પેલાઓ વાંકા ટીકાં ડોકાં કરે તે જોવાની મને વધુ રમુજ પડી હતી. પણ આ આર્ટ ગેલેરી દુનીયા વરણની છે. રેફાયલ, મુરીલો, રામબ્રાન્ટ, રૂબેન્સ જેવા નામાંકીત ચીતારાઓનાં અસલ પીક્ચરો અહીં બીરાજે છે અને દરેક પીક્ચરની કીમત લાખોથી ગણાય છે. પણ હવે ડ્રેસડન—બસ. વીએના મારૂં વહાનું વીએના ખોટી થાય છે—રાતના દશ વાગે ટ્રેન અને સવારના અગીઆર વાગે વીએનાનાં હોટેલ ડે યુરોપમાં.

આહ—વીએના—બાહાદુર વીએના, રૂપસુંદર શેહેર! તારી યાદ પાછી તાજી થવાથી મોહમાં કેવા મોળ આવે છે! અરે, રફીકો, ચાલો મારી સાથે અને વીએનાની તમારી સાથ એવી તો ઓળખાણ કરાવું કે કાલના કાલ ગાંસડા પોટલાં બાંધીને મેલ સ્ટીમર ઉપર ત્યાં જવા સારૂં ચઢી બેસશો. એનું ખાનું ખરાબ થાય–વીએના આસ્ત્રીયાનું પાયતખત શેહેર છે અને ત્યાં જવા માટે ફ્રાનટીઅર પસાર કરવું પડે છે, એટલે વળી પાછા ગાંસડા પોટલાં છોડવાનાં અને સામાન તપાસાવવાનો. ખબર મળી કે

રાતના બે વાગે 'થેચન' નામનાં સ્ટેશન આગળ પ્રશીયા અને આસ્ત્રીયાના મુલકો જુદા પડે છે અને ત્યાં બધા પાસીનજરોને ઉતરીને એક ઓરડામાંથી બીજા ઓરડામાં પસાર થઇ જવું પડે છે. એટલે જાણે પ્રશીયન મુલકમાંથી આસ્ત્રીયન મુલકમાં દાખલ થયા. રાતના "થેચન" સ્ટેશન આવ્યું કે બધા પાસીનજરો હાથમાં પોતપોતાના બેગેજ લઇને ધડાધડ ઉતરી ચાલ્યા. ઠંડી તો કહે મારૂં કામ, ને ઉંઘ કહે તને નહીં જવા દઉં. મન સાથ વીચાર્યું કે આસ્ત્રીયન હોય કે પ્રશયન—દમણ હોય કે રાજદવારી—જ્યાં જોઇયે ત્યાં સગવડનો સુતરો માર્ગ પૈસા બહાદુર છે. સવારના બે વાગાનો ટાઈમ એટલે—ખોદા માફ કરે—પણ આ અખતરો અજમાવવાની લાલચ થઈ. ટ્રેન તો તદ્દન ખાલી થઈ ગઈ પણ નોકર તમારો ઓઢીપોઢીને મીનીગો થઇને સુઇ રહયો. આંખ ઢાંકેલી હતી, પણ કાન બારણાં ભણી હતા કે રખે કોઇ નવમો ઘડો પોતાનાં મુવાંની ખબર લેવા આવે. ને થયું પણ તેમજ. દશેક મીનીટમાં એક આસ્ત્રીયન આફીસર તલવાર સાથે ખડંગ ખડંગ કરતો, સઘળા દબ્બાઓ તપાસતો આવ્યો. મને સુતેલો જોઇ તે બોલ્યો, "મોશીયુ, થેચેન, થેચેન! બગાઝ, બગાઝ–" ઓ તારો બાપ મુવો! જોઈયે, હજુ જરા ચીંગા થઈને પડી રહેવામાં હકતેખાન પસાર થાયછે? પણ નહીં. કાકાએ તો આવીને મારૂં ખભું હલાવ્યું ને મોટે સાદે ઘાટું પાડી બોલ્યો, "મોશયુ, બગાઆઆઝ." હવે સુઇ

રહેવામાં કાંઈ સાર નહીં, એમ જોઇ જાણે કેવીક કુંભકરણની ઉંઘમાંથી ઉઠયા હોઇયે તેમ ઉઠી બેઉ આંખો જુઠી જુઠી ચોળવા માંડી. પેલો લાંબા લાંબા હાથ કરી કસ્ટમના ઓરડા તરફ બતાવે, અને એકનો એક બોલ બોલ્યા કરે "બગાઝ, બગાઝ," પણ આપણે સમજ્યે શું કામ! હવામાં બે હાથ ઉંચ્ચા કરી પવન ચક્કીની પેઠે આંગળાં હલાવી ઈડ્યાટીક ડાચું કરી હું બોલ્યો, "નો ઈંગિલીશાઉં, મોશયુ—નો અનડરસ્તેસાંઉ મોશયુ—પુરમેન, પુરમેન, સીક, સીક," આમ બોલી ખભાં ઉંચાં નીચાં કરીને જાણે કેવોએક ગમાડ હોવું તેમ ચાળા કીધા.

પેલાએ પુછયું, "ઓ! નો ઈંગિલીશ? હા,—"

આપરે પામી ગયા કે કાકા પસરયા. "નો ઈંગિલીસાંઉ માસતર, આઈ નો હાવન ઘેહ—પતેત પસેમાની ઇનડીયા, ઇનડીયા ધાન સાખ."

પેલાએ મારા બે "પોર્ટમેન્ટો" ગમ આંગળી બતાવી મોહોડાં તરફ અંગુઠો કરી જાણવા માગ્યું કે મારી પાસે કાંઇ દારૂ છે કે? મેં આશમાને ડોળા ચહડાવી દીધા, "દારૂ! જો પીયે તો તું મરે તારો બાપ મરે! છીટ, છીટ, ફુ—નાઉ મોશયુ, ઈનડીયા વીન નો, ફુ!" આટલા શબ્દો બોલી ખીસાંમાંથી કુંચી કાહાડી આગળ ધરી અને ખીસાંમાંથી બે ફ્રાંક કાહાડીને દેશી રીત પ્રમાણે બે હાથે પગે પડયો. અને ગુજરાતીમાં બોલ્યો, "તારો બાપ મરે ઢેડાના ખાધા, જરા મને સુવા દે."

"મેરસી મોસીયુ" કરી પેલા ઓફીસર સાહેબે બે ફ્રાંક ખીસાંમાં ઠેસવી દીધા અને મને સુખેથી પોઢી જવાની ઇશારત કરી પોતાના શાહનશાહની "ડ્યુટી" કરી પરવારયા. અરધેક કલાકે બધા પેસીનજરો અકળાતા ઝીકાતા, પોતાનાં બોચકાં ઘસડતા, કાંસતા કરાંઝતા, પાછાં ફરી ટ્રેનમાં પોતાની જગા લીધી અને ટ્રેન આગળ ચાલી. થોડી વારે એક અમેરીકન ભાઇબંધે ઉતારૂ ચકીત થઇને પુછવા લાગ્યો,

"કેમ મી૦ મરઝબાન, તમારો લગેજ કસટમમાં તપાસાવયો?"

મેં ભરમમાંજ જવાબ દીધો કે "હા, સઘળું બરાબર થયું."

પણ ચંડાલ અમેરીકન ભાઇ એમ કંઇ ટુંકામાં પતે? જબરો ચાવાચીવીવાળો બા!

તે ફરીથી પુછવા લાગ્યો, "પણ તમારો સામાન ત્યાંથી ખસ્યો નથી તે હું ખાતરીથી કહી શકું છ."

મેં હસીને પુછયું. "તેં કેમ જાણ્યું?"

પેલાએ ઉતર દીધો કે "તારો "હેન્ડબેગ" સરીને પડી જતો હતો તે મેં એક સુતળીથી ઉપરની જાળી સાથે બાંધ્યો હતો તે તો એમનો એમ છે!"

મુવા છુટા! હવે તો સપડાયા એટલે ખરો એકરાર કરવા સીવાય છુટકો રહ્યો નહીં. સઘળી વાત સાંભળીને તે પેટ પકડીને હસવા લાગ્યો અને બોલ્યો કે "એવું હું

જાણતે તો ચાર ફ્રાંક આપતે. આજ લગાણ હું તો એમજ સમજતો હતો કે અઈયાશી મુસાફરી કરવામાં અમારા અમેરીકનોની જોડી નથી, પણ તેં તો આજે મને એક કીમતી કળા શીખવી છે.”

મેં નાચું મેરા પીયુ ઘર આઈ,
બન્યા નાચે ઠેલી પાઇ.
તું કયું નાચે અમેરીકનભાઇ,
મેને એક જાફા પાઈ.

જાફા એટલે શીખામણ. આ વાર મને મારૂં બચગીનું દમણ યાદ આવ્યું. દમણથી વાપી જતાં ઉંચાડે પગાયા ફરંગી કસટમ બાસતાંઉઓ હમારી ગાલ્લી તપાસતા અને દમણથી સુજની ચારસા ચાંઉ કરી લાવવાના એટલે બધું ખોરી પોરાંને બહુ કાયર કરતા. પણ સીનોર બાસતાઉંની નબળાઇ જાણી રહેલા એટલે હમેશ સાથે એક બેવડાની બાટલી લેતા આવ્યે. સુજની અને ચારૂસા ગલેફમાં પોઇને તેના તકીયા બનાવ્યે અને તેને અઠંગીને કરારે બેસ્યે. પણ પેલી બાટલી એવી રીતે છુપાવ્યે કે સીનોરને તેની ડોકી ખાસ્સી મજેહથી દેખાય. સીનોર કોંસતાંસ પહેલી બાટલી પકડી કહાડે અને ઇ–ઉ કરીને ધાંધલ મચાવે. આપણે કાલાવાલા કર્યે કે ‘ફકત એકજ બાટલી છે—માફ કર. જોઇયે તો તું લે.’ ચા–આઆલો—ગુનાહ માફીસ! સુજની ચારસા ઈત્યાદી પસાર. તે વાર અમે બીચારા ગરીબ ફરંગીઓની મશકેરી કરતા હુતા, પણ


આય આસ્ત્રીયન બાસતાંઉઓ અને ઇટાલીયન કોંસતાંસો કોઇબી રીતે ચીકણા હાથથી ખાલી નથી. પૈસા—પૈસા—યારો પૈસા. બાવા પૈસા. જ્યાં જુવો ત્યાં પૈસાની વાહ—વાહ છે! કેમ બોલ્યા નહીં?

વીએના ટ્રેન પહોંચી ત્યારે સુમારે સવારના અગીયાર વાગ્યા હશે. શાબાશ શેહેર—પહેલી નજરેજ જાણે બીજુ બર્લીન. બાપરે, શું હવેલી ને શું ધધુખર! કાંઇ ચોમેરથી વીજળીની ટ્રામ દોડે તો પહેલાં તો એવી ગુચવણ થાય કે રસતો કેમ પસાર કરવો તેબી સમજ પડે નહીં. બર્લીનની પેઠ લાંબી એકની એકજ મોહોકાણ દેખું. ટ્રામ કંડકટરને દશ ફ્રેનીંગ ટીકીટના પૈસા આપ્યે તેની સાથે એકાદ બે ફ્રેનીંગ તેના પોતાના મરી મીઠાંના ટપકાવવા જોઇયે, નહીં તો બીજી વાર તમારી ગમ જોયજ શું કામ! કહે છે કે આ અકેકા કનડકટરને દર માસે રૂપીઆ બસો સુધીનો પગાર પડવા જાય છે. તેઓ ખરેખર બહુજ ચપળ તો ખરા. ડ્રાઇવરોની સખ્ત પરીક્ષા લીધા વગર રાખવામાં આવતા નથી. વીએનામાં પણ હોટેલોની ખુટ નથી. એક માગો તો એકસો અને તે દરેક એવાં મોહોટાં કે મુંબઈનાં તમામ હોટેલો તેમાં સમાઈ જાય. અહીં ખાધાપીધાનું નક્કી કરીને ઉતરવામાં ફાયદો છે કારણ કે અજાણું શેહેર એટલે કયાં જમવા જવું, કયાં ચીરાશું ને કયાં રાજી થશું તેની સમજ પડતી નથી. જો ટેબલના કાર્ડપર લખ્યું હોય કે "ફુલ ડીનર"

ના પાંચ "ફ્રાનેન" તો ખાણું ખાધા પછી બીલ આવે તો પાંચ ફ્રાનેન ને બે ફ્રેનીંગનું! આ બે ફ્રેનીંગ શેની તો કહેશે, "પાઉનો હમેશ છુટો ચાર્જ કરવામાં આવે છે!" બે ફ્રેનીંગ એટલે એક દોહોડીયું! આસ્ત્રીયન ફ્રાનેન, જર્મન માર્ક અને વેલાતી શીલીંગ એ બધાનો ભાવ સરખોજ—બાર આના.

વીએનામાં તો એટલું જોવાનું છે કે ચાર મહીના રહીએ તો ઠાગ લાગે નહીં. પણ ત્યાં કાંઇક એવું છે કે જે યુરોપમાં નથી તેનુંજ માત્ર વર્ણન આપીશ. પહેલાં તો ત્યાં મહાન પાદશાહોની લાસનો સંગ્રહ જોવા જોગ છે.

રજા મેળવવાથી આ ભોંયરાંમાં એક પાદરી લઈ જાય છે. યા ખોદા, શું ત્યાંનો ગંભીર દેખાવ! દરેક પાદશાહને જુદી જુદી પીતળની, ચાંદીની, કાંસાની પેટીમાં પુરી મુકેલા. કાંઇ અજબ દેખાવ. મોટા મોટા પાદશાહોનાં "હાર્ટ" કહાડીને સોનાની સંદુકમાં મુકીને અભરાઈ ઉપર હારબંધ ગોઠવેલાં. એકકી સંદુક કાંઇ નહીં તો લાખ લાખ રૂપીઆની હશે. રસ્તાની તળે ભોંયરૂં એટલે અંધારૂં ઘીલ પડે તે સારૂં પાદરી હાથમાં મસાલ લઈને ચાલે અને એક ટાંચણી પડે તેબી સંભળાય એવી ચુપકીદી વચ્ચે આ પાદશાહોની હારોહાર પડેલી તે આપણા અંગમાં કાંઈ ચમતકારીક અસર પેદા કરે છે.



પ્રકરણ—૨૯ મું.

"તકકુબર મકુન જીનહાર અય પસર" શાયરાન શાયર કહી ગયો છે કે "ઓ બેટા કબુ તકુબરી કરતો ના." ના ભાઇ નહીં કરૂં. મારાં મોદીખાનાથી મારસેલસનાં લખાણને જોઇએ તો લુખ્ખાં કહો, જોઇએ તો દમ સાહસ વગરનાં કહો—પણ જો આમ કહો કે આ ચીત્ર ખરાં નથી તો હું જીવ પટકી નાખું. અલબતાં ભાશા લગાર મસાલેદાર છે, કેમ જે મોળી દાળમાં જરા મરચું ન ભભરાવ્યે તો ગળે ઉતરે નહીં. મારા ચોકસ હીતાર્થીઓ જેઓને કુદરતી રીતે મારાં અદના લખાણોની સુગ છે તેઓ અવાર નવાર અણકા કરતા જણાયા છે કે આ પત્રોમાં સરાહગાત ઘણી છે અને કેટલાક સાહેબો જે વીલાયત ફરી આવ્યા છે તેઓના જોવામાં કાંઇ એવું આવ્યું નથી. હશે બા—તેઓની આંખ ને મારી આંખ કાંઈ સરખી નથી. હું પહેલાંથીજ કેહેતો આવ્યો છું કે હું કાંઈ દેશ પ્રદેશની બારીક વીગતો આપવાનો એરાદો રાખતો નથી. મારી યથાશકતી મુજબ ખુશ વાંચન પુરૂં પાડી, થોડી શીખ, થોડું વીખ, રજુ કરવાની મારી મતલબને હું વળગી રહયો છું. પણ કર ને જો અહીંનું અહીંજ છે, તે દાદગાર દાદારના હું હજારો હજાર શોકરાના કરૂં છું કે મારાં આ લખાણને ટેકો આપનારૂં

કાગળ **ગઈ કાલેજ** મને વગર માગવે મેલ સાથે મળ્યું છે અને તે પ્રગટ કરવાનો લોભ હું કેમે કરી અટકાવી શકતો નથી. વાંચો—પ્રીય દોસ્તો—વાંચો આ વગર માંગેલી સરટીફીકેટઃ—(તરજુમો કીધો છે).

વીલીઅમસ હેવન સ્ત્રાસે ના૦ ૩૩ બર્લીન. એન. ડબલ્યુ.

૩૧ મી આગસ્ટ ૧૯૦૫.

પ્યારા મી૦ મરઝબાન.

તમોએ અમારા તથા બચ્ચાંઓના બ્લાક ઉપરથી છાપી કેટલીક નકલો મોકલી તેના ઉતરમાં આજ સુધી લખાયું નહીં તેની માફ માગું છું. ફોટોના પારસલ મલતાંજ હું અમારી તરફની ઘણી ઘણી થેંકસ લખવાનોજ હતો પણ અઠવાડીયાંઓ સુધી વાર જોઇ કે જોઈયે હવે પછીના તમારાં જાણીતાં જામેમાં આ પીકચરોના સંબંધમાં શું લખાણ આવે છે. મારી ખાત્રી હતી કે તમારૂં વર્ણન ઘણું વાંચવા જોગ આવશે. તમોએ વીસબાડનની બાબદ એટલી તો રસીલી બનાવી દીધી હતી કે બર્લીન માટે શું કહો છો તે જાણવાને અમે સઘળાં તલપી રહયાં હતાં. ઘણાં અઠવાડયાંઓ સુધી વાર જોવરાવી આખરે તમારૂં વૃતાંત શીદ્ધ થયું. હું ખુલ્લાં મનથી કબુલ કરૂં છું કે અહીંની જોવા લાયક જગાઓનું તમારૂં દાસ્તાન અને જર્મન જીંદગી અને

રીતભાતોનું તમારૂં વર્ણન એટલું તો રસદાર અને સંપુર્ણ રીતે બારીક છે, તેમજ એવું તો આબેહુબ છે કે તમારૂં આ વર્ણન વાંચ્યાથી તમારા બીજા વાંચનારાઓ જેટલું શીખ્યા અને રાજી થયા હશે તે કરતાં અમે—જેઓ આ જર્મનોને ઓળખ્યે છૈયે અને તેમની વચ્ચે વસ્યે છીયે તેઓને ઘણીજ ખુશી અને મોજ મળે છે. જરૂર—બા—જરૂર આ લખાણ કેતાબના આકારમાં છપાવજો, કારણ કે એ સંગ્રહ રાખવા લાયક છે.......પ્રોફેસર પાજેન સ્ટેચર વીશેનો હેવાલ અને ત્યાંની આસ્પીટલની વીગત 'જામે જમસેદ' માં છપાયા પછી કેટલાક પારસી બીમારો તેમની સલાહ લેવાને વીસબાડન આવ્યા હતા. બેએક બીમારો થોડુંક સુધી તેમનાં 'ત્રીટમેંટ'માં રહયા. તેઓ અવારનવાર કાગળ લખીને મારી સલાહ પુછાવતા હતા. આ લોકમાંથી એકાદ બે નાસીપાસ થઇને પાછા ઈંડયા ફરયા છે પણ તેઓને માટે પ્રોફેસર કાંઇબી કરી શકે એ બનવુંજ અશકય હતું, કારણ કે તેમના કેસ કોઈ કાળે સારા થાય એવા હતાજ નહીં. આ માંહેથી એક જણ તો જાણતોબી ન હતો કે તેને શું દરદ છે અને તે સારૂં થશે કે નહીં તે અગાઉથી જાણવાની તેણે તસદી પણ લીધી નહતી. એટલાં માટે હું સુચના કરૂં છું કે અત્રે આવતા બીમારોએ પહેલાં

પોતાના ડાકટરો પાસે આંખ તપાસાવી બીમારીનું થોડુંક વર્ણન લખાવીને આવવા અગાઉ પ્રોફેસરને પુછાવવું. પ્રોફેસર એવા છે કે જો સારૂં થવા જેવું ન હશે તો જરૂર આવવા ના લખશે ....

લા૦ દુવાગીર,

અરદેશર વાચ્છા.

(ઓરીયેંટલ ભાશાના પ્રોફેસર યુનીવર્સીટી બર્લીન)

કબીર કહી ગયો છે કે:—

"આપહી ખાતર મેહેલ બનાયા
આપહી આખર જંગલ સોયા
કહત કબીરા સુન મેરે ભૈયા
આપ મુવે પીછે ડુબ ગઇ દુન્યા."

ભાઈ, આ ધર્થીમાં લખોના લેખાં લખો ને કરોડોની મસ્તીમાં ગુલતાન બનો પણ સાથે કોઇ એક દમડો લઇ જવાનો નથી. માત્ર ચાર બીલ્લસની જગાના તમે ધણી. આ ખ્યાલ બહુ મજબુત આકારમાં મારા ચીતમાં વીએનાના પાદશાહોને નીચે ભોંયરાંમાં પડેલા જોઇને બરપા થયો. આહા! ૧૩૦ મહાન રાજપતીઓ, કરોડોની વસ્તી ઉપર અમલ કરનારા, અબજોની આમદાની ખાનારા, લખ્ખો સીપાઇઓના સરદાર કેવા મુગા મંતર ફકત એક પાદરીની રખેવાળી તળે એકલા સુતા છે! છાતીમાંનું સુસ્ત દીલ કહાડીને સોનાના દાબડામાં મુકો કે હીરાની સંદુકમાં પુરો પણ 'આપ મુવે પીછે ડુબ ગઇ દુન્યા."

વીએના શેહેર બે ચીજ માટે આખા યુરોપમાં પ્રખ્યાત છે. એક ત્યાંની યુનીવર્સીટી અને બીજું ત્યાંની જગ પ્રસીદ્ધ ઇસ્પીટાલ. શું ધારો છો રફીકો, આ યુની-વર્સીટીમાં આખા યુરોપ અને અમેરીકાથી, એશીયા અને આફ્રીકાથી વીદ્યારર્થીઓ શીખવા આવે છે. આ ઇમારત જેમાં પચાસ મોટાં જબરદસ્ત દીવાનખાનાં છે તેમાં ૭૦૦૦ સ્ટુડંટો જાત જાતની કેળવણી લે છે. પણ ત્યાંબી બે ભાગ છે. એક ભાગમાં જર્મન અને બીજા ભાગમાં સ્લાવ, હંગેરીયન, વગેરે મુલકના પોટટાઓ છે. તેઓમાં કોઇ કોઇ વાર એવી ઝુમએસ ચાલે છે કે રશીયા જાપાનીસ લડાઇને પણ વીસરાવે.

મારા કોઇ મીત્ર કોઇ વાર વીએના જાય તો હું ખાસ ભલામણ કરૂં છું કે ત્યાં એક લુહારનું ઘર છે તે જરૂર જોઇ આવવું. આ ઘર પુરાણું છે પણ તે એવા તો પાદ-શાહી રસ્તા ઉપર છે કે તેના એક ચોરસવારના રૂ૧૦૦૦ આપતાંબી સસતું કેહવાય. આ મકાન સદીઓની વાત ઉપર એક લુહારનું હતું. તે સદીઓ થઇ બંધ છે અને તેના બાહારના દરવાજા ઉપર એક લોખંડનું તાળું મારેલું છે. ઓટલા ઉપર એક તખ્તી કોરીને મારી છે જે ઉપર લખેલું છે કે જે કોઇ આ તાળું ઉઘાડે તેને આ ઘર મફત આપી દીધામાં આવશે. અને જો તજવીજ કીધા પછી ઉઘાડવા ઇચ્છતો ધણી નીશફળ થાય તો તેણે દીવાલમાં એક ખીલો મારી જવો. લખો રૂપીઆની

કીમતની આ મીલકત હાથ કરવાના એરાદાથી હજારો કીસબીઓ દેશ દેશાવરથી આવીને માથું ઝીકી ગયા છે અને દેવાલમાં હજારો ખીલાઓ મરાયા છે પણ હજી સુધી આ જાલમ તાળું ઉંઘાડવામાં કોઈ ફાવ્યું નથી.

વીએનાનું પારલ્યામેંટ હાઉસ પણ યુરોપની એક નવાઇ છે. એનો મુખ્ય હૉલ આખો સંગેમરમરના પીલરો ઉપર ટેકવેલો છે. આ પીલરો દરેક ૨૫) ફીટ ઉંચા છે અને ખુબી શું છે કે આ દરેક પીલર એકજ પથરના ટુકડાનો છે—સાંધો નથી. આવા પચ્ચીસ ફીટના પથ્થર લાવ્યા ક્યાંથી હશે, ઘડયા કેમ હશે અને ઉભા કેમ કીધા હશે તે હજી મારા ખ્યાલમાં ઉતરતું નથી. કહે છે કે આ દરેક પીલર ઉપર વીસ હજાર રૂપીઆનો ખરચ બેઠો હતો. ફક્ત વચલા હૉલમાંજ ૨૫ એવા પીલરો છે એટલે તેનીજ કીમત પાંચ લાખ રૂપીઆ થઈ. જ્યારે એક હૉલના ફક્ત પીલરના પાંચ લાખ ત્યારે આખી ઇમારતનો શું ખરચ થયો હશે તે વીચારી લેવું.

વીએનાની નાટકશાળાબી આખા યુરોપમાં સર્વેથી મોટી કહેવાય છે તે જોવા હું ગયો હતો. આવાં એક મકાનમાં નાટક જોવાને ધકબી કેમ લાગતું હશે! એ તે શું નાટકશાળા કે પાદશાહી મહેલ! કોણ જાણે કેટલાં હજાર માણસો ઘુસી જાય તો તે માલમબી નહીં પડે. મારબલથી પાલીસ કીધેલી સીડીઓ ચહડીને માંહે જવાનું. મોટા નકસીદાર પથ્થરના પાંચ ભાગોળ જેવડા દરવાજા.

એક ખાસ એમપરરને માટે, બીજો ડયુકો અને લાર્ડોને માટે, ત્રીજો ગાલેરી ઉપર ફરવા જવા, ચોથો માતબર રૈયતને માટે અને પાંચમો એકટરોને માટે. ફરવાની ગાલેરીબી અમથી જીણી મઇ જેવી—૧૦૦૦ ફીટ લાંબી! અને મખમલ જડેલા સોનેરી નકસીવાળા પીલરો અને કસબી ઝાલરોથી ઝગઝગી રહેલી. ખુણે ખુણે ઝાડપાનના છુપા માંડવા કીધેલા અને તેમાં જીણી ઈલેકટ્રીક બતી મુકેલી. જેને ગમે તે ત્યાં જઇને હસે, વમાસે કે પોતાની પ્રીયા અથવા સહ્રી મીતી સાથે વાત કરે. એકટરો અને એકટ્રેસીસ માટે અલાહેદા ઓરડા સણગારેલા તે જોતાં વીચાર આવે કે આ કોઈ રાજાની માનીતી રાણીઓનો મેહેલ હશે.

આ નાટકશાળા જોઇ બહાર નીકળ્યા કે પાસેજ ટાઉનહાલ. ઉપર દીવાનખાનામાં પ્રજાને ખરચે ટાઉન કાઉન્સીલરોને માટે વાઇન અને રીફ્રેશમેંટ બીછાવેલું. હું પુછું છું કે કાં તે પ્રમાણે મુંબઇમાં પણ કરવામાં ન આવે? લાલા લાખ તો કહે સવા લાખ. લખો રૂપીઆનો વહીવટ કરતાં ગળું સુકાઇ જાય તેઓને તૃપ્ત કરવાને દર માસે બસો પાંચસોનો ખરચ થાય તો શું મુઝાકો છે? વીએનામાં ગોઠવણ નવાઇ જેવી છે. ઉપર ટાઉન કાઉન્સીલરો માથું ઝીકે અને તેમનીજ તળે ભોંયરામાં એક જબરદસ્ત રેસટોરાં સારો દીવસ ચાલે તેમાં કોરપોરેશનનેજ હીસાબે ઓસ્ટ્રીયન વાઈન વેચાય. આ ભોંયરૂં ટાઉનહા-

લની તળેજ છે અને તે એટલું અંધારૂં છે કે તેમાં સારો દીવસ હજારો ઇલેકટ્રીક લાઇટ જાથુક બળે છે.

વીએનામાં જેટલું જોર યાહુદીઓનું છે એટલું યુરોપના બીજા કોઇ ભાગમાં નથી. વીએનાનો લગભગ આખો માતબર વેપારી વર્ગ યાહુદી ધર્મ પાળનારો છે. સર્વેથી વધતા પૈસા યાહુદીઓ પાસે છે, સર્વેથી મોટી દુકાન યાહુદીઓની છે. બેરન રાથશચાઇલડનું નામ તો જગપ્રસીધ્ધ છે. એ પણ યાહુદી છે અને આસ્ત્રીયન સરકારને ૨૫ કરોડ રૂપીઆ વીઆજુકા ધીરયા છે!! અરર, વીએનાની ધધુખર જોવી હોય તો સનીવાર અને રવીવારે સાંજ પછી ત્રણ વાગે નીકળો. આપણી વીકટોરીયા ગાર્ડન છે તેમ ત્યાં પ્રટેર ગાર્ડન છે. તેનો વચ્ચેવચનો મોટો "વાક" ૪ મૈલ લાંબો! દરરોજ સાંજના ત્રીસ હજાર માણસની ભીડ અને આખા ગાર્ડનમાં ત્રણ બાજુએ જુદાં જુદાં બેંડ વાગે. જગોજગ બીરની ટેબલો ગોઠવેલી અને ત્રણ કલાકના અરસામાં કાંઈ લાખો ટંબલર બીર પીવાઇ જતો હશે. માછલી, ચીઝ, પાઉં, બાફેલાં ઇડાં, વેચનારા પોરીઆઓ અને પોરીઓબી આમથી તેમ ફરતી ફરે. આ ગાર્ડનમાં પહેલીજ વાર મેં હવામાં ફરતી ચકરડી સર્વથી મોટી જોઈ. આપણા બળેવના મેળામાં ઘાંટીઓ દોહોડીઉં, દોહોડીઉં લઇ ફેરવે છે તે જમીનથી ઘણું તો ૨૦ ફીટ ઉંચી હશે, પણ આ તો ૧૯૦ ફીટ ઉંચી. પણ એ કરતાંબી મોટી મેં લંડનમાં જોઇ છે, માટે તેનું

વર્ણન ત્યારે આપીશ. અહીં પણ ડાનસીંગ સલુનના ટોટા નથી. તમારા નાચવા સારૂં પગ ચવડતા હોય તો એકાદ સેલુનમાં જાઓ, તો પોરીઓ તમારી સાથ નાચવા વાર જોતી ઢગલાબંધ બેઠેલી. બસ, એ લોકનું સઘળું જીવતરજ ખાધા પીધામાં ભરાયલું છે.

પ્રકરણ—૩૦ મું.

પણ હવે બધું ખાવાનું પીવાનું એક બાજુ મુકયે. હું હવે એક એવા ધડાકા ઉપર આવું છું કે જે મારો દરેક પ્રીય વાંચક ખુબ ચીતથી વાંચશે એવી મારી ખાત્રી છે. એ તો જાણીતી વાત છે કે આખા યુરોપમાં સર્વેથી મોટ્રી આસ્પીટલ વીએનાની છે. કહે છે કે વાહાડકાપની વીદયામાં વીએનાને લડંન, બર્લીન કે પારીસબી પહોંચી શકતાં નથી. હું જો ભુલતો ન હોઉં તો આપણા નામાંકીત સરજીયન ડા૦ માસીના પોતાના ઉત્તમ હુન્નરને માટે વીએનાને મોટે ભાગે આભારી છે. અરે મીત્રો, એ ઇસ્પીટાલ નથી, પણ મોટું ગંજાવર શેહેર છે. ઘણોક લાગવગ લગાડી મેં આ દુન્યાવર્ણનું ખાતું જોવાની પરવાનગી મેળવી અને ત્યાં આખો દીવસ ગુજારી એવું તો સાન મેળવ્યું છે કે તે હું મારી જીંદગીના છેડા સુધી વીસરીશ નહીં. મેં તો બહુ આપદા વેઠીને આ માહાભારત ખાતું જોયું છે, પણ તેનો આઇતો લાભ હું તમને આ તકે

ખુશીથી આપું છું. વાંચજો—જરૂર ગોખીને વાંચજો.

આ વીએનાની આસ્પીટાલ સરકારી ખાતું છે અને મોહોલાના મોહોલા રોકે છે, તે એટલાં સુધી કે માંહે ગયા પછી કયાં જવું ને કેણી મેર વળવું તે સમજ પડતી નથી. માત્ર એક ખ્યાલ આપવા સારૂં જણાવું છું કે તેમાં આપણા ક્રીકેટનાં મેદાન જેવડા નવ તો ચોક છે. આખી ઇસ્પીટાલમાં ૨૦૦૦ દરદીનાં બીછાનાં છે. સઘળી જાતની બીમારીનાં મકાનો એક બીજાંથી અલાહેદાં છે. તાવનું મકાન, સ્ત્રી દરદોનું મકાન, ખડીનું મકાન, અકસ્માતોનું મકાન, છાતીનાં દરદોનું મકાન, આંખનાં દરદોનું મકાન, વગેરે મોટી મોટી બીલડીંગોથી જબરદસ્ત વીસ્તાર ભરી કહાડયો છે. આ બે હજાર દરદીઓ માટે ૧૫૦ સરજયનો અને ૩૦૦ સીસટર્સ ઓફ મર્સી તેમજ અગાણીત હજુરીયાઓ છક છક થઈ જાય છે. આ સંખ્યા એટલી મોટી છે કે એક ઈમારતનો સરજયન અથવા નર્સ બીજી ઈમારતના સરજયન અથવા નર્સને ઓળખતાં પણ નથી અથવા તેઓ એકજ ખાતામાં કામ કરે છે એવું જાણતાં પણ નથી, તે છતાં સઘળી મશીનરી એવી તો સફાઇથી અને ચુપાચુપ ચાલે છે કે જાણે આપણે વીકટોરીઆ ગાર્ડનમાં ફરતા હોઇએ. વડા ડાકટર જેઓ આખ્ખાં આસ્ત્રીઆમાં ડાકતર તરીકે મોટા પ્રખ્યાત શીક્ષા ગુરૂ ગણાય છે તેઓ ઘણાજ અગત્યના કેસ સીવાય ઝાઝા નજરે પડતા નથી. પણ તેમના જુદા

જુદા આસીસ્ટંટો ઉપર હુકમો મોકલાવે છે અને તે પ્રમાણે સઘળો અમલ ચાલે છે. આ મહાન ડાકટરે મોટી નવાજેસ કરી લેખીત હુકમ આપ્યો હતો કે મને દરેક ભાગમાં ફેરવીને સઘળું દેખાડવું અને જેબી સવાલો પુછું તેના જવાબ આપવા. પોતાના એક ફર્સ્ટ ગ્રેડ સરજયનના સ્વાધીનમાં મને મુકયો હતો અને તેને દરેક ખાતાંમાં દાખલ થવા દેવો એવો હુકમ લખી આપ્યો હતો, જે દેખાડતાંજ સેંકડો ઓરડાઓનાં બારણાં જાણે કરામત અથવા ગેબી બસારતથી ખુલી જાય એમ ઉઘડી જતાં હતાં.

પહેલા દરવાજામાં દાખલ થતાંજ એક મહાભારત ડીસપેનસરી જોવામાં આવી. શું તેનું કદ કહું! હું ધારૂં છું કે આપણા ટાઉન હૉલનો વચલો મોટો હૉલ છે તેટલો વીસ્તાર હશે. કાંઇ લખો બાટલા ને બાટલીઓ, હથીઆરો અને જીણસોથી આ હોલ રેલ છેલ થઇ ગયલો હતો અને વચોવચમાં સુમારે એકસો ફીટ લાંબી ને લાંબી માર્બલ ટેબલો ઉપર ૪૦ અપાથીકરીઓ દવાઓ બનાવીને બીમારોને સારૂં તૈયાર કરતા હતા. આટલાં બધાં માણસો કામ કરવા છતાં એવું તો ચુપાચુપ હતું કે જો આંખ બંધ કરીને ઉભા હોઇએ તો આ કોઇ ખાતું મુગાં બેહેરાંઓનું સંગ્રહસ્થાન હોય તેમ લાગતું હતું. આ હોલની પાસેજ એક મોટું દીવાનખાનું તેમાં "સ્ટરી-લાઇઝીંગ રૂમ" મોટાં મોટાં ચાંદીનાં જેવાં ચળકતાં

બાઇલરો ઉભાં કરેલાં અને તેમાં બીમારોને સારૂં કપડાં પાટા, ગાદીઓ, વહાડકાપનાં હથીઆરો સઘળાં હાઇપ્રેશર સ્ટીમથી બફાતાં હતાં.

આ ઇસ્પીટાલમાં ૧૫૦ સરજયનો કામ કરે છે તેઓ દરેક મોટા પંકાયલા શસ્ત્ર વૈદો છે અને અહીં કામ કરવામાં મોટું માન સમજે છે. તે દરેકને વાસ્તે જુદો જુદો આપરેશન રૂમ અને અખતરા કરવાનો રૂમ આપેલો છે. તે છતાં એક જાહેર આપરેટીંગ હોલ જુદો કાઢયો છે, જયાં જયારે કોઇ મોટું મુશકેલ આપરેશન વડો સરજયન કરે ત્યારે બહારના ડાકટરોને અને મેડીકલ સ્ટુડંટોને દુરથી ઉભા રહીને શીખવાની અને જોવાની તક આપવામાં આવે છે. આ વહાડકાપના ઓરડાની ગંભીરતા, તેમાં રચેલાં વહાડકાપનાં હથીઆરોની સંખ્યા અને સ્વચ્છતા, તેમજ પાટા, રૂ, કલોરોફોર્મ આપવાના સાંચા વગેરેની તૈયારીનું બ્યાન કરવાને મારી કલમ અશક્ત છે એમ હું પહેલાંથી કબુલ કરૂં છું. હું ટુંકમાંજ કહીશ કે પહેલી નજરે હું ફકત ડઘાઇ ગયો હતો અને સવાલો પુછવાનીબી ફામ રહી નહીં.

બહાર પડયા કે એક ખાતું મારા જોવામાં આવ્યું, જેવું ખાતું હસ્તીમાંબી હશે એવું હું અગાઉ જાણતો ન હતો. આ ખાતાંને "વાટર બેડ વાર્ડ" કરી કહે છે. લાંબા ને લાંબા હોલમાં લોઢાંના કોચની હારની હાર મેલેલી અને તેની સાઇડો પણ લોઢાંનીજ. એમ સમજો કે એક

ચળકતી લંબુચી ટાંકી ચાર પગ ઉપર ઉભી કીધી હોય. આ ટાંકીવાળું બીછાનું ઉપર સુધી પાણીથી ભરેલું અને તેમાં એકેક બીમારને ડુબાડીને સુવાડેલો. ફક્ત ડોકું બાહાર, બાકી આખું શરીર પાણીમાં નાગું ડુબેલું. કેટલાકો તદન બેભાન હાલતમાં હતા અને કેટલાકો અમને દાખલ થવાનો સાદ સાંભળીને મઘરડાની કાની ડોળા આમ તેમ ફેરવીને જોતા હતા. પાણીમાં ડુબાડીને સુવાડેલા આ મનુષ્ય લેવટાઓનો દેખાવ બહુજ વીચીત્ર લાગતો હતો. સઘળું ચુપાચુપ હતું, ફક્ત ત્રણ ચાર દયાની બેહેનો આમ તેમ ફરીને દર્દીઓની માવજત કરતી હતીઓ. મેં અચરત થઇ પુછયું કે આ શું ? એનું નામ 'વાટર બેડ કયુર.' અકસમાતથી દાઝેલાંઓને, ચોકસ જાતની તાવને, કેટલીક જાતનાં ઝેરને, કેટલીક બીજી નજીસ બીમારીઓને માટે આ ઉપાય મોટી ફતેહમંદી સાથે વીએનામાં અજમાવવામાં આવે છે. બીમારને પહેલાં આણતાંને વાર આ પાણીનાં બીછાનામાં સુવાડી દે છે. આ વાર પાણી જરા કુંકું રાખે છે કે જેથી તેને 'શાક' નહીં લાગે અને પછી એવી કરામત કીધેલી છે કે પહેલું પાણી આસ્તે આસ્તે નીકળી જઇને તાજું દવાઈ ભેળેલું પાણી આ બીછાનાંમાં દાખલ થાય છે અને તેમાં બીમાર દીવસોના દીવસો સુધી પડી રહે છે. પાણીમાંજ પડયો પડયો તે આખો દહાડો પોતાને લાયક ખોરાક દયાની બેહનોને હાથથી લે છે અને પાણીમાં પડયો ને પડયોજ આ

પાણીનાં બીછાનાંમાં આખી રાત ઉંઘે છે. હું એ પછી લંડનમાં અને બીજે ઠેકાણે ઘણી મહાભારત ઇસ્પીટાલો જોઇ આવ્યો છું, પણ આ પાણીનાં બીછાનાં મેં કોઈ ઠેકાણે જોયાં નથી તો નથી પણ સાંભળ્યાંબી નથી. એ વીએનાનો જગપ્રસીદ્ધ વૈદ્યોનીજ મોટી "સ્પેશીઆલીટી" જણાય છે.

આવી જંગી લોકરક્ષી ઇસ્પીટાલ ચલાવવા માટે અને તેનો બોજો ઉપાડવા માટે આસ્ત્રીઅન સરકારને શાબાશ છે. આપણી તરફ થોડું કરીને ઘણી ધામધુમ કરનારાઓને આ એક ધડો મીસાલ છે. વીએનાની ઈસ્પી-ટાલમાં ગરીબ પાસેથી ઓછામાં ઓછો દીવસનો એક ફ્લોરીન (દશ આના) લીધામાં આવે છે. તેમાં ડાક્ટરી મદદ, ખાવાનું, દવાઇ, ધોળાઇ સઘળું. આપણી તરફની પેઠે ત્યાં ઇસ્પીટાલમાં જવાની સુગ અથવા મોટાઈ નથી. ભલો ધનેતરબી લાગલો ઇસ્પીટાલમાં જઇ પડે છે પણ તેવાઓ પાસેથી દીવસના પંદર રૂપીઆ સુધી લેવામાં આવે છે. હું આગળ કહી ગયો છું કે આ ઓચંબા-ભર્યાં ખાતાંમાં ૧૫૦ ડાકટરો ઉપરાંત બીજા ૪૨ આસી-સટંટ સરજયનો પગારદાર છે અને વળી તે ઉપરાંત ૧૫૦ ઓનરરી મેડીકલ આસીસટંટો પોતાની ખુશીથી કામ કરે છે, એટલે કુલ ૩૫૦ ડાકટરોવાળી આ ઇસ્પીટાલનો ખ્યાલ સેહેજમાં આવી શકશે.

અલબતાં જયાં આવું મોટું ખાતું ત્યાં સુવાવડનો મામલો કેવો મોટો હશે? ૮૦૦ માતાઓનો ત્યાં સમાવેશ

છે. શું તેમની બરદાસ્ત! શું તેમની ખાતરદારી! આહ! નહીં બોલ્યામાંજ શોભા છે. ૮૦૦ માતાઓ! અને તેમનાં ફુલ સરીખાં બાળકો!! કોઇ કાચના કેસમાં, કોઇ નેટના કોથળામાં, કોઇ ગરમ કીધેલી પેટીમાં. જેવી જેની કાયનાત અને જરૂર. ૮૦૦ માતા, ૮૦૦ બચ્ચાં, કુડીબંધ ડાકટરો, કુડીબંધ સીસટરો અને સેંકડો દાસીઓ—પણ ચું કે ચાંની જાત નહીં, ગુચવણની વાત નહીં, લાંચ રૂશવતની નીશાન નહીં અને સ્વચ્છતામાં મના નહીં. એક જુદુંજ મકાન ચોકસ ગેરચાલનાં દરદથી પીડાતાં સ્ત્રી પુરૂષો માટે છે. અહીં ૨૫૦ બીમારોના પલંગોની લાઈનની લાઇન પડેલી હતી. આ અભાગ્યાંઓ પોતાની ચાલે હાડમાર થાય છે, પણ તે છતાં સરકાર મા બાપ પોતાની પવીત્ર ફરજ સમજી તેઓને જીંદગીનો પાછો ચાન્સ આપવામાં પાછું ફરી જોતી નથી. તાવનો ડીપાર્ટ-મેંટબી અહીં અથંગ છે. જાત જાતની તાવના રસાયણી પ્રયો-ગથી ઉપાયો શોધી કહાડવામાં કાંઇક કીમતી ભેજાં અહીં રોકાયલાં છે. તાવ આવી કે કુઇનીન સલફેટ, ને એપસમ સાલ્ટના ધીચારા આપીને બે રૂપીઆ ખીસાંમાં ચાંપીને ઘેર જઇ સુઇ જનારા ડાકટરો અહીં નથી. અહીં તો ડાહી માના સપુતો એવા પડ્યા છે કે પૈસા ગયા જહાંનમમાં—વીદયા—વીદયા—વીદયા—બસ વીદયાના સુધારા વધારા ઉપર જાનફેશાની કરનારા છે. અમુક તાવ શાથી આવી, તે કઇ જાતની છે, તેના ગુણ દોશ શું

છે, કેમ વધે છે કેમ ઘટે છે તેની શોધ ઉપર આ હૉસ્પીટાલમાં ઉમંગી વૈદક શોધકો જીવ પટકી નાખે છે. જેવો એક તાવનો બીમાર દાખલ થયો કે તેને તાવ કઈ જાતનો છે તે તુરત તેનું લોહીનું ટીપું કહાડીને તપાસવા વગર ૫ા કલાક ખાલી જતો નથી. અને આ ટીપું કહાડવા માટે કાંઈ ધામધુમ કે ન્યુસપેપરમાં ફકરા આવતા નથી. કહાડવાનું હોય એક ટીપું પણ બે દહાડા અગાઉથી ઘેરેઘેર જઇને ડાક્ટરો સટાકા મારતા નથી. એ વીએનામાં કેમ કરવામાં આવે છે તેની એક રમુજી મીસાલ કહું. મારા મીત્ર સરજીયને આ સીસટમ મને સમજાવવા માંડી. પોતાનાં ગજવાંમાંથી એક તારની ઝીણી ચાંપ કહાડીને મારાં આંગળાં ઉપર પહેરાવી. આ ચાંપ સીતાર વજાડનારાઓ આંગળી ઉપર તારનું નખીઉં પહેરે છે તેવી હતી. જયારે ચાંપ પહેરાવી ત્યારે આંગળાંની ટીચકી જરા દબાઇને કાળી લાગતી હતી. એમ સમજો કે આપણે રમત કરતાં આંગળાં ઉપર સુતળી તાણીને વીટાળીએ છીએ. ડાક્ટરે તુરતજ આ ચાંપ કહાડી લીધી અને પોતાનાં ગજવામાં મુકી દીધી. આ પછી અમે થોડોકવાર બીજા ઓરડામાં ફર્યા, જે બાદ તે હસીને બોલ્યો "મી૦ મરઝબાન, તમારૂં લોહી ઘણું રીચ છે ને કોઈબી જાતની તાવથી નીરાળું છે."

મેં અલબત અજાયબીથી પુછયું કે "તમે કેમ જાણ્યું ?"

"તમારૂં લોહી મેં સાયન્સથી તપાસાવ્યું અને તેનો મને આ પ્રમાણે રીપોર્ટ મળ્યો છે."

"મારૂં લોહી ?" હું સમજયો કે આ ડાકટર જે લગાર હસમુખા સ્વભાવનો હતો તે મારી ટકોર કરે છે.

"હા, તમારૂં લોહી—મેં હમણાજ કહાડીને મારાં ખીસાંમાં મુકયું તે."

હવે મને સમજ પડી. પેલી ચાંપ જે તેણે મારાં આંગળાં ઉપર પહેરાવી હતી તેમાં એવી છુપી કરામત કીધી હતી કે તે ઝીણું—ઘણુંજ ઝીણું મારૂં લોહીનું ટીપું લઇને પાછી નીકળી, પણ તે એવી સીફતથી બનાવેલી હતી કે તેણે મને જયાં સુધી કહયું નહીં ત્યાં સુધી મેં જાણ્યુંબી નહીં કે મારાં બેમુલાં લોહી સાથ આવી છુટ લેવામાં આવી હતી ! વળી નવાઈ જેવું શું છે કે ૨૦૦૦ જાણની રોજ તાવ જોવાનું કોઇ કાળે પરવડેજ નહીં. એક ડાકટર ફકત ત્રણસોજ જાણની તાવ જુવે અને સમજો કે નાડ જોતાં, થરમામીટર સાફ કરતાં, નાડી માંડી લેતાં દર બીમાર દીઠ ત્રણ ત્રણજ મીનીટ થાય તો તેના ૧૫ કલાક નીકળી જાય. આ વીએના ઇસ્પીટાલમાં તેમ નથી. એક સાંચો બનાવેલો છે જે ચપ—ચપ ચપ—ચપ દરેક બીમારની મુઠીમાં પકડાવીને એક ખાસ અમલદાર ઝપાઝપ ટેમપ્રેચર માડી લઇ ચાલતો થાય છે. તેનું કામજ એ છે. યારો—વળી પાછું હું આપણી તરફના વૈદરાજોનાં ટેમપ્રેચર જોતી વખતનાં લાંબાં ગંભીર ડાચા અને વીચારવંત આંખના ડોળાની યાદ કરૂં છું ત્યારે વીએના, બહાદુર વીએના કેવું હૈયે ચહડીને હાંફરો થાય છે.

બધા ડીપાર્ટમેંટ જોતાં પગની કઢી થઇ, પણ મન ધરાયું નહીં. દેવલાલી ખાતે ખહીના દર્દીઓ માટે મરહુમ બાહાદુરજીની યાદગારીમાં જે ખાસ સેનેટરીયમ ઉઘાડવામાં આવ્યું છે તેમાં આ અદના નોકરનો કાંઇક હાથ છે. એટલે વીએનાની આ રાક્ષસી મોતેબર ઇસ્પીટાલમાં એ રોગના સંબંધમાં શું બંદોબસ્ત રાખ્યો છે તે જોવાની મારી ઉમેદ ઘણી હતી, કારણ કે ત્યાંથી બે પાંચ નવા ખ્યાલ શીખવાની મારી ખાત્રી હતી. મારી આ ઈચ્છા જાહેર થતાંજ મારો સરજયન ભોમીઓ મને તુરત તે ડીપાર્ટમેંટમાં લઇ ગયો. આ જુદીજ મોટી ઈમારત છે અને ત્યાં પુરૂશ સ્ત્રી મળીને બસો બીમારો પડેલાં હતાં. પણ મારે કબુલ કરવું જોઇએ કે વીએનાની ઇસ્પીટાલમાં ખહીનાં ખાતાંમાંથી નવું હું કાંઇ શીખ્યો નથી—બલકે મારા કેટલાક અનુભવ ઉપરથી હું તેમને કાંઇક શીખવું એવું છે. દર્દીઓનાં બીછાનાં હારોહાર મુકેલાં તેની વચ્ચે ફકત છ ફીટનો અંતર જોઇ મને ઘણી અજાયબી પેદા થઇ. ખહીની બીમારીનો એકલો ઇલાજ ખુલ્લી હવા છે એવું આજના જમાનાની શોધે દેખાડયું છે તે છતાં બે ઓરડામાં બસો બીમારોને સંઘરેલા જોઇ હું વીસમય પામ્યો. અલબતે તેઓને સવાર સાંજ બહાર કમપાઉંડમાં ફરવા સારૂં કહાડી નાખવામાં આવે છે પણ તે કોઈ રીતે ફરજયાત નથી. તે લોકની લબ, મળ મુત્ર, કપડાં સર્વે ઘણાંજ જુદાં હોવાં જોઇએ તેવું અત્રે ઝાઝું

નથી. જ્યારે આ ખામી વીશે મેં મારા સરજ્યન મીત્રને પુછ્યું ત્યારે તે જરા ગંગેટાયો ખરો, પણ મને ખુલ્લાં મનથી જવાબ દીધો કે એમાં અમે શું કર્યે? જે રીતે ખડ્ડીની ઇસ્પીટાલ જોઇએ તે માટે પચાસ લાખ રૂપીઆબી બસ પડે નહીં. અમારી સરકાર ઘણી ગરીબ છે અને એટલી રકમ આપી શકે નહીં અને મારૂં પોતાનું મત એવું છે કે ખડ્ડી બીજા દરજ્જા ઉપર વધી એટલે તે ઉપર પૈસા ગુમાવવા ફ્રોકટ છે. થોડું લખવે ઘણું કરી જાણજો.

આ ઠેકાણેથી બહાર પડયા કે સેવટનું ખાતું—બબરચીખાનું—તેનું વર્ણન આપું છું. બબરચીખાનું ખાસ્સું એક મોટા બંગલા જેટલું કુશાદે હતું. બબરચી-ખાનું કે રાંધણીનો દાદો! એક ગમથી ઇનજીન ઘરર ઘરર ચાલે અને તેમાં ખીમો છુંદાય ને આટો મસળાય, કેકો બને અને બીજી મેરથી એક દયાની બેહેનનાં ઉપરી-પણાં તળે ૪૦ સ્ત્રીઓ ચાલીસ ચુલા ઉપર પકાવવાનું ચલાવે. વાસણો સઘળાં રૂપાનાં પ્લેટ કીધેલાં અને ચુહલાબી જાણે હમણા સોનીને તાંહુથી ચાંદીના બનીને આવ્યા હોય. ઘંટ વાગે ત્યારે દરેક ખાતાંની વડી સીસટર આવીને પોતપોતાનાં બીમારોને માટે ડાકટરોએ ફરમા.ેા ખોરાક હાથ ગાડીમાં સંભાળથી મુકીને લઈ જાય, અને સઘળો બંદોબસ્ત જાણે કીમતી ટંકશાળ ચાલતી હોય તે મુજબનો પાણીના રેલા જેવો જણાય. બે હજાર જણને માટે રાંધવાનું, દુધ, સુપ, વગેરે તૈયાર કરવાનું. પણ

હું ધારૂં છું કે આપણા ઘરમાં નવ જણ માટે નાસ્તો તૈયાર કરવામાં વધારે ધધુખર થતી હશે!

હવે હું મારી મુલાકાતના છેલ્લા તબકકા ઉપર આવું છું. સેવટનો ડીપાર્ટમેંટ તે 'અકસ્માત'નો હતો. જ્યારે અમે દાખલ થયા ત્યારે પહેલી નજરે દેખાવ એવો લાગો કે જાણે કોઇ કસરતશાળામાં પેઠા હોઇયે. કોઈને ખુરસીપર બેસાડેલા અને ખભાંમાંથી કપીએ ટાંગેલા, કોઇનો પગ હવામાં ઉંચો ટાંગી રાખેલો, કોઈનાં પેટ ઉપર ઉંચેથી આઇસનું પાણી ટપકયાં કરે. એવાં સેંકડો ભાંગેલાં તુટેલાંઓનું આ સંગ્રહસ્થાન જોવાજોગ હતું. રમતીઆળ બચ્ચાંઓ ઉંચેથી પડીને હાથ પગ ભાંજી આવેલાંઓ ત્યાં બેસુમાર દીસતાં હતાં. પણ શું તેઓની માવજત! વાહ! દયાની બહેનો, ખરેખર તમારૂં જીવ્યું પ્રમાણ છે. બેહેસ્તનો તોસો તમોએ આ ધર્થીમાંજ હાંસલ કીધો છે. આગળ માતાબી નહીં ને બેહનબી નહીં. દયાની બેહન, મા—બાપ ભાઈ—બહેન—સઘળાંની ગરજ સારે. હું ફરીથી કહું છું કે આ વીએનાની પાદશાહી ઇસ્પીટાલથી મારાં મગજ ઉપર જે છાપ પડી છે તે હું જીંદગીના છેડા સુધી વીસરનાર નથી. હવે ઈસ્પીટાલ વીશે બસ. ઘણી આનાકાનીથી આ વીશય હું અત્રે સમાપ્ત કરૂં છું. પ્યારાં વીએના, તારી દર્દીઓની માવજત માટે તું મારે મનથી આખ્ખી પૃથ્વીની સરદાર થવાને લાયક છે. કેમ ભાઇઓ, કાંઇ વાંચવામાં સ્વાદ, પડયો?

પ્રકરણ—૩૧ મું.

હૉસ્પીટાલ તો ખલાસ થઇ પણ તોબી વીએનાનો છેડો છોડવો છે કે નહીં ? હજુ જરા બાકી છે. આસ્ત્રીઆના શાહનશાહનું ઝવેરાત આખા યુરોપમાં તો શું પણ સારી પૃથ્વીમાં કીમતી ગણાય છે. પણ રમુજ એ છે કે શાહનશાહ તે મોટા તેહેવારોમાં પેહેરી શકે—છતાં તે મતા તેની પોતાની નથી. કરોડો રૂપીઆના દાગીનામાંથી પાંચ રૂપીઆનો એક મોતીનો દાણો તે વેચી શકે નહીં. એ મીલકત પ્રજાની છે અને તેનો અખત્યારબી પ્રજાનાજ હાથમાં છે. છેક ૪૦૦ વરસ ઉપર એમપરર મેકસીમીલીઅને આસ્ત્રીઆનું રાજ્ય સ્થાપ્યું ત્યારથી આ કીમતી ઘરેણાંનો સંગ્રહ થતો આવ્યો છે. અને તેમાં એકેકી એવી જાણુસ છે કે જે જોતાં ફીફડી ફાટી જાય છે. આ ઘરેણાં સઘળાં એક મોટા પાદશાહી મેહેલમાં મુકયાં છે અને તે ઉપર પ્રજા તરફના રાખનદારોની ચોકી છે. પણ તે કોઇનેબી જોવાની છુટ છે. માત્ર એટલુંજ કે અગાઉથી રજા ચીઠી કહડાવવી જોઈયે અને અંદર દાખલ થતી વેળાએ લાકડી છત્રી વગેરે સોલજરોના સ્વાધીનમાં આપવું જોઇયે. ૧૭૬૫ ના સાલમાં એમપ્રેસ મરાયા થરીસા થઈ ગઈ તેણીને જુએલરીનો ભારી શોખ હતો પણ તેણીનો પતી મરણ પામવાથી તેણીએ સપત લીધા કે હવે હું

કાંઈ જાણસ પહેરનાર નથી. આ સઘળી જાણસો તેણીએ પ્રજાને આપી દીધી હતી તે આ સંગ્રહમાં સર્વેથી કીમતી છે.

આ સઘળાં હીરા મોતીનું વર્ણન આપવા બેસું તો માથું ચળી જાય માટે તમારા ખ્યાલમાં સેહેજ સાજ ઉતારવા માટે જરા એસારો કરૂં છું. દાખલ થતાંજ પાદશાહી તાજ પ્રજાને જોવા માટે મુકયું છે. આ તાજના પેહેરનારનું માથુંબી કોણ જાણે શાનું હશે! તાજ તમામ સોનાનું છે અને તેપર મીના કામ કરીને વગર કાપેલા મોટા મોટા હીરા જડેલા છે. આ તાજની પાસેજ મહાન શાહોના શાહ શારલામેનની તલવાર મુકી છે જેને માટે કહે છે કે તે ખલીફ હારૂન અલ રશીદે શારલામેનને માટે બક્ષીસ મોકલી હતી. વાંચનારને કહેવાની જરૂર ન હશે કે આ શારલામેન છેક બારસો વરસ ઉપર ફ્રાંસમાં રાજ કરી ગયો હતો અને તે એવો તો લડવૈયો હતો કે લગભગ આખું યુરોપ જીતી લીધું હતું. આ શેહેનશાહની કબર છેક પાંચસો વરસ પછી એ-લા-શાપેલમાં ઉઘાડવામાં આવી ત્યારે શારલામેનનું કાલબુદ બેઠેલી હાલતમાં માલમ પડયું હતું અને બહારની હવા લાગતાંજ તે તુરત સુકાઇને પડી ગયું. કહે છે કે તે વાર તેના ખોળા ઉપર એક લાલ ચર્મ પત્રની બાઇબલ હતી જે હમણા આ આસ્ત્રીયન સંગ્રહમાં ઘણી ઉકમાઈથી દેખાડવામાં આવે છે અને જે ઉપર દરેક નવો શાહનશાહ ગાદીએ આવતાં

સપત લે છે. ખરૂં ખોટું તો ભગવાનજી જાણે! આ સઘળી જાણસોની પાસે એક નેજો છે તેમાં એક લોહડાંનો ખીલો મારેલો છે. કહેવામાં આવે છે કે યાહુદીઓએ જ્યારે ઇસુખ્રીસ્તને ખીલા વડે ક્રાસના ઉપર જડીને મારી નાંખ્યો ત્યારે જે ખીલા વાપરવામાં આવ્યા હતા તે માહેનો અસલ ખરો ખીલો આ છે. ગમે તેમ હોય પણ ભાવકી સેવકો અને સેવકીઓ આ ખીલાને જોતાંજ જે રીતે ચુમ્મા ચુમ્મી ચલાવે છે તે જોતાં હું તેની અદેખાઈ કરૂં છું. જબરો નસીબદાર ખીલો બા. તેજ પ્રમાણે અસલ ક્રુસનો એક લાકડાંનો કડકો પણ ત્યાં મહા ઈજતથી જાળવી રાખ્યો છે. આ વાત તો ખરી ખોટી હું કહી કેમ શકું પણ એટલું તો ખરૂં કે યુરોપમાં ફરતાં તમને અસલી ક્રાસ માહેનાં લાકડાંના એટલા બધા તો કકડા દેવલોમાં અને મઠોમાં પાદરીઓ બતાવશે કે જે સઘળા જો ભેગા કીધા હોય તો આખી એક મનવાર બંધાય. પણ આગળ ચાલો. એક નાહના બીલ્લસ જેટલા કપડાંના કકડા ઉપર સઘળા તમાશગીરો વાંકા ટીકા થઇ થઈને જોયછે તે શું છે? અરે એ તો ક્રાઈસ્ત સાહેબ જ્યારે ૧૯૦૦ વરસ ઉપર પોતાનો છેલ્લો નાસ્તો કરવા બેઠા તે વેળા ટેબલ ઉપર બીછાવેલા ટેબલ કલોથનો એક ટુકડો છે. આહા, શું કપડાંનું કુમાસ હશે કે ૧૯૦૦ વરસ થયાં પણ ધાડ આવી નથી. એટલુંજ નહીં પણ હું કમબખતે, આજે જાણયું કે ૧૯૦૦ વરસ

ઉપરબી અડધા જંગલી યુરોપીયનો નાહાસભાગમાં ખાતી વખતે ટેબલ કલાથ બીછાવતા હતા. પણ હશે. આ વાત હું માનું છું, કારણ કે પાસેજ એક બીજો ખાદીનો કકડો દેખાડવામાં આવે છે જે વડે હઝરત ઇસુ ખ્રીસ્ત એપોસટલ્સોના પગ ધોઇને નુછતા હતા. આવી આવી ધર્મી જણસોથી જાણે જીવ ધરાતો ન હોય તેમ સેંટ જાન ધી બાપટીસ્ટનો ૨૦૦૦ વરસનો એક દાંત પણ ત્યાં સોનામાં મઢીને દેખાડવા મુકેલો છે.

પણ હું તો અધર્મી છું અને આવી આવી ચીજોનો મને ઝાઝો શોખ નથી. આપણી મતી તો જરા હીરા મોતી તરફ વધારે ખરી. શાહનશાહબાનુ ઇલીઝાબેથનું તાજ જોઇ મોહમાં પાણી છુટયું સહી. ઉપર સફેદ તારા જેવા તમામ બીલીઅન જડેલાં અને ફકત એકજ તાજની કીમત ૧૫ લાખ રૂપીઆ. આ બાઈ સાહેબબી બડાં શોખીન મુએલાં હશે કારણ કે તેમની એક હીરાની માળા દેખાડવા મુકી છે તેમાં ખાસ્સાં અરધા રૂપીઆથી તે બે આની જેવડાં ૭૦૦ બીલીઆનોની સાત સેર લગાડી દીધી છે. કીમત? તે તો આપરે શું જાણીએ, સોરાબજી અને જમશેદજી ખાનને પુછો. પણ આ શોખીન શાહાનશાહ-બાનુ આટલા બોજાથી ધરાયાં નથી. હાથની પોંચી અથવા બ્રેસલેટ છે તેમાં ૨૪૦ સફેદ મોતી છે જે દરેક અકેકું સુરતી બોર જેવડું હશે. તેની ચાંપ ઉપર એક હીરો છે તેનું વજન ૭૫ કેરેટ! પણ આ ચાઈ બાઇ સાથ

આપણને શું સ્નાન સુતક છે? છો રહયાં, જે પહેરે તેને ભારી. લ્યો આજને આજ આ કોઈ મને મુફત આપી દેવા કહે તોએ બે વાર વીચાર કરૂં. આ સંગ્રહસ્થાન માહેની અકેકી જણસોની કીમત લખોથી નહીં પણ કરોડોથી ગણાય છે. બલકે કેટલીક ચીજો તો એવી પવીત્ર છે કે કદાપી કામ પડે તો પ્રજા પોતાનું રાજપાટ ને મુલક મુકી છુટે પણ આ જીણસ નહીં છોડે.

શાહાનશાહબાનુ મરાયા થરીસાનો મેહેલ વીએના-વાસીઓની મગરૂરી જણાય છે. જ્યાં સુધી ત્યાં જવાનું મેં કબુલ કીધું નહીં ત્યાં સુધી મારા કુરીઅરે મને ઝંપીને બેસવા દીધો નહીં, ને મેહેલ પણ છે તેવોજ. ફ્રેંચ એમપરર નેપોલીઅન બોનાપાર્ટ જ્યારે યુરોપ જીતતો જીતતો વીએના આવી પહોંચ્યો ત્યારે આ મેહેલમાં ઉતર્યો હતો. આ વાર તે કયા પલંગ ઉપર પોઢતો હતો તેબી દેખાડવામાં આવે છે અને કોઈ ન જોય તેમ ઉપર બેસો તોબી અડચણ નથી. એક પછી એક ઓરડામાં જતાં સોનું અને રૂપું, આરસા અને ગુમરથી માથું ચરી જાય છે એટલે તેનું વર્ણન આપવાની હું જરૂર જોતો નથી. ફ્રાંસમાં જઈશ ત્યારે તેની વાત.

મને જણાવવામાં આવ્યું કે વીએનામાં જેવી મોટી કપડાંની દુકાનો છે તેવી બીજે કેથે નહીં હશે, એટલે હું એક મોટી દુકાન જોવા ગયો. નામ વરથીમ બ્રધર્સ. જાતે વેલાતી જુઉ. મેં પુછ્યું કે મને એક ફ્રાક કોટ જોઈએ છે તે મળશે?

"હા સાહેબ."

"પણ મને ફ્રીટ કેમ થશે?"

"તેની ચીંતા નહીં સાહેબ, લગભગ ૫૦૦ જાતનાં કપડાંના દોઢોડ લાખ સુટ અમારી પાસે તૈયાર રાખીએ છેએ. તે બાર વરસના છોકરાથી તે હ્યા ફ્રીટ ઉંચાં માણસને આવે તેવી રીતે અડધો અડધો ઈંચ ચહડતા માપના છે. તમને ફ્રીટ થવાજ જોઇએ."

દોઢોડ લાખ સુટ! મુવા છુટા. લીફ્ટમાંથી બીજે માળે ગીઆ તો ખરેખાત! કાક કોટનું નરૂં જાણે વન! લાઇનની લાઇન ડગલાઓની આવ્યા કરે તે નીઠેજ નહીં. તે ઉપરાંત જમીનથી સીલીંગ સુધી ડરંગ મારેલા તે જુદા. હું કોણ છું અને મારો એરાદો એક કેતાબ લખવાનો છે, એમ જ્યારે માલેકોએ જાણ્યું ત્યારે આગ્રહ કીધો કે અમારાં બીજાં ખાતાં જુઓ. પાટલુનનાં ખાતાંમાં દોઢોડ લાખ પાટલુનજ પાટલુન. વેસ્ટકોટનાં ખાતાંમાં લખ્ખો વેસ્ટકોટ. બધા અડધા અડધા ઈંચથી ચહડતી સાઈઝના. ના૦ ૪૫ નહીં આવે તો ૪૬. તેબી ટાંચો પડે તો ના૦ ૪૭ તૈયારજ છે. કોઈ પાછો તો જાયજ નહીં. સ્ત્રીઓનાં ડીપાર્ટમેંટમાં બલાઉઝીઝ અને ઘાઘરાબી તેમજ. લખ્ખોથી વાત. શેઆલ બલાંકેટનો હીસાબ પણ તેમજ. અરેરે બાપરે, એ લોક આ બધાં ઉપર ધ્યાન કેમ રાખતા હશે, અને હીસાબ કેમ રહેતો હશે? લખો રૂપીઆનો માલ તેનું વ્યાજખાધ શું પડતું હશે? કાંઇ સમજ પડી નથી.

નીચે ભોંયરાંમાં ૫૦૦ દરજીઓ બેસાડેલા તેઓ આગળ ૫૦૦ સીવવાના સાંચા ચાલે. આખા દીવસમાં જે ખપ થાય તે રાતો રાત પાછું તૈયાર કરીને સ્ટોક દરરોજ સરખો ને સરખો રાખવાનો. પાટલુન ને ડગલા વેત્રે, તેબી હાથથી નહીં, પણ દરેક માપના સાંચાથી કાપે અને તેબી પચાસ પચાસ નંગની ઢગલી સાથે કાપે. જુદા જુદા દરવાજામાં મળી મેં ચાલીસ કેશીઅરો ગણ્યા. હવે વીચાર કરો કે પાંચસો દરજી, ચાલીસ કેશીઅરો, મોટી જંગી ઇમારત, સેલસમેનો, ઇન્સપેક્ટરો વગેરેનો ખરચ શું હશે અને તે ખરચ પુરો પાડવા માટે રોજના કેટલા હજાર તૈયાર સુટ વેચાતા હશે? હું આગળ કહી ગયો છું કે વીએનામાં મોટા ઉસ્તાદ વેપારી ઘણા ખરા ઇસરાયલ અથવા યાહુદી પંથવાળા છે. સટો પંજો કરવેબી હુશીઆર. હું જયારે વરથીમ બ્રધર્સને ત્યાં ગયો ત્યારે મારા હાથમાં મારી માનીતી ગેંડાનાં શીંગડાંની લાકડી હતી. જયારે તડકામાં પકડી હોય ત્યારે તેમાંથી રોશની દેખાય જે બારે ડોળે દુકાનના માલેકો જોયા કરતા હતા. આખરે તેમની ધીરજ રહી નહીં.

"સાહેબ, આએ લાકડી શાની છે?"

"ગેંડાનાં શીંગડાંની."

(તપાસી જોઇને) "ઘણી સુંદર છે. ઘણી કીમતી હશે?"

"હા; સુમારે બસેં માર્કની હું ધારૂં છું." માર તોપ બચ્ચા, કોણ પુછે છે. મેં તો અમેની એક દુકાનપર ૩૨૦ આંપ્યા હતા.

"અંહ, એ વેચશો ?"

"નહીં, હું દલગીર છું કે મારે એ વેચવાની નથી."

"તમને ૨૫૦ માર્ક આપવા અમે તૈયાર છેએ."

"ના, હેંક યુ" સારાંસ કે કાંઈબી નવાઇની ચીજ નજર પડી કે એકના એકવીસ આપવાને એ વેપારી બચ્ચા ડરે નહીં. અઢીસો માર્ક એટલે લગભગ ૨૦૦ રૂપીઆ થયા !

હવે વીએના તમામ થયું. કાલે પાછું વીઝબાડન જવું છે. પ્રોફેસર સાહેબે એક મહીનાની મેહેતલ આપી હતી તે પુરી થઇ છે. ચશમા સારૂ આંખ વાર જુએ છે વીએના સલામ—તને છેલ્લી સલામ !"

રાતના ખાઇ પીને નવ વાગે વીએનાને છેલ્લી સલામ કરી. આખી રાત ટ્રેનમાં કાઢાડવાની એટલે જરા બરડો નાખવાનું થાય તો ઠીક. પણ આ કાંઇ કાળું હીંદુસ્તાન નથી. મેં વીઝબાડન સુધીની મુસાફરીના પચાસ રૂપીઆ આપવા માગ્યા કે સુવાની એક બર્થ મળે પણ તે મળી શકી નહીં. પાંચ બોચકાં હતાં તે તોલાવીને ઠેઠ વીઝબાડન પુગે તેમ બ્રેકમાં નખાવી દીધાં અને એક ચામડાંનો મધ્યમ કદનો હેંડબેગ અને ઓવરકોટ લઇને ખોદાનું નામ લઇને બેઠા. મારી સાથે ફર્સ્ટ કલાસમાં એક અમેરીકન, એક આસ્ત્રીઅન અને બે જર્મનો હતા. આખી રાત બેસી રહેવાનું એટલે પહેલાં અગીઆરેક વાગા સુધી સર્વે ડાહ્યા ડોહોરા થઇને બેસી રહયા પણ કાયા

તે ક્યાં સુધી ટકે? મધરાતે સર્વેએ કોપરાં જોખવા માંડયાં. કોઇની લાત ક્યાં તો કોઇનું માથું ક્યાં. મારા હેંડબેગમાં મારી સ્ટીમરની પાસીજ, કુકની સરકયુલર નોટો, મુંબઇથી પેહરામણી થયલી તેની કરનસી નોટો, આ હેવાલ લખવા માટેની ભેગી કરેલી જીવતોડ મેહેનતની યાદી બુક, સર્વે હતું, એટલે બેગને બે પગની વચ્ચે પકડી રાખી મેંબી ઉંઘવા માડયું. દર કલાક કલાકે ઝબકીને ઉઠું કે રખે બેગના પગ થઇ જાય. જેમ તેમ અકૂળાઈ ઓકાઈને રાત કહાડી. સહવારના છ વાગાતે નયુરન-બર્ગ સ્ટેશન આવી પહોંચ્યું. મારી સાથવાળા બે જર્મનો ઉતરી પડયા. ગાડીની બહારજ આશરે દશ ફીટને તફાવતે ગરમ કાફી વેચવાની એક નાહની ટેબલ માંડેલી હતી. મને ડાકેલો જોઇ અમેરીકન બીરાદરે સુચના કીધી કે કાફીનું એક કપ પીશું તો હુશીઆર થઇ જશું. અમે બંને જણ ઉતર્યા અને એક મીનીટમાં કાફી ગટાવી જઈને પાછા આવ્યા તો મારો હેંડબેગ ગોબ !! ઓજ્જા! હવે? પેલો આસ્ત્રીયન ગ્રહસ્થ જે અંગ્રેજી જાણતો હતો તે કહે "ગભરાવો ના, પેલા બે જર્મન જેનટ-લમેન ઉતરી ગયા તેઓ સાથ ભુલમાં ચાલી ગયો હશે." અમેરીકને સુચના કીધી કે "તમે અહીં ઉતરી જાઓ ને ખબર કહાડીને બીજી ટ્રેનમાં આવજો." પણ ઉતરીને જાઉં ક્યાં ચુલામાં! બધા પૈસા તો બેગમાં હતા. પાંચ મીનીટની વાર હતી તેટલાં ગાર્ડને બોલાવ્યો અને તેને

આ બનાવની ખબર જર્મનમાં આપી. તે પેલા બે જર્મનોની પાછળ દોડયો અને બે મીનીટમાં હાંફતાં હાંફતાં આવીને ખબર આપી કે તે લોકના સામાનમાં તો કાંઇ નથી. ટ્રેનની સીપટ્રી ફુંકાઇ—અરે—અરે - આ વાર હું જેટલો ગુંચવાઇ ગયો હતો તેટલો કોઈ વાર ન હશે. પારકો મુલક, પારકી ભાષા, ખીસામાં પાંચ છ શીલીંગ સીવાય બીજું કાંઇ નહીં, બેગમાં રૂપીઆ ત્રણ ચાર હજારનો અવેજ. હવે શું કરવું! ટ્રેન તો ચાલી અને તેમાં હું બી આગળ ચાલ્યો. પેલો આસ્ત્રીઅન અને અમેરીકન મારી ઘણી દયા ખાવા લાગ્યા. તે લોકોએ ખાત્રી આપી કે આ બે જર્મનો આબરૂદાર દીસ્તા હતા માટે "બેગ" કાંઈ સંજોગથી ગેરવલે ગયો હશે તે જરૂર પાછો આવશે. પણ તેટલાં ખાઉં કોણને? લંડન મારા મીત્રોને લખીને પચાસ પોંડ તારથી મંગાવીને હીંદુસ્તાન પાછું ફરવું કે કેમ? મારી તબીયત ખાટી બટ મારીને બગાડી ગઈ અને હું ઉજળો વાખ જેવો થઈ ગયો. આખરે આસ્ત્રીયને શીખામણ આપી કે બીજાં સ્ટેશને પુગતાં આપણે ન્યુરનબર્ગની પોલીસને તાર કરીએ કે "બેગ"ની શોધમાં રહે અને કદાચ મળી આવે તો મને વીઝબાડન તાર કરે અને ત્યાં પ્રોફેસરની કેરમાં મોકલી આપે. ભલા આસ્ત્રીયને તાર લખી આપ્યો અને પોતેજ દોડી જઇને તાર આફીસમાં લાગુ કીધો. મેં તો બેગપર પુરો મુકયો અને નીરાશ થઇને બપોરના બે વાગે વીઝબાડન પુગો. બાપા, મુછમાં

હસો—પણ ચાર હજાર રૂપીઆ કેવા થાયછે તે જાણોછ ? અને તેબી વળી ઘેરબારથી હજારો મૈલ દુર દરાજ મુલકમાં ? નાપાકની ખાધી સ્ટીમરની પાસીજબી તેમાંજ, મારી કીમતી નોટ બુકોબી તેમાંજ. મેં મારી હકીકત જઇને ભલા પ્રોફેસર પાજેનસ્ટેચરને કહી જેઓએ મહેરબાની કરી બર્લીનની પોલીસપર તાર કર્યો. પણ તાર કરો કે ફાર કરો એ તો સેસ ચોંટી. બપોરના ૩ા વાગતે ન્યુરનબર્ગથી તાર આવ્યો ! આહ, તે ઉઘાડતાં કેવા મારા હાથ ધ્રુજતા હતા.

"મી૰ મરઝબાન, તમારા બેગનો કાંઈ પતો નથી દલગીર છૈએ."

તારો બાપ બપાવો મરે એમનો એમ. રડમસ થઈ હું બે દહાડા ફર્યા કીધો. હું રોજ સ્ટેશન ઉપર ખબર કહાડવા જતો હતો પણ કાંઈ હાગ લાગો નહીં. આખરે ચોથે દહાડે મેં લંડન મારા મીત્રને તાર કરવાનો વીચાર કીધો કે પચાસ પૌંડ ઉછીના મંગાવું તો હાડકાં ઠેકાણે પડે. તાર લખવા સારૂં હું મારા ઓરડામાં દાખલ થાઉંછ તો આ !! મારો ખોવાયલો "બેગ" ટેબલ ઉપર મુકેલો !! તેની આસપાસ એક રસી બાંધી હતી અને ઉપર સીલ કીધેલું હતું. એ કોણ લાયું, મારી ટેબલ ઉપર કોણે મુકયો તેની મેં ઘણીબી ખોળ કરી પણ કોઇને માલમ નહીં. હાઉસકીપર કહેજે મેં ઉપર મોકલ્યો નથી, મેડ કહે હું જાણતી નથી !! કલીનીકમાં પાંચ મીનીટમાં આ

ખબર ફરી વળી અને ડાક્ટર સ્ટાઇન તથા બીજા દોસ્તો દોડી આવ્યા. "હવે ગમે ત્યાથી આવ્યો પણ મી૦ મરઝબાન, જરા ચીત ઠેકાણે રાખો ને ઉઘાડીને જુઓ તો ખરા કે બધું બરાબર છે કે?" ખરી વાત. મેં તુરત સીલ ફોડયું અને કુચી લગાડીને કોથળો ઉઘાડયો તો, સરક્યુલર નોટ, સોનાના સોવરેન, મુંબઇની નોટ, પાસીન્જ ટીકીટ, સઘળું જેમનું તેમ હતું. શોકર ને દાદારના. મેં કેવો સંતોષનો નીસાસો નાખ્યો હશે તે સમજી લેજો. એ કોથળો પાછો કોણ લાવ્યું અને ક્યાંથી આવ્યો તે આજની ઘડી સુધી હું જાણતો નથી.


પ્રકરણ—૩૨ મું.

ચાલો ભાઇ, ખાધું પીધું ને પરવારી ગયા. પ્રોફેસર સાહેબ હવે ચસ્માના કાચ 'ફીટ' કરવાની વાત જુએ છે. આઠ દહાડા ચસ્મા બનાવતાં થયા કે પછી પ્યારાં વીસબાડનને છેલ્લી સલામ. પેલું જગાની બત્રીસીએ ચહડી રહેલું લંડન ખોટી છે. લંડન જવાના બે ચાર રસ્તા છે પણ વીસબાડનથી ઓછામાં ઓછી મહેનતે જવું હોય તો રોટરડેમનો રસ્તો સર્વેથી સહેલો છે. શીપીંગ ઓફીસમાં ગયા અને ટીકીટના પૈસા તોલ્યા કે તમારે માથેથી જંજાળ ઉતરી. યાદ રાખજો—સાથે એક હેંડબેગ સીવાય બીજું કાંઇ રાખવું નહીં—યાદ રાખજો —ફરીથી કહું છું કે યાદ રાખજો. બપોરના બે વાગે ટ્રેનમાં

ઉપડયો કે બીજે દહાડે સાંજના છ વાગે ગાડી રોટરડેમનાં સ્ટેશન ઉપર આવીને ઉભી. ગાડીની બારીમાંથી જોયું તો સ્ટીમર પાસેજ ઉભેલી! એક પગ ટ્રેનમાંથી બહાર અને બીજો પગ આગબોટ ઉપર મેલવાનોજ વાર. દરેક પાસીનજરને તેની કેબીનનો નંબર આગળથીજ આપવામાં આવે છે એટલે કશી ગુચવણુ થતી નથી. આગબોટ ઉપર પગ મેળતાંજ પહેલાં શું નજરે પડે છે? વીહીસ્કી અને સોડા! નાકના દાંડા આગળજ મોટો 'બાર' ડેક ઉપર ઝમઝમી રહયો છે અને ત્યાં અત્યારથીજ સટકણનું બાજાર ગરમી ઉપર આવેલું છે. રોટરડેમ આગળથી ચેનલ ઓળંગતાં દરયો ઝાઝો લાગતો નથી પણ આખી રાત નીકળી જાય છે, એટલે બેહેતર પ્લાન એ કે તમારી કેબીનમાં જઇને ગોતું મારી જવું. રાત કેમ પસાર કીધી તે હું જાણતો નથી પણ સવારના છ વાગતામાં કેબીનનું બારણું ઠોકાયું કે "ઉઠો ઇંગ્લાંડનો કીનારો અરધા કલાકમાં આવી પુગશે." ઝટ ઉઠી, ડગલો ઓળવી લઇને ડેક ઉપર જઈ ઉભા કે આઘેથી નામાંકીત ઇંગ્લાંડના સફેદ ખડક દીસવા માંડયા અને સેજ વારમાં સ્ટીમર ડંકામાં જઇને ઉભી. અહીં પણ ટ્રેન પાસેજ તૈયાર ઉભી હતી તેમાં બેઠક લીધી કે ચાલીઆ—કહાં? લંડન.

આહ! લંડન લંડન—મારી બચગીનું સ્વપનું આખરે ખરૂં પડયું ખરૂં. મેં અગાઉથીજ સાંભળ્યું હતું કે લંડન બીજાં બધાં યુરોપનાં શેહેરોનું સરદાર છે પણ તેનો

ખરો ખ્યાલ મને હવે પછી મળ્યો. મુંબઈથી આઠ ઘણું, બર્લીનથી ચાર ઘણું લંડન આજના જમાનાની એક બેશક નવાઇ છે. કુવા માહેના દેડકાની પેઠે હું આજ સુધી એમજ સુજમાં રહેતો હતો કે અમારી મુંબઈ નગરીનું વીકટોરીઆ ટરમીનસ સ્ટેશન આખી દુન્યામાં સર્વેથી ઉત્તમ હશે અને એ બાંધવા પાછળ ત્રીસ લાખ રૂપીઆ ફોકટના શા સારૂ નાખી દીધા હશે. પણ હું ચારીંગ ક્રાસ સ્ટેશન ઉપર આવી પહોંચ્યો ત્યારે મારી તો ફીકુડીજ ફાટી ગઇ. મારા પારસી બીરાદરો માહેના ઘણાકો લંડન ગયા છે, જાય છે અને જનાર છે માટે લંડન માટેનું મારૂં બખાણ અનેક ટીકાઓ સાથે વંચાશે અને તે ઉપર જાત જાતની કાહાણીઓ પડશે તે હું જાણું છું અને તે માટે પહેલાંથી મારી હુશીઆરીમાં છું પણ કહેવા વના ચાલતું નથી કે એ તો કોઠે કોઠેની બુધ. જે આંખ્યોથી હું જોઉં છું તે બીજાઓની દરશ્ટી શકતીથી કેવળ જુદીજ હશે તેમાં મારો વાંક નથી. એકજ દાખલો આપીશ. એક વાર લંડનની ફાયર બ્રીગેડનું જગપ્રસીદ્ધ ખાતું તેના પુર બહારમાં જોવાની મને તક મળી. આગના પ્રયોગ મને કરી બતાવવામાં આવનાર હતા એટલે મેં એક મીત્રને ઇજન કીધું કે આવ મારી સાથ, આવી રીતે જોવાની બીજી તક મળશે નહીં. તેણે શું ઉત્તર આપ્યો? શું ધારો છો? "અરે હવે બ્રીગેડ ને ફીગેડ, એમાં શું જોવાનું—આપુને તો બા કંટાળો



આવેછ. મુંબઇમાં આગ નથી જોઇ કે?" હું આ જવાબથી અને મારા હીંદુસ્તાની મીત્રની બેદરકારીથી ઘણો નીરાશ થયો અને તેના નામ પર પુરો મુકયો. જરા વારે મારી અજાયબી વચ્ચે તેણે ઘણી આતુરતાથી પુછયું "આઇસે, આજે રાતના ખાવા કાંહાં જવાનો છે?"

"મેં કાંઇ નક્કી વીચાર કીધો નથી-કાંય વારૂં?"

"જોની, આજે "ગોટ્રી રેસટોરાં"માં ચંપ ચાપ છપાયલું મેં વાંચ્યું, અને એ લોક ચંપ ચાપ ઘણા સરસ આપેછ. તું માન, બે આંગળ ચરબીનો ડર-બે આંગળ! બ્રીગેડને કહાં આગ લગાડેછ ચાલ મુંગો મુંગો, આપરે આજે તાંહાં જઇએ!!!"

બોલો હવે, શું ધાર્યું? લંડનની ફાયર બ્રીગેડ જેની જોડી આખી દુન્યામાં નથી તે જોવાનું શું બળ્યુંછ. તેના કરતાં બે આંગળના ડરવાળો ચરબીનો ચંપ ચાપ ખાવાનો સવાલ વધારે અગત્યનો કે નહીં? ઇંડીઆથી હજારો મૈલ સુધી ચાપ ખાવા આવનાર બીચારાની લાગણી ઉપર હું હજારો હજાર શોકર કરૂં છું. એવા ચાપ કાંઇ મુંબઇમાં ખાવાના મળે? એવા સાહેબો આગળ મારૂં લંડનનું વૃતાંત વ્યર્થ જશે અને નકામું લાગશે પણ જેઓને કાંઇ શીખવું કે જાણવું હોય તેઓને મારાં હવે પછીનાં દાસ્તાનો વાંચવાની હું ઓજરખવાહીભરી અરજ કરૂં છું.

અરે બાપરે, લંડન તો ખરેખરૂં લંડનજ છે. ચેરીંગ ક્રાસનું સ્ટેશન તેના અઢાર પ્લાટફોર્મ સાથે

આપણને આંજી નાખે છે. દરેક પ્લાટફોર્મ ઉપર ચચાર પાંચ પાંચ ટ્રેનો ઉભેલી—એક ટ્રેન ભોંયનાં તળીઆંમાં તૈયાર, બીજી તેનાં માથાપર તૈયાર, અને વળી તેને માથે ઘોડા ગાડીનો બાહાર. નહીં—તમને એનો ખ્યાલ ન આવે. ફક્ત એકજ સાઇડીંગનું એક ચીત્ર પાશે આપું છું તે જોતાં કદાચ તમને ખ્યાલ આવશે.

સમજવું કે આ તો ફક્ત એક સાઇડીંગ છે. એવી તો કાંઈ સંખ્યાબંધ સાઇડીંગો છે. પણ દરેકના દાખલ થવાના દરવાજા આગળ ટ્રેનનો ટાઈમ અને કાંહાં જવાની તે મોટા અક્ષરે લખેલું હોવાથી કશી અડચણ પડતી નથી. વળી ત્યાંજ મોટા મોટા જંગી બુકસ્ટાલ, ફ્રુટ સ્ટાલ વગેરે એવા રચી મુકયા છે કે આપણાં શેહેરમાં તો તેવી એક આખી દુકાનબી નથી. સાંજ પડતાં હજારો લોક પ્લાટફોર્મના પ્રોમનાડ ઉપર આમથી તેમ લટાર મારી મજાહ ભોગવે છે. જાણે એજ તેમની પવનચક્કી. આ પ્લાટફોર્મ ઉપર આશક માશુકો એક બીજાને અમુક ટાઇમે મળવાના બંદોબસ્ત જાહેરખબર મારફતે અથવા પોસ્ટ કાર્ડો મારફતે જાહેર કરે છે. સીધાંત—નીચે પ્રમાણેની જાહેરખબર છ પેની આપીને 'લંડન ટાઇમસ' માં છપાયેલી તમે સેંકડો જોશો:—

"એ. હી. પી. આજે સાંજના આ. ક્રો. બારમો પ્લાટફોર્મ—છ વાગે."

તમે જાણે કેવાક ઓડાણી હોવ તેમ ગુપચુપ પ્લાટફોર્મ ઉપર ફર્યા કરો તો તરેહ તરેહના ભાવટા

જોવાના છે. દુકાનોની પોટ્ટીઓ નોકરીથી છુટી કે લાગલું સઘળું સંગ્રહસ્થાન જુદાં જુદાં સ્ટેશનોના પ્લાટફોર્મ ઉપર મળેલુંજ છે. ત્યાં તેમના સેવકો તૈયારજ છે. બે પેનીની ટીકીટ અને ચાલ્યાં હવા ખાવા દસ પંદર મૈલ અથવા બસનાં ટાપપર બે કલાકની લટાર! યારો, અમદાવાદવાળા કવેશ્વર દલપતરામભાઇ કહેતા હતા કેઃ—

"જેણે ન જોઈ મુંબઈ નગરી,
તેની પ્રકૃતી ગઇ બગડી."

પણ હું તો કહું છું કે

લંડન ન જોય જે કોઇ લાલ,
તેનું જીવ્યું હાલહવાલ.

એનું નખ્ખોદ જાય. એમાં વસનાર માણસ છે કે રાક્ષસ! કોણ જાણે એટલું પાણી, એટલું જોમ લાવે છે કયાંથી! ભાયડાબી તેવા ને બાયડાંબી તેવાં. બધો ફુલ પાવર સ્ટીમનો મામલો. અવાચી ખાવાનો અવકાસ મળે ત્યારે કે. બસ ચાલ, ચાલ ને ચાલ. સાહાઠ લાખ માણસની વસ્તીને ઉભું રહેવાની જગા નહીં.

જેમ મુંબઈમાં જી. આઇ. પી. અને બી. બી. સી. આઇ. એવી બે રેલવે કુંપનીઓ છે તેવી લંડનમાં અગીઆર છે. એકેકાં સ્ટેશન ઉપર પચાસથી સાહાઠ લાખ રૂપીઆ ખરચ થયો હશે. મારલીબોનનું ટરમીનસ સ્ટેશન છે તેની જગાજ ફકત ૧૪૫૦૦૦ ચોરસવાર છે, અને તેના-ફરવા હરવાનો પ્રોમાનાડ ૧૦૦૦ ફીટ લાંબો

અને ૪૩૫ ફીટ પોહોળો છે. આ કુંપનીએ પોતાના ઉતારૂઓની સગવડને માટે એક મોટું હોટેલ સ્ટેશનને માથેજ ઉઘાડયું છે તેમાં ત્રણસો ઓરડા છે!! પણ હજી તો લંડનમાં હું હમણાજ ઉતર્યો છું ને ગભરાઇ ગયો છું. માટે આજનો દીવસ મને જરા દમ ખાવા દયો. મારી નોટબુક બરાબર ગોઠવી કે આવતાં પ્રકરણથી હું સડસડાટ ચાલીશ.

પ્રકરણ—૩૩ મું.

ત્યારે આખરે લંડનમાં ઝીપલાવવાનો સમય આવ્યો ખરો. હે નાદાન કલમ, તું સાબેત કદમ ચાલજે, કારણ કે લંડન જઈ આવેલા મુંબઈવાસીઓ ઝાઝા છે અને તારાં લખાણમાં બાકોરાં પાડવાને તપી રહયા છે. લંડન જેમ જગમાં સર્વેથી કળા કૌશલ્ય માંહે ચઢતું છે તેમ કેટલીક વાતમાં એવું છે કે લખાણબાજીની ધુનમાં ઉંટડો કઇ તર બેસશે તેની વમાસણમાં હમણાંથીજ પડયો છું. સચ્ચા બોલું મા મારી જાય, જુઠા બોલું બાપ કુત્તા ખાય! સાચું લખીશ ને સઘળી ખુબીઓ અને એબ ઉઘાડી પાડીશ તો ધર્મચાશીદાર શેઠ શેઠાણીઓ હુવાડી ખાશે કે આમ તે કાંઈ લખવાનું છે? જો ન લખું તો મારો હેવાલ અપુર્ણ ગણાશે. જોઇયે, આગળ તો ચાલો.



આ [illegible]—લંડન

પહેલાં લંડનમાં ઉતર્યા કે સવાલ ઉભો થશે કે ક્યાં રહેવું અને કોણને ખાવા? મોટાં મોટાં લખ્ખો લોક સમાઈ જાય એવાં ગંજાવર હોટેલો બેસુમાર છે, પણ આપણા પારસીઓ ઘણાખરા હોટેલ મેત્રોપોલમાં ઉતરે છે. તેનીજ પાસે બીજું હોટેલ સેસીલ અને હોટેલ કાર્લટન છે—પણ એ સઘળાંનાં નામ દેવા બેસું તો પોથો ભરાઇ જાય. જાણવું કે એકથી એક સરસ છે. જ્યાં જોશો ત્યાં લીફ્ટ અને ઈલેકટ્રીક લાઇટ તો હોવીજ જોઈયે. ખાનગી એપાર્ટમેંટ બી મળી શકશે પણ તે માટે કોઈ મીત્રને આગળથી લખી રાખ્યું હોય તો ઠીક. હું હોટેલ મેત્રોપોલમાં ઉતર્યો હતો. દાખલ થયા કે કસ્બી ડગલાવાળો ચોકીદાર પહેલી ટપલી ઝારશે અને લાગલો તમારો સામાન કહુડાવીને પડસાલમાં લઇ જઇ મુકશે. આ રાખનદારનો ઠઠેરો એવો છે કે ભલા કરનલ ને જનરલનેબી બાજુએ બેસાડે. દાખલ થતાંજ ઑફીસ નજરે પડશે ત્યાં મેનેજરને જઇને કહેવું કે મને સુમારે પાંચથી છ શીલીંગનો રૂમ જોઈશે. તે તુરત તમને કુંચી આપી ઓરડો દેખાડવા માણસ આપશે. જો પસંદ આવ્યો તો તમારો સામાન આવીને પડેલોજ જાણવો. આ પાંચ કે છ કે આઠ શીલીંગમાં લાઇટ, મેડની હાજરી વગેરે જાણવું. જો ઓરડામાં ફાયર જોઈએ તો એક્સ્ટ્રા, જો નાહવાનો બાથ જોઈએ તો એક્સ્ટ્રા, સવારના ચા મંગાવો તો એક્સ્ટ્રા. નીચેજ જમવાનાં મસ મોટાં દીવાનખાનાઓ છે, પણ ત્યાં

જમવું જરા ગરમ પડી જાય છે—માટે જમવાનું તો આપ મુખત્યારી ઉપરજ રાખવું ઠીક પડશે. હોટેલ મેત્રોપોલમાં છસો ઓરડા છે અને છ મજલા છે. બહાર જવા માટે નીચે લીફ્ટમાં ઉતર્યે ત્યારે આપણા ઓરડાની ચાવી લેતા ઉતરવું, અને નીચે આફીસમાં સપોરદ કરવી. તમારા ઓરડાના નંબરનો એક ખંગ હશે તેમાં લટકાવી રાખશે. બાહારથી કોઇ મલવા આવે તો 'હોલ પોરટર' જો તમારી કુંચી જોશે તો કહેશે કે બાહાર ગયેલા છે ને કુંચી ન હશે તો કાગલની કાપલી ઉપર તમારૂં નામ અને નંબર લખીને આખાં હોટેલમાં ઉપરથી નીચે સુધી છોકરાઓ દોડાવીને તમને શોધી કહડાવશે. વીઝીટરો માટે મોરોકો ચામડાંથી મઢી લીધેલાં ફરનીચરનાં એકેકાં એવાં દીવાન-ખાના છે કે તેવાં તો અત્રે ગવરમેંટ હાઉસમાંબી નથી. તમારાં નામનાં કાગલ પાર્સલ કે તાર આવશે તેબી આ ખંગમાં રાખી મેલશે અને તમે ચાવી લેવા પાછા આવો ત્યારે તમારા હાથમાં ઠાવાં મેલવામાં આવશે. સારાંશ કે હોટેલમાં ઘરનાં જેવું—ઘર કરતાંબી સરસ—સુખ છે! પણ પૈસા--પૈસા--પૈસા! બધો હીસાબ પૈસાપર છે. કાર્લટન હોટેલ ઘણું માતબર અને 'એરીસટોક્રાટીક' ગણાય છે. મોટા મોટા અમીર ઉમરાવો ત્યાં ખાણા કરાવે છે અને સઈ મીટ્રીઓને ચમપીન ઉપર જમાડે છે. ત્યાં ડીનરપર જવા માટે ફુલ ઈવનીંગ ડ્રેસ પહેરવોજ જોઇએ.

અત્રેથી શીખવા જતા પારસી જવાનો માટે

આપણા એક જરથોસ્તી ભાઇએ ગયાં વરસથી એક અચ્છી સગવડ કરી છે. મી૦ રૂસ્તમજી ભીમજીભાઈ બાટલીઓઈ લંડનના એક સુખવાસી પણ એકાંત ભાગમાં પોતાનાં કુટુંબ સાથ મોટાં મકાનમાં રહે છે અને અઠવાડીઆના બે ત્રણ પોંડમાં પોતાના હમજાતીઓને રાખીને ઘરના જેવી સગવડ આપે છે. જેઓને લાંબી મુદ્દત સુધી રહેવું હોય અને માંદાં સાજાંની બીક હોય તેઓને આ ગોઠવણ ઘણીજ અનુકુલ ભરેલી છે. એઓએ મુંબઇથી ખાસ ગોઆનીસ કુકડો મંગાવ્યો છે અને તેવણ ઘણી જીવ્યા મડમ મેડ સાથ ટેબલ ઉપર હમણા સાહેબ લોકની પેઠે સેંટા પાટલી પાડીને જમે છે.

લંડનનાં હોટેલોનાં શું વખાણ કરૂં ? જેટલું લખીશ એટલું થોડું. એ લોક લખ્ખોનો ખરચ કરે છે અને લખ્ખો કમાય છે. દાખલા તરીકે એક હોટેલે ૧૯૦૩ ના સાલમાં દશ લાખ રૂપીઆ નુકસાન કીધું, પણ બીજું વરસ સરસ ગયું એટલે ૨૪ લાખ રૂપીઆ નફો કીધો. પણ હવે હોટેલો માટે કાંઇ વધુ લખવાની જરૂર નથી. એક માંગશો તો સો હોટેલો તમારે માટે તૈયાર છે, અને ત્યાં કાળા ગોરાની કાંઇ છીટ નથી. જેવા નીચે ઉતર્યા કે દરવાજાપરનો કર્નલ સાહેબ સલામ કરશે ને પુછશે કે "કેબ સર?" હા કહેતાંજ સીપટ્ટી ફોડી કે કેબ આવીને ઉભેલીજ છે. ત્યારે હવે મારૂં બીજું વૃતાંત લંડનની ગાડીઓના સંબંધમાં આપીશ.

લંડનના રસ્તા માલુમ હોય કે ન હોય તેની ચીંતા કરવી નહીં. ત્યાંની કેબના હાંકનારા બડા માજનદરાની છે. દરેક ગલી ગુચી તેઓનાં નખે આવી રહેલી છે, કારણ કે તેમની સખત પરીક્ષા લીધા વગર તેઓને હાંકવાનું લાઇસન્સ મળી શકતું નથી. જેવા કેબમાં બેઠા કે ઉપલાં ટાપનાં ફાલકાંમાંથી હાંકનાર પુછશે કે "કયાં, સાહેબ?"

"નાo ૧૪૭ બલાક ફ્રાયર્સ."

આટલા શબ્દો મોંહમાંથી નીકળ્યા કે આબાદ લઇ જઈને તે ઘર આગળ બરાબર ઉભો રહેશે. ને હાંકનારબી કેવા ! અરે ખોદા, આપણી તરફના પેમા ને કીકલાને વહાણ ભરીને ત્યાં હાંકતાં શીખવા મોકલવા જોઇએ. મોટા સોળ હાથના થરો બ્રેડ ઇંગલીશ ઘોડા અને ચકચકતી હેનસમ ગાડીઓ જાણે આપણી આંખે ઉડી આવે. લંડનમાં સઘળી મળી દશ હજાર હેનસમો અને પંદરસો 'બસો' રાત ને દહાડો દોડે છે. સહવારના નવ વાગાથી તે સાંજના છ વાગતા સુધી 'સીટી' એટલે વેપારી મધ્ય બીંદુ આગળ ગાડીઓની એવી તો ભચડાકચડી રહે છે કે આપણાથી દશ બાર મીનીટ સુધી એક બાજુથી બીજી બાજુ ઓળંગી જવાતું નથી. પાંચ પાંચ છ છ લાઇનો ગાડીની સાથે ચાલે છે પણ ત્યાંની પોલીસની એવી તો નાદર કારસાજી છે કે એક બીજાને એક ખસડો લાગતો નથી. બે 'બસો' એક બીજાની પાછળ દોડતી જતી હોય ને તેની વચમાં છ ફીટનો અંતર રહે તેમાંથી કેબ ડ્રાઈવર સપ દેતો સાપની કાની નીકળી જાય છે. આપણે માંહે બેઠલા ધુજીએ કે એ

રખે વાગી જાય. પણ તેમાંનું કાંઇજ નહીં. વળી નાના નાના ગુહણ જેટલા ગોરા દુક્તાઓ હાથમાં નાના પાવડા લઈને તૈયારજ ફરતા ફરે અને જેવી ઘોડાએ લીદ નાખી કે દોડતી ગાડીએ ઘોડાનાં પેટ તળેથી વાંદરાની પેઠે નીકળી જઇને કચરો ઉપાડી લીએ. કેબ જરા મોંઘી પડે ખરી. એક મૈલની એક શીલીંગ. સર્વેથી સસતો માર્ગ 'બસ' માં ફરવાનો છે. હજારો આમનીબસો આખ્ખો દહાડો જગેજગ દોડે છે. સર્વે ઉપર મોટા અક્ષરે તેનાં ઠેકાણાં લખેલાં છે. તમારે માટે ઉભી રહે નહીં—દોડતા ચહડી જાઓ ને દોડતા ઉતરી જાઓ ત્યારે. ઘણા ખરા સઘળા ટાપપર ચહડી બેસે છે. ફક્ત ઘરડી ડોશીઓ અને લૅંગુરે થઇ ગયલાંજ માંહે બેશે. જ્યાં જાઓ ત્યાં ઘણું કરી એક પેની આપવાની. લંડન જોવાની ખરી મજાહ 'બસ' ના ટાપ પરથીજ છે. હમણા હમણા ઇલેક્ટ્રીક ટ્રામ અને ટયુબ રેલવે થવાથી લાખો લોક એનો લાભ લે છે પણ હજી સુધી 'બસે' પોતાનો રોબ છોડયો નથી. તેનું કારણ એવું કહેવાય છે કે આ બસ કંપનીઓના માલેકો બડા વગવાળા ને માતબર છે અને 'બસ'ની સીસટમ કહાડી નાખાય તેમ નથી.

પણ લંડન કાંઈ ઘાટકુપર કે વાંદરા નથી. સાહાઠ લાખ માણસની વસ્તી અને રોજ સાંજના લાખો લોકને પચાસથી સાહાઠ માઇલ દુર રહેવા જવાનું, એટલે કેબ ને આમનીબસથી કાંઇ પેટ ભરાય નહીં. ખુદ લંડનમાં તો

વસવું પરવડે નહીં, એટલે મોટો ભાગ બહાર દુર રહેવા જાય અને તેઓની સગવડ સાચવવી જોઇયે—એટલે નવ નવ રેલવે કંપનીઓ નોકરીમાં હાજર છે. અગાઉ અંદર ગ્રાઉંડ રેલવેમાં સઘળા મુસાફરી કરતા, પણ તેથી હવે લંડનવાસીઓ કંટાળ્યા છે, અને અંડર ગ્રાઉંડ સ્ટીમ રેલવેના દહાડા ભરાઇ ચુકયા છે. ઝપાટાબંધ ઈલેકટ્રીક ટ્રેનો થવા માંડી છે અને લોક તેમાં હજારોની સંખ્યામાં આવજાવ કરે છે. 'ટ પેની ટયુબ' નામે એક રેલવે હમણા ચાલે છે તે ભોંયમાં ગોળ દર પાડીને તેમાંથી દોડતી કરી છે. આ દરમાંથી ટ્રેન બહાર આવે અને ઘુસી જાય ત્યારે નરો ઉંદર જોઇ લ્યો. આ ટ્રેનમાં તમે આખું લંડનનું ચકરડું ફકત બે પેનીમાં જઇ આવો; જમીનની તળે એટલે જગે જગ દાદરપરથી ઉતર્યા અને ટ્રીકીટ લીધી કે બે મીનીટે ટ્રેન આવેલીજ છે. તેમાં તમારી ખુશી હોય તો આખો દહાડો ધકેલા ખાયાજ કરો. બહાર નીકળવાનું મન થાય કે દર સ્તેશને મોટી જબરી લીફ્ટ તૈયાર તેમાં બસો ત્રણસો માણસો સીંચાય અને લીફ્ટ સો ફીટ ઉંચે જઈને તમને ધોરી રસ્તા ઉપર નાખી આવે. આ ટયુબ રેલવે વીજળીથી ચાલે છે એટલે ધુમાડો કે ગરમીનું નામ નથી. ગાડીઓબી એસકી છે અને આખો દહાડો ને રાત તેમાં વીજળીક બતી બળે છે, પણ ફર્સટ કે સેકંડ કલાસ જેવું કાંઈ નથી. બધા કલાસ એકજ જાતના ને ગમે એટલા કલાક ફરો તેની બે પેની. મોહોકાણ એ કે જેવી ટ્રેન આવી ને સ્ટેશનપર

ઉભી કે ચપ દેતા ઉતરી પડવું જોઇએ, કારણ કે ટ્રેન બે ત્રણ સેકંડથી વધારે ઉભી રહેતી નથી, ને જો પેટ કહાડીને અકાબરની ફાની ચાલવા ગયા તો હમેશગાનમાં ઘસડાઇ જવાનો સોદો છે. લંડનની આસપાસ ફરવાનાં આ સાધનો તો થયાં, પણ લાંબે જવું હોય તો ચાર ઘોડાની ચારકો ઘણે ઠેકાણેથી ઉપડે છે અને થોડી શીલીંગમાં આખો દીવસ ફેરવી લાવે છે. કુકની આફીસમાં કે કોઇબી એજનસીમાં જઈ ખબર કહાડતાં બેઠક મળી શકશે. આપણી તરફ તો સાહેબ લોકો ધોરી રસ્તા ઉપર કેમ હાંકે છે, કેમ વર્તે છે અને કોઇની મકદુર નથી કે તેઓને 'તુ' કરીને કહે—પણ લંડન બાહાદુરમાં એવી ચીજની બીલકુલ ગેરહાજરી છે. તે એકજ દાખલા ઉપરથી જણાવીશ. સમજો કે પોર્ટમેન સ્કવેર અથવા રીજંટ સ્ટ્રીટમાં હજારો ગાડીની ભચડા કચડી હોય પણ ત્યાં અદના તેમજ આલાને માટે એકજ કાયદો છે. બોંહે ચહડાવેલો, ડગલા વગરનો એક નાહનો ગાડાંવાળો ખચ્ચર જોડીને મુળા કે કંદ ભરીને હાંકી જતો હોય અને તેની પછવાડે કોઈ ડયુકની ગાડી આવે, જે ઉપર વારનીસનાં જેક બુટ અને સીલકની ટોપીવાળો ઠઠેરાબંધ કોચમેન ચાર ઘોડાની ચારક હાંકતો આવે—તો તેની મકદુર નહીં કે પેલા ખચ્ચરવાળાને "પ્લીસ" કરીને કહે. જો જરાબી પત્રાજી કીધી કે પેલો કોસટર મોંગર ગાડાંવાળો પાછો ફરીને જોશે અને ડોળા કકડાવીને કહેશે કે "તારા બાપનો રસ્તો છે કે? હું પણ ઈંગ્રેજ

બચ્ચો છું અને આ રસ્તા ઉપર તારા જેટલોજ મારોબી હક છે.” તે એક ઈંચ માર્ગમાંથી ખસશે નહીં. આપણી તરફ તો એકાદ ગાડાંવાળો એવી સરકશી કરે તો સાહેબનો ચાબુક ઉંચકાયલોજ છે. પણ ત્યાં જો આવી કાંઈ ઉસ્તાદી કીધી તો ખચ્ચરવાળો બોહે ચહડાવીને એક રૂપીઆને બદલે સત્તર આના આપવાને તૈયાર છે. જાતે જાત મળેલી છે એટલે ત્યાં ઉંચ નીચનો કાંઈ ફેર નથી. ડયુકનો કોચમેન બુમ પાડે કે “હાઇ–ચલાવ જલદી” તો ખચ્ચરવાળો કહેશે, “ગો ટુ હેલ! તારી માને મછી બજારમાં શોધી કહાડ–વાર જોતી હશે!!” આવા આવા ભાવટા જોવાની ત્યાં આપણા જેવાને બહુ રમુજ પડે છે. પણ આ સઘળા પ્રતાપ પોલીસના છે. દોસ્તો, લંડનની પોલીસની શું તારીફ કરૂં? હું ખાત્રીથી કહું છું કે લંડનની પોલીસની બરાબર આખી દુન્યાની પોલીસ ન હશે. દરેક પોલીસમેન છ ફીટની ઉંચાઇથી અંદર ન હોવો જોઇયે. તેઓની લાયકી અને ડયુટી ઉપરની સફાઇ મારા જેવા નવા આવનારને હેરતમાં નાખે છે. પણ આ પોલીસનો કાંઇક ચીતાર હું આ પછીના પ્રકરણમાં આપીશ.

પ્રકરણ—૩૪ મું.

ધીર ધરો–ધીર ધરો–સીપાઈબી આવશે ને સપરાબી આવશે. લંડનનો પોલીસમેન છાતી ઉપર ચહડી ઉભો છે, પણ પહેલાં હજી મારાં હોટેલોની અભાગણી અડગારી

ઉતરી ગઇ નથી. વાંચીને અચરત થશો કે દરરોજ લંડનમા સવા લાખ માણસો બહારનાં આવે છે અને એકાદ બે દીવસ રહીને ચાલ્યાં જાય છે. એમાંથી કોઇ દર દોસ્તદારને ત્યાં, કોઈ ખાનગી એપાર્ટમેંટમાં રહેતા હશે પણ લંડનનાં હોટેલોમાં દરરોજ સરાસરી ૩૦૦૦૦ ઘરાકોની આવક જાવકની ગણત્રી કરવામાં આવી છે. એક હોટેલ સેસીલનોજ દાખલો લ્યો. આ હોટેલ ધપધપ્યું કહેવાય છે અને આ હોટેલમાં ઉતર્યાછ એવું કોઈને ઠેકાણું આપ્યું કે આપણો ઠઠેરો વધી ગયો. ને છે પણ તેવુંજ. ભલા આદમીઓને કાંઈ ખાડો ખબોચ્યો નડયોજ નથી. એકેક ઉપર તેર મજલા ઠપેરી કહાડયા છે. સુવાના એક હજાર ઓરડા છે. અને ખુદ બીલ્ડીંગ પંદર હજાર ચોરસવાર જગા રોકે છે. જમવાનું દીવાનખાનું એવું તો જબરદસ્ત છે કે એકીવારે ૧૫૦૦ જન આસાનીથી જમવા બેસી શકે. પણ બારમે મજલે જઇને પડયે ને આગ બાગ લાગી તો? તો શું કવાબની પેઠ ભુંજાઇ જવાનું કે? ના—ના કશી ચીંતા રાખવાની નથી. માળે માળ ખુણે ખુણે બુંબાઓ મુકયા છે. પાણીથી ભરેલી મહાભારત ટાંકીઓ ઘરનાં મથાળાંપર ચહડાવેલી છે અને જરાબી ગરમી લાગતાંજ પાઇપો પીગળી જઇને સઘળા ઓરડાને તરબોર કરી નાખે એવી ગોઠવણ કરી છે.

ખાધા પીધાનાં લંડનનાં સાધનોની કાંઈબી ચોકસ ગણત્રી આપવી એ બહુ મુશ્કેલ બલકે નહીં બનવા

જેવું કામ છે, તે છતાં અહીંથી તહીંથી કાંઇક મહેનત કરીને કેટલીક વીગતો મેળવી છે જે જાણવાજોગ થઈ પડશે. સઘળાં મળી ૪૧૪ રીફ્રેશમેંટ રૂમો, ૭૯૨ ડાઇનીંગ સલુનો અને ૧૭૧૨ કાફી અને ઈટીંગ હાઉસીસની હું જામીનગીરી આપું છું. તે ઉપરાંત નાનાં મોટાં સેંકડો હોટેલો જુદાં. આ સઘળાં ગજબનાં સાધનોમાં દરરોજની ફક્ત ૨૦૦ જણની રાસ ધાર્યે તો ૯ લાખ માણસોને રોજ પૈસા લઇને જમાડનારા પાવરીઓની હસ્તી લંડનમાં છે. આહાહા! આપણી તરફના પેસ્તન પાવરીઓ અને બીરામ ઈરૂનીઓ, શું ધાર્યું આ આંકડાઓ વીશે? અને આ હજારો ભઠીયારખાનાબી કેવાં! કોઇ ઠેકાણે જાઓ તો ઉપર ગેલેરીમાં બેંડ અને દારૂ સાથે પાંચ પૌંડની નોટ જોઇયે ત્યારે તમારો જીવ તૃપ્ત થાય, અને બીજે ઠેકાણે ઉભા ઉભા છ પેન્સ ફેંકીને એક નાનો ચાપ, પનીર ને પાંઉ ખાઇને ખુશાલ ચાલ્યા જાઓ.

હવે આખરે મારા મીત્ર લંડન પોલીસમેનની વારી આવી ખરી. આ છ ફીટીઆ શાખશોની જ્યારે હું યાદ કરૂં છું ત્યારે મારાથી હસાઇ હસાઇ જવાય છે. શું એમનો ઠસ્સો અને શું હશમુખો ચહેરો, શું એમનાં કપડની સફઈ અને શું એમની છાતીનો કલ્લો! આપણી તરફના સીપાઈબા આપણી તરફ કેવા ડોળા કકડાવીને કોઈ વાર જુએ છે અને તેની મેર તો ગોરો પોલીસમેન બસ સીધી આંખ કરીને ઉભો રહે છે—તે તમારી ગમ ડોળાબી

ફેરવતો નથી. સવારના દશ વાગે સીટીમાંથી પાંઉ પયાદા ચાલી જવું એ એક જાતની મુસીબત છે, કારણ કે કોઈ કોઇ જંકશન ઉપર આઠ આઠ રસ્તા સાથે મળે અને ત્યાંથી ચચાર ગાડીની લાઈનો સાથે ચાલે તો એકી વારે એક રસ્તા ઉપર કાંઈ સેંકડો ગાડીઓ સામસામી થઇ જાય. પણ સાબાશ છે ત્યાંના પોલીસમેનને કે ફક્ત એક આંગળી ઉપર બધો હીસાબ! ફ્લીટ સ્ટ્રીટમાંથી આવતી ચાર હારને આંગળી ઉભી કીધી કે ચાલતી બંધ. બીજી સ્ટ્રીટમાંથી સો ગાડીઓ જવા દીધી કે તે લાઈનને થોભાવવા આંગળી ઉંચકાયલીજ છે અને આ સઘળું ચું કે ચાં કર્યા વગર. હાંકનારબી નેવાજ ઉસ્તાદ. ગાડીઓ પાસે પાસેથી ચાલે ત્યારે ચાકના ટ્રુમ વચ્ચે એક ઇંચિનો માત્ર તફાવત હોય અને અબઘડી ચાકસે ચાક અથડશે એમ લાગે પણ કાંઈ નહીં. સાપની પેઠે સપાટામાં ગાડીઓ નીકળી જાય. સ્ટ્રીટને ડાબી બાજુએથી જતા હોઇએ અને જમણી બાજુપર ઓળંગી જવું હોય તો દશવાર વીચાર કરવો પડે કે કેમ જવું. ચોમેરથી ગાડીઓ એવી છાતીપર ચહડી આવે કે તેમાંથી સામીગામ ઓળંગી જવાની છાતીજ ચાલે નહીં. રસ્તા ખાસ્સા સાહાઠ સીત્તેર ફીટ પોહોળા એટલે બરાબર અધવચ્ચે એક સલામતીની જગા ઉભી કીધેલી ત્યાં સુધી ઝડપમાં દોડી જવુ અને લાગ જોઈને બાકીની અરધી પહોળાઇ પુરી કરવી. પણ આપણે નવા સવા અને વળી મુંબઈના અક્કાબર એટલે મોટું પેટ કહાડીને ચાલવાની

ટેવ પડી ગયલી તેથી આપણાથી કાંઈ આમ છમકરાંની પેઠે દોડાય નહીં. આપણી અકળામણ ભલો પોલીસમેન તુરત જોઈ લીએ અને આંગળી ઉભી કે સેંકડો ગાડીઓ જાણે કરામત હોય તેમ થંભ ઉભી થઈ જાય, અને બીચારો પોલીસમેન આપણને બાજુમાંથી પકડીને સામે પાર મુકી આવે. આ પોલીસમેનો એટલા હુશીયાર છે કે આખ્ખાં લંડનની ગલીએ ગલી તેઓની આંગળી ઉપર છે. કાંઈબી રસ્તો ચુકયા કે પોલીસમેન આગળ જઈ પુછયું કે લાગલો તમને સીધો રસ્તો સમજાવશે અથવા કામ પડશે તો છેક તમને મુકવા આવશે. બદમાશો ઉપર આ પોલીસમેનોની ધાક ઘણીજ છે. ગમે એવો લુચ્ચો કે છાકટો કે ચોરાંટીઓ હોય ને રસ્તામાં ધાંધલ મચાવે પણ જેવો પોલીસમેન આઘેથી નજરે પડયો કે નાસ મારા બાપ. લેમબેથ અને ડાકસ તરફ લંડનની ઘણીજ હલકી વસ્તી વસે છે, ત્યાંના અંદરના ભાગોમાં પોલીસમેનને જવું પડે તો બબેની જોડી થઇને જાયછે. માર ખાયબી ને માર મારેબી. આ લંડનના પોલીસમેન કામ પડે તો બાંહે ચહડાવવાને એક પળની વીલંબ લગાડે નહીં. વળી બીજી ખુબી શું કે એ લોક આપણી તરફ જુએ નહીં પણ એ લોકની નજર કાંઇ અજબ રીતે આસ-પાસના બનતા બનાવો ઉપર ફરતી રહે છે. ગમે એવા ઝાટલીમેન થઈને જાઓ, લાખ રૂપીઆની જીણસ પહેરો, નેકટાઈ ક્રેવેટ કે વારનીસનાં બુટમાં તમારૂં બદન સજાવો

પણ આ ચતુર પોલીસમેન તમને એક પળમાં પારખી લેશે કે આ ગ્રહસ્થ ને આ હાંડામાસ્તર. લંડન શેહેર એવું ગુલજાર છે અને તેના મોહોલ્લાઓમાં એટલા અજાજોનો ખજાનો દોમદૈનો ભરેલો છે કે એક વાર નામાંકીત ફ્રેંચ જનરલ બ્લુચરે હાયનો નીસાસો નાખેલો કે "આહ, આએ શાહેર લુંટવાની શું મજાહ પડે!!" અને જો કે આ અખુટ ખજાનો સારી રાત ખુલ્લી દુકાનોમાં પડી રહે છે તે છતાં શાબાશ—લંડન પોલીસમેન! ખુદ લંડનમાં ચોરીના અપ્રાધ ઘણાજ નજીવા છે. ખુદ લંડનમાં ફકત એક હજાર ચુનંદા માણસો છે પણ તે એક લાખની ગરજ સારે છે.

લંડનને બહુ નસીબદાર હું લેખું છૂં. કહે છે કે સોળમી અને સતરમી સદીમાં લંડન આપણી મુંબઇનીજ પેઠે એટલું ઝડપથી વધવા માંડયું કે તે વારના રાજકર્તાઓ (રાણી ઈલીઝાબેથ અને રાજા જેમ્સ) ગભરાયા અને શેહેરનો વીસ્તાર હવે વધારવો નહીં એવો હુકમ કહાડયો. આ વાર શેહેર ઘણું ગીચ હતું અને ગલી ગુચીનો પાર ન હતો. પણ સારાં નસીબે ૧૬૬૫ માં લંડનમાં મોટી મરકી ફાટી નીકળી અને લખખો લોક મુવું. નાહાસા નાહાસ થઈ ગઇ અને જેવા હમણા આપણા હાલ છે તેવા તે વાર લંડનવાસીઓના થઇ ગયા. શેહેર ઉજાડ થવા માંડયું અને તેટલાં શું થયું તે જુઓ. ૧૬૬૬ માં લંડનની મોટી ઇતીહાસીક આગ લાગી. ભાઈ, લેહ લાગી તે

એવી લાગી કે ૧૩૦૦૦ જબરાં મકાનો બાળીને ભોંય બરાબર કરી મુકયાં. સેંટપોલનું દેવળ ને મોટી મોટી મ્યુનીસીપલ ઈમારતો જે કરોડોને ખરચે વેચાતી લેવાઈ શકાતે નહીં તે પોતાની મેળે ગરોથમાન પહોંચી. જ્યાંથી આગ શરૂ થઈ ત્યાં અને જયાં અટકી ત્યાં મોટા યાદગીરીના સ્થંભો ઉભા કીધામાં આવ્યા છે. પણ ભલે કાજ આગ લાગી જે લંડનનો દહાડો ફર્યો. લંડનની કાઉન્ટી કૌન્સીલે પોહોળા રસ્તાનું નવેસરથી શેહેર બાંધવા માંડયું અને તેના ઉપરી તરીકે નામાંકીત સીલ્પશાસ્ત્રી સર ક્રીસટોફર રેનને નેમ્યો જેનું પરીણામ આજના વખતનું લંડન શેહેર છે. તેજ મુજબ એ શેહેર સુધારાના અગ્રેસરો, ધીર ધરો. એવો એક દહાડો મુંબઇનોબી આવશે કે જે વારે માલેતુજાર ઘર ધણીઓ ભાઈ બાપાથી સમજીને પોતાના મરકીના માળા તોડી નહીં પાડશે તો ઉપરથી ઈંદ્ર રાજા જોતા બેઠા છે તેમનો કોપ એવો કોઈ વાર ઉતરશે કે આપોઆપ નવાં સુધરેલાં મકાનો બાંધવાની જગ્યા થશે.

મ્હા કોપ તે થયો રે કળી કાળમાં જો,
સુરત શહેર તે સપડાયું અગ્ની જાળમાં જો.

ના, એ કોપ નહીં પણ આશીરવાદ છે. બસેં પાંચસેં ઘરો બળી જશે ને પાછાં બંધાશે પણ ગંધાતી ગટરોના ઝેરથી કાજગરા જીવ ચાલ્યા જાય છે તે પાછા આવનાર નથી. જુઓ ભાઈ, લંડન જેવું શહેર વધી વધીને સલામતી અને સુખશાંતીનાં શીખરે ચહડે તેમાં

કાંઇ નવાઇ છે? નોરધબરલેંડ એવેન્યુ જ્યાં હોટેલો મેત્રો-પોલ, સેસીલ, કાર્લટન વગેરે આવ્યાં છે ત્યાં રસ્તા સુધારવાની કાઉન્ટી કૌન્સીલને જરૂર લાગી. વચ્ચે એક મોટું મકાન નડતર કર્યા કરતું હતું. આ મકાનનું નામ નોરધબરલેંડ હાઉસ. તે ૧૬૦૫ માં બંધાયલું અને ૧૮૭૪ માં રસ્તાના સુધારાને અર્થે કૌન્સીલે પોણો કરોડ રૂપીએ વેચાતું લીધું. એ તે શેહેર સુધારાની છાતી. મુછના તાવ મરડીને ગજ ગજનાં ખાલી પીંજણ પાતળીઆં ભાશણ કરતાં આ કેટલું ઝીણું અને નવું લાગે છે!

ત્યારે હવે લંડનનાં પેટાંમાં પેસવા અગાઉ આસ-પાસની હકીકતો મેં સાફ સુફ કરીને ઝાડી ઝુડીને બધું સમાધાન કીધું છે. હું હવે ત્યાંની અકેકી આફ્રયતીઓ અને હેરતભરી હુન્નરમંદીઓમાં મુકું ખોસું તે અગાઉ બે ચાર શીખામણ અને ચેતવણીના સેવઠના બે ચાર સખુનો કહી દઉં છું. લંડનમાં મોટાંમાં મોટી ચીજ--જેને સઉ નમે છે—જે સઉ સમજે છે— જે મુંગાંને બોલતાં કરે, આંધળાંને દેખતાં કરે એવી તલેસમાતી ચાવી, તેને ત્યાંના લોક પોંડ શીલીંગ અને પેન્સને નામે ઓળખે છે. જ્યાં સુધી તમારી પાસે તેનો ખાડો નથી ત્યાં સુધી તમારે ગમે એમ ફરો હરો ખાવો પીઓ પણ કોઇ પુછનાર નથી. કેટલો ખર્ચ થશે તે તમારી પોતાની તબીયત ઉપર આધાર રાખે છે. કેટલાક સાહેબો એક જાતની મોજ માટે દશ પોંડ ખર્ચી આવશે તો તેજ મોજ બીજો પાંચ શીલીંગમાં

મેળવશે. ફર્સ્ટ કલાસ હોટેલમાં જાઓ, પહેલા મજલા ઉપર રહો, કીડનાં ગ્લવસ પહેરો, ટાબલ ડે હોટ ઉપર જમો, કીમતી દારૂ પીઓ, નાટકમાં જાઓ તો ફર્સ્ટ કલાસ વગર ચાલે નહીં તો પછી દરરોજના ત્રીસ રૂપીઆથી ચાલીસ રૂપીઆ સુધીનો હીસાબ રાખવો. પણ મારા જેવા ઓલીઆને દરરોજની પંદર શીલીંગ ઘણી થઇ ગઈ. ઘસી ચાલવું નહીં ને તુટી પડવું નહીં. લંડનની ખરી મોહોસમ મે, જુન અને જુલાઇમાં છે જયારે પાર્લામેંટ બેસે છે અને બડેખાંઓ શેહેરમાં હોય છે. ઈંગ્લંડમાં પાસપોર્ટની કાંઇ જરૂર નથી જો કે રજીસ્તર કાગળ મેળવવા કે ચેક વટાવવા સારૂ એવું એકાદ ચીથરૂં રાખેલું સારૂં. મારી પાસે કોઈ જાતની પાસપોર્ટ હતી નહીં તોબી મને કાન્ટીનંટમાં કે ઈંગ્લંડમાં કાંઈ અડચણ પડી નથી. વેસ્ટ એંડ તરફનાં હોટેલો મોંઘાં છે પણ તેમ ત્યાં સલામતી અને ઈજ્જત વધારે છે. જતાંનેવાર જેબી હોટેલમાં ઉતરો ત્યાં પહેલાંથી બંદોબસ્ત કરવો કે દરરોજની ફીમાં શું શું મળશે. પાછળથી બીલમાં થઇ રહેશે એમ કબુ કરવું નહીં. સઉથી બહેતર પલાન એ છે કે લાંબા દહાડા કહાડવા હોય તો દર ત્રણ દહાડે બીલ મંગાવવું કે ચાંસ મારી હોય તે ટુંકેથીજ ડહમાય. યાદ રાખવું કે અગાઉથી બંદોબસ્ત નહીં કરશો તો જે દહાડે તમે હોટેલ છોડી જશો તે દહાડાનોબી ચાર્જ લેશે. લંડનમાં સેંકડો હોટેલો છે પણ તેથી કાંઇ એમ સમજવું નહીં

કે, હમેશ રૂમ મળી શકશે. કોઇવાર ન ધારેલી એવી ભીડ થઇ જાય છે કે શોધીએ રૂમ મળતો નથી. કોઇ મીત્ર મારફતે અગાઉથી ગોઠવણ કીધેલી સારી. ઘણું કરીને હોટેલ છોડી જાઓ ત્યારે તમારા રૂમની 'મેડ' ને બેથી ત્રણ શીલીંગ બક્ષીશ આપવાનો કાયદો છે. તમે રાતના બહારથી ફરીને આવો કે ખરડાયલાં બુટ લાગલાં એક પેટી કીધેલી તેમાં નાખો. આ બુટની જોડી રાતના કહાડી લઇ જઇને સહવારનાં ચકચકતાં કરીને પાછાં પેટીમાં મેલાયલાં તમે જોશો. તેમજ તમારાં કપડાંબી ઓરડાની બહાર કહાડીને ખુરસીપર મુકવાનાં. સહવારના અસ્ત્રી કરીને ઘડી કીધેલાં તૈયાર. આ વેટરનેબી જતી વખતે એકાદ બે શીલીંગ આંસવી જોઇયે. લીફ્ટમાં રોજ ઉતરવાનું એટલે આઠ દહાડે એકાદ શીલીંગ લીફ્ટમેનનેબી જોઈશે. છેક જતી વખતે રસ્તાપરના પોરટરને બે એક શીલીંગ આપવાની. પૈસા કે કીમતી દર દાગીના હોટેલની કબાટોમાં બંધ કરવામાં ઝાઝી સલામતી નથી. તમારી પોતાની ટ્રંકમાં મેલજો અને જો વધારે ધરખમ માલ હોય તો નીચે લઇ જઈને મેનેજરને સોંપી આવજો. તેની રસીબ બસ છે. ખાનગી અપાર્ટમેંટ લીધા હોય તો તેના માલેકને કાંઇબી ધીરવાની જરૂર નથી. જેટલા જરૂર હોય તેટલાજ પૈસા સાથે રાખવાની હું ભલામણ કરૂં છું. કેમ જે લંડન જેમ મોટું શેહેર છે તેમ ત્યાં ભલાં માણસોનીબી ખુટ નથી. લંડનની ખોરાકી

કોઇને પસંદ છે ને કોઇને નથી પણ એટલું તો ખરૂં કે તેમાં દગો નથી. પારીસમાં ઇંડાને બદલે ચોકસ જાતનુ ઘાસ ચવાડે અને ભેજાંને બદલે દેડકા ખવાડે તેવું ઈંગ્લંડમાં નથી. ગોસ્ત અને મછી ફીકીફચ લાગશે પણ સઘળું તાજું ખરૂં. ફરવા હરવા માટે કેબ, બ્રુમ, ઇલેકટ્રીક ટ્રામ (ઉપલા મજલાવાળી) ટયુબ ટ્રેન, અંડરગ્રાઉંડ, બસ, ફલાઇ વગેરે રાત અને દીસ જયારે જોઇયે ત્યારે તૈયાર મળે છે તે હું કહી ગયો છું. મારો છેલ્લો અંક લખ્યા પછી લંડનની આમનીબસો માટે મને થોડીક વીગતો પુરી પાડવામાં આવી છે તે આપી હું આજનો વીષય બંધ કરીશ. પહેલવહેલી "બસ" લંડનમાં મી૦ જીયૉર્જ શીલીબર નામના ગ્રહસ્થે ૧૮૨૯ માં ચાલુ કરી. જીવના સુખીઆરાઓને માટે તેમાં તે વાર વાંચવાની ચોપડીઓબી રાખતા હતા. ત્યાંની એક કુંપની છે તેની ૧૩૦૦ 'બસો' છે અને ૧૫૦૦૦ ઘોડા છે. તે લોક ૫૦૦૦ માણસોને રોજ નોકરીએ લગાડે છે. આ કુંપનીની 'બસો'માં બાર માસમાં **વીસ કરોડ** પાસીનજરો મુસાફરી કરે છે. આ મુસાફરીની દરેકની દોઢ પેનીની આવરેજ ગણતાં દર સાલ સવા કરોડ રૂપીઆ પેદા કરે છે.

બચારા લંડનના વેટરોબી શું પુંજીને આવ્યા હશે! કોઈની આવક મહીનાની ચારસો તો કોઇની હજાર રૂપીઆ !! મોટાં મોટાં રેસટોરાંમાં ૬૦૦ ટેબલો હોય, તો એક વેટરને દશ ટેબલો સોંપેલી. આ વેટર જો નમાનો ને

માનીતો હોય તો તેની ટેબલ હમેશ ભરાયલી રહે. દાખલા તરીકે "મોનીકો" નામનું એક ગંજાવર ડીનર સલુન છે ત્યાંનો એક સ્વીસ વેટર "રીવા" કરી બહુ 'પોપ્યુલર' છે. એની ટેબલ ઉપર હું હમેશ જમવા જાઉં ને ઉઠતી વખતે એક શીલીંગ બક્ષીશ આપું. મારી પેઠે આખા દહાડામાં રીવાની દશ ટેબલ ઉપર કાંઇ નહી તો ૨૦૦ પાર્ટીઓ જમતી હશે. આ દરેક પાર્ટી શીલીંગ શીલીંગ આપે તો દશ પૌંડ એટલે દોઢસો રૂપીઆ થાય. રોજના દોઢસો રૂપીઆ એટલે મહીનાના ૪૫૦૦ રૂપીઆ થયા. પણ એક વેટરને આટલા બધા રૂપીઆ સલુનનો માલેક કાંઈ પચવા દે? તેમાંથી તો માલેકનો ભાગ, રીવા આસીસ્ટંટો રાખે ઈત્યાદી તેનો ખરચ સઉ કાપી લેવાનો. લંડન એવું મોઘું છે કે એક પબલીક ટેબલપર જોભરવા જઇયે ને ત્યાં વેટરને ટીપ આપ્યે એટલાંમાં તો આપણા ગરીબ આખાં ઘરનું બજાર આવે. લંડનમાં સસ્તું—ખાધાનું બહુ સસ્તું! મરઘીના ફકત પોણાચાર રૂપીઆ! ગોસ્ત બાર આને રતલ!! ખાઓ મારા લાલ!

પ્રકરણ—૩૫ મું.

ઘેલાપણું—સાવ ઘેલાપણું—એક મધ્યમ કદનાં પીકચરના દશ લાખ રૂપીઆ! જ્યારે આ વાત પહેલી મારે કાને પડી ત્યારે મેં માન્યું નહીં. નજરે જોવા વગર

આવી વાતો ગળે ઉતારી દેવી એ લગાર જોખમનું કામ છે. મારા મીત્ર સાથે હું લંડનની નેશનલ ગ્યાલરીમાં ગયો તો, યા પરવરદેગાર, પીક્ચરોનો જથ્થો જોઇ મને તમ્મર આવવા લાગ્યા. કહે છે કે અહીં એટલાં ચીત્રોનો જમાવ છે કે જો જમીનપર ઉતારીને અકેકની પાસે અડોઅડ ગોઠવીને મુકે તો સોળ મૈલ સુધીની હાર લંબાય! જો એકેકું જોવા ઉપર બબે મીનીટ લઉં તો ખાસ્સાં બે વરસ નીકળી જાય એવી મન સાથ ગણત્રી કરી બંદાએ ચાલવાજ માંડયું. જે ઓરડામાં પેલું નસીબદાર ચીત્ર મુકયું હતું ત્યાં ગયા તો ખરેખાત! તેની નીચે તખ્તી મારેલી હતી કે આ ચીત્ર બ્રીટીશ સરકારે રૈયતને માટે દશ લાખ રૂપીઆની કીમતે ખરીદયું છે. આ પીક્ચરનું કદ સુમારે ત્રણ ફીટ પોહોળું અને ચાર ફીટ ઉંચું હશે. અલબતાં મારા જેવા અક્કુ-ખરાને પેન્ટીંગની શું સમજણ હોય! જેમ એક ગાંડો પુરૂશ સારી દુન્યાની વસ્તીને ગાંડી ધારે છે તેમ આ ચીત્ર નીહાળીને જોનારાં સઘળાં ટોળાંને મનથી હું ગાંડાં ધારવા લાગ્યો. મને જો કોઇ માગણી કરે કે બા ચીત્ર લેછ કે રૂ૫૦૦ રોકડા લેછ તો હું તે વાર જરૂર રૂપીઆ ગળ્યા કરતે. મેડોનાનું આ ચીત્ર છે, અલબતાં ઘણું સરસ છે પણ તેના દશ લાખ રૂપીઆ! રેફેલ ચીતારાની પીછીથી આ ચીત્ર લગભગ ૪૦૦ વરસની વાત ઉપર રંગાયું હતું પણ હજી રંગ એવો તાજો રહેલો છે કે

જાણે ચીત્ર કાલેજ રંગાઇને તૈયાર થયું હોય. સમજનારાઓ કહે છે કે એમાં જે ચહેરા પાડયા છે તે જીવતા ચહેરાને એટલા મળતા આવે છે કે જાણે તેમાં ફકત જીવ મુકવાનોજ વાર હોય. હશે, તેમબી હશે પણ મને તો તેવું કશું લાગ્યું નહીં. ૧૮૮૫ ના સાલમાં માર્લબરોના કુટુંબ પાસેથી આ ગવાહીર ચીત્ર ૭૦ હજાર પૌંડની કીમતે સરકારે ખરીદયું જે વારે આખાં ઇંગ્લંડે એક બીજાને મુબારકબાદી આપી. દશ લાખ રૂપીઆ! જરા ખ્યાલ તો કરો, દર ચોરસ ફુટે ત્રીસ હજાર રૂપીઆ, દર ચોરસ ઈંચે ૩૨૧૦! પણ તેટલાંથીબી ધરાશો નહીં. જયારે આ ચીત્ર ખરીદવાની મતલબથી તેની આંકણી કરવાનું કામ નામાંકીત ચીતારા સર એફ. બરટનને સોંપવામાં આવ્યું ત્યારે આ ડાહયા કાગડાએ તેની કીમત સત્તર લાખ રૂપીઆ આંકી! આ ખાનગી આંકણી થતાંજ રઇયતે સરકારનો જીવ ખાણી ખાધો કે સરકારી તીજોરીમાંથી આ કીમતી ચીત્ર ખરીદવું. તે ઉપરથી મરહુમ ગ્લાડસ્ટને તે દશ લાખની કીમતે ખરીદયું. જો જરા વીલંબ લાગતે તો તે બીજાં રાજમાં ખરીદાઇ જવાનો મોટો ભય હતો. કહે છે કે પેરૂજીઆ નામનાં એક માતબર ઇટાલ્યન કુટુંબને માટે આ ચીત્ર ૪૦૦ વરસ ઉપર રેફૈલે રંગાયું હતું અને ઘણા વરસો સુધી તે એક રોમન કાથો-લીક દેવળમાં ટંગાઇ રહેલું હતું. ૧૬૭૪ માં લાર્ડ રાબર્ટ સ્પેનસરે તે ખરીદયું અને ઈંગ્લંડ લાવીને ડયુક આફ

માર્લબરોને ભેટ કીધું. જો લંડન જાઓ તો આ દશ લાખની કીમતનો કેનવાસનો કટકો જોવા વીના આવશો ના; નહીં તો ઓરતો રહી જશે અને સામા વગર લેવે દેવે હેમકમાં ખપશો. જોઇ લ્યો આ પાશે તેનું ચીત્ર.

ગાંડા, સાવ ગાંડા. જરા વીચાર તો કરો. એક મેલા ઘેલા પથ્થરના કટકાના ૪૦ લાખ રૂપીઆ! મને તો લાગે છે કે આ ઈંગ્રેજોનાં ભેજાં ખસી ગયાં છે. આ પથરાને પણ મહા ઉકમાઇથી નેશનલ ગાલરીમાં જોવા મુકેલો છે. કહે છે કે એની કીમતજ નથી. કારણ કે એના ઉપર અસલ ઇજીપશીઅન લખાણો સમજવાની ચાવી કોતરેલી છે. તે સુમારે ત્રણ ફીટ લાંબો છે અને એક કાળી સ્લેટના જેવો જણાય છે. મોટો ઇજીપશીઅન રાજા ટોલેમી જયારે રાજ કરી ગયો ત્યારનો, એટલે જે ઇસુ ખ્રીસ્તના જનમથી પણ બસો વરસ અગાઉનો—એટલે જે ૨૧૦૦ વરસની અગાઉનો આ પથ્થર છે. હશે, તેમાં શું મોટી વાત થઇ. આમ તો આપણા ઘરમાં મસાલો કુટવાના પથ્થરના પાટા આવે છે તે પથ્થરબી હજારો વરસ ઉપરનોજ પહાડમાં હશે કેની! કહેવામાં આવે છે કે જયારે ઈજીપ્ત ફ્રેંચમેનોના હાથમાં હતું ત્યારે કાંઇ ખણતાં આ પથરો એકાદ ફ્રેંચમેનના હાથમા આવી લાગ્યો, જેણે તે કેટલાક ઈંગ્રેજ મુસાફરોને વેચ્યો અને તેઓ તેને ઈંગ્લંડ લઈ આવ્યા. ઈંગલંડ આવ્યા પછી ઈંગ્રેજ વીદવાનો પુઠે લાગયા અને તેઓએ શોધી કહા-



પારણામાં [illegible] દેવતને આઠ
માટી [illegible]
[illegible]
[illegible]
બેઠાં.



નવ રંગ ઊંચું
પણ સાજ.
અમલા ઉતપતા મોગર.
શોભત
રૂપતા એ રાગ!

નવ રંગ ઊંચું સાજ.
શોભત સભા એ રાગ!

ડયું કે છેક અસલી મીસરી લખાણો આજ વેર સમજ પડતાં ન હતાં તે આ નવા મળેલા પથરાની મદદથી ચડચડ ઉકળીને વંચાઇ જવા લાગયાં. આજે એ પથરાની કીમત **૪૦ લાખ રૂપીઆની** આંકવામાં આવે છે. પણ તે કીમતબી અમેરીકા અથવા યુરોપના કોઇ માતબર રાજવાળા આપવા નીકળે તો ઈંગલંડમાં હુલ્લડ જાગે એવા એ લોક વીદયાની નવાઈના પુજારી છે. લ્યો, પાશે જુઓ આ નામચીન ચાળીસ લાખના ધુમાડાનું સ્વરૂપ.

ગાંડા, સાવ ગાંડા! એક ત્રીજો દાખલો આપું. એક કોરીનું વાઝ છે, નવ ઈંચિ ઉંચું. બ્રીટીશ મ્યુઝીઅમમાં મહા ઉકમાઇથી દેખાડવા મેલ્યું છે. બરાબર મોટું સોડાનું ટંબલર હોય એટલું ઉંચું જાણવું. એ કેટલાં વરસનું પુરાણું છે તે કોઇ કહી શકતું નથી. પણ ક્રાઇસટના જનમની ૨૨૫ વરસ અગાઉ એટલે જે બે હજાર વરસ અગાઉ તે રોમથી ત્રણ માઇલ દુર એક કબ્રસ્તાનમાં પડેલું હતું અને તેમાં સેવરસ શાહાનશાહની ખાખ ભરેલી હોવી જોઇએ એમ માનવામાં આવે છે. ગમે એમ હોય, પણ રોમન કાથોલીકોના મહા ધર્મગુરૂ પોપ આઠમા અર્બને તે ખોદાવી કહડાવ્યું ને પોતાના મેહેલમાં રાખ્યું. બસો વરસ સુધી ત્યાં રહેવા પછી આ નજીવાં વાઝનું કીસમત ફાટું. ૧૭૮૯ ના સાલમાં ડયુક ઓફ પોર્ટલાંડે તે પંદર હજાર રૂપીએ ખરીદ કરીને બ્રીટીશ મ્યુઝીઅમમાં મોકલાવ્યું. આ વાઝ ઘેરા ભુ

રંગનું છે અને ઉપર સફેદ રંગનાં ચીત્રો પાડેલાં છે જેની બહુજ વખાણ સમજદારો કરે છે. ૧૮૪૪ ના સાલમાં મ્યુઝીઅમમાં કાંઇ કામ ચાલતું હતું તેટલાં આ નજીવાં વાઝ ઉપર એક કાતરીઆં ધસેલા કામદારની નજર પડી. તેનો હેવાલ જાણીને તે એવો ખીજવાયો કે એક મોટો પથ્થર ઉપાડીને વાઝવાળા કાચના કેસ ઉપર છુટો માર્યો અને વાઝના એકસો ટુકડા કરી નાખ્યા. ઘણી કારસાજીથી આ ટુકડા પાછા સાંધવામાં આવ્યા અને આજે આ સાંધેલાં વાઝની કીમત સવા બે લાખ રૂપીઆ ગણાય છે! આ બાબદમાં સર્વેથી નવાઇ જેવી બીના એ છે કે ડયુક ઓફ પોર્ટલાંડે આ ગાંડા બેગારીને કોર્ટમાં ઘસડવા ના પાડી યાને ફકત કાચનો કેસ ભાંજવા માટે ૩૭૫ નો દંડ આપીને તે છુટી ગયો. સવા બે લાખ રૂપીઆનું નસીબદાર વાઝ! મારાં હેતવાળા વાંચનાર વળી તને કયારે જોશે! વીલાયત જાઓ ત્યારે જોજો પણ હમણા તો આકૃતીથી રાજી થાઓ.

આજે બસ તમને અજાયબીમાં ગરકાવ કરી નાખવાની ધુનમાં હું આવ્યો છું. તમે કદાચ મારૂં લખાણ માનવાને ના પાડશો પણ આ સઘળા આંકડાઓ સતાવાર છે એવી હું ખાત્રી આપું છું. ભાગેલા સંગેમરમરના થોડાક કડકાઓના ૩૦ લાખ રૂપીઆ કોઇ દહાડે સાંભળ્યાછ? ત્રીસ લાખ રૂપીઆ. બોલતા તો દેવાના પણ સુનતા બી દેવાના. પણ આ વાત બોલેબોલ ખરી છે. ૧૭૯૯ ના

સાલમાં ટરકી મધેના ઇંગ્રેજી એલચી લોર્ડ એલગીનનાં જોવામાં આ માર્બલના સ્લાબો આવ્યા અને તે પોતાની સાથે ઇંગ્લંડ લાવીને બ્રીટીશ મ્યુઝીઅમને સવા પાંચ લાખ રૂપીએ વેચ્યા. આ માર્બલો એથન્સ મધે મીનર-વાનાં દેવળમાંથી લોર્ડ એલગીનને મળ્યા હતા અને તે વાર તેનો કોઇ ભાવબી પુછતું ન હતું, તે એટલાં સુધી કે ટરકીશ મુશાફરો હથોડાથી તેના ધડોધડ કટકા ભાંગીને નવાઇ દાખલ ઘર લઇ જતા હતા. આ પ્રમાણે જોઈ લોર્ડ એલગીને આ સ્લાબનાં ચીપીઆંઓ વેલાત લઈ જવાની સુલતાન પાસેથી પરવાનગી માંગી જે આપવામાં આવી. પણ નસીબ બે ડગલાં આગળનું આગળ હતું. જે સ્ટીમરમાં આ બેમુલાં ચીપીઆં ચઢાવવામાં આવ્યાં તે સ્ટીમર જોખમાઈ અને આગબોટ તેમજ માર્બલના સ્લાબ સઘળા સમુદ્રની તળેટીમાં જઈને પોઢયા. ત્રણ વરસ સુધી દરીયાનું ખારૂં પાણી ખાધા પછી લોર્ડ એલગીને મોટી જેહમત ખરચીને કટકા દરીયામાંથી પાછા કહડાવ્યા. આ ખજાનો પાણીમાંથી કહડાવવા પાછળ આ ઉમરાવને સાડા નવ લાખ રૂપીઆનો ખરચ થયો હતો, તે છતાં તેણે આ કોતરકામના સ્લાબો સવા પાંચ લાખ રૂપીએ સરકારને વેચ્યા.


જો સરકાર તે લેવાની જરાબી આનાકાની કરને તો તે ઇંગ્લંડની બહાર વેચાઇ જવાની અણીપર હતા. કહે છે કે બવેરીઆના રાજાએ સાડાચાર લાખ રૂપીઆનો

ચેક ઈંગ્લંડની એક બેંક ઉપર મોકલાવી આપ્યો કે જો બ્રીટીશ સરકાર આ સ્લાબો નહીં લે તો તેને હુસાબે ખરીદી લેવા અને તેના બેઆનાઆમાં આ સાડા ચાર લાખ રૂપીઆ ભરી દેવા.

બચારા ઈંગ્લંડમાં વસ્તા ગરીબ કારીગરને ખબર નથી કે કાંઇક અબજોની કીંમતના માલમાં તેનો ભાગ છે. ઈંગ્લંડની રઇયત એકેકી એવી જણસ ધરાવે છે કે જેની આંકણીજ ન થાય પણ જે વેચવાની કોઈની મગદુર નથી કારણ કે તેના ધણી આખી ઈંગ્રેજી પ્રજા છે. હું ઉપર બે ચાર દાખલા આપી ગયો છું તેમાં એકનો વધારો કરી આજનો વીષય ખતમ કરીશ. ઈંગ્લંડની રઈયતના મહા કીંમતી ખજાનામાં સર્વેથી કીમતી ચીજ એક ચાર વાલમનું પુસ્તક છે. તેની કીમત—કીમત—સાંભળો.

૪૫ લાખ રૂપીઆ!!

હાયરે મારા જુની ચોપડીઓ વેચનાર કાસમ! આ પુસ્તકનાં ઘણાક પાનાં ગુમાઈ ગયલાં છે. વાંચનાર પુછશે કે આ નાદર ચીજ એવી તે શું છે કે તેની કીમત ૪૫ લાખ રૂપીઆ! પંદરસો વરસનું જુનું આ બાઇબલ છે. તે ગ્રીક ભાશામાં હાથે લખેલું છે. તેની ઉત્પતી અસલ મીસરમાં થયલી જણાય છે. સતરમી સદીમાં એક પાદરી તેને સીકંદરીયાથી લાવ્યો અને ઈંગ્લંડના રાજા પહેલા ચાર્લસને પ્રેઝંટ આપ્યું. પચાસેક વર્ષ સુધી પાદશાહના મેહેલમાં રહેવા પછી તેની



અસલી ઇંદ્રપ્રસ્થાન પારગી
કીમ્મત ૮૫ લાખ!!



પાણીમાંથી મળેલા નકશો
કીમ્મત આઠ લાખ!

મટી બ્રીટીશ મ્યુઝીઅમમાં પડી. આ ચારે વાલમ ચર્મ પત્ર ઉપર લખેલા છે. આજે જો આ બાઇબલ વેચવા કહાડે તો અમેરીકન અબજપતીઓ અને મહાન રાજ-વંશીઓ તેના પચાસ લાખ આપવાને તૈયાર છે. એવું એવું તો હજી ઘણું મારી નોંધ પોથીમાં ભરેલું છે, પણ તેનાં ચીત્રો હું કાંઇક વધુ અચંબો પમાડનારી વીગતો સાથે હવે પછી આપીશ, કારણ કે ચીત્ર જોયા વગર તેની ખુબી સમજ પડે એમ નથી. પથ્થરની કીમતના ૪૦ લાખ રૂપીઆ, ચાર વાલમના ૪૫ લાખ!!—ગાંડા છે—સાવ ગાંડા. એટલા રૂપીઆ જો રોકડા હોય તો 'તાજ મહાલ હોટલ'માં કેટલીક વાર પેટ ભરીને જમી અવાય-કેમ બોલ્યા નહીં?

પ્રકરણ—૩૬ મું.


હું બહુજ રાજી થયો છું કે લંડનમાં પડેલી અખુટ દોલતનો મારાં ગયાં પ્રકરણનો વીશય મોટા સ્વાદથી વંચાયો છે. પથરાના એક કટકાના અર્ધ કરોડ રૂપીઆની કીમત પહેલાં કોઈના માનવામાં ન આવે એ હું સમજી શકું છું પણ આ આંકડાઓ કાંઈ મેં મારા ભેજાંમાંથી ઉપજાવી કહાડયા નથી. ખુદ મ્યુઝીયમોમાં આ ચીજોની નીચે તખ્તીઓ મારી છે તેપર સાફ સાફ તેની તવારીખ નોંધેલી છે. જુઓ તમારી ખાતરી માટે એકજ સતાવાર

ઉતારો કરૂં છું, જે મેં આગળ વર્ણવેલાં ચર્મ પત્ર ઉપર લખેલી બાઈબલના સંબંધમાં છે.


"It is simply a four volume book, but the fact that it is worth over £300,000, even though many pages of it are missing, proclaims it to be a work of more than ordinary interest. The Codex Alexandrinus, the book in question is in the British Museum and consists of the Old and New Testaments in Greek manuscript dating from the fifth Century."

પણ હવે આગળ ચાલીએ. આ લખપતીઓના ધુમાડાનું ઘેલાપણું કયાં સુધી આગળ વધેલું છે તે હાથ ધર્યું એટલે પાર ઉતારવાની મેં આગલાં પ્રકરણમાં કબુલાત આપી હતી તે મુજબ આજે સઘળું બાકીનું ગબડાવી દઉં છું.

એક લાકડાંની લખવાની ટેબલના બે લાખ રૂપીઆ! કહેતા તો દેવાના પણ સુનતાબી દેવાના! હું આગળ વધીને કહું છું કે હું લખતો તો દેવાનો પણ તમે વાંચતાંબી દેવાનાં. ગમે એમ હોય પણ આ બીના ખરી છે. સાઉથ કેનસીંગટન મ્યુઝીયમમાં ઘણાં કીમતી ફરનીચરનો એક અચ્છો સંગ્રહ છે. મી૦ જોન્સ નામનો એક સાધારણ કામદાર પહેલાં એક વખારમાં અઠવાડીઆંની દશ શીલીંગને પગારે ચાકરી કરતો હતો. જ્યારે તે મરી ગયો ત્યારે કરોડો રૂપીઆની દોલત મુકી ગયો. જાત જાતનું



મેરી એન્તોઇનેટ ટેબલ
કીમ્મત બે લાખ!



અસલી ઇજિપ્શીઅન પથ્થર
કીમ્મત ૮૦ લાખ!

કીમતી પુરાણું ફરનીચર ભેગું કરવાનો તેને લખ લાગ્યો હતો. અહીં તહીં રખડીને ખુણાં ખંટોળાંમાંથી તેણે જાતજાતનું ફરનીચર ભેગું કીધું જેની કીમત ૪૦ લાખ રૂપીઆ થવા ગઇ. ૧૮૮૨ માં જ્યારે આ ચાકલેટ મરવા સુતો ત્યારે આખું ૪૦ લાખનું સંગ્રહસ્થાન ઈંગ્લંડની પ્રજાને બક્ષીશ આપી ગયો. બોલો, છાતી કે છાતો? કહે છે કે આ જોન્સે ફરનીચર ભેગું કરવા માટે આખાં યુરોપમાં રખડવામાં લખ્ખો રૂપીઆ ખરચ્યા હતા. આ જરી પુરાણા જેવા જથ્થામાં એક મેરી એનટોઇનેટ ટેબલ છે. જુઓ તેનું મુબારક ચીત્ર પાસે—

આ ટેબલના મી૦ જોન્સે ૯૦ હજાર રૂપીઆ આપ્યા હતા, અને આજે જો તે લીલાંઉથી વેચે તો તેના બે લાખનો ચેક આપનારા તૈયાર છે. આ ટેબલ સીકેમોર અને ટયુલીપ લાકડાંની ભેળસેળ બનાવેલી છે અને તેમાં રંગબેરંગી ફુલો અને લેંડસકેપ ચીત્રો ઈનલેડ કીધેલાં છે. સમજદારો કહે છે કે આવાં ખુબસુરત ફરનીચરનો નમુનો આખાં ઈંગ્લંડમાં બીજો નથી. એ નસીબદાર ટેબલ કોણે બનાવી તે વટીક કોઈ જાણતું નથી.

તમે મ્યુઝીયમમાં ફરશો અને કોઈને પુછશો કે અહીં જોવા લાયક ચીજો શું શું છે તો તમને એક સોનાની પત્રીનું કપ બતાવશે. આ બચારૂં કપ કોણ જાણે કયે ચોઘડીએ સોનીના હાથમાંથી બહાર પડયું હશે! ૧૮૯૨ માં બ્રીટીશ સરકારે રૈયતને પૈસે સવા લાખ રૂપીએ તે

વેચાતું લઇ મ્યુઝીયમમાં મુકયું છે. કહે જે ૧૩૫૦ ના સાલમાં ફ્રાંસના રાજા પાંચમા ચાર્લ્સને માટે તે બનાવ્યું હતું પણ ત્યાર પછી તે રખડ રઝળમાં પડયું. કોઇ તેને ઝાંખીને જુએ નહીં. આખરે ઇંગ્લંડના એક શોખીન ઉમરાવ ડયુક ઓફ બેડફર્ડની તે ઉપર નજર પડી અને તેણે તે ખરીદીને ઇંગ્લંડના છઠા હેનરીને બક્ષીન્દા કીધું. એક સો વરસ સુધી તે ઇંગ્લંડના રાજાઓના કુટુંબમાં રહયું પણ તેટલાં કાસટાઇલનો સ્પેનીશ ગવરનર ઇંગ્લંડની મુલાકાતે આવ્યો ત્યારે પહેલા જેમ્સ રાજાને ફાંટો આવ્યો અને તેણે આ કપ ઉપાડીને ઉપલા પરોણાને આપી દીધું. આ પરોણા બીચારા મારા જેવ પૈસુ સમજુ હશે, કેમજે તેવણે લાગલું તે એક પાદરણોના મડમાં આપી દીધું. હું ધારૂં છું કે આ જોગણોમાં પેલા ગવરનર કરતાં વધારે અક્કલ હશે, કારણ કે તેઓએ બસો વરસ સુધી તે સાચવીને રાખ્યું. પણ ત્યાર બાદ વળી તેના દાણા પાણી ઇંગ્લંડમાંજ સરજેલા હશે એટલે તે એક ફ્રેંચ નવાઇઓ ખરીદનારે વેચાતું લીધું અને સવા લાખ રૂપીએ એક વેપારીને વેચ્યું જેણે તે બ્રીટીશ મ્યુઝીયમને લાગટ ભાવે આપી દીધું. આટલી ધકામુકી છતાં આ કપ હજી જેવું ને તેવું નવું છે, અને તે ઉપર એક ખસેડો લાગ્યો નથી.

યુરોપનાં ડ્રેસડન ચાઇનાની વાખવાખી થાય છે અને અસલી ચીનાઇ કોરીકામ ઉપર અમેરીકા અને

યુરોપ ઘેલું છે—પણ એ કોઇબી અસલ ઇજીપશીઅન કોરીકામને પુગે નહી. બ્રીટીશ મ્યુઝીયમમાં ફક્ત એકજ કબાટમાં ઇજીપશીઅન બનુ 'પાટરી' રચીને મુકી છે તેની કીમત ૪૫ લાખ રૂપીઆ કહેવાય છે. અંહુ! જુઓ પાસેની મુરતી.

આવાં કામના ખરીદદાર ખાંઓ માગણી કરે છે કે એને લીલાંઉમાં મુકો તો અકેક કપના ત્રણ ત્રણ લાખ રૂપીઆ તેઓ આપવા હાજર છે. ઈજીપ્ટના માહેલા ભાગમાં ખોદકામ કરતાં આ મટોડીનો ઉત્તમ ખજાનો હાથ લાગ્યો હતો. એમાંનું સર્વેથી જુનું મટકું ક્રાઇસ્ટના જનમની પણ ૧૭૦૦ વર્ષ અગાઉનું છે—એટલે જે ૩૬૦૦ વરસનું પુરાણું છે. ઘણી નવાઇની વાત છે કે જ્યારે આ મટકાં ખોદતાં હાથ લાગયાં ત્યારે તેમાં કોઈ જાતનો પ્રવાહી ભરેલો હતો અને તે આટલાં હજારો વર્ષ થઇ જવા છતાં એમનો એમ તાજો હાથ લાગ્યો હતો. તે ઉપરના રંગ પણ હજુ જેવા ને તેવા ચળકતા અને તાજા છે.


આહ! નીનીવેના ગાધા બદનના માણસ સ્વરૂપના પીલરો આપણને કેવી આપણી આગલી જાહોજલાલી યાદ દેવાડે છે. યા પરવરદેગાર, એક જમાનો એવો હતો કે જ્યારે હાલના સુસ્ત પારસીઓના દાદાઓ સારી ધર્તીને ધુજાવતા હતા—જ્યારે વીદયા હુન્નર, અક્કલમંદી અને ફીલસુફીના આપણે અગ્રેસર હતા. પણ હમણા તે ઘટીને

મીલોના શેઠીયા થવામાં ને સુતરની ગાંસડીઓ ચહડાવવામાં આવી અટકી છે. અફસોસ, કયો નાકપર માખ નહીં બેસવા દેનારો પારસી લખપતી આજે છે કે જે પોતાની પુંજીમાંથી થોડાક લાખ કહાડી આપી આપણા પુર્વજોના આ કીર્તીના સ્થંભો પરજાતને હાથ જતા બચાવે !! કોઇ નહીં, અરે કોઇ નહીં. ગ્રીન એંડ રીડને ત્યાં ચમપીન પાર્ટી કે એસકી ગાડી અથવા મોટોરકાર કે સરકારી લીસ્ટમાં નામ ભરવા સીવાય એવા સાહેબોની ઉત્કંથા વધારે ઉંચી ઉપડતી નથી. મોંશીઉ લાઝાર્ડ નામનો એક મુસાફર સીરીઆનાં કોતરકામની તપાસને અર્થે ગયલો ત્યાં આ નીનીવેના બુલ રખડતા પડેલા તેના જોવામાં આવ્યા. તે વાર તે અડધા રેતીમાં ડટાયલા હતા.

ઉપલા ફ્રેંચ મુસાફરે થોડુંક ખોદકામ કરવા માંડયું કે એક આખો ને આખો ઓરડો તેને જમીનનાં તળયાંમાં હાથ લાગ્યો જેની દેવાલ ઉપર તમામ કોતરેલી લાદીઓ જડેલી હતી. આ લાદીઓ ઉપર સીરીઅન લખાણ કોતરેલું હતું. આ ઓરડાની પડખેજ રેતીમાં ડટાયલા આ મસ્ત નીનીવેના ગોધા મળી આવ્યા. ધારવા મેળે પાદશાહના મેહેલના દરવાજા ઉપર એ ચોકીબાન તરીકે મેલેલા હશે, અને મેહેલ તારાજ થયો કે પડી જઇને જમાના સુધી રેતીમાં ડટાઈ રહયા હશે. જ્યારે આ ગોધાઓને ઈંગલંડ આણ્યા ત્યારે વીદ્વાનોએ શોધી કહાડયું કે તેનાં તળીઆંમાં સીરીઆના એક પુરાતમ



નીનિવેહના 'બુલ' સીગ્રામના રેતીના ગંજમાંથી જડેલા



સોલજરને પીસી નાખતો વાઘ—ટીપુ સુલતાનના હુકમથી બનાવેલો.

પાદશાહની તવારીખ કોતરકામથી લખેલી હતી. ફકત આ ગોધાઓની કીમત આજે આઠ લાખ રૂપીઆ આંકવામાં આવે છે, અને નીનીવેના બીજા સ્લાબો મળી મ્યુઝીયમમાં કુલ આ તરફનો ચાળીસથી પીસતાળીસ લાખનો અડસટો ગણાય છે.

પણ આ નીનીવેના ગોધાને કયાં દાળ દોધીમાં નાખો છો? શાબાશ છે આપણા શોખીન જરથોસ્તી અઇઆશીઓને, એ તો આપણા હાથમાંથી ગયા. પણ આ મ્યુઝીયમમાં એક બીજું જોવા લાયક રમકડું છે, જે જોવા વીના પાછા ફરવું નહીં. સાઉથ કેનસીંગટન મ્યુઝીયમમાં નામદાર ટીપુ સુલતાનનું માનીતું એક યંત્ર છે, જે લોહોડાં અને લાકડાંનો બનાવેલો એક વાઘ છે, અને તેની નીચે એક સોલજરને સુવાડેલો છે. આ યંત્ર જે સુમારે દશ ફીટ લાંબું છે, તેમાં એવી યુકતી કરી છે કે સુલતાન સાહેબનો જયારે મીજાજ જાય અને અંગ્રેજ સોલજર ઉપર ખુનપર ચહડે ત્યારે નોકરોને ફરમાવ્યાથી એક હાથો ફેરવતાં પેલા જમીનપર પડેલા સીપાઇનાં મોંહમાંથી મોટા ચીચારા નીકળતા સંભળાય અને વાઘ જાણે નખરીઆં મારીને પેલાને ફાડી ખાતો હોય તેવો દેખાવ નજરે પડે. કહે છે કે આ નામચીન જણસ જો વેચવા કહાડે તો તેની શી કીંમત આવે તે અટકળી પણ શકાતું નથી.

અજબ જેવું છે કે પુરાણા સીક્કા માટે હું ધારતો હતો તેટલું ઘેલાપણું ઇંગ્રેજોમાં નથી. સર્વેથી કીમતી

સીક્કો ૪૦૦ વરસનો જુનો છે અને તેના ફક્ત ૧૫૦૦૦ રૂપીઆ આપવા પડયા હતા. પાંચ પૌંડના સીક્કા પાડવાની એક વાર શરૂઆત થઈ હશે, પણ તે અમલમાં નહીં આવી તે માહેલો આ એકાદ સીક્કો હશે એમ ધારવામાં આવે છે. આ સીક્કાની એક બાજુએ ચાર્લસ પેહેલાનું નામ છે. કહે છે કે ચાર્લસને જ્યારે ગરદન મારવા માચડા ઉપર ચહડાવ્યો ત્યારે એ કમબખત રાજાનાં ખીસાંમાં આ સીક્કો હતો, તે તેણે હાજર રહેલા પાદરી નામે જકસનને મરતી વખત બક્ષેશ આપ્યો. પાદરીનાં કુટુંબમાં કાંઈ મુદત સુધી રહેવા પછી ફુલુસ—માર્ફીસને ખાતર તે ૭૦૦ રૂપીએ વેચાયો. આ ખરીદદારે ૩૧૨૦૦ માટે તે મ્યુઝીયમને વેચવા કહાડયો, પણ તે વાર તેઓને આ રકમ રૂચી નહીં અને આખરે ઠાકી ઠાકીને લીલાંઉ થયું તેમાં અગીઆર હજાર રૂપીએ વેચાયો.

ફ્રાંસમાં અને બેલજીઅમમાં એકેકા ગલીચા અસલવારામાં ગુંથાતા હતા. તેની પણ કીંમતજ આંકી શકાતી નથી. મ્યુઝીયમમાં કેટલાક ગાલીચા છે તેની કીમત જોઈએ લખ્ખોથી આંકો કે કરોડોથી આંકો. સાત એવા બેમુલ ગલીચા સાઉથ કેનસીંગટન મ્યુઝીયમમાં છે.

૧૫૧૫ ના સાલમાં પવીત્ર પોપે નામાંકીત ચીતારા રેફેલને હુકમ ફરમાવ્યો કે પોપ સાહેબના ખાસ દેવળને માટે દેવાળ સારૂં થોડાંક ચીત્રો તૈયાર કરવાં. કહેવાની જરૂર નથી કે રેફેલ એક એવો નામીચો ચીતારો થઇ



કરોડોની કીમતના બેમુલ ગલીચા.

ગયો છે કે તેનાં એકેક તસુ રંગત કામના હજારો રૂપીઆ આવે છે. રેફૈલે આ ચીત્રો કાચા રંગથી રંગી ન્હાડયાં અને તે ઉપરથી બરૂસેલસમાં તેની ગાલીચાની નકલ (. આ ગાલીચા એક વાર મારગોજ પડયા હતા, એક ... ચોરાઇ ગયા હતા પણ સેવટે ઈંગ્લંડમાં તેમનો હાર થયો છે.

બસ, મારો આ વીશય તમામ થયો છે. ઈંગ્લંડમાં આવી આવી ચીજોનો એવો અખુટ અજાયબ ખજાનો ભરેલો છે કે જે જો વેચે તો ઈંગ્લંડનું અબજો રૂપીઆનું દેવું તેમાંથી ભરપાઇ થઈ જાય પણ તે છતાં તેમાંની એક નજીવી ચીજબી વેચાતી લેવા તો નીકળો, પછી જુઓ તમારા શું હાલ થાય છે તે!

વાલમ પહેલું સમાપ્ત.